કીર્તન કરતા કરતા સમાજ સાથે હોળી દાંડો રોપવા જવું. એક જલની લોટી લેતા જવી. બ્રાહ્મણ હોળી ડંડો રોપાવે. જ્યાં દંડો રોપવાનો હોય ત્યાં પૂર્વ મુખ બેસી, આચમન, પ્રાણાયમ, સંકલ્પ કરી તે સ્થળે અક્ષત છાંટી, પ્રથમથી ખાડો ખોદી રાખ્યો હોય તેમાં સોપારી, હળદરની ગાંઠ તથા એક પૈસો પધરાવી ડંડાને ખાડામાં રોપી દઈ, બરફીનો ભોગ ધરી, ધૂપ દીપ કરી, દંડા ઉપર ગુલાલ અબીલ છાંટી, કીર્તન કરતા હોય તે કીર્તનીયાનું મુખ ગુલાલથી રંગી અને ડફ વગાડે, ગુલાલ ઉડાડતાં ઉડાડતાં મંદિરના ચોકમાં આવી ધમાર ગાવી. એટલે કે ત્યારથી ધમારનો આરંભ થાય. (સવારે હોળી દંડો રોપ્યો હોય તો રાજભોગમાં ધમાર ગવાય અને જો સાંજે હોળી દંડો રોપ્યો હોય તો શયનમાં ધમાર ગવાય) હોળી દંડો રોપવા જે ગયા હોય તે સ્નાન કરીને અંદર આવે. હોળી દંડારોપણ સાંજે થયું હોય તો પણ અભ્યંગ શૃંગાર, કપોલ, પિચકારી, સવારે જ થાય, એટલે કે હોળી દંડાના દિવસે સવારથી જ શરૂ થાય.

મહા વદિ ૧-એકમ

(વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૧)

વસ્ત્ર : સફેદ, વાગો ઘેરદાર, ફરગુલ, બટુઆ લીલી સાટીનના

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ આભરણ શ્યામ મીનાના, માલા ચાર, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર લુમની કલંગી રૂપેરી ધરે.

શીતકાલમાં કારતક વદિ ૧-એકમથી નિત્ય બાલભોગમાં ગોપાલવલ્લભ ચલ્લુ (વિશેષ સામગ્રી આવતી હોય) તે આજથી બંધ થાય.

મહા વદિ ૨-બીજ

(વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૨)

શ્રી કાકા વલ્લભજી મહારાજના તૃતીય લાલજી શ્રી ગોપાલજી મહારાજનો ઉત્સવ સં. ૧૭૩૩

વસ્ત્ર : કેસરી, વાગો ચાકદાર, ફરગુલ, બટુઆ લાલ સાટીનના

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા પીરોજી મીનાના, આભરણ પીરોજી મીનાના, માલા છ પીરોજી મીનાની, તેના ઉપર હાર એક પીરોજી મીનાનો, તેના ઉપર માલા એક વિના પદકની પીરોજી મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા પીરોજી મીનાના ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં ખડબુજાની તવાપૂરી આવે. સખડીમાં સાંઠાભાત, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના પાપડ આવે.

મહા વદિ ૩-ત્રીજ

(વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૩)

વસ્ત્ર : સફેદ, વાગો ઘેરદાર, ફરગુલ, બટુઆ લીલી સાટીનના

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ પતંગી ખીડકીની, કટિનો પટકો પતંગી, આભરણ સોનાના, માલા છ સોનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, ચંદ્રિકા સાદા ધરે.

મહા વદિ ૪-ચોથ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૪)

વસ્ત્ર : સફેદ, વાગો ઘેરદાર, ફરગુલ, બટુઆ શ્યામ સાટીનના

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા ગુલાબી, કટિનો પટકો ગુલાબી, આભરણ ગુલાબી મીનાના, માલા ચાર ગુલાબી મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે ઝુમકીના ધરે. શ્રીમસ્તક ઉપર કતરા ગુલાબી મીનાના ધરે.

મહા વદિ ૫-પાચમ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૫)

વસ્ત્ર : સફેદ, શ્યામ મગજીના, વાગો ચાકદાર, ફરગુલ, બટુઆ પીળી સાટીનના

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો બીચકો, આભરણ શ્યામ મીનાના, માલા છ શ્યામ મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, મોરશીખા સોનાના, તેમાં કતરા જમણો ધરે. કર્ણફૂલ ચાર ધરે.

મહા વદિ ૬-છઠ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૬)

વસ્ત્ર : સફેદ લાલ મગજીના, વાગો ઘેરદાર, ફરગુલ, બટુઆ લાલ સાટીનના

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ ગોટી પાગ, તેમાં ગોટી લાલ, આભરણ સોનાના, માલા છ સોનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, કતરા સાદા ધરે.

મહા વદિ ૭-સાતમ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૭)

શ્રીનાથજીનો પાટોત્સવ

પલ્લવની બંદનવાર નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય

વસ્ત્ર : કેસરી દોરીયાના, વાગો ઘેરદાર. **આજથી ફરગુલ, બટુઆ, મોજાં ધરે નહિ. (શ્રીબાલકૃષ્ણલાલજી આજથી ઓઢણી ધરે)**

સાજ : સફેદ નવો ચડે

શૃંગાર : **આજે અભ્યંગ થાય.** શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, ચોવાની ચોલી, આભરણ પીરોજાના, માલા બે પીરોજાની, કર્ણફૂલ બે, લુમની કલંગી સોનેરી ધરે.

પલના સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી તથા ઝારાની ઝીણી સેવ આવે.

મંદિરના ક્રમમાં આજે શ્રીનાથજીની ભાવના પધરાવે, તેમજ શ્રીનાથજીનો ભોગ પણ જુદો સજાય. વૈષ્ણવોને ત્યાં આ ક્રમ ન આવે.

આજે રાજભોગની સાથે જ ઉત્સવભોગ આવે તેની સામગ્રી તથા સાજવાનો ક્રમ :

અનસખડી સામગ્રી :

તેમાં ખરમંડા, નારંગીનો મનોહર, સેવના લાડુ, ચંદ્રકલા, શિખરનવડી, સંજાબની ખીર, મીઠું શાક ખડબુજાનું, ઉત્સવના સંધાણા બે આલુ તથા સુરણના, મેંદાપૂરી, ચોળાના ગુંજીયા, ઝીણી સેવ, ફડફડીયા બે જાતના, અધકીમાં કચરિયા, તિલવડી, ઢેબરી, છાશવડાં, મગોડાની છાશ, નિત્યનું રાયતુ બુંદીનું, ભુજેના એક, અધકીમાં સૂકા ભુજેના બે જાતનાં, શાક બે અધકીના આવે.

સખડી સામગ્રી :

તેમાં પાટિયાની સેવ, પાંચ ભાત તેમાં મેવાભાત, શિખરન ભાત, દહીંભાત, ખાટો ભાત અને વડીભાત, છડિયલ દાળ, તિનકૂડો, અધકીના શાક ચાર તેમાં એક અડદની વડીનો ઝોલ, બીજુ ભરમા બેંગનનું, ત્રીજુ મેથીના દાણાનું, ચોથુ ચંદની શાક આવે. ભુજેના ચાર જાતનાં, કઠોળ બે જાતના, કચરિયા ચાર જાતનાં, પાપડ આવે.

દૂધઘર સામગ્રી :

દૂધઘર ચોકી ઉપર દૂધઘર ભોગ સાજવો તેમાં કેસરી બરફી, સફેદ પેંડા, કેસરી ગુંજીયા, સફેદ મેવાટી, ખોવાના ખરમંડા, કેસરી બાસુંદી, અધોટાનો મલડો, મલાઈ, માખણ, મિશ્રી, દૂધપૂરી, શિખંડ, મીઠું દહીં, ગુલાબ કતલી, રસખોરા, ખડબુજાના બીની કતલી, ચારોલીની કતલી, અનાનસનું બિલસારૂં, ખડબુજાનો પણો, સાબોની, ગજક, રેવડી, તિનગીની, પોના પટ્ટી, પગેમેવા બે જાતના, તળેલા મેવા છ જાતના, સૂકા મેવા આઠ જાતના, દૂધઘરના સંધાણા ખારેક તથા પીપરના, બધી જાતનો લીલો મેવો, બુરા, મરી, મીઠાની કટોરી એક એક આવે.

ખેલ ભોગ સામગ્રી :

આજે નિત્યના ખેલ ભોગના થાળમાં અધકીમાં બદામ મિશ્રીની ડેલી, મોટી ખારેક, દ્રાક્ષ, લીલા ટોપરાના ગોળ ટૂક આવે.

સમય થયે રાજભોગ સરે, આચમન મુખવસ્ત્ર કરાવી શ્રી...નિજ મંદિરમાં પધારે, બીડી અરોગે. ગાદી, તકિયા, પીઠકવાળો પાટલો યથાસ્થાન રાખી નિત્ય મુજબ ખેલ થાય. આરતી મોતીની થાળીની ચાંદીની દિવડાની, પેંડો બિછાવી અનોસર કરે.

ઉત્થાપન સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી, નારંગીનો પણો, નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

શયનભોગ સામગ્રી : છડિયલ દાળ, કઢીને બદલે છાશવડાં, રતાળુનું મરીવાળું શાક, બાકી બધું નિત્યવત્ આવે.

આજે શયન પછી ફાગણ સુદિ ૧૪-ચૌદશ સુધી ફાગણના બધી જાતના રંગના ગુલાલના છાપાના સાજ બંધાય. આજે ગ્રેહબંધનાં છાપાનો સાજ બંધાય.

મહા વદિ ૮-આઠમ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૮)

વસ્ત્ર : સફેદ, કાછની દુરંગી તેમાં ઉપર પતંગી અને નીચે સફેદ

સાજ : ગ્રેહબંધના છાપાનો અથવા સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ સોનાનો, આભરણ સોનાના, માલા છ સોનાની, તેના ઉપર હાર એક સોનાનો, તેના ઉપર માલા એક વિના પદકની સોનાની, તેના ઉપર ગુંજા ધરે.

આજથી મુકુટનો શૃંગાર કરતી વખતે કાછની ધરાવીને અબીલની નાની પોટલી બે ભરીને કાછનીની ઉપર ધરાય. તેના ઉપર કટિપેચ ધરાવી દેવો. તેમાં ગુલાલની પોટલી ડાબી બાજુ અને અબીલની પોટલી જમણી બાજુ ધરાવવી.

ફાગણમાં જે દિવસે મુકુટનો શૃંગાર હોય તે દિવસે કટિની ફેંટ ભરાય નહિ, તે દિવસે ગુલાલ અબીલની પોટલી આવે.

ઉત્થાપનભોગ બાદ શૃંગાર વડા થયા પછી કાછની વડી કરીને ખેલાવેલો ઘેરદાર વાગો ધરાવવો.

મહાવદિ ૯ - નોમ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૯)

વસ્ત્ર : સફેદ ફાગણીયા લાલ છીંટાના, વાગો ચાકદાર

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલ પગા, આભરણ મીનાના, માલા છ મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, ચંદ્રિકા સાદા ધરે.

મહા વદિ ૧૦-દશમ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : સફેદ લાલ મગજીના, વાગો ઘેરદાર

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ લાલ ખીડકીની, ચોલી ગુલાલની, (જે દિવસે ગુલાલ, અબીલ, ચોવા, ચંદનની ચોલી આવે તે દિવસે કોઠાવસ્ત્ર ધરાવીને ચોલી ધરવી. જે દિવસે ગુલાલ, અબીલની ચોલી હોય તે દિવસે

કોઠા વસ્ત્ર ધરાવી તેના ઉપર ફૂલેલ લગાડીને તેના ઉપર ગુલાલ અથવા અબીલ જે ચોલી લખી હોય તે ધરાવવી) આભરણ સોનાના, માલા બે, કતરા સાદા આવે.

મહા વદિ ૧૧-એકાદશી (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૧૧)

વસ્ત્ર : પતંગી, કાછની દુરંગી તેમાં ઉપરની લીલી, નીચેની પતંગી

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, મુકુટ સોનાનો, માલા છ સોનાની, તેના ઉપર હાર એક સોનાનો, તેના ઉપર માલા એક વિના પદકની સોનાની, તેના ઉપર ગુંજા ધરે.

મહા વદિ ૧૨-બારસ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : સફેદ, બંધ શ્યામ, વાગો ઘેરદાર

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે પગા, આભરણ લીલા મીનાના, માલા છ લીલા મીનાની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી અથવા ઝુમકીના કર્ણફૂલ ધરે, મોરશીખા સોનાની ધરે.

આજે શયન બાદ ગાયના છાપાનો સાજ ચડે.

મહા વદિ ૧૩-તેરસ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૧૩)

વસ્ત્ર : સફેદ શ્યામ મગજીના, વાગો ચાકદાર.

સાજ : ગાયના છાપાનો અથવા સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા વસ્ત્રના પતંગી તથા કટિના પટકા પતંગી, આભરણ લાલ મીનાના, માલા છ લાલ મીનાની, તેના ઉપર હાર એક લાલ મીનાનો, તેના ઉપર માલા એક વિના પદકની લાલ મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા સાદા ધરે.

મહા વદિ ૧૪ - ચૌદશ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : શ્યામ સુવાના, વાગો ઘેરદાર

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા સુવાની ખીડકીના, પાગ શ્યામ ખિડકીની, તેના ઉપર સુવાના છોડ ધરે, કટિનો પટકો સુવાનો, આભરણ સોનાના, માલા ચાર સોનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, ચંદ્રિકા સાદા ધરે.

મહા વદિ ૦)) - અમાસ (વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ૦)))

ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી (પોરબંદર)નો પ્રાકટ્ય ઉત્સવ. પ્રા. સં. ૧૯૮૩ તેમજ ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના વહુજી ગો. શ્રી રત્નપ્રભા વહુજીનો જન્મ દિવસ

પલ્લવની બંદનવાર નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય

વસ્ત્ર : કેસરી ઓટવાળી રૂપેરી કિનારીના, વાગો ચાકદાર

સાજ : કેસરી દોરીયાનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે જોડ, આભરણ હીરાના, માલા હીરાની, એક હારનો શૃંગાર ધરે, તેના ઉપર ગુંજા ધરે.

પલના તથા રાજભોગની અધકીની સામગ્રી : તેમાં ચાર પ્રકારની દૂધઘરની તથા પાંચ પ્રકારની અનસખડીની સામગ્રી આવે.

ફાગણ સુદિ ૧-એકમ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૧)

આજે અધકીના ઓસરાનો અભ્યંગ

વસ્ત્ર : સફેદ કેસરી કોરના વાગો ઘેરદાર, ચોલી અરગજાની

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ અરગજી રંગની ખીડકીની, આભરણ શ્યામ મીનાના, માલા બે, કર્ણફૂલ બે, ચંદ્રિકા સોનાની ધરે.

આજે શયન બાદ હોરંગા ના ચિત્રનો સાજ ચડે. તેમાં વચ્ચે હોરી ડાંડા અને હોરી ડાંડાની ડાબી બાજુ શ્રી રાધિકાજી અને વ્રજભક્તો તથા જમણી બાજુ શ્રીકૃષ્ણ, બલદેવ અને ગ્વાલના ચિત્રો છપાય.

ફાગણ સુદિ ૨-બીજ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૨)

વસ્ત્ર : સફેદ, વાગો ઘેરદાર

સાજ : હોરંગાના ચિત્રનો અથવા સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલ પગા, આભરણ સોનાના, માલા છ સોનાની, તેના ઉપર ગુંજા ધરે.

ફાગણ સુદિ ૩-ત્રીજ **(વ્રજ : ફાલ્ગુન શુક્લ ૩)**

સુરતવાળા શ્રી ગિરિધરજી કાકાજીનો ઉત્સવ તથા ગો. શ્રી જીવનલાલજી મહારાજના ભાભીજી (માતુશ્રી) શ્રી જામ્બુવતી વહુજી મહારાજની આડીનો મનોરથ

વસ્ત્ર : કેસરી, વાગો ચાકદાર

સાજ : કેસરી

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે પગા, આભરણ પીરોજાના, માલા છ પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે. કુંડલ ધરે, મોર શીખા સાદા ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં ખડબુજાની મીઠી કચોરી આવે. સખડીમાં ખડબુજા ભાત, તુવેરદાળ, વડીની કઢી, ભુજેના, પાપડ આવે.

સમય થયે રાજભોગ સરે, આચમન મુખવસ્ત્ર થાય. શ્રી...નિજમંદિરમાં સિંહાસન ઉપર પધારે, બીડી અરોગે, માલા ધરે, ત્યારપછી શ્રી...ને જગમોહનનાં અઠાસના બંગલામાં પધરાવવા. ઝારી ભરી યથાસ્થાન પધરાવવી. રાજભોગના બીડાના બંટા નિજમંદિરમાં સિંહાસન ઉપર રહે. પછી અઠાસના બંગલાની આગળની બાજુની સીડી સરકાવીને એક બાજુ રાખવી. અઠાસના બંગલાની આગળ મંગલભોગની ચોકી અનસખડી ભોગ ધરવા માટે રાખવી અને તે ચોકીની જમણી બાજુ દૂધઘરનો ભોગ ધરવા માટે ચોકી રાખવી. બંને ચોકી ઉપર લીલી પાતળ બિછાવવી.

ઉત્સવ સામગ્રી :

દૂધઘર સામગ્રી : દૂધઘર ભોગના થાળમાં કેસરી બરફી, અધોટાનો મલડો, બિલસારૂ, ખડબુજાનો પણો, ગુલાબ કતલી, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા છ જાતના, ઋતુ અનુસાર લીલો મેવો બધી જાતનો, તેની સાથે બુરાની, લુણ અને મિરચની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : બાલભોગમાંથી અનસખડી ભોગ થાળમાં પધરાવવો. તેમાં ખરંજના ગુંજા, ચંદ્રકળા, મીઠું શાક, મેંદાપૂરી, લીલા વટાણાના ગુંજીયા, વેસણના ગાંઠીયા, ફડફડીયા, ભુજેના, કેરી વગેરે સંધાણાની કટોરી એક તથા લુણની કટોરી એક આવે.

ભોગ આવ્યે તુલસી, શંખોદક, ધૂપ, દીપ, થાય.

ઉત્સવ ભોગ આવ્યે નિજમંદિરમાં સિંહાસનની આગળ ખંડ માંડી રાખે. નિત્યની ફૂલની માલા, છડી, ગેંદ, નિત્યવત્ રાખે. સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય, બીડા ધરાય. મંદિરવસ્ત્ર કરી, અઠાસની સીડી યથાસ્થાને માંડી, તેની ઉપરની સીડી ઉપર માલા, છડી, ગેંદ, નિત્યવત્ રાખે. સીડી ઉપર ખેલના સાજની કટોરીઓ રાખવી. પછી નિત્યવત્ ફરગુલ, ઉપરણા ઢાંકવા.

શ્રીઠાકોરજીના શ્રીઅંગનો, માલાનો, ગાદીના મોહરાનો, ગેંદ, છડી, માલા નો ખેલ નિત્યવત્ થાય. ત્યારપછી નિત્ય પ્રમાણે પિચકારી ધરાય. પછી બંગલાને કંકુ, ચોવા, ગુલાલ તથા અબીલથી ખેલાવી તે પછી પિછવાઈ,

ચંદરવાને ખેલાવવા. પછી કુંજને ખેલાવે. પ્રથમ રંગથી, ત્યારપછી ગુલાલ-અબીલથી, તે પછી ચોવાથી ખેલાવે. પછી શ્રી...ના સાનિધ્યમાં અભ્યંગ વાળી ચાંદીની કુંડી રાખી તેમાં ઉડાડવાનો રંગ કરી પહેલાં રંગ ઉડાડવો. પછી નિત્યવત્ શ્રી...ના શ્રીહસ્તમાંથી પિચકારી વડી કરી કટોરીમાં રાખવી. તે પછી અબીલ ઉડાડવો. પછી બધી જાતના રંગના ગુલાલ ઉડાડવા. પછી ખેલના સાજની કટોરીઓ તથા ગેંદ, માલા, છડી આ બધું થાળમાં રાખીને થાળ નિજમંદિરમાં રાખવો. તે પછી ગાદી તથા ઝારી ઉપર ફરગુલ ઉપરણા ઢાંકયા હોય તે વડા કરી વેણુ વેત્ર ધરાવી આરતી મોતીની થાળીની બંગલાના ચિત્ર વાળી ચાંદીના દિવડાની થાય. આરતી થાય ત્યારે ફૂલ ઉડે, ન્યોછાવર થાય. ત્યારપછી શ્રી...નિજમંદિરમાં સિંહાસન ઉપર બિરાજે. નિત્યના ખેલ ભોગ નો થાળ નિત્યવત્ ઉપરણો ઢાંકીને સિંહાસન ઉપર યથાસ્થાન ધરવો. પછી બગીચાના ખેલની માલા વડી કરી ખેલના થાળમાં રાખવી. પછી શ્રી...ને નવી માલા ધરાવવી. ઝારી પ્રસાદીમાં ઠાલવી, બીજી ભરી યથાસ્થાન પધરાવવી. નિત્યવત્ ખંડ, ગેંદ, છડી વિના થાકની માલા રાખવી તથા સિંહાસન ઉપર થાકની માલા બે રાખવી. ખેલના સાજની કટોરીઓ ખેલાવવા માટે નિત્યવત્ રાખવી. તેમાં ચંદનની બરણી, ચોવાની બરણી, ગુલાલની કટોરી, અબીલની કટોરી આવે. રંગની કટોરીઓ આવે નહિ. આ સમયે ફરગુલ ઢાંકવા નહિ. કારણ કે સુક્ષ્મ ખેલ થાય. તેથી જ્યારે જ્યારે આવા મનોરથના ખેલ થયા પછી નિત્યનો ખેલ થાય તે સમયે ફરગુલ ઢંકાય નહિ. શ્રી...ના શ્રીઅંગની નિપટ સુક્ષ્મ ખેલ થાય. કપોલ અહિ મંડાય નહિ. જ્યારે જ્યારે મનોરથનો ખેલ થયા પછી નિજમંદિરમાં નિત્ય ખેલ થાય ત્યારે કપોલ મંડાય નહિ. નિત્યવત્ ગુલાલ, અબીલ ઉડે. ખેલના સાજના થાળમાં મનોરથના અધકીના માલા, છડી, ગેંદ ધરાવ્યા હોય તેની સાથે નિત્યની માલા ગેંદ, છડી, ધરાવીને શય્યામંદિરમાં નિત્યની જગ્યાએ પધરાવે. ખેલભોગનો થાળ નિત્યવત્ શય્યામંદિરમાં નિત્યની જગ્યાએ પધરાવે. રાજભોગનો સાજ મંડાય. વેણુ, વેત્ર, ધરાય, આરસી બતાવાય, રાજભોગ આરતી નિત્યની આવે. રાઈ, લોન કરી, હાથખાસા કરી વેણુ, વેત્ર વડા થાય. પેંડો બિછાવી અનોસર થાય.

ફાગણ સુદિ ૪-ચોથ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૪)

વસ્ત્ર : પતંગી, વાગો ઘેરદાર

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર પતંગી ફેંટા રૂપેરી ખીડકીનો, અબીલની ચોલી, આભરણ સોનાના, માલા બે, કર્ણફૂલ બે, કતરા સફેદ મીનાના ધરે.

ફાગણ સુદિ ૫-પાચમ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૫)

વસ્ત્ર : સફેદ, વાગો ચાકદાર

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલ પગા, આભરણ લાલ મીનાના, માલા છ, તેના ઉપર ગુંજા ધરે, લોલક બંદી ધરે, ચંદ્રિકા સાદા ધરે.

સાંજે ઉત્થાપન બાદ(મંદિરમાં સંધ્યા આરતી બાદ) શૃંગાર વડા કરી, વાગા વસ્ત્રમાંથી ગુલાલ સાફ કરી નીચે દર્શાવ્યા મુજબ **વસંતના ફૂલની કલીના આભરણ ધરાવવા.**

શ્રીયુગલ સ્વરૂપના શ્રીકંઠની માલા બે તથા શ્રીકંઠની લડ એક અને શ્રીહસ્તની લડ તથા શ્રીમસ્તકની લડ આ પ્રમાણે આભરણ ધરાવવા.

આજે શયન બાદ બગીચાના ચિત્રનો સાજ ચડે. તેમાં પિછવાઈ માં ફરતી વેલ, વચ્ચેના બંગલાની ડાબી બાજુ એક અથવા બે, વ્રજભક્તો અને જમણી બાજુ એક અથવા બે ગ્વાલ આખી પિછવાઈ માં બધી જાતના વૃક્ષ, પોપટ, મોર, બંદર વગેરે બધી જાતના પક્ષી આવે.

ફાગણ સુદિ ૬-છઠ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૬)

શ્રી ત્રિભંગીરાયજી નો પાટોત્સવ

વસ્ત્ર : કેસરી રૂપેરી કિનારીના, વાગો ચાકદાર

સાજ : બગીચાનો ચિત્રનો અથવા સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે કેસરી, ગોકર્ણ પતંગી, આભરણ લાલ મીનાના, માલા છ લાલ મીનાની, તેના ઉપર હાર એક લાલ મીનાનો, તેના ઉપર માલા એક વિના પદકની લાલ મીનાની, તેના ઉપર ગુંજા ધરે. ચંદ્રિકા ત્રણ જોડના સાદા ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં ખડબુજાનો મોહનથાળ, સખડીમાં ખડબુજા ભાત, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના, પાપડ આવે.

ખેલ ભોગ સામગ્રી : આજે ખેલભોગ સામગ્રીમાં નિત્યથી અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ખારેક, મોટી દ્રાક્ષ, લીલા ટોપરાના ગોળ ટૂક આવે.

ફાગણ સુદિ-૭-સાતમ (વ્રજ : ફાલ્ગુન સુકલ-૭)

આજે ગો. શ્રી જીવનલાલજી મહારાજના સૌભાગ્યવંતા શ્રી મહારાણી વહુજીની આડીનો ખેલનો મનોરથ આમને સામને થાય

વસ્ત્ર : પીળા વસંતી, વાગો ઘેરદાર.

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પણ, આભરણ પીરોજાના, માલા છ પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, લુમની કલંગી ધરે.

રાજભોગ સામગ્રી : સખડીમાં દ્રાક્ષભાત, તુવેરદાળ, પકોડીની કઢી, ભુજેના, પાપડ આવે.

આમને-સામને ખેલનો મનોરથ :

આજે આમને સામને ખેલનો મનોરથ થાય, તેથી ડોલ તિબરીમાં તથા કીર્તનીયા તિબારીમાં ચંદરવા, પિછવાઈ સફેદ બંધાય. ડોલ તિબારી કીર્તનીયા તિબારી અને ચોકમાં (નકશા મુજબ) કુંજ બંધાય તથા ફુવારા છૂટે એ

ચોકમાં વચ્ચો વચ્ચ માછલીવાળો અઠાસનો હોજ પધરાવી તેમાં હજારા ફુવારા ચડાવે અને ડોલ તિબારીની આગળ અને કીર્તનીયા તિબારીની આગળ એક એક ફુવારા ચડે. આમ કુલ ત્રણ ફુવારા ચડે ડોલ તિબારી તથા કીર્તનીયા તિબારીની મધ્યમાં ચોરસ નોચોકી એક એક નકશા પ્રમાણે માંડે.

રાજભોગ આવ્યે નિજતિબારી, ડોલ તિબારી તથા કીર્તનીયા તિબારી તથા ચોક ખાસા કરવા. ત્યાર પછી બંને જગ્યાએ નોચોકીઓ ઉપર તથા સીડી ઉપર સફેદ ઉપરણા બિછાવવા તથા સીડી ઉપર ઉપરણાની ઘડી કરી પેંડા બિછાવવા. ત્યાર પછી ફૂલઘરમાંથી અધકીની માલા, છડી, ગેંદ તથા અધકીની માલાનો જોડ અને આરતી સમયે ઉડાવવાના ફૂલનો કટોરો મંગાવી રાખવો. ત્યારપછી ડોલ તિબારી તથા કીર્તનીયા તિબારીમાં કાષ્ટની એક એક ચોકી બિછાવી તેના ઉપર બન્ને જગ્યાએ ખેલનો સાજ નીચે લખ્યા મુજબ સાજવો.

કેસૂડાના રંગની કોઠી એક, ઉડાવવાના ગુલાલ અબીલના મોટા કટોરા એક એક, બધી જાતના રંગના દૂનાની છાબ એક એક, ભીના કંકુનો મોટો ડબરો એક, સાજ ખેલાવવા માટે ગુલાલ તથા અબીલના મોટા કટોરા એક એક રાખવા.

સમય થયે રાજભોગ સરે આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...સિંહાસન ઉપર પધારે, બીડી અરોગે, માલા ધરે. **આજે મનોરથનો ભોગ આવે.** તેથી શ્રી...નોચોકી ઉપર ડોલ તિબારીમાં બિરાજે. શ્રી...પાસે ઝારી યથાસ્થાન પધરાવવી. બંટા સિંહાસન પાસે રહે. પછી નોચોકી ઉપર કસુંબા છઠ વાળી દોઢ પાયાની ચોકી અનસખડી ભોગ ધરવા માટે રાખવી. તથા જમણી બાજુ શીતકાલની મંગલભોગ વાળી ચોકી એક દૂધઘરનો ભોગ ધરવા માટે રાખવી. બંને ચોકીઓ ઉપર લીલી પાતળ બિછાવવી. દૂધઘર અને અનસખડી સામગ્રી નીચે મુજબ આવે.

દૂધઘર સામગ્રી : દૂધઘર ભોગના થાળમાં સફેદ ગુંજીયા, અધોટાનો મલડો, બિલસારૂ, ખડબુજાના બીની કતલી, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા છ જાતના, ઋતુ અનુસાર લીલો મેવો બધી જાતનો તેની સાથે બૂરાની કટોરી એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : અનસખડી ભોગના થાળમાં નારંગીની બુંદીના લાડુ, ખડબૂજાનો મોહનથાળ, ખડબૂજાનું મીઠું શાક, મેંદા પૂરી, બેંગન ભરતાની કચોરી, મગની દાળના ફળફળીયા, ફિકા સક્કરપારા, ભુજેના, કેરી વગેરે સંધાણાની કટોરી એક તથા લુણની કટોરી એક આવે. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય, ભોગ આવે.

ઉત્સવ ભોગ આવ્યે નિજ મંદિરમાં સિંહાસનની આગળ ખંડ માંડી રાખવો. નિત્યની માલા, છડી, ગેંદ સિંહાસન ઉપર યથાસ્થાન માંડી રાખવા. ખેલ ભોગનો થાળ સિંહાસન ઉપર નિત્યવત્ રાખી, ઉપરણો ઢાંકવો.

સમયે થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય, ભોગ સરાવ્યાના બીડા ધરાય ભોગની ચોકી ઉપાડીને મંદિરવસ્ત્ર કરવું. શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજીને કીર્તનીયા તિબારીમાં નોચોકી ઉપર પધરાવવા. પશ્ચિમ તરફ શ્રી બાલકૃષ્ણલાલજી તથા પૂર્વ તરફ શ્રી નટવરલાલજીને પધરાવવા ઝારી તથા બીડાની તબકડી

પધરાવવી. પછી ડોલ તિબારીમાં શ્રી મદનમોહનલાલજી તથા કીર્તનીયા તિબારીમાં શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજીના ફરગુલ, ઉપરણા તથા ઝારી, બીડા નિત્યવત્ ઢાંકવા તે પછી શ્રી મદનમોહનલાલજીની નોચોકી ઉપર ગાદી આગળ અધકીની માલા બે થાકની તથા માલા ચાર વિના થાકની ખંડ ઉપર રાખવી અને બે ગેંદ, છડી ખંડ ઉપર યથાસ્થાન રાખવા. ખેલના સાજની કટોરીઓ નોચોકીઓની ઉપરની સીડી ઉપર રાખવી. પછી શ્રીનટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજીની નોચોકીની ઉપરની સીડી ઉપર અધકીની બંને છડી, બે ગેંદ રાખવી તથા ખેલના સાજની કટોરીઓ ઉપરના ખંડની સીડી ઉપર રાખવી. બંને જગ્યાએ નોચોકીઓ ઉપર ફૂલમંડલી આવે. જો ફૂલ ન મળતા હોય તો લત્તાપત્તાના બંગલા આવે. શ્રી મદનમોહનલાલજીનો બંગલો ડોલ તિબારીમાં અને શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજીના બંગલા કીર્તનીયા તિબારીમાં આવે.

શ્રીઅંગનો ખેલ, નોચોકી, બંગલા તથા પિછવાઈ, ચંદરવા, કુંજ વગેરેનો ખેલ ફાગણ સુદિ ત્રીજ-૩ મુજબ થાય. રંગ ઉડે, ગુલાલ ઉડે પછી ટકોરા થાય. વેણુ, વેત્ર ધરાય. શ્રી...ની આરતી મોતીની થાળીની ચાંદીના દિવડાની થાય. ડોલ તિબારીની દહેરી (ઉંબરા)ની નીચે ચોકમાં જગમોહન બાજુ પીઠ રાખીને ઉભા રહી આરતી કરવી. ફૂલ ઉડે, ન્યોછાવર થાય. ત્યારબાદ બધા સ્વરૂપો નિજમંદિરમાં સિંહાસન ઉપર પધારે. ઝારી પ્રસાદીમાં ઠાલવી બીજી ઝારી ભરાય. બગીચાના ખેલની માલા વડી થાય. તે માલા ખેલના થાળમાં ધરવી. ત્યારપછી બીજી માલા શ્રી...ને ધરાવીં રાજભોગમાં નિત્યવત્ ખેલ થાય તે ખેલ આજે શ્રીઅંગનો નિપટ સૂક્ષ્મ ખેલ થાય. નિત્યવત્ ગુલાલ, અબીલ ઉડે. ખેલના સાજના થાળમાં રંગની કટોરી, પિચકારી તથા મનોરથની માલા, ગેંદ, છડી ધરે તેની સાથે નિત્યની માલા, ગેંદ, છડી બધું ધરાવી, શય્યા મંદિરમાં નિત્ય મુજબ થાળ પધરાવવો. ખેલ ભોગનો થાળ શય્યા મંદિરમાં નિત્યની જગ્યાએ પધરાવવો. રાજભોગનો સાજ માંડી, વેણુ વેત્ર ધરાવી, આરસી બતાવી, રાજભોગ આરતી નિત્યની થાય. આરતીના સમયે ફૂલ ઉડે. આરતી કરીને રાઈ, લોન કરવા ત્યારબાદ હાથ ખાસા કરી વેણુ વેત્ર વડા કરી, પેંડો બિછાવી, નિત્યવત્ અનોસર કરવા.

ફાગણ સુદિ-૮-આઠમ

(વ્રજ : ફાલ્ગુન શુક્લ-૮)

હોળાષ્ટક

વસ્ત્ર : સફેદ ફાગણીયા, લાલ છીંટાના, વાગો ચાકદાર

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારો સોનાનો, આભરણ શ્યામ મીનાના, માલા છ મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા લાલ રેશમી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં વેસણનો શીરો આવે. સખડીમાં નિત્યની દાળ તુવેરની વડીની કઢી આવે.

(મંદિર ક્રમમાં આજે ડોલોત્સવની સામગ્રી માટે ભટ્ટીપૂજા થાય.)

ફાગણ સુદિ ૯-નોમ **(વ્રજ : ફાલ્ગુન શુક્લ ૯)**

બગીચા નોમ

શ્રી...આજે બગીચામાં ખેલવા પધારે

વસ્ત્ર : સફેદ કેસરી છાપાના ભરમા બુટીના, લાંબો પટકો કેસરી છાપાનો ભરમા બુટીનો અંતરવાસનો ધરે. કાછની દુરંગી, ઉપર ચોવાની, નીચે કેસરી ભરમા બુટીની

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ પીરોજાઈ મીનાનો, આભરણ પીરોજાઈ મીનાના, માલા છ પીરોજાની, તેના ઉપર હાર એક પીરોજાનો, તેના ઉપર વિના પદકની માલા એક પીરોજાની, તેના ઉપર બીજો હાર એક પીરોજાનો, તેના ઉપર વિના પદકની માલા એક પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં દહીંના મનોહરના લાડુ, મીઠું શાક ખડબુજાનું, સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના, પાપડ આવે.

બગીચામાં ખેલનો મનોરથ :

આજે બગીચાના બંગલામાં પિછવાઈ, ચંદરવા સફેદ બંધાય. ચારે બાજુ કંતાનના ટેરા બંધાય. અધકીના સિંહાસન તથા ખંડ મંડાય.

રાજભોગ આવ્યે બગીચાનો બંગલો ખાસા કરી અધકીનું સિંહાસન માંડી સફેદ ઉપરણાનું સિંહાસન વસ્ત્ર ચડાવી, ખંડ માંડી, તેના ઉપર ખંડ વસ્ત્ર ચડાવી, ખંડની સીડી ઉપર ઉપરણાની પટ્ટી કરી, પેંડો બિછાવી, સિંહાસનના કળશ ઉપર આંબાનો મોર લગાડી, બગીચામાં ધરવાની માલાની જોડની છાબ તથા શ્રી...ને બગીચામાં પધરાવતી વખતે ફૂલની વૃષ્ટિ કરવા માટે ફૂલનો ટોપલો તૈયાર રાખવો. બગીચામાં બંગલાની દક્ષિણ તરફ કેસૂડાના રંગનો ટોપ, ગુલાલ અબીલના ટોકરા એક એક તથા બધી જાતના રંગના દુનાની છાબ, પિછવાઈ, ચંદરવા, સિંહાસન, ખંડ તથા કુંજ ખેલાવવા માટે ભીનું કંકુ તથા ખાસાના ગુલાલ, અબીલનો ડબરો એક એક તૈયાર રાખવા. બગીચામાં પધરાવવાના માર્ગમાં ગુલાલ, અબીલ તથા હળદરનાં છાપા પાડવા. સફેદ વસ્ત્રથી મઢેલું સૂરજમૂખી છત્ર, ધ્વજા, ઝંડી અને ચાંદીની છડી વગેરે તૈયાર કરી રાખવા.

સમય થયે રાજભોગ સરે, આચમન મુખવસ્ત્ર થાય. શ્રી...સિંહાસન ઉપર પધારે, બીડી અરોગે, માલા ધરે. શ્રી...નો મીનાનો મુકુટ વડો કરી, મીનાની ટોપીમાં ફૂલનો મુકુટ ધરાવવો. (શ્રી નટવરલાલજી, શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રી શ્યામ સ્વરૂપ, શ્રી ગિરિરાજજી, શ્રી સંપુટજી, શ્રી મહાપ્રભુજી ભીતરના રસ્તેથી બગીચામાં પહેલાં પધારે) બધા સ્વરૂપોની ઝારી ભરીને યથાસ્થાન પધરાવવી. નિજતિબારીનું દ્વાર ખોલી કીર્તનીયા સમાજ, છત્ર સૂરજમૂખી, સોટા અને છડીવાળાને આગળ કરી શ્રી...ને દંડવત્ કરી શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, શ્રી મદનમોહનલાલજી ને ગાદી સહિત ખુલ્લા દર્શન હાથમાં પધરાવી બગીચામાં પધરાવવા. બીજા મુખીયાજી ઝારી પધરાવી સાથે સાથે આવે. ત્રીજા ફૂલ ઉડાવે. નિજતિબારીમાંથી ચોકમાં થઈને ડોલ તિબારીમાં થઈ બગીચાના બંગલામાં સિંહાસન

ઉપર શ્રી...ને પધરાવવા. ટેરો લઈ સિંહાસન આગળ એક ચોકી અનસખડી ભોગ ધરવા માટે તથા તે ચોકીની જમણી તરફ ચોકી એક દુધઘર ભોગ ધરવા માટે માંડી, તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

દૂધઘર સામગ્રી :

સૌ પ્રથમ દૂધઘરભોગ પધરાવવો. તેમાં ખડબૂજાના બી ની બરફી, સફેદ પેંડા, સફેદ ગુંજીયા, ખડબુજાની તવાપૂરી, મલાઈ, માખણ, મિશ્રી, દૂધપૂરી, કેસરી બાસુંદી, અધોટાનો મલડો, બિલસારૂ, નારંગીનો પણો, ખડબૂજાનો પણો, મીઠું દહીં, છોંકેલું દહીં, પગે મેવા બે જાતના, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા આઠ જાતના, ઋતુ અનુસાર લીલો મેવો બધી જાતનો અને તેની સાથે બૂરાની કટોરી એક તેમજ લુણ મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી :

અનસખડીની ચોકી ઉપર બાલભોગમાંથી નીચે મુજબ સામગ્રી પધરાવવી.

ચંદ્રકળા, ખરંજના ગુંજા, દહીંથરા ઉપરેઠા, શિખરન વડી, મીઠું શાક, મેંદા પૂરી, અડદની દાળની કચોરી, વેસણની ભરમાપૂરી, બે જાતના, ફડફડીયા, વેસણની ચોળાફળી, વધારેલા લીલા ચણા, ભુજેના, રાયતુ બેંગન ભરતાનું, સકરકંદનું ખાટું મીઠું શાક, છાશવડાં, સુરણ અને આલુના સંધાણા ઉત્સવના, કેરી વગેરે નિત્યના સંધાણા, લુણ, મરીની કટોરી એક એક આવે.

તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. બગીચામાં ભોગ આવે.

ભોગ આવ્યે નિજમંદિરમાં સિંહાસનથી દુર નિત્યવત્ ખંડ માંડી તેના ઉપર નિત્યના ખેલની કટોરીઓ તૈયાર કરવી. ખંડની નિત્યની માલા, ગેંદ, છડી નિત્યવત્ માંડી રાખવી. શ્રી...ના સિંહાસન ઉપર માલા બે થાકની રાખવી. ખેલભોગનો થાળ નિત્યવત્ લાવીને સિંહાસન ઉપર રાખવો.

સમય થયે ભોગ સરે, બીડા ધરાય. ભોગની ચોકીઓ ઉઠાવી મંદિર વસ્ત્ર કરવું. ઝારી, બીડા ઉપર ઉપરણો ઢાંકી દેવો. ગાદી ઉપર ફરગુલ ઉપરણા ઢાંકવા નહિ. ત્યારપછી સિંહાસનની આગળ એક હાથ દૂર ખંડ માંડી, નિત્યવત્ થાકની મોટી માલા બે શ્રી મદનમોહનલાલજીના સિંહાસન ઉપર ગાદીની આગળ રાખવી તથા શ્રી મદનમોહનલાલજીના સિંહાસન ના ખંડની ઉપરની સીડી ઉપર વિના થાકની માલા ચાર, છડી બે, ગેંદ બે નિત્યવત્ રાખવી. છડી બે બે તથા ગેંદ બે બે શ્રીનટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી ના ખંડ ઉપર નિત્યવત્ રાખવી. નિત્યવત્ કેસરના રંગની કટોરીમાં પીચકારી ભરીને એક એક કટોરી ત્રણે ખંડ ઉપર રાખવી.ખેલના સાજની કટોરીઓ નિત્યવત્ શ્રી મદનમોહનલાલજીના સિંહાસન ઉપર રાખવી.

ઉપર દર્શાવ્યા મુજબ બધું ચોકસાઈ પૂર્વક તૈયાર કરવું. (ત્યારબાદ દર્શન ખૂલે). શ્રી...ને બીડી અરોગાવી, દંડવત્ કરી, પ્રથમ શ્રીઅંગની માલાનો તથા ગાદીના મોહરાનો, ખેલ ગહેરો થાય. ત્યારપછી સિંહાસન, ખંડ, પિછવાઈ, ચંદરવા તથા કુંજ વગેરેને કુમકુમ, ગુલાલ તથા ચોવા થી ખેલાવવા. રંગ ઉડાડવો, અબીલ ઉડે, બધી જાતના રંગના ગુલાલ ઉડે, ત્યારબાદ ગુલાલ ઉડે. ટકોરા થાય, ઝારી, બીડા ઉપરથી ઉપરણા વડા કરવા. સિંહાસન ઉપર ખંડ લગાડવા, ખંડની સીડી ઉપર હાથ ફેરવી ગુલાલ ઝાટકવો. વેણુ, વેત્ર ધરાય, આરસી બતાવી આરતી

મોતીની થાળીની બગીચાના ચિત્રવાળી ચાંદીના દિવડાની થાય. આરતી સમયે ફૂલ ઉડે. આરતી કરી ન્યોછાવર કરવી. હાથ ખાસા કરી આરસી બતાવી વેણુ વેત્ર વડા કરવા. ત્યારબાદ કટોરા, પિચકારી, ગેંદ, છડી, માલા વગેરે ઉઠાવી ખેલના થાળમાં ધરાય. તે થાળ નિજમંદિરમાં પધરાવવો. (સૌપ્રથમ શ્રી નટવરલાલજી, શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રી શ્યામ સ્વરૂપ, શ્રી ગિરિરાજજી, શ્રી સંપુટજી તથા શ્રી મહાપ્રભુજી ભીતરના રસ્તેથી મંદિરમાં પધારે. આ બધા સ્વરૂપોની ઝારી, બીડા તબકડી વગેરે ઉઠાવવા)

કીર્તનીયા સમાજ, સૂરજમુખી છત્ર, ધ્વજાની ઝંડી વગેરે આગળ કરી શ્રી...ને દંડવત્ કરી શ્રી મદનમોહનલાલજી ખુલ્લે દર્શન નિજમંદિરમાં પધારે. પધારતી વખતે અબીલ, ગુલાલ ઉડે અને ધીરે ધીરે પધારે. (પહેલાં પધારેલા રસ્તેથી જ પધારે). શ્રી...નિજમંદિરમાં સિંહાસન ઉપર બિરાજે (નિજતિબારીનો ટેરો આવે) ત્યારબાદ બધા સ્વરૂપોની ઝારી પ્રસાદીમાં ઠાલવી, ફરી ભરી યથાસ્થાન પધરાવવી. બગીચાના ખેલની માલા વડી થાય તે ખેલના થાળમાં પધરાવવી. બીજી નવી માલાનો જોડ શ્રી...ને ધરાવવો. ઉપરણો ઢાંકવો નહિ. શ્રીઅંગને બહુજ સૂક્ષ્મ ખેલાવી, માલા છડી, ગેંદ ને ખેલાવી નિત્યવત્ અબીલ ગુલાલ ઉડાડવા. ત્યારપછી માલા, છડી, ગેંદ, તથા ખેલના સાજની કટોરીઓ ઉઠાવી બગીચાના ખેલના થાળમાં રાખવી. આજે ચોવા રહે એટલે ચોવાની બરણીમાંથી એક નાની કટોરીમાં ચોવા લઈને ખેલના થાળમાં રાખવી, જે સાંજે પ્રસાદીમાં નીકળે. ત્યારપછી સાજનો થાળ શય્યામંદિરમાં નિત્યવત્ પધરાવી ખેલના ભોગનો થાળ શય્યામંદિરમાં પધરાવી, સાજ માંડી, રાજભોગ આરતી નિત્યવત્ કરી, રાઈ, લોન કરી, પેંડો બિછાવી નિત્યવત્ અનોસર કરવા.

ડોલના શૃંગાર દશમીથી શરૂ થાય. દિવસ ઘટે તો નવમીથી શરૂ થાય. તો બગીચો અષ્ટમીએ, દશમીના શૃંગાર નવમીએ, દ્વાદશીના શૃંગાર દશમીએ, કુંજ એકાદશીના શૃંગાર કુંજ એકાદશીના દિવસે, ચૌદશના શૃંગાર દ્વાદશીએ, તેરસના શૃંગાર તેરસને દિવસે, હોળીના શૃંગાર ચૌદશને દિવસે અને ડોલોત્સવ પૂનમનો થાય.

જો ગોસ્વામી બાલક બિરાજતા હોય અને મનોરથથી આજે શ્રી...ને સુખપાલમાં પધરાવીને બગીચામાં પધરાવે તો તેની વિગત નીચે પ્રમાણે દર્શાવી છે. (આ મંદિર ક્રમમાં આવે છે.)

પ્રથમ કાષ્ટનો ફાગણવાળો સુખપાલ મંગાવી તેના ઉપર સફેદ જામદાની ની લાલ મગજીવાળી ખોલી ચડાવે તથા સુખપાલ પધરાવવાના બંને બાજુ ના ડાંડા ઉપર સફેદ ઉપરણાની ખોલી ચડાવે તથા તેના બંને મોહરા ઉપર ચાંદીના મોહરાની ખોલી ચડાવે. સુખપાલના ચારે ખૂણા ઉપર ચાંદીના ચાર કળશ ચડાવવા અને તેના પાસે પીળી વસંતી ધ્વજા ચાર લગાવવી અને ઉપરના ભાગને બે કળશ ચડાવે. તે કળશમાં ગુલાબી વસંતી ધ્વજા બે લગાવવી. સુખપાલમાં લાલ છીંટની સફેદ ઉપરણાથી મઢેલી ગાદી બિછાવવી. સુખપાલ અંદરથી સફેદ જગન્નાથીના કપડાથી મઢેલો હોય તેથી ચંદરવા, પિછવાઈ બંધાય નહિ. સૂરજમુખી ઉપર ખોલી સફેદ નેનકલાકની ચડે તથા છત્રની ખોલી પણ સફેદ નેનકલાકની ચડે. ધ્વજાની ઝંડી સફેદ, પીળી વસંતી ગુલાબી, વસંતી તથા પતંગી રંગની આવે. અને તેના ડાંડા સફેદ ઉપરણાથી મઢેલા આવે આ બધું તૈયાર રાખવા અધિકારીને સૂચના આપવી. રાજભોગ આવ્યે બગીચાનો રસ્તો સાફ કરાવી રાખવાની સૂચના આપવી. (નિજમંદિરમાંથી મંદિરના ગોવર્ધન ચોકમાં થઈને જગમોહનના વચ્ચેના દ્વારમાં થઈને જગમોહનમાં તથા ગોવાર્ધનચોકમાં કમાનની નીચે થઈને જગમોહનના મોટા

ચોકમાં થઈને ઉત્તર તરફના મોટા દરવાજામાં થઈને બહારની બાજુ જ્યાં જલપાનની ગાડી જવાનો દરવાજો છે તે દરવાજામાં થઈને બગીચામાં પૂર્વ તરફની રોસપટ્ટી માં થઈને બગીચા ના બંગલા સુધીનો રસ્તો સાફ કરાવવો.) માણસોની અવર જવર બંધ કરાવવી. ઉપર જણાવેલ રસ્તામાં ગુલાલ, અબીલ અને હળદરના છાપા પાડવા. સુખપાલ પહેલેથી તૈયાર રાખ્યો હોય તે નિજમંદિર ચોકમાં પૂર્વમુખ પધરાવવો. ઉડાવવાના ફૂલનો ટોપલો મંગાવી રાખવો.

સમય થયે રાજભોગ સરે, આચમન મુખવસ્ત્ર થાય. શ્રી...નિજમંદિરમાં બિરાજે, બીડી અરોગે, માલા ધરે. ત્યારપછી શ્રીમહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, આજ્ઞા માંગી શ્રી મદનમોહનલાલજીને ગાદી સહિત સુખપાલમાં પધરાવવા. બીડીનો બંટો સુખપાલમાં જમણી તરફ પધરાવવો. એક ચપ્પનમાં બરફીના નંગ ચાર ધરી તેની ઉપર સફેદ ચોવડો ઉપરણો ઢાંકી, તે લપેટીને શ્રી...ની જમણી તરફ સુખપાલમાં પધરાવવો. પછી મુખિયા-ભીતરીયા બધા ચોકમાં ઉભા રહે. જગમોહનના ત્રણેય દરવાજા ખુલે. કીર્તનીયા સમાજ તથા છત્ર સૂરજમુખી અને ધ્વજાની ઝંડીવાળા તથા અધિકારી નિજ વૈષ્ણવો વગેરે બધાને આગળ કરી શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, મુખિયા-ભીતરીયા બધા મળીને શ્રી...ને સુખપાલમાં પધરાવ્યા હોય તે સુખપાલ પધરાવે. ગોસ્વામી બાલક મોરછલ્લ લઈને અને મોટા મુખિયાજી ઝારી પધરાવીને સાથે ચાલે. દૂધઘરીયા તથા પાનઘરીયા ચમ્મર કરે. જે રસ્તામાં છાપા કરેલાં હોય તે રસ્તેથી શ્રી...બગીચામાં પધારે. પધારતી વખતે સુખપાલ ઉપર પુષ્પવૃષ્ટિ થાય. સુખપાલ ઉપર ગોસ્વામી બાલક ફૂલ ઉડાવે. બગીચામાં જઈ પૂર્વ તરફની રોસપટ્ટી ઉપર થઈ ને બંગલાની આગળ દક્ષિણમુખ સુખપાલ પધરાવે. ભીડ સરકાવીને કતાર લગાવે. ત્યારબાદ શ્રી મદનમોહનલાલજી બંગલામાં વચ્ચેનાં સિંહાસન ઉપર પધારે. ત્યારબાદ બીડીનો બંટો તથા ઝારી પ્રસાદીમાં ઠાલવે. ઝારી, ખંગાળી, ફરી ભરી સિંહાસન ઉપર પધરાવવી. નિજમંદિરમાંથી બીજા સ્વરૂપો ભીતરના રસ્તેથી બગીચાના બંગલામાં પધારે. ગોસ્વામી બાલક તથા મુખિયા ભીતરીયા જેમણે સુખપાલ પધરાવ્યો હોય તે અપરસ સ્નાન કરીને આવે. ત્યારપછી આગળ બગીચાના મનોરથમાં લખ્યા મુજબ દૂધઘર તથા અનસખડીનો ભોગ શ્રી...ને ધરવો.

તુલસી, શંખોદક, ધૂપ, દીપ, થાય. સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. બગીચાના મનોરથમાં લખ્યા મુજબ બીડા ધરે. ભોગની ચોકીઓ ઉઠાવીને મંદિરવસ્ત્ર થાય, દર્શન ખુલ્લે, બીડી અરોગે. ત્યારબાદ ખેલ થાય, રંગ ઉડે, ગુલાલ ઉડે, આરતી બગીચાના ચિત્રની મોતીની થાળીની થાય, ન્યોછાવર થાય. ત્યારબાદ બીજા બધા સ્વરૂપો જે ભીતરના રસ્તેથી બગીચામાં પધાર્યા હોય તે બધા ફરી ભીતરના રસ્તેથી જ નિજમંદિરમાં પોતાના સિંહાસન ઉપર પધારે બધા સ્વરૂપોની ઝારી પ્રસાદીમાં ઠાલવી, ખંગારી, જલપાનની મથની પાસે રાખવી. બીડા પ્રસાદીમાં પધરાવવા.

ત્યારપછી સુખપાલ લાવીને બંગલાની આગળ પૂર્વતરફ દક્ષીણ મુખ રાખવો. ત્યારબાદ શ્રી...ને દંડવત્ કરી, શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, શ્રી મદનમોહનલાલજી ને ખુલ્લે દર્શન સિંહાસન ઉપરથી ગાદી સહિત સુખપાલમાં પધરાવવા. બીડાની તબકડી શ્રી...ની જમણી તરફ સુખપાલમાં પધરાવવી. ઉપર જણાવ્યા મુજબ ઝારી સાથે પધરાવીને ચાલે. જો ગોસ્વામી બાલક એક અથવા બે બિરાજતા હોય તો ગુલાલ અબીલની પોટલી બાંધે તથા મોટા મુખિયાજી પણ ગુલાલ અબીલની પોટલી બાંધે. બીજા અને ત્રીજા મુખિયાજી શ્રી...ની પાસે રહે.

પહેલાં જે રસ્તેથી શ્રી...પધાર્યા હોય તે જ રસ્તેથી સુખપાલ પધરાવે. કીર્તનીયા સમાજ તથા સવારવાળા બધા આગળ ચાલે. ગુલાલ, અબીલ ઉડતા જાય. પછી સુખપાલ નિજમંદિરની આગળ ચોકમાં પધરાવે. ગોસ્વામી બાલક, મુખિયા, ભીતરીયા બધા સુખપાલની પરિક્રમા કરે. ત્યારબાદ તેઓ બધા અપરસમાં સ્નાન કરે. ત્યારબાદ તેઓ શ્રી...ને સુખપાલમાંથી નિજમંદિરમાં સિંહાસન ઉપર પધરાવે. બીડા, ઝારી પ્રસાદીમાં ઠાલવે. ઝારી ખંગારી, નવી ભરીને સિંહાસન ઉપર યથાસ્થાન પધરાવે. બધા સ્વરૂપોની બગીચાના ખેલની માલા વડી કરી ખેલના થાળમાં રાખી નવી માલા ધરાવવી. શ્રી...ને સૂક્ષ્મ ખેલ થાય. માલા ગેંદ, છડી ખેલાવવા ગુલાલ, અબીલ ઉડે. ત્યારબાદ રાજભોગ આરતી, રાઈ, લોન કરી, નિત્યવત્ અનોસર થાય.

ફાગણ સુદિ ૧૦-દશમ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૧૦)

વસ્ત્ર : સફેદ દોરીયાના સોનેરી કિનારીના, વાગો ઘેરદાર, ચોલી સોનેરી કિનારની.

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર સોનેરી ખીડકીની પાગ, આભરણ લાલ મીનાના, માલા ચાર લાલ મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર સોનેરી લુમની કલંગી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મનોહરના લાડુ આવે. સખડીમાં નિત્યની દાળ તુવેરની આવે.

આજે શયન થયા બાદ આખી નિજતિબારીમાં સફેદ પિછવાઈ તથા ચંદરવા બંધાય. કુંજ એકાદશીના નકશા પ્રમાણે નિજતિબારીમાં કુંજ બંધાય. આજે કુંજ બાંધવાનો ક્રમ શ્રીજીદ્વારમાં શ્રીનવનીતપ્રિયાજીને ત્યાં નિજમંદિરનો છે, પરંતુ આપણે ત્યાં આજે નિજમંદિર રંગ કરવા માટે ખાલી કરેલું હોઈ, કુંજ નિજતિબારીમાં બંધાય છે.

ફાગણ સુદિ ૧૧-એકાદશી (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૧૧)

કુંજ એકાદશી

વસ્ત્ર : કેસરી દોરીયાના, કાછની દુરંગી, નીચેની કેસરી, ઉપરની પતંગી.

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ સફેદ મીનાનો, આભરણ સફેદ મીનાના, માલા છ સફેદ મીનાની, તેના ઉપર હાર એક સફેદ મીનાનો, તેના ઊપર માલા એક વિના પદકની સફેદ મીનાની, તેના ઉપર ગુંજા ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં કેસરીયા ઘેવર આવે. **આજથી લઈને ફાગણ વદિ પ-પાચમ સુધી ગુલાબના શીરાની કટોરી તથા ગોળની કટોરી ચલુ છે. તે પણ આવે. ગોળની કટોરી ડોલ સુધી આવે.** સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના, પાપડ આવે.

(મંદિરક્રમમાં આજથી નિજમંદિર સફેદ રંગથી રંગવાનું હોઈ નિજમંદિર ખાલી જાય. બધી વસ્તુ સંભાળીને શય્યામંદિરમાં પધરાવવી. શય્યામંદિર ખાલી થાય નહિ. ત્યારપછી નિજમંદિરમાંથી પલના ઉઠાવી શય્યામંદિરનું જે દ્વાર ડોલ તિબારીમાં પડે છે તે દ્વાર આગળ પશ્ચિમ મુખ પલના પધરાવે. રાજભોગ આવ્યે નિજમંદિર ખાલી કરીને સિંહાસન વગેરે નિજતિબારીમાં યથાક્રમ રાખવા. આજથી લઈને ડોલના દિવસે રાજભોગ આવે ત્યાં સુધી શ્રી...નિજતિબારીમાં બિરાજે. આજે ચાંદીના પલના, ખિલોના, સિંહાસન, ખંડ, ચોકી શૃંગાર ચોકી, નિજમંદિરનું દ્વાર, કુંજા, આબખોરા, ચંગેર, કઠેડા વગેરે સાફ કરવા.)

આજે રાજભોગ આવ્યે નિજતિબારીમાં કુંજ બાંધવી. કેળનાં પત્તાં તથા ફૂલ કુંજમાં ખોસી તિબારી ખાસા કરવી. સિંહાસન તથા ખંડ ઉપરથી છાપેલા સાજના ચોકઠા ઉતારીને નવો સફેદ સાજ ચડાવવો. સિંહાસનની આગળ ખંડ માંડી ખેલની તૈયારી કરવી. શ્રી...ના સિંહાસન ઉપર નિત્યનાં ખેલ ભોગનો થાળ નિત્યવત્ નિત્યની જગ્યાએ રહે. ખેલનો અધકીના ભોગનો થાળ શ્રી...ના સિંહાસનની જમણી બાજુ કાષ્ટના ચોકઠા ઉપર ધરવો. તેમાં નીચે દર્શાવ્યા મુજબ સામગ્રી આવે.

ખેલ ભોગની અધકીની સામગ્રી :

કેસરી બરફી, સફેદ પેંડા, ગુલાબ કતલી, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા પાંચ જાતના, ૠતુ અનુસાર લીલા મેવા બધી જાતના, તેની સાથે બૂરાની કટોરી તથા લુણ મિરચની નાની કટોરી એક એક આવે. તે થાળ ઉપર પાતળ ઢાંકી, સફેદ ઉપરણો ઢાંકવો.

તિબારીમાં એક બાજુ ચોકી માંડી તેની ઉપર કેસુડાના રંગની કોઠી એક, ઉડાવવાનો ગુલાલ, અબીલની કટોરી એક એક તથા બધા રંગના ગુલાલના દુનાની છાબ એક અને સાજ તથા કુંજ ખેલાવવા માટે ભીનું કંકુ તથા ખાસાના ગુલાલ અબીલનો કટોરો એક એક તૈયાર રાખવો.

સમય થયે રાજભોગ સરે. આચમન,મુખવસ્ત્ર થાય. શ્રી...નિજતિબારીમાં સિંહાસન ઉપર પધારે, બીડા અરોગે. શ્રી...નો મીનાનો મુકુટ વડો કરી, મુકુટની મીનાની ટોપી ઉપર ફૂલનો મુકુટ ધરાવવો. આજ ફરગુલ, ઉપરણા ઢાંકવા નહિ. ઝારી તથા બીડાના બંટાની ઉપર ઉપરણા ઢાંકવા. **(આજે શ્રી બાલકૃષ્ણલાલજી પીતાંબર ઓઢે નહિ.)**

ત્યારબાદ નિત્યવત્ શ્રી અંગનો ખેલ થાય. પછી ખેલભોગના બંને થાળ ઉઠાવી શય્યા મંદિરમાં નિત્યની જગ્યાએ કાષ્ટની ચોકી માંડી તેના ઉપર પધરાવવા. માલા, ગેંદ, છડી, સિંહાસન, વસ્ત્ર, ખંડ વસ્ત્ર, પિછવાઈ, ચંદરવા તથા કુંજને કુમકુમથી ખેલાવવા. ત્યારબાદ ગુલાલ, અબીલ અને પછી ચોવાથી ખેલાવવા. ત્યારપછી કેસુડાનો રંગ ઉડે, અબીલ ઉડે. પછી બધી જાતના રંગના ગુલાલ ઉડે, તે પછી લાલ ગુલાલ ઉડે. પછી ખેલના થાળમાં ખેલના સાજની કટોરીઓ, રંગની કટોરી, પિચકારી, માલા,ગેંદ, છડી વગેરે ધરીને નિત્યવત્ શય્યામંદિરમાં પધરાવવો. તેમાં આજે વધારામાં ચોવાની નાની કટોરી રાખવી જે સાંજે પ્રસાદીમાં નીકળે.

ત્યારબાદ નિત્યવત્ રાજભોગનો સાજ માંડી, ટકોરા થાય, વેણુ, વેત્ર ધરાય. આરસી બતાવાય અને રાજભોગ આરતી મોતીની થાળીની કુંજના ચિત્રની ચાંદીના દિવડાની થાય. રાઈ, લોન, ન્યોછાવર થાય. પછી નિજતિબારીમાં

સિંહાસનની પાસેથી લઈને શય્યામંદિરનું દ્વાર નિજતિબારીમાં પડે છે તે દ્વારથી લઈને શય્યા મંદિરમાં શય્યા તથા પલના સુધી પેંડો લગાવીને નિત્યવત્ અનોસર કરવા.

આજે શયનભોગ આવ્યે નિજતિબારીમાં કુંજ વડી થાય. આખી નિજતિબારીમાંથી ગુલાલ સાફ કરીને સોહની, મંદિરવસ્ત્ર થાય. આજે શયન પછી ડોલના ચિત્રની પિછવાઈ બંધાય.

ફાગણ સુદિ ૧૨-બારસ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૧૨)

વસ્ત્ર : સફેદ કેસરી ખાલી બૂટીના, છાપાના, વાગો ઘેરદાર.

સાજ : સફેદ સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ પીરોજાના, માલા ચાર પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે ધરે, શ્રીમસ્તક ઉપર ચંદ્રિકા સાદા નાના ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મેવાટી આવે.

ફાગણ સુદિ ૧૩-તેરસ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૧૩)

શ્રી યમુનાજીનો મનોરથ

વસ્ત્ર : ગુલાબી વસંતી, વાગો ચાકદાર

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો ખુંટનો, તેના ઉપર સેહરો લીલા મીનાનો, લાંબો પટકો કિનારીદાર અંતરવાસનો ધરે. આભરણ લીલા મીનાના, માલા છ લીલા મીનાની, તેના ઉપર હાર એક લીલા મીનાનો, તેના ઉપર માલા એક વિના પદકની લીલા મીનાની, તેના ઉપર ગુંજા ધરે.

(આ ઉપર લખેલો શૃંગાર આપણે ત્યાં તેરસનો મનોરથ છે માટે થાય છે. પરંતુ શ્રીજીદ્વારમાં શ્રીનવનીત પ્રિયાજીને નીચે લખ્યા મુજબ શૃંગાર આવે છે.)

વસ્ત્ર : ગુલાબી વસંતી, વાગો ઘેરદાર

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ લીલા મીનાના, શૃંગાર હલકો, કતરા સાદા, કર્ણફૂલ બે ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મનોહરનાં લાડુ આવે. સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના, પાપડ આવે.

આજે ચોકમાં શ્રીયમુનાજીનો મનોરથ થાય. તેથી નિજતિબારીની ત્રણે જાળી ઉપર ત્રણ પિછવાઈ બંધાય. ચંદરવો એક નિજતિબારી ઉપર ચોકના હિસાબથી બંધાય, ફાગણ સુદિ ૧૩-તેરસના નકશા મુજબ કુંજ બંધાય. શ્રી યમુનાજીનો લાંબો હોજ ચોકમાં નકશા પ્રમાણે મંડાય.

રાજભોગ આવ્યે ચોકમાં સિંહાસન મંડાય. નિજતિબારીની વચ્ચેની જાળીની સુત ઉપર વચ્ચેની કમાનમાં શ્રી...નું સિંહાસન મંડાય. સિંહાસન ઉપર સફેદ મલમલના સિંહાસન વસ્ત્ર ચડાવવા. તેની આગળ શ્રીયમુનાજીના હોજને લાગીને ખંડ માંડે. તેની ઉપર ખંડવસ્ત્ર ચડાવવું. ખંડની ઉપર અધકીની ફૂલની માલા, છડી, ગેંદ નિત્યવત્ રાખે. ચોકમાં એક બાજુ કાષ્ટની ચોકી માંડી તેના ઉપર કેસૂડાના રંગની કોઠી, ઉડાવવાના ગુલાલ અબીલના કટોરા, બધા રંગના ગુલાલના દુનાની છાબ તથા સાજ, કુંજ ખેલાવવા માટે ભીના કંકુનો મોટો ડબરો એક તથા ખાસાના ગુલાલ અબીલના ડબરા એક એક આ બધું તૈયાર રાખવું.

શ્રી યમુનાજીના હોજમાં શ્રીયમુનાજી (જલ) ભરાય. શ્રીયમુનાજીમાં ફૂલ કમલના, પત્તા, નાવ, કાચબા વગેરે પધરાવવા. સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...નિજતિબારીમાં સિંહાસન ઉપર બિરાજે. નિત્યવત્ ફૂલની માલા ધરાય. કીર્તન થાય. શ્રી...ચોકમાં શ્રીયમુનાજી પાસે સિંહાસનમાં બિરાજે શ્રી...ની ઝારી ભરી યથાસ્થાન પધરાવવી. સિંહાસન પાસે આગળ અનસખડી ભોગ સાજવા માટે ચોકી એક માંડવી તથા અનસખડીની ચોકીની જમણી બાજુ દૂધઘર ભોગ સાજવા માટે એક ચોકી માંડવી. બંને ચોકી ઉપર લીલી પાતળ બિછાવવી, સામગ્રી નીચે દર્શાવ્યા મુજબ સાજવી.

દૂધઘર સામગ્રી : દૂધઘરની ચોકી ઉપર આ ભોગ સાજવો. તેમાં ખડબુજાની બરફી, ખોવાનો મગજ, મલાઈ, માખણ, મિશ્રી, દૂધપૂરી, સફેદ બાસુંદી, અધોટાનો મલડો, બિલસારૂ, પાકા કેળા અને ખડબુજા નો પણો, મીઠું દહીં, ચારોલીની કતલી, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા છ જાતના, ઋતુ અનુસાર લીલા મેવાની સાથે બૂરાની કટોરી એક તથા લુણ મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : અનસખડીની ચોકી ઉપર આ સામગ્રી સાજવી. તેમાં મનોહરના લાડુ, જલેબી, ખડબુજાની તવાપૂરી, ઉપરેઠા, મીઠા ખંડરા, મેંદા પૂરી, અડદની દાળની ભરમાપૂરી, ચણાની દાળના ગુંજીયા, અડદની દાળની ચકુલી, ફડફડીયા બે જાતના આખા મગ અને ચણાની દાળના, ભુજેના, સકરકંદનું ખાટું મીઠું શાક, બુંદીની છાશ આવે.

આ પ્રમાણે ભોગ સાજવો. રસદાર સામગ્રીમાં ચમચા, ચમચી, કટોરી પધરાવવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય, ભોગ આવે. ઉત્સવભોગ આવ્યે નિજતિબારીમાં સિંહાસન આગળ નિત્યવત્ ખંડ માંડી તેના ઉપર નિત્યવત્ માલા, ગેંદ, છડી તથા ખેલની કટોરીઓ વગેરે તૈયાર રાખવું.

સમય થયે ઉત્સવ ભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સરાવ્યાના બીડા તબકડીમાં ધરે. ભોગની ચોકી ઉઠાવી મંદિરવસ્ત્ર કરવું. આજે ગાદી ઉપર ફરગુલ ઉપરણા ઢંકાય નહિ. ઝારી, બીડા ઉપર ઉપરણા ઢાંકવા. ત્યારપછી શ્રી...બીડી અરોગે. શ્રીઅંગનો ખેલ તથા સાજ, સિંહાસન, ખંડ, પિછવાઈ, ચંદરવા તથા કુંજનો ખેલ બગીચાવત્ થાય. પછી સિંહાસન થી ખંડ લગાવવો. પછી શ્રીયમુનાજીના હોજની આગળની બાજુ ચોકમાં જગમોહનના વચ્ચેના દ્વારની પાસે કાષ્ટની ચોકી માંડી, તેના ઉપર કેસૂડાના રંગની કોઠી રાખી કેસૂડાનો રંગ ઉડાડવો, પછી અબીલ ઉડે, ત્યારપછી બધા રંગના ગુલાલ ઉડે, પછી લાલ ગુલાલ ઉડે. ખંડ ઉપરથી ગેંદ, છડી, માલા તથા ખેલના સાજની કટોરીઓ, પિચકારી વગેરે ખેલના થાળમાં ધરાવી તે થાળ નિજતિબારીમાં રાખવો. ટકોરા થાય, વેણુ વેત્ર ધરાવે. આરતી મોતીની થાળીની શ્રીયમુનાજીના તટ ઉપર બગીચાના ચિત્રની બનાવેલી

ચાંદીના દિવડાની થાય. આરતી સમયે ફૂલની વર્ષા થાય, ન્યોછાવર થાય. ત્યારપછી શ્રી...નિજતિબારીમાં સિંહાસન ઉપર યથાસ્થાન પધારે. બગીચાના ખેલની માલા વડી થાય. તે ખેલના થાળમાં પધરાવવી. શ્રી...ને નવી માલા ધરાય. પછી શ્રી...ને સૂક્ષ્મ ખેલ થાય. માલા, ગેંદ, છડી ખેલાવે. ડોલની છાપેલી પિછવાઈ ની ડાબી તથા જમણી તરફના પડખાં ગુલાલથી ખેલાવવા. અબીલ ગુલાલ ઉડે, ગેંદ, છડી, માલા બગીચાના ખેલના થાળમાં રાખવા. તે થાળ શય્યા મંદિરમાં નિત્યવત્ પધરાવવો. ખેલભોગનો થાળ નિત્યવત્ ઉઠાવીને શય્યામંદિરમાં પધરાવવો. રાજભોગનો સાજ માંડી વેણુ વેત્ર ધરાવી નિત્યની આરતી કરવી. રાઈ, લોન કરવા, હાથ ખાસા કરી વેણુ વેત્ર વડા કરવા. નિત્યવત્ પેંડો બિછાવી અનોસર કરવા.

ફાગણ સુદિ ૧૪-ચૌદશ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૧૪)

(આજે મંગલા થયા પછી ચાંદીના પડઘા વગેરે સાફ કરવા માટે આપવા તેના બદલે રંગીન કાષ્ટના ખિલોનાની ખંડની તબકડી તથા બગલાઉ તબકડી રંગીન કાષ્ટના ખિલોનાની ભરેલી ધરાવવી.)

વસ્ત્ર : સફેદ જામદાનીના સોનેરી કિનારીના, વાગો ઘેરદાર

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર પાગ લાલ ખિડકીની, આભરણ શ્યામ મીનાના, માલા ચાર શ્યામ મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર જમાવની કલંગી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં બુંદીના લાડુ આવે. સખડીમાં નિત્યની દાળ તુવેરની તથા વડીની કઢી આવે.

ફાગણ સુદિ ૧૫-પૂનમ (વ્રજ : ફાલ્ગુન શુક્લ ૧૫)

હોળી

વસ્ત્ર : સફેદ ચીકને (મુલાયમ લીસુ પોપલીન) વાગો ઘેરદાર.

સાજ : સફેદ

મંગલભોગ સામગ્રી : આજે મંગલભોગમાં શ્રી...સેવના લાડુનો બડો બાલભોગ અરોગે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ બહારની ખીડકીની, આભરણ લાલ મીનાના, બાજુ પોંચી, કટિપેચ, નૂપુર લાલ મીનાના, માલા છ લાલ મીનાના, તેના ઉપર હાર એક લાલ મીનાનો, તેના ઉપર માલા એક વિના પદકની સોનાની, તેના ઉપર બીજો હાર એક લાલ મીનાનો, તેના ઉપર માલા એક વિના પદકની સોનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, શીશફૂલ, સીરપેચ લાલ મીનાના, હાથ સાંકળા તથા ચંદ્રિકા ધરે. **આજે બધા સ્વરૂપોને ઉબટણા સહિત અભ્યંગ થાય.**

પલના સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી અને નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં ગોળના પુવાની સાથે ઘી, બૂરાની કટોરી આવે. સાથે મીઠું શાક, ઉત્સવનાં સંધાણા, ખીર, છાશવડાં, આવે. સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, તિનકૂડો, નિત્યથી અધકીના શાક બે તેમાં એક અડદની વડીનો ઝોલ અને બીજુ શાક ભરમા બેંગનનું, ભુજેના એક, નિત્યથી અધકીમાં કચરિયા બે અને પાપડ આવે દૂધઘરમાંથી અધોટાનો મલડો આવે.

આજે ખેલભોગનો અધકીનો બીજો થાળ આવે તેની સામગ્રીની વિગત :

તેમાં કેસરી બરફી, સફેદ પેંડા, પગે મેવા એક જાતના, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા ચાર જાતના, ઋતુ અનુસાર લીલો મેવો તેની સાથે બૂરાની કટોરી તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

આ અધકીનો થાળ શ્રી...ના સિંહાસનની જમણી તરફ કાષ્ટનું ચોકઠું માંડી, તેના ઉપર પધરાવી, ઉપરણો ઢાંકવો.

સમય થયે રાજભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય શ્રી... બીડી અરોગે, માલા ધરે. આજે ફરગુલ, ઉપરણા ઢાંકવા નહિ. ઝારી, બંટા ઉપર ઉપરણો ઢાંકવો. **(આજે શ્રી બાલકૃષ્ણલાલજી પીતાંબર ઓઢે નહિ.)** આજે શ્રીઅંગનો ખેલ ખૂબ ગહેરો થાય. આજે શ્રીમસ્તક ઉપર ચંદ્રિકાને ખેલાવી સિંહાસન, ખંડ, પિછવાઈ, ચંદરવાને પહેલાં ભીના કંકુથી અને ત્યારબાદ ગુલાલ તથા ચોવાથી ખેલાવે. સાજનો ખેલ પણ આજે ગહેરો થાય. અબીલ ગુલાલ ઉડે. રાજભોગનો બધો સાજ માંડી, વેણુ વેત્ર ધરાવી, આરતી મોતીની થાળીની ચાંદીના દિવડાની થાય. વેણુ વેત્ર વડા કરી નિત્યવત્ પેંડો બિછાવી અનોસર થાય.

ઉત્થાપન સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

ઉત્થાપન બાદ (મંદિરક્રમમાં સંધ્યા આરતી બાદ) શૃંગાર વડા થાય. શ્રીકંઠમાં સોનાના તાઈતની હમેલ ધરવી. શ્રી મસ્તક ઉપર સોનાનું શીશકુલ ધરાવી, તેના ઉપર લુમતુર્રા ધરાવવા.

શયનભોગ સામગ્રી : છડિયલ દાળ, કઢીને બદલે વડાંની છાશ આવે.

શયનભોગ આવ્યે પિછવાઈ તથા સિહાસન વગેરેનો ગુલાલ નિત્યવની જેમ ઝાડે નહિ કારણકે આજે શયનમાં ગુલાલ ઉડે. ઉડાવવાનો ગુલાલ ચાંદીના એક મોટા થાળમાં ભરી કાષ્ટના ચોકઠા ઉપર રાખવો.

સમય થયે શયનભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી... બીડી અરોગે બે મશાલ આવે. શ્રી...ને દંડવત કરી ગુલાલ ઉડાવવો નિત્યવત્ વેણુ ધરાવી, સોનાનું વેત્ર ઠાડું ધરાવે. આરતી મોતીની થાળીની ચાંદીના દિવડાની કરી, રાઈ, લોન, ન્યોછાવર થાય.

આજે રાત્રીના અનોસરમાં દૂધઘરમાં ભોગનો થાળ આવે તે સામગ્રીની વિગત :

તેમાં કેસરીયા બરફી, પગે મેવા એક જાતના, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા ચાર જાતના આવે. આ થાળ અનસખડીના બંટાના ઉપરના ભાગમાં પડઘો માંડી તેના ઉપર પધરાવી, પાતળ ઢાંકી, સફેદ ઉપરણો ઢાંકી દેવો.

(આજે મંદિરમાં બધે સફેદ રંગ વગેરે થઈ ગયું હોઈ નિજમંદીરમાં નીચેના ભાગમાં સોડા-સાબુથી ગરમ જલથી ધોવડાવી, ખાસા કરી, મંદિર વસ્ત્ર કરી સૂકું કરી લેવું. નિજમંદિરની બધી વસ્તુ, પલના વગેરે જે શય્યા મંદિરમાં પધરાવ્યું હોય તે ફરી નિજમંદિરમાં યથાસ્થાન પધરાવવું.)

નિજમંદિરમાં દ્વિતિયા પાટનો લાલ જરીનો સાજ બંધાય સિંહાસન રૂએલ ગાદી બિછાવવી. પાટ, ચોકી ઉપર રૂએલ ખોલી ચડાવી જરીનો સાજ ચડાવવો. ગાદી, તકિયા, ખંડનો પેંડો, પાટ, ચરણચોકીની ગાદી આ બધા ઉત્સવના મખમલના વિના સફેદીના રાખવા હીરા, માણેક, પન્ના, મોતીના આભરણના ખંડ મંગાવી નિજમંદિરમાં રાખવા. શ્રી...ના કેશ શ્યામ રેશમના અને શ્રીસ્વામિનીજીની ચોટી અને ગુંજામાલા નવી મંગાવીને રાખવી.

હોળી તથા ડોલની વચ્ચે ખાલી દિવસ હોય તેની વિગત

વસ્ત્ર : સફેદ, વાગો ઘેરદાર

શૃંગાર : શ્રી મસ્તક ઉપર છજ્જેદાર પાગ ખીડકીની, આભરણ લીલા મીનાના અથવા લાલ મીનાના, શૃંગાર હલકો, લુમતુર્રા તથા સોનેરી લુમની કલગી ધરાય.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં દહીંના સેવના લાડુ આવે સખડીમાં તુવેરની દાળ અને પકોડીની કઢી આવે.

ડોલના આગલે દિવસે રાજભોગ પછી આખી ડોલ તિબારીમાં ચંદરવો તથા દિવાલગીરી સફેદ મલમલના બાંધી, ડોલ ઠાડો કરી તેના થાંભલા ઉપર ખેલના પ્રસાદી ઉપરણા બાંધી, ડાંડી ઉપર સફેદ મલમલના ઉપરણા લપેટી, કેળના બે સ્તંભ કેળાની લુમ સહિત ડોલના આગળના થાંભલાને બાંધી તેમજ કેળના બે સ્તંભ ડોલની બંને બાજુ બાંધી મેરાપની ઉપર આંબા, આસોપાલવ વગેરેની લીલી લત્તાપત્તા બાંધી, દાંડી ઉપર આસોપાલવના કોમલ પત્તા બાંધી, ડોલની ઝાલર જામદાનીની અથવા દોરીયાના ઉપરણાથી બાંધી સિંહાસન વસ્ત્ર, પીઠક વસ્ત્ર સફેદ મલમલના ઉપરણાના ડોલમાં બિછાવવા.

ફાગણ વદિ-૧-એકમ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૧)

ડોલોત્સવ

પલ્લવની બંદનવાર નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય.

વસ્ત્ર : સફેદ જામદાનીના દુદામી બુટીના(દોરીયા ઉપર નાની બુટી), વાગો ઘેરદાર

સાજ : સફેદ

શૃંગાર : આજે શ્રી...ને અભ્યંગ થાય. શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ, શૃંગાર વસંત પંચમી મુજબ ઘરવા. વિશેષમાં તાઈતની હમેલ ધરે. આજે ગુલાલ અબીલની ફેંટ તથા કપોલ પિચકારી ઘરે નહીં.

આજે શ્રી... વહેલા જાગે. મંગલભોગ આવે. ભોગ આવ્યે શય્યાની સેવા કરવી. રંગીન કાષ્ટની શય્યા કાઢી આજથી અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી ચાંદીની શય્યા આવે. સંવત્સરના એક દિવસ પહેલાં સુધી શય્યા પર છીંટની ગાદી બે આવે. તેના ઉપર કિરમચી રંગની મલમલની ગોદડી તથા સફેદ મલમલની ચાદર બિછાવી, ચાંદીના નકશીદાર ઘુઘરીવાળા કસના બાંધી (આ કસના આજથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી બંધાય તેમાં આજે સોનાના કસના બંધાય) જે રંગની જરીના અથવા છાપાના વસ્ત્ર શ્રી...ને ઘરાવ્યા હોય, તે રંગની દુલાઈ ઓઢાડી ચોરસો ઢાંકવો.

પલના સામગ્રી : નિત્યથી અધકીમાં બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં ઘાસના લાડુ આવે સાથે પાકા કેળાનું મીઠું શાક અને છાશવડાં આવે સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, તિનકૂડો, નિત્યથી અધકીમાં શાક બે તેમાં એક અડદની વડીનો ઝોલ અને બીજુ કાચા કેળાનું ભરમા શાક, ભુજેના, કચરિયાં અને પાપડ આવે.

રાજભોગ આવ્યે ડોલના સ્તંભમાં કેળનાં પત્તા, પાંદડા સહિત આંબાનો મોર, ગુલાબના ફૂલ, પીળા સૂરજમુખીના ફૂલ, કરેણના ફૂલના ગુચ્છા ખોસી તિબારી ખાસા કરવી. ત્યારબાદ મંદિરવસ્ત્ર કરી ડોલની પાસે એક ચોકી ઉપર અધિવાસનની તૈયારી કરવી. એક ચોકી ઉપર ચંદન, ભીનું કુમકુમ, અક્ષત, ખાંડની ગટ્ટીનો કટોરો, એક તબકડીમાં તુલસીના પત્તા, શંખમાં જલ બધું તૈયાર રાખવું. ડોલની જમણી બાજુ ચોકઠા ઉપર ખેલનો સાજ રાખવો. તેમાં ખેલની કટોરીઓ, ભીનું કુમકુમ, ગુલાલ અબીલના ડબરા, ઉડાવવાનો ગુલાલ અબીલનો ડબરો તૈયાર રાખવો. નિજતિબારીમાંથી સિંહાસન, ખંડ વગેરે બધું બહાર કાઢી, પહેલાં દિવસની ખેલની પિછવાઈ, ચંદરવા બધું ખોલીને તિબારીમાંથી સોહની, મંદિરવસ્ત્ર કરવું. પાટ તથા ચરણ ચોકી કાઢવી નહિ કારણ કે ડોલ ઝુલ્યા બાદ શ્રી...ચરણચોકી ઉપર પધારે.

સમય થયે રાજભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી... નિજમંદિરમાં જરીનો સાજ ચડાવેલા સિંહાસન ઉપર બિરાજે. બીડી અરોગે, માલા ધરે. ઝારી ભરીને સિંહાસન ઉપર યથાસ્થાન પધરાવવી. ખંડ, પાટ, ચોકી, સિંહાસન સાથે લગાડી, ગેંદ ચોગાન ઉભા કરી, વેણુ વેત્ર ધરાવી આરસી બતાવવી. રાજભોગના કીર્તન થાય. ત્યારબાદ આરતી થાય. હાથ ખાસા કરી, આરસી બતાવી વેણુ વેત્ર વડા થાય. **આજે માલા વડી થાય નહિં.** ત્યારપછી ડોલની પાસે જઇ ડોલનું અધિવાસન કરવું. શ્રોત્રાચમન પ્રાણાયામ કરી હાથમાં જલ અક્ષત લઈ ભગવતઃ श्री पुरुषोत्तमस्य दोलांदोलनार्थ दोलाधिवासनमहं करिष्ये આ પ્રમાણે સંકલ્પ બોલી જલ પૃથ્વી ઉપર છોડી, ડોલ ઉપર કુમકુમ, અક્ષત, ચંદન છાંટી, ખાંડની ગટ્ટીનો ભોગ ધરી, તુલસી, શંખોદક, ધૂપ, દીપ કરી ચાર વાટની આરતી કરવી. પછી હાથ ખાસા કરી અધિવાસનનો સાજ ઉઠાવી ઝાલર, ઘંટા થાય, કીર્તન થાય. શ્રી...ને દંડવત્ કરી, શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, શ્રી...ની આજ્ઞા માંગી, શ્રી...ને નિજતિબારીમાં થઈને શય્યામંદિરનો દરવાજો જે ડોલ તિબારીમાં પડે છે, તે દરવાજામાં થઈને ડોલ તિબારીમાં વચ્ચેના ડોલમાં પધરાવવા, એટલે કે શ્રી મદનમોહનલાલજીને પધરાવવા. (બીજા બધાં સ્વરૂપો જમણી તથા ડાબી બાજુના ડોલમાં પધારે) ઝારી, બંટા શ્રી...ની પાસે યથાસ્થાન પધરાવવા. ઝારી, બંટા ઉપર ઉપરણા ઢાંકવા. આજે બીજે ક્યાંય ઉપરણા ઢાંકવા નહિ.

આજે શ્રી બાલકૃષ્ણલાલજી પીતાંબર ઓઢે નહિ.

ત્યાર પછી ડોલ ઝૂલાવે શ્રી અંગનો, માલાનો, ગાદીના મોહરાનો, ડોલનો, ડોલની ઝાલરનો, ચંદરવા, પિછવાઈનો સૂક્ષ્મ ખેલ થાય. પછી એક-એક કટોરો ગુલાલ અબીલ ઉડે. (ત્યારબાદ ટેરો આવે.) બંટામાંથી બીડા પ્રસાદીમાં પધરાવી ઝારી ઉપરથી ઉપરણો ઉઠાવી ઝારીનું નાળવું ખોલી, શ્રી...ના ડોલની આગળ તેટલી જ ઉંચાઈની ચોકી એક અનસખડી ભોગ સાજવા માટે અને એક ચોકી દૂધઘરભોગ સાજવા માટે માંડવી બંને ચોકી ઉપર લીલી પાતળ બિછાવવી.

ડોલની દૂધઘરની સામગ્રી નીચે દર્શાવ્યા મુજબ આવે :

કેસરી બરફી, સફેદ બરફી, કેસરી પેંડા, સફેદ પેંડા, સફેદ મેવાટી, સફેદ ગુંજીયા, ખડબુજાની તવાપૂરી, ખોવાનો મગજ, કેસરી બાસુંદી, મલાઇ, માખણ, મિશ્રી, દુધપૂરી, અઘોટાનો મલડો, મીઠું દહીં, વઘારેલું દહીં. ખાંડઘરની સામગ્રીમાં ગુલાબ કતલી, રસખોરા, ખડબૂજાના બીના લાડુ, ચારોળીના લાડુ, સાબોની, સઠેલી, ગજક, રેવડી, તિનગીની, પોના પટ્ટી, બિલસારૂ બે જાતના, ખડબૂજાનો પણો, પગે મેવા ચાર જાતના, તળેલા મેવા છ જાતના, સૂકા મેવા આઠ જાતના, ઉત્સવના સંધાણા ચાર જાતના તેમાં ખારેક, કિસમીસ, પીપર તથા આખા મરીના આવે.

ડોલની અનસખડી સામગ્રી નીચે દર્શાવ્યા મુજબ આવે :

કુરના ગુંજા, સેવના લાડુ, ઠોર, સક્કરપારા, છુટીબુંદી, સફેદ તથા કેસરી ફેણી, કેસરી ઘેવર, સફેદ બાબર, દહીંના મનોહરના લાડુ, બુંદીના લાડુ, મેવાટી, વેસણના મગજના લાડુ, શિખરન વડી, ખડબુજાનું મીઠું શાક, મેંદાપૂરી, લીલા ચણાની કચોરી, ગુંજીયા, ઝારાની ઝીણી સેવ, ગાંઠીયા, થપડી, ફિકા સક્કરપારા, ભુજેના બે જાતના, સૂકા ભુજેના બે જાતના, ફડફડીયા બે જાતના, સકરકકંદનું ખાટું મીઠું શાક, બુંદીનું રાયતુ, છાશવડાં, કાંજીવડા, વઘારેલા લીલા ચણા, ઉત્સવના સંધાણા ચાર જાતના સૂરણ, આલુ, બેંગન તથા રતાળુના આવે.

મંદિરક્રમમાં ડોલના ત્રણે ભોગની સામગ્રી અલગ અલગ આવે છે. વૈષ્ણવોને ત્યાં એક જ ભોગમાં સામગ્રી અરોગે. ત્રણે ભોગના ક્રમ અત્રે જાણકારી માટે દર્શાવેલ છે.

ડોલના પહેલા ભોગની સામગ્રી :

દૂધઘર સામગ્રી :

ઉપર જણાવેલ ડોલની દૂધઘર સામગ્રીમાંથી એક થાળ પહેલા ભોગમાં નંગ બે-બે સાજીને આવે બાસુંદીની મલડી અથવા મલાઈની કટોરી એક, દૂધપુરી, તળેલા મેવાની કટોરી છ, સૂકા મેવાની કટોરી આઠ, ઋતુ અનુસાર લીલો મેવો આવે તેની સાથે બૂરા, લુણ, મરીની નાની કટોરી એક-એક આવે. ખડબુજાનો ડબરો એક અને સઠેલીનો ડબરો એક આવે.

અનસખડી સામગ્રી :

ઉપર જણાવેલ ડોલની અનસખડી સામગ્રીમાંથી થાળ એક પહેલા ભોગમાં આગળ ચોકી ઉપર પધરાવવો. તે થાળમાં બધી સામગ્રીના નંગ બે-બે આવે તેમાં છૂટી બુંદીનો કટોરો, ઝીણી સેવનો કટોરો, શિખરન વડીનો કટોરો, છાશવડાંનો કટોરો, કાંજીવડાંનો કટોરો તથા મીઠા શાકનો કટોરો એક-એક આવે. નિત્યના તથા ઉત્સવના સંધાણા, લુણ, મરીની કટોરી એક-એક આવે.

દૂધઘર તથા અનસખડીની પાતળી સામગ્રીમાં ચમચા, કટોરી પધરાવવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે.

ભોગ આવ્યે ખેલના સાજની કટોરીઓ પ્રસાદીમાં ઠાલવીને ફરી ભરીને રાખવી. ચોવા તથા ભીના કંકુની કટોરીઓ પ્રસાદીમાં ન પધરાવતાં બીજા ભોગના થાળમાં રાખવી. બીજા ભોગમાં ધરાવવાની ફૂલની માલા તૈયાર રાખવી.

સમયે થયે થોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. ડોલનો પહેલો ભોગ સરાવ્યાના બીડા તબકડીમાં ધરવા. ભોગની ચોકી ઉઠાવી, મંદિર વસ્ત્ર કરી, રાજભોગની માલા વડી કરી ડોલમાં શ્રી...ની જમણી બાજુ પધરાવવી. (આ રીતે ત્રણે ભોગની માલા વડી થયા બાદ ડોલમાં જ રહે.) ફૂલની નવી માલા ધરાવવી. ખેલના સાજની કટોરીનો થાળ ચોકઠા ઉપર પધરાવવો. ઝારી, બીડા ઉપર ઉપરણા ઢાંકવા (દર્શન ખૂલે) કીર્તન થાય. શ્રી...ના ડોલની આગળ પ્રસાદી બીડી પધરાવવા માટે ત્રસ્ટી મુકવી. શ્રી...ને બીડી અરોગાવવી. પછી ખેલ થાય. પહેલા ખેલ થયો હોય તેના કરતાં વધારે ખેલ થાય. વધુ ગુલાલ અબીલ ઉડે. શ્રી અંગનો ખેલ થયા પછી માલા, ગાદી, મોહરા, ડોલ, ડોલની ઝાલર, પિછવાઈ, ચંદરવાને ખેલાવાય. ગુલાલ અબીલ એક-એક ડબરો ભરીને ઉડે. ટકોરા થાય. વેણ વેત્ર ધરાવી આરતી મોતીની થાળીની શ્રી ગિરિરાજના તથા ડોલના ચિત્રની બનાવેલી સોનાના દિવડાની થાય. આરતી સમયે ફૂલ ઉડે. હાથ ખાસા કરી વેણ વેત્ર વડા થાય. (દર્શન બંધ થાય.)(ઝારી, બીડા પ્રસાદીમાં પધરાવવા. ઝારી ખંગાળીને બીજી ઝારી ભરવી અને નાળવું ખોલીને ડોલમાં યથાસ્થાન પધરાવવી. પહેલા ભોગમાં દૂધઘર તથા અનસખડી સામગ્રી પધરાવવા માટે ચોકી માંડવાનું જણાવેલ છે તે મુજબ ચોકી માંડી તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

ડોલના બીજા ભોગની સામગ્રી :

દૂધઘર સામગ્રી :

ઉપર જણાવેલ ડોલની દૂધઘર સામગ્રીમાંથી બીજા ભોગમાં એક થાળમાં દરેક સામગ્રીના ચાર-ચાર નંગ આવે. તથા બાસુંદી, મલાઈ, માખણ, મિશ્રી, દૂધપુરી, તળેલા મેવા, સૂકા મેવા, તરમેવા વગેરે પહેલા ભોગ પ્રમાણે જ આવે.

અનસખડી સામગ્રી :

ડોલની અનસખડી સામગ્રીમાંથી બીજા ભોગમાં દરેક સામગ્રીના નંગ ચાર ચાર થાળમાં સજાઈને આવે તથા છૂટી બૂંદી, ફિકામાં કચોરી, ગુંજીયા, કાંજીવડાં, છાશવડાં અને શિખરન વડી વગેરે સામગ્રી પહેલા ભોગ પ્રમાણે આવે.

તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે. ભોગ આવ્યે ખેલના સાજની કટોરીઓ પ્રસાદીમાં ઠાલવી, ફરી બધી ભરીને રાખવી. ચોવા તથા ભીનું કુમકુમ પ્રસાદીમાં ન પધરાવતાં થાળમાં રાખવા. ત્રીજા ભોગમાં ધરાવવાની ફૂલની માલા તૈયાર રાખવી.

સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. બીજો ભોગ સરાવ્યાના બીડા તબકડીમાં ધરવા. ભોગની ચોકી ઉઠાવી, મંદિર વસ્ત્ર કરી, પહેલા ભોગની માલા વડી કરી બીજી માલા ધરાવવી. ઝારી, બીડા ઉપર ઉપરણા ઢાંકવા. (દર્શન ખુલે) શ્રી... બીડી અરોગે, શ્રી અંગનો ખેલ થાય. પછી માલા, ગાદી, મોહરા, ડોલ, ડોલની ઝાલર,

પિછવાઇ, ચંદરવાનો ખેલ બીજા ભોગથી વધારે થાય. ગુલાલ-અબીલ મોટા એક એક ડબરા જેટલા ઉડે. ટકોરા થાય, વેણ વેત્ર ધરાવી આરતી મોતીની થાળીની શ્રીયમુનાજી તથા ડોલના ચિત્રની બનાવેલી સોનાના દિવડાની થાય. આરતી સમયે ફૂલ ઉડે. હાથ ખાસા કરી, વેણ વેત્ર વડા કરવા. ખેલના સાજની બધી કટોરીઓ ઉપાડી, ઝારી, બીડા ઉઠાવી પ્રસાદીમાં પધરાવવા. (દર્શન બંધ થાય.) ઝારી ફરી શ્રીયમુનાજલની ભરીને યથાસ્થાન પધરાવવી. તથા મથની એક મીઠા શીતલ જલની ભરીને તેમાં ગુલાબજલ પધરાવી ઉપર ભીનું સફેદ ગરણું લપેટી, તેના ઉપર ચાંદીની નાની લોટી રાખી ડોલની ડાબી બાજુ એક પડઘા ઉપર સુથીયું ધરીને પધરાવવી.

ત્રીજો તથા છેલ્લો ભોગ ધરવા માટે દૂધઘર અને અનસખડી સામગ્રી ધરવા માટે ચોકીઓ માંડી તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

ડોલના ત્રીજા ભોગની સામગ્રી :

દૂધઘર સામગ્રી :

દૂધઘરની બધી સામગ્રીના ચપ્પન સજાઇને આવે. બાસુંદીની કુંડી એક, અઘોટાનો મલડો એક, કાચી કેરીના બિલસારૂનો મલડો એક, ગુલાબના ફૂલની પત્તીના બિલસારૂનો મલડો એક, મીઠા દહીંનો મલડો એક, ખડબુજાના પણાનો મલડો એક, વઘારેલા દહીંનો ચપ્પન એક, મલાઇ, માખણ, મિશ્રીના બટેરા એક એક, દૂધપુરી નંગ ૭, સાબોની, સઠેલી, ગજક, રેવડી, તિનગીની, પોનાપટ્ટીના બટેરા એક એક, પગે મેવા ચાર જાતના, તળેલા મેવા ૭ જાતના, સૂકા મેવા આઠ જાતના બટેરા આવે. ઉત્સવના સંધાણા ચાર, ઋતુ અનુસાર બધી જાતનો લીલો મેવો આવે. ખડબુજાનો ટોકરો એક આવે. આંબા જો આવતાં હોય તો આંબા અવશ્ય આવે. સઠેલીની છાબડી આવે. લીલા મેવા સાથે બૂરા, લુણ, મરીના બટેરા એક એક આવે.

અનસખડી સામગ્રી :

ત્રીજા ભોગમાં પ્રથમ અનસખડી સામગ્રી પધરાવવી. તેમાં બધી જાતની સામગ્રીના ટોકરા, છાબડાં તથા દાથરી આવે. શિખરન વડીની કુંડી એક, મીઠા શાકની કુંડી એક આવે. બીજી ફિકી સામગ્રીમાં મેંદાપુરી, કચોરી, લીલા ચણાના ગુંજીયા, ઝારાની ઝીણી સેવ, ગાંઠીયા, થપડી, ફિકા સક્કરપારા, આ બધી સામગ્રીની દાથરી એક એક આવે. સકરકંદનું શાક તથા બુંદીના રાયતાની કુંડી એક એક આવે. છાશવડાંનો મોટો કુંડો એક આવે. લીલા વઘારેલા ચણાની કુંડી એક, ઉત્સવના સંધાણાની કુંડી ચાર, બે જાતના ફડફડીયાના ચપ્પન બે, ભુજેના બે જાતના, સૂકા ભુજેના બે જાતના આવે. કાંજીવડાની મથની એક, નિત્યના સંધાણામાં કેરી આખી બે, લીંબુ બે, ગરમર, ગુંદા તથા આદુ વગેરેનો મોટો ચપ્પન એક તથા લુણ અને કાળા મરીના કટોરા એક એક આવે.

દૂધઘર અને અનસખડીની પાતળી રસદાર સામગ્રીમાં ચમચા કટોરી પધરાવવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે.

ભોગ આવ્યે ખેલના સાજની કટોરીઓ બધી પ્રસાદીમાં પધરાવી બીજી નવી ભરવી. ઉડાવવા માટે કેસુડાના રંગની કોઠી, ગુલાલ તથા અબીલના ટોકરા તથા બધી જાતના રંગના ગુલાલના ડબરા આવે. આ બધું નિજતિબારીમાં તૈયાર રાખવું શ્રી...ની માલાનો જોડ તૈયાર રાખવો. એક થાળમાં બીડા નંગ આઠ, પરિક્રમા ઘાટ સાજી, તેમાં વચ્ચે તેજાનાની કટોરીઓ તથા બરાસની કટોરી રાખવી.

શ્રી...ને ધરાવવાના વસ્ત્રો તથા આભરણ નીચે મુજબ તૈયાર રાખવા :

શ્રી મદનમોહનલાલજીના વસ્ત્રો :

શ્રી...ને ધરાવવા માટે લાલ ઝરીના વસ્ત્રની જોડ, (જો ઠંડી ન હોય તો લાલ સૂતરાઉ સોનેરી કિનારીના વસ્ત્રની જોડ) એક છાબમાં શ્રી...ને ધરાવવા માટે કસુંબલ તનિયો, લાલ જરીની દુલાઇ, પુરાતન પાગ, શ્યામ રેશમના નવા કેશ.

શ્રી સ્વામિનીજીના વસ્ત્રો :

સાડી, ચોલી, લહેંગા, કસુંબી સૂતરાઉ સોનેરી કિનારીના, જરીની દુલાઇ તથા નવી બનાવેલી ચોટી.

શ્રી મદનમોહનલાલજીના આભરણ :

શ્રી ચરણારવિંદમાં ધરાવવાના હીરાના નૂપુર બે, શ્રી હસ્તમાં ધરાવવાની મોતીની લડ બે, શ્રી કંઠમાં ધરાવવાની મોતીની લડ એક, તિલક, અલકાવલી, અલંકાર તથા મોતીની જોડની પહેલી માલા એક આ મુજબ બધું તૈયાર રાખવું.

શ્રી સ્વામિનીજીના આભરણ :

હીરાના નૂપુર બે, ચૂડી બે, ઉત્સવની શ્રીહસ્તની મોતીની લડ બે, શ્રીકંઠમાં ધરાવવાનું મોતીનું તનમનીયું, ઢેરીબંધી હીરાની, ટીકી લાલ માણેકની, નથ મોતીની નિત્યની તથા સાડી ઉપર ધરવાની હીરાની ફોંદની. આ પ્રમાણે બધું તૈયાર રાખવું.

શ્રી નટવરલાલજીના વસ્ત્રો :

કસુંબી તનિયો, લાલ જરીની દુલાઇ, પુરાતન પાગ, શ્યામ રેશમના નવા કેશ.

શ્રી બાલકૃષ્ણલાલજીના વસ્ત્રો :

લાલ જરીનો વાગો અથવા કસુંબી સૂતરાઉ દુહેરા વાગો, લાલ જરીની ઓઢણી, પુરાતન પાગ, શ્યામ રેશમના નવા કેશ.

સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સરાવી, ચોકી ઉઠાવી મંદિર વસ્ત્ર કરવું. ડોલની પાસેથી પ્રસાદી જલની મથની ઉઠાવવી. ડોલમાં ચાર બીડા ધરવા શ્રી...ના ડોલની જમણી તરફ પડઘા ઉપર બીડા તથા તેજાનાનો થાળ પહેલેથી તૈયાર કરીને રાખ્યો હોય તે પધરાવવો. શ્રી...ને નવી માલા ધરાવવી. ઝારી, બીડાની તબકડી, તથા તેજાનાના થાળ ઉપર ઉપરણો ઢાંકવો. ખેલના સાજનો થાળ ડોલ પાસે ચોકઠા ઉપર રાખવો. (દર્શન ખુલે) શ્રી... બીડી અરોગે. ત્યારબાદ ખેલ થાય. શ્રીઅંગનો ખેલ ઘણો જ ભારે થાય. ચંદ્રિકાને ખેલાવી માલા, ગાદી, પટ્ટા, ડોલ, ડોલની ઝાલર, પિછવાઇ, ચંદરવાને ખૂબ ખેલાવી રંગ ઉડાવવો. અબીલ, બધા રંગના ગુલાલ તથા લાલ રંગની પોટલી ઉડાવવી. વેણુ વેત્ર ધરાવી ડોલની આરતી શ્રી વૃંદાવન, ખેલનો સાજ તથા ડોલના ચિત્રની બનાવેલી મોતીની થાળીની સોનાના દિવડાની થાય. આરતી સમયે ફૂલ ઉડે રાઈ, લોન, ન્યોછાવર થાય. હાથ

ખાસા કરી, વેણુ વેત્ર વડા કરવા. ત્યારબાદ ડોલની ચાર પરિક્રમા કરી શ્રી...ને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. નિજતિબારીમાં પહેલેથી પાટ માંડી રાખેલી હોય તેના ઉપર શ્રી...ને પધરાવવા ઝારી, બીડા ડોલમાંથી ઉઠાવીને પ્રસાદીમાં પધરાવવા. **(ઝારીની ચાદર જે પ્રબોધીની થી ઓઢાડાતી હોય તે આજથી બંધ થાય)** ઝારીને માંજી, ખંગારી, નેવરાને ધોવામાં કાઢી, નવો નેવરો ચડાવી જલપાનની મથનીની આગળ યથાસ્થાનમાંડી રાખવા. ઝારી, બંટાની તબકડી માંજવી. ત્યારપછી ડોલમાંની બધી ચિજવસ્તુ યથાસ્થાન મૂકવી અને પછી ડોલ વડો કરીને યથાસ્થાન મૂકવો.

ત્યારબાદ શ્રી...ની આગળ કાષ્ટનો પડઘો માંડી, તેના પર મીઠા ગરમ જલનો કટોરો રાખવો. ત્યારબાદ શ્રી...ના શૃંગાર, વાગા, વસ્ત્ર, આતમસુખ, આતમસુખનો ટોપો, તનિયો, અલંકાર, શિખા, તિલક વગેરે બધા આભરણ વડા કરવા પછી અંગવસ્ત્રનો છેડો ભિંજવી સર્વાંગમાં અંગવસ્ત્ર કરવું જેથી ગુલાલ વગેરેનો અંશ ન રહે. ત્યારબાદ -

શ્રી મદનમોહનલાલજીને કસુંબી તનિયો ધરાવી ચરણારવિંદમાં હીરાના નૂપુર ધરાવવા. શ્રી હસ્તમાં નિત્યની મોતીની લડ, શ્રીકંઠમાં મોતીની લડ, શ્રી મસ્તક પર નવા કેશ, ઉત્સવના તિલક તથા અલકાવલી, અલંકાર ધરાવવા. ત્યારબાદ શ્રીમસ્તક પર સૂતરાઉ પુરાતન પાગ કસુંબી ધરાવવી **(જો ઠંડી હોય તો લાલ જરીના દુલાઇ મંગલામાં ઓઢે તે શ્રીકર્ણથી નીચેથી લઇને ઓઢાડવી, ઠંડી ન હોય તો કસુંબી સૂતરાઉ પિછોરા શ્રીકર્ણની નીચેથી લઇને ધરાવી, ઉપર મોતીના જોડની પહેલી માલા ધરાવવી.)**

શ્રી સ્વામિનીજીને હીરાના નૂપુર, શ્રીહસ્તમાં ઉત્સવની ચૂડી, શ્રીહસ્તની મોતીની લડ, નિત્યનું મોતીનું તિનમનીયું, લહેંગા, ચોલી, સાડી લાલ સૂતરાઉ કિનારીના ધરાવવા. સાડી ઉપર હીરાની ફોંદની ધરાવવી, ચોટી જુની વડી કરીને નવી બનીને આવી હોય તે ધરાવવી ઢેરીબંધી હીરાની ધરાવવી, ટીકી લાલ માણેકની ધરાવવી. જો ઠંડી હોય તો સાડી ઉપર જરીની ચાદર ઓઢાડવી.

શ્રી બાલકૃષ્ણલાલજીને નવા કેશ, તિલક, અલકાવલી, ધરાય શ્રી મસ્તક ઉપર પુરાતન પાગ ધરાવવી, જરીનો વાગો ધરાવવો. જો ઠંડી ન હોય તો કસુંબી સૂતરાઉ વાગો ધરાવવો. શ્રીકંઠમાં મોતીની લડ ધરાવવી તથા લાલ જરીની ઓઢણી ઓઢાડવી.

નિજમંદિરમાં પહેલેથી લાલ મખમલની ગાદી માંડી રાખેલી હોય તેના ઉપર શ્રી...ને યથાસ્થાન પધરાવવા. **(મંદિરક્રમમા આજે ઉત્થાપન ભોગ, સંધ્યાભોગ તથા શીતલ ભોગ સાથે આવે.)**

ઉત્થાપન ભોગ તથા શીતલ ભોગ સામગ્રી :

અધકીમાં બદામ મિશ્રીની ડેલી, નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે. શીતલ ભોગમાં સાઠા (શેરડી)નો રસ આવે.

(મંદિરક્રમમાં સમય થયે ભોગ સરે. ઉત્થાપન ભોગ તથા સંધ્યા ભોગના બીડા બંટામાં સાથે આવે. સંધ્યા ભોગના દર્શન ખૂલે. કીર્તનની છાપ આવે ત્યારે દંડવત્ કરી ગેંદ, ચોગાન વડા કરી પાટ ઉપર ધરીને પાટ સરકાવી, ખંડથી ચોકી લગાડીને રાખે. વેણુ, વેત્ર ધરે, આરતી આવે, ટેરો લઈ દર્શન બંધ થાય. ગ્વાલ બોલે અથવા ન બોલે. ડબરા આવે શ્રી...ની શયનભોગની ઝારી ભરાય. ડબરા સરે અને શયનભોગ આવે.)

શયનભોગ સામગ્રી : શયનભોગમાં છડિયલ દાળ, રતાળુનું મરીવાળું શાક અને કઢીને બદલે વડાંની છાશ આવે.

શયનભોગ આવ્યે અનોસરના બંટા ભરાય. આજે બપોરે અનોસર ન થયા હોવાથી બપોરના તેમજ રાત્રિના અનોસરના બંટાનો ભોગ સાથે આવે બીડા પણ દુહેરા ભેગા સજાય. (મંદિરક્રમમાં સમય થયે દૂસરો ભોગ આવે.)

ત્યારબાદ શ્રી...ની અનોસરની ઝારી ભરાય. સમય થયે ભોગ સરે, આચમન મુખવસ્ત્ર થાય, બીડા ધરાય, માલા ધરે, (દર્શન ખુલે) બીડી અરોગે. શ્રી...ને વેણુ ધરાય અને શયન આરતી થાય. (ત્યારબાદ દર્શન બંધ થાય.)

ત્યારબાદ શ્રીકંઠમાંથી મોતીની જોડની પહેલી માલા વડી કરીને અનોસર કરાવવા.

નિજતિબારી, ડોલ તિબારી તથા ચોકમાંથી ગુલાલ કાઢીને સાફ કરવો.

ફાગણ વદિ-૨-બીજ **(વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૨)**

દ્વિતિયા પાટ

પલ્લવની બંદનવાર નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય

આજથી લઇને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી સવારે શ્રી...વહેલાં જાગે (મંદિરક્રમમાં સવારે સાડા ચાર વાગ્યે)

વસ્ત્ર : સોનેરી જરી તાસના કામદાનીની બુટીના ફુરકસાઇ જરીના, વાગો રૂપચૌદશવાળો ચાકદાર.

સાજ : સોનેરી જરીનો

મંગલભોગ સામગ્રી : આજે મંગલભોગમાં શ્રી...ખીચડીના નંગ (ઠોર, સેવના લાડુ, સક્કરપારા અને ગુંજા આ ચારેય સાથે હોય તેને ખીચડીના નંગ કહે છે.) અરોગે જે શ્રાવણ વદિ-૯માં લખ્યા મુજબ અરોગે.

મંગલભોગ આવ્યે પલના તથા શય્યાની સેવા થાય. આજથી લઈને સંવત્સરના એક દિવસ પહેલાં સુધી પલના તથા શય્યા ઉપર છીંટની સુપેદી (ગાદી) બે બિછાવવી. તેના ઉપર સાલુકી સપેદી (કીરમચી રંગની મલમલની ગોદડી) બિછાવી તેના ઉપર મહીન મલમલની ચાદર બિછાવવી. ગાદીની ચારે તરફથી વાળીને કસના બાંધવા.

આજથી લઈને સંવત્સરના એક દિવસ પહેલાં સુધી જે રંગના વસ્ત્રો શ્રી...ને ધરાવવાના હોય તે રંગની જરીની અથવા છાપાની દુલાઈ શય્યા ઉપર ઓઢાડી ચોરસો ઢાંકવો.

સમય થયે મંગલભોગ સરે. આરતી નિત્યવત્ થાય.

શૃંગાર : આજે શ્રી...ને અભ્યંગ થાય.

શ્રીમસ્તક ઉપર કુલ્હે હીરાની જડાઉ, આભરણ હીરાના, બાજુ, પોંચી કટિપેચ, નૂપુર, જેહર હીરાના ધરે. શ્રીકંઠનો શૃંગાર પ્રથમ પર્વવત્ દુહેરાં થાય. જોડ ચમકનો ધરે.

આજથી લઈને દશેરાના એક દિવસ પહેલાં સુધી ગુલાબના ફૂલ તથા કમળની કળી અને ચંપાના ફૂલમાં બધી જાતના રંગ ભરીને બનાવેલા છોગા તથા ફૂલની ગેંદ આવે જે શ્રી...ની જમણી તથા ડાબી તરફ શોભાયુક્ત લાગે તે

રીતે રાખવા. પાગ વગેરે ઉપર ધરાવવાના ફૂલના નાના કર્ણફૂલ, શીશફૂલ વગેરે આવે તે જ્યાં જગ્યા હોય અને શોભાયમાન લાગે તે રીતે ધરાવવા.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં બુંદીના લાડુ આવે સાથે મીઠું શાક ખડબુજાનું અને ડોલની બધી સામગ્રીમાંથી એક છાબ રાખી હોય તે તથા છાશવડાંનો મલડો એક, કાંજીવડાંનો મલડો એક આવે.

સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના, કચરિયાં, પાપડ આવે.

આજથી દાળમાં તથા અનસખડી, સખડીનાં શાકમાં આદુના મગીયાને બદલે જ્યાં સુધી કાચી કેરી આવતી હોય ત્યાં સુધી કાચી કેરીના મગીયા પધરાવવા.

આજથી લઈને કાચી કેરી મળે ત્યાં સુધી અનસખડીમાં લોંજી (કાચી કેરીમાં ગોળ પધરાવીને વઘારેલું મીઠું શાક) નિત્યઅરોગે. આદા પાચરીને બદલે કાચી કેરીની પાચરી નિત્ય આવે. દૂધઘરમાંથી કોઈ કોઈ દિવસ કાચી કેરીની છાશ આવે.

જ્યારથી કાચી કેરી આવવા લાગે. અને જ્યાં સુધી આવે ત્યાં સુધી સખડીમાં નિત્ય અડભંગા (કાચી કેરીના રસમાં મરી પધરાવીને વઘારાય.) અરોગે. (શ્રી બાલકૃષ્ણલાલજી તથા શ્રી નટવરલાલજી રાજભોગમાં અને શ્રી મદનમોહનલાલજી શયનભોગમાં અરોગે.)

આજે શ્રી...ના સિંહાસન ઉપર ચૈત્રી લાલ ગુલાબની છત્રીદાર ફૂલમંડલી આવે.

આજથી લઇને અક્ષયતૃતીયાના એક દિવસ પહેલાં સુધી રાજભોગમાં શ્રી...ને ફૂલમંડલી નિત્ય આવે. ફૂલમંડલી બે અથવા ત્રણ ખંડની ઉપર નાની બંગલીવાળી આવે.

આજથી લઈને સંવત્સર અથવા રામનવમી જ્યાં સુધી પંખા ચડ્યા ન હોય ત્યાં સુધી ગોળ છત્રીવાળી, લાંબી છત્રીવાળી, રાવટી ઘાટની છત્રીવાળી, હવા મહેલની તથા છતવાળી અર્થાત્ ઉપર સૂંઢવાળી ફૂલમંડલી આવે. જ્યારે પંખા ચડે ત્યારથી લઈને અક્ષયતૃતીયાના એક દિવસ પહેલાં સુધી ખુલ્લી ફૂલમંડલી આવે. ફૂલમંડલી જ્યાં સુધી રાજભોગમાં આવે ત્યાં સુધી જે દિવસે ફૂલમંડલી હોય તે દિવસે રાજભોગ આવ્યે સિંહાસન ઉપરથી બગલાઉ તકિયા ઉઠાવી ખીટીં ઉપર રાખવા ફૂલ મંડલી રાખવાની જગ્યાએ લાલ ચોરીયાના ટુક બિછાવવા કે જેથી સિંહાસન વસ્ત્ર પર ફૂલ વગેરેના ડાઘ પડે નહિ. ફૂલમંડલી નિત્ય ફરતી ફરતી વિવિધ જાતના ફૂલોની, બધી જાતના ફૂલોની આવે. જો ફૂલ થોડા મળે અને મંડલી બની શકે તેમ ન હોય તો સિંહાસનના કઠોડા ફૂલથી બાંધવા. કોઈ દિવસ ગુલાબના આખા ફૂલના ગજરાની માલા અથવા જુઈ વગેરેના ફૂલના ગજરાની માલા આવે. કોઈ દિવસ આખા ગુલાબના ફૂલ અને જુઈ વગેરેના ફૂલના ગજરાની મોટી માલા (વનમાલા) આવે જે બિરાજવાની ગાદીથી લઈને પાટ અથવા ચરણચોકી સુધી આવે એટલી મોટી હોય.

સમય થયે રાજભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય, બીડી અરોગે શ્રી...ને માલા ધરાય. ચૈત્રી લાલ ગુલાબની આખા ફૂલની ગજરાની માલા આવી હોય તો ધરાય. ફૂલમંડલી સિહાસન ઉપર ધરાય. બગલાઉ તકિયા ખીંટી ઉપરથી ઉઠાવીને સિંહાસન ઉપર યથાસ્થાન મુકવા. આજથી લઈને સંવત્સરના એક દિવસ પહેલાં સુધી શ્રી...ના

પાટની આગળ ચરણચોકી આગળ ચાંદીનો નટ આવે. (દર્શન ખુલે) સિંહાસનની ઝારી, કુંજા, આબખોરા તથા અનોસરની ઝારી ભરવી. શ્રી...ને વેણુ, વેત્ર ધરાવવા. વેત્ર બે ધરવા, તેમાં એક હીરાનું અને બીજુ માણેકનું આવે. રાજભોગ આરતી ફૂલમંડલીના ચિત્રની બનાવેલી મોતીની થાળીની સોનાના દિવડાની થાય. શ્રી...ને આરસી બતાવી માલા વડી કરવી. જો ગુલાબના આખા ફૂલની ગજરાની માલા ધરાવી હોય તો તે વડી કરીને પીઠકના તકિયા ઉપર અથવા જમણી બાજુ બગલાઉ તકિયા ઉપર પધરાવવી. આ રીતે જ્યારે જ્યારે ગજરાના ફૂલની માલા ધરે ત્યારે ઉપર જણાવ્યા મુજબ વડી કરીને પધરાવવી. ત્યારપછી વિના સફેદીનો મલમલનો પેંડો બિછાવી નિત્યવત્ અનોસર કરવા.

સાંજે ઉત્થાપન ભોગ ધરીને શય્યાની સેવા કરવી. શય્યા ઉપર હાથ ફેરવી સફેદ મહિન મલમલની ચાદરની ઉપર રેશમી રજાઈ એક ઓઢાડવી. જો ઠંડી ન હોય તો બે અથવા ત્રણ પરતની સફેદ ભાતીગર ખોલ ઓઢાડવી જેમાં ઠંડી ગરમીનો વિચાર કરવો. તેના ઉપર ચોરસો ઢાંકવો.

(મંદિરમાં સંધ્યા આરતી બાદ) સિંહાસન ઉપરથી બગલાઉ તકિયા ઉઠાવી ખીંટી ઉપર રાખવા. સિંહાસન ઉપરથી ફૂલમંડલી વડી કરીને ચોકમાં પધરાવવી. શ્રી...ના શૃંગાર વડા કરવા. ત્યારબાદ શયનભોગ આવે.

સિંહાસન ઉપર ફૂલમંડલી માટે લાલ ચોરીયાના ટૂક બિછાવ્યા હોય તે ઉઠાવી, ઝાટકી, ઘડી કરીને નિજમંદીરના અધકીના ચાંદીના વાસણના હટડામાં રાખવા. નિત્યવત્ અનોસર થાય. ત્યારબાદ સિંહાસનના ગાદી તકિયાની સફેદી ચડે.

ફાગણ વદિ-૩-ત્રીજ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૩)

વસ્ત્ર : લીલી જરીના, વાગો ચાકદાર.

સાજ : લીલી જરીનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા જડાઉ માણેકના, આભરણ માણેકના, માલા છ માણેકની, તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા જડાઉ માણેકના ધરે.

ફાગણ વદિ-૪-ચોથ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૪)

વસ્ત્ર: લાલ જરીના, વાગો ચાકદાર.

સાજ: લાલ જરીનો.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલો ખૂંટનો તેના ઉપર સેહરા જડાઉ પન્નાના, આભરણ પન્નાના, માલા છ પન્નાની, તેના ઉપર હાર એક પન્નાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોટા મોતી તથા હરી મણીની ઉત્સવની, તેના ઉપર બીજો હાર એક પન્નાનો, તેના ઉપર માલા એક મોટા મોતીની ઉત્સવની, તેના ઉપર ગુંજા ધરે.

ફાગણ વદિ-૫-પાચમ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૫)

વસ્ત્ર : પંચરંગી જરીના, કાછની દુરંગી તેમાં નીચેનો પટ પચરંગી જરીનો અને ઉપરનો લાલ જરીનો.

સાજ : પચરંગી જરીનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ હીરાનો, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર બીજો હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.

મંગલભોગ સામગ્રી : આજે મંગલભોગમાં શ્રી...ને અધકીમાં ખડબુજાનો પણો તથા લુચઇ આવે. માટે સિંહાસન આગળ નિત્યની મંગલભોગની ચોકીની ડાબી બાજુ એક ચોકી માંડવી. તે ચોકી ઉપર ચાંદીની થાળીમાં લુચઇના નંગ અને ખડબુજાનો પણો આવે.

જ્યારથી ખડબૂજા બહુ આવવા લાગે ત્યારથી દરેક સમયમાં ખડબુજા તથા તેની સાથે બુરાની કટોરી નીચે દર્શાવ્યા મુજબ આવેઃ

મંગલભોગઃ ચાંદીની ડબરીમાં ખડબુજા ધરવા તેની સાથે બૂરાની કટોરી આવે. તે શ્રી...ના સિંહાસનની જમણી બાજુ બીડાની તબકડીમાં પધરાવે.

પલના ભોગઃ ચાંદીની ડબરીમાં ખડબુજા ધરવા. તેની સાથે બૂરાની કટોરી એક આવે જે શ્રી...ને બિરાજવાની ચોકી ઉપર પલના ભોગની તબકડીની પાસે પધરાવે.

રાજભોગઃ ચાંદીની ડબરીમાં ખડબુજા ધરવા. તેની સાથે બૂરાની કટોરી એક આવે. શ્રી...ને બિરાજવાની ચોકી ઉપર જમણી બાજુ પધરાવે.

ઉત્થાપન ભોગઃ ચાંદીની ડબરીમાં ખડબુજા ધરવા. તેની સાથે બૂરાની કટોરી એક આવે.

શયન ભોગઃ ચાંદીની ડબરીમાં ખડબુજા ધરવા. તેની સાથે બૂરાની કટોરી એક આવે. તે શ્રી...ને બિરાજવાની ગાદીની જમણી બાજુ પધરાવે.

ખડબુજા બહુ વિશેષ પ્રમાણમાં આવવા માંડે ત્યારે કોઇ કોઇ દિવસ બપોરના અનોસરમાં તથા રાત્રિના અનોસરમાં ખડબુજાની ડબરી બે બે આવે. તેની સાથે બૂરાની બે બે કટોરી આવે. આ ડબરીઓ બંને સમયના અનોસરમાં અનસખડીના બંટાના પડઘાની આગળના ભાગમાં બીજો પડઘો માંડી તેના ઉપર પધરાવવી.

ફાગણ વદમાં જે દિવસે ખડબુજાનો મનોરથ હોય તેની વિગત

ખડબુજાનો મનોરથ હોય તે દિવસે શ્રી... મંગલભોગમાં અધકીમાં ખડબુજાનો પણો તથા લુચઇ અરોગે.

મંગલભોગ : એક ચાંદીની થાળીમાં લુચઇના નંગ છ અથવા બાર તથા ખડબુજાના પણાની ડબરી એક તથા ખડબુજાનો ડબરો એક, તેની સાથે બૂરાની કટોરી એક આવે.

શૃંગાર ભોગ : ખડબુજાની થાળી એક તેની સાથે બૂરાની કટોરી એક આવે. તે શ્રી...ના નિત્યના શૃંગારભોગની

થાળીના પડઘા પાસે બીજો પડઘો માંડી તેના ઉપર પધરાવવી. લીલી પાતળ ઢાંકી તેના ઉપર સફેદ ચકલો ઢાંકવો. શૃંગાર થઇ ગયા પછી શૃંગારભોગની ખડબુજાની થાળી ઉપરથી ચકલો અને પાતળ ઉઠાવી બંને થાળ રાજભોગમાં શ્રી...ને બિરાજવાની ચોકીની જમણી તરફ પડઘા ઉપર પધરાવવી.

પલના ભોગ : પલનામાં ખડબુજાની ડબરી એક તેની સાથે બૂરાની કટોરી એક આવે. તે પલનાની આગળ નિત્યના અનસખડીના ફિકાના પડઘાની પાસે બીજો પડઘો માંડી તેના ઉપર ખડબુજાની ડબરી પધરાવવી.

રાજભોગ : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં ખડબુજાનો મોહનથાળ આવે. નિત્યનું રાયતુ ખડબુજાનું, નિત્યના બે શાકમાં એક શાક ખડબુજાનું ખાટું-મીઠું, નિત્યના સંધાણા ખડબુજાના આવે.

સખડીમાં ખડબુજા ભાત, નિત્યની કઢી ખડબુજાની, નિત્યનું ચણાની દાળની મિલોનીનું શાક એક કાચા ખડબુજાનું, નિત્યનું શાક એક ખડબુજાનું ખાટું મીઠું આવે.

દૂધઘરમાં ખડબુજાનો પણો, ખડબુજાની બરફી, તે શ્રી...ને બિરાજવાની ચોકી ઉપર ગાદીની જમણી તરફ પધરાવે તથા ખડબુજાની ટોકરી એક અથવા બે આવે. તેની સાથે બુરાનો ચપ્પન આવે. ટોકરા રાજભોગની અનસખડીની ચોકી આગળ બીજી ચોકી માંડી તેના ઉપર પધરાવવા.

બપોરે અનોસર સમય : ખડબુજાનો ડબરો એક તથા તેની સાથે બુરાનો કટોરો એક આવે. તે અનોસરના અનસખડીના બંટાના પડઘાની પાસે બીજો પડઘો માંડી તેના ઉપર પધરાવે.

ઉત્થાપન ભોગ : ખંડ, પાટ, ચોકી સરકાવી, સિંહાસનની આગળ મોટા ચોક, ચોકીઓ માંડી તેના ઉપર આગળના ભાગમાં શ્રી...ના સિંહાસનની આગળ નિત્યનો ઉત્થાપન ભોગનો થાળ પધરાવવો. તેની ડાબી બાજુ લાલ ચોરીયાના એક એક ટૂક બિછાવી ખડબૂજા ચાંદીના મોટા થાળમાં, વાંસના ટોકરામાં તેમજ મોટા ડબરામાં આવે. તેની સાથે બુરાનું ચપ્પન એક આવે.

ઉત્થાપન ભોગ સર્યે ચોકી ઉઠાવી, મંદિરવસ્ત્ર કરવું. ખંડ, પાટ, ચોકી નિત્યવત્ યથાસ્થાન માંડી, શ્રી...ને માલા ધરાવવી.

(મંદિર ક્રમમાં ભોગના દર્શન ખૂલે સંધ્યા ભોગ આવે.)

શયનભોગ : નિત્યના શાકમાં એક શાક ખડબુજાનું આવે. બાકી નિત્ય મુજબ આવે. સખડીમાં અધકીમાં રોટી તથા ખડબુજાનો પણો આવે. ઉપરાંત ખડબુજાના ડબરા બે અને તેની સાથે બુરાની કટોરી એક આવે.

રાત્રિનો અનોસર સમય : રાત્રિના અનોસરની સામગ્રી બપોરના અનોસરની સામગ્રી મુજબ આવે.

ફાગણ વદિ-૬-છઠ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૬)

વસ્ત્ર : પીળી જરીના, વાગો ચાકદાર.

સાજ : પીળી જરીનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો બીચકો, આભરણ નીલમના, માલા છ નીલમની, તેના ઉપર હાર એક નીલમનો, તેના ઉપર માલા એક વિના પદકની નીલમની, તેના ઉપર ગુંજા ધરે. કુંડલ ધરે, કતરા, ચંદ્રિકા રૂપેરી ચમકના ધરે.

આજથી લઇને ચૈત્ર સુદિ-૧-એકમ સંવત્સર સુધી ગુલાબના ફૂલની પત્તીનું બિલસારૂની કટોરી એક રાજભોગમાં આવે. (મંદિરક્રમમાં તે નકશા પ્રમાણે સજાય.)

ફાગણ વદિ-૭-સાતમ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૭)

વસ્ત્ર : શ્યામ જરીના, વાગો ઘેરદાર.

સાજ : શ્યામ જરીનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ચીરા છજ્જેદાર, આભરણ લસનીયાના અથવા મોતીના, માલા ચાર, તેના ઉપર ગુંજા ધરે. કુર્ણફૂલ બે, ચીરા ઉપર લુમની કલંગી ધરે.

ફાગણ વદિ-૮-આઠમ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૮)

સખડીનો શયનભોગ

વસ્ત્ર : રૂપેરી જરીના, કાછની દુરંગી તેમાં ઉપરની લાલ જરીની તેમજ નીચેની સફેદ જરીની.

સાજ : રૂપેરી જરીતાસનો, સોનેરી જરીતાસના હાંસીઆવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ પીરોજાનો, આભરણ પીરોજાના, માલા છ પીરોજાની, તેના ઉપર હાર એક પીરોજાનો, તેના ઉપર માલા એક વિના પદકની પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે.

શયનભોગ : આજે શયનભોગ દૂધની રોટી તથા ખડબુજાના પણાનો થાય માટે એક ચાંદીની થાળીમાં રોટી નંગ બાર તથા પણાનો ડબરો એક આવે. સખડીમાંથી ખડબુજાભાત, મગની દાળને બદલે ચણાની દાળ, ખડબુજાની કઢી, અડભંગા, નિત્યનું મિરચનું શાક, એક ચંદની શાક, ભુજેના એક જાતના, બેંગન ભરતા, પાપડ આવે. બાકી બધું નિત્યવત્ આવે.

ઉપર જણાવેલ શયનભોગ સાજવાનો ક્રમ માગસર વદિ ૧૨- બારસમાં જણાવ્યા મુજબ સમજવો.

ફાગણ વદિ-૯-નોમ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૯)

વસ્ત્ર : પીરોજાઇ જરીના, વાગો ઘેરદાર.

સાજ : પીરોજાઇ જરીનો.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર ગોળ ચીરા, આભરણ તારા મંડળના, માલા ચાર તારા મંડળની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, કતરા સોનેરી ચમકના ધરે.

ફાગણ વદિ-૧૦-દશમ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૧૦)

વસ્ત્ર : ગુલાબી જરીના, વાગો ચાકદાર.

સાજ : ગુલાબી જરીનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલ પગા, આભરણ નવરત્નના અથવા પન્નાના, માલા છ, તેના ઉપર હાર એક, તેના ઉપર માલા એક વિના પદકની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, ચંદ્રિકા સાદી ફરહરાતી ધરે.

ફાગણ વદિ-૧૧-એકાદશી (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૧૧)

વસ્ત્ર : સોસની સોનેરી છાપના, કાછની દુરંગી તેમાં નીચેની સોસની તેમજ ઉપરની લીલી.

સાજ : સોસની છાપાનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ રૂપેરી ડાકનો, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.

શ્રી નવનીતપ્રિયાજીના ઘરમાં ચૈત્ર સુદિ-૧-એકમ સંવત્સરોત્સવથી છાપાના વસ્ત્રો ધરાવવાનો ક્રમ છે. પરંતુ આપણે ત્યાં આજથી છાપાના વસ્ત્રો ધરાવવાનો ક્રમ એ કારણથી રાખ્યો છે કે જેથી બધી જાતના છાપાના વસ્ત્રો આવી જાય. જે રીતે આસો સુદિમાં બધી જાતના છાપાના વસ્ત્રો આવી જાય છે તે જ પ્રમાણે બધી જાતના છાપાના વસ્ત્રો અહિં પણ આવી જાય.

ફાગણ વદિ-૧૨-બારસ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૧૨)

વસ્ત્ર : સફેદ છાપેલા, વાગા ઘેરદાર.

સાજ : સફેદ.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, શૃંગાર બે માલાનો, ચંદ્રિકા સાદા ધરે.

ફાગણ વદિ-૧૩-તેરસ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૧૩)

આજે ઘરની આડીનો ગુલાબના ફૂલના પલનાનો મનોરથ

વસ્ત્ર : ગુલાબી છાપાના, વાગો ચાકદાર.

સાજ : ગુલાબી છાપાનો.

નિજમંદિરનો ચંદરવો, ખેંચવાના પંખાની ખોલી તથા નિજમંદિરના મોટા દ્વારનો ટેરો વગેરે બધુ ગુલાબી છાપાના અથવા ગુલાબી સૂતરાઉ બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા ગુલાબી છાપાના, આભરણ ગુલાબી મીનાના, માલા છ ગુલાબી મીનાની, તેના ઉપર હાર એક ગુલાબી મીનાનો, તેના ઉપર માલા એક વિના પદકની ગુલાબી મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા ગુલાબી મીનાના ધરે.

પલના : **આજે શ્રી...નું પલનું ગુલાબના ફૂલનું આવે.** પલના વખતે નિજતિબારીમાં દિવાલગીર તથા આખી નિજતિબારીના ચંદરવા ગુલાબી સૂતરાઉ બંધાય. આખી તિબારીમાં સૂતરાઉ ગુલાબી તેહ બિછાવાય.

પલના સામગ્રી :ઋતુ અનુસાર લીલો મેવો, ખડબુજાનો ડબરો, બુરાની કટોરી તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે. અનસખડીના થાળમાં બુંદીના લાડુ, ઝીણી સેવ, ફડફડીયા એક જાતના ચણાના ગુંજીયા, મુરબ્બાની કટોરી, ચૈત્રી લાલ ગુલાબના ફૂલની પત્તીનું બિલસારૂંની કટોરી એક, નિત્યના સંધાણાની કટોરી એક તથા લુણ, મરીની કટોરી એક એક આવે.

રાજભોગ સામગ્રી :સખડીમાં નિત્યની દાળ તુવેરની આવે.

ફાગણ વદિ ૧૪-ચૌદશ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૧૪)

વસ્ત્ર :લીલા છાપાના, વાગો ચાકદાર.

સાજ :લીલા છાપાનો.

શૃંગાર :શ્રી મસ્તક ઉપર છજ્જેદાર પાગ, માલા ચાર, કર્ણફૂલ બે, ફેંટા ઉપર ચંદ્રિકા લાલ ડાકના જમાવના કામની ધરે. ગુંજા ધરે.

ફાગણ વદિ ૦))-અમાસ (વ્રજ : ચૈત્ર કૃષ્ણ-૦)))

વસ્ત્ર :શ્યામ છાપાના, વાગો ઘેરદાર.

સાજ :શ્યામ છાપાનો બંધાય.

શૃંગાર :શ્રીમસ્તક ઉપર ગોળ પાગ. આભરણ હીરાના, માલા ચાર મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર લુમની કલંગી તથા રૂપેરી લુમર્તુરા ધરે.

આજે નવી ટીપ્પણી મંગાવી રાખવી.

ચૈત્ર સુદિ-૧-એકમ (વ્રજ : ચૈત્ર શુક્લ-૧)

સંવત્સરોત્સવ

પલ્લવની બંદનવાર નિજમંદિરના મોટા દ્વારા ઉપર બંધાય.

વસ્ત્ર :લાલ સૂતરાઉ સોનેરી છાપાના. તેમાં સુથન તથા શ્રીસ્વામિનીજીના લહેંગા, ચોલી હરે છાપાના, વાગા ખુલે બંદ ચાકદાર.

આજથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી વાગા ચાકદાર તથા ઘેરદાર ખૂલે બંદના ધરે અને ગરમી પડવા લાગે તો શ્રીમહાપ્રભુજીના ઉત્સવ સુધી અને તેની પહેલાં ગરમી પડવા લાગે તો શ્રી રામનવમી સુધી વાગા ધરે. અને વાગા બંધ થાય ત્યારથી પિછોરા ધરે. આજથી ખૂલે બંદ ધરે અને વાગા બંધ થાય ત્યારથી પિછોરા ધરે. આજથી ખૂલે બંદ ધરે તેથી કટિનો પટકો ધરાય નહિ અને ખૂલે બંદ ધરે ત્યારથી કટિ પેચ ખૂલે બંદની નીચે સુથન ઉપર ધરાવાય.

આજથી લઈને અક્ષય તૃતિયા સુધી જે રંગના સૂતરાઉ વસ્ત્ર પહેલાં દિવસે ધર્યા હોય તે રંગના પિછોરા જ્યાં સુધી ઠંડી માલમ પડે ત્યાં સુધી અર્થાત્ જ્યાં સુધી વાગા વડા ન થયા હોય ત્યાં સુધી ઉપરણાની જેમ ધરાવવા. અને જ્યારથી ગરમી પડવી શરૂ થાય અને વાગા વડા થાય ત્યારથી આડબંધ ધરાવવો.

શ્રી બાલકૃષ્ણલાલજી તેમજ શ્રી મદનમોહનલાલજી ઉપરણા ધરે, ત્યારે ઓઢણીના ડાબી તેમજ જમણી બાજુના છેડા હૃદયની નીચેથી ખોસીને ઓઢણી ધરાવવી. જ્યારથી શ્રી મદનમોહનલાલજી આડબંધ ધરે ત્યારથી છૂટી ઓઢણીની જેમ ઓઢણી ધરાવવી.

સાજ : લાલ સોનેરી વૃક્ષના છાપાનો બંધાય.

નિજમંદિરનો ચંદરવો, ખેંચવાના પંખાની ખોલી, નિજમંદિરના દ્વારનો ટેરો, લાલ સોનેરી છાપાના ચડે. આજથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી સિંહાસનનો બંટો દોરીયાનો, જામદાનીનો, ચાર ખાનાનો આવે અથવા ગરમી પડે તો ચિકનનો આવે.

ગેંદ, ચોગાન સોનાના, સોગઠાં, પાસા જડાઉ આવે. ચોપડનો પટ લાલ મલમલનો કલાબતુના ભારેકામનો તથા ચાંદીની મોટી આરસી આવે.

આજથી લઈને અથવા રામનવમીથી જ્યારથી ગરમી પડવા લાગે ત્યારથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી સિંહાસનની પાસે ચોકઠા ઉપર રહેતા નાના પંખા તથા હાથથી કરવાના મોટા પંખા, ઝાપટના પંખા તથા શય્યાની પાસે ચોકી ઉપર રહેતા નાના પંખા, આ બધા પંખા શ્રાવણના મેળથી સાટીનના, જરીના, કિનખાબના ભારે કામના આવે.

ગરમી હોય તો પ્રબોધિનીના એક દિવસ પહેલાં સુધી નિજમંદિર તથા નિજતિબારીમાં ખેંચવાના પંખા ચડે. આજથી લઈને અથવા રામનવમીથી જ્યારે ગરમી પડવા લાગે ત્યારથી દશેરા સુધી અથવા ગરમી હોય તો પ્રબોધિનીના એક દિવસ પહેલા સુધી ગોપીવલ્લભ ભોગ મંદિર તથા રાજભોગ વાળા ભોગ મંદિરમાં ખેંચવાના પંખા ચડે. તેની ખોલી સફેદ કંતાનની ચડે જે દર મહિને બદલાય.

આજથી લઈને અથવા રામનવમીથી જ્યારે ગરમી પડવા લાગે ત્યારથી દશેરાના એક દિવસ પહેલાં સુધી શ્રી...નિજતિબારીમાં બિરાજે. મંગલા, શૃંગાર, (ગ્વાલ) તથા શયન નિજતિબારીમાં થાય. સાંગામાચી ચાંદીની આવે જેમાં લાલ મખમલની ગાદી બિછાવાય.

શ્રી...જાગે, નિજતિબારીમાં સાંગામાચી ઉપર બિરાજે. મંદિરવસ્ત્ર કરી, ચોકી સરકાવી, મંગલભોગ આવે.
સમય થયે મંગલભોગ સરે. આજથી લઈને અક્ષયતૃતીયાના એક દિવસ પહેલાં સુધી મંગલા આરતીમાં બે ખંડ પ્રગટે. આજથી લઈને દશેરાના એક દિવસ પહેલાં સુધી શ્રી...નિજતિબારીમાં બિરાજે. તેથી મંગલા આરતી તથા શયન આરતી નિજતિબારીમાં દેહરી નીચે ચોકમાં ઉભા રહીને કરવી.

શૃંગાર : આજે શ્રી...ને અભ્યંગ થાય.

શ્રીમસ્તક ઉપર કુલ્હે સોનેરી છાપાની, આભરણ હીરાના, બાજુ, પોંચી, કટિપેચ, નુપૂર, જેહર હીરાના ઈકહરા ધરાય. શ્રીકંઠનો શૃંગાર દુહેરો પ્રથમ પર્વવત્ થાય તેમજ શ્રીમસ્તકનો શૃંગાર પણ પ્રથમ પર્વવત્ થાય.

પલનાની સેવા થાય. પલનામાં આજ સુધી ગાદી બે તથા સાલુકી સુજની આવતી હતી. તે આજથી ગાદી એક તથા સાલુકી સુજની ને બદલે ગાદી એક છીંટની બિછાવવી. તેના ઉપર સફેદ ચીકની જગન્નાથીની દુહેરા ચાદર બિછાવવી. તેના ઉપર આજથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી સફેદ જમીનની તરેહ તરેહ ની છીંટની સુજની બિછાવવી. તેમાં આજે સુજની કાસીદાના ગુલાબના ફૂલના ભરત કામની અથવા ગુલાબના ફૂલના ચિત્ર કામની બિછાવવી. તેના ઉપર સફેદ દોરીયાની ચાદર બિછાવવી. બાલીસ્ત ગીરદાન ઉપર સફેદ દોરીયાની ચાદર બિછાવવી. બાલીસ્ત ગીરદાન ઉપર સફેદ દોરીયાની ટૂક ખોલી ચડાવવી. પલનામાં આજે સૂતરાઉ લાલ સોનેરી છાપાની દુલાઈ ઓઢાડવી, ચોરસો ઢાંકવો. ત્યારબાદ શય્યાની સેવા કરવી.

આજે શય્યા સોનાની આવે. શય્યા ઉપર પલંગપોસ સોનેરી જરીનો બિછાવવો. શય્યા ઉપર છીંટની સફેદ ગાદી હોય તથા સાલુકી સુજની (કિરમચી રંગના મલમલની ગોદડી) આવતી હતી તેમાંથી એક ગાદી તથા સાલુકી સુજની ઉઠાવી આજથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી ગાદી એક બિછાવવી. તેના ઉપર સફેદ ચીકણી જગન્નાથી ની દુહેરા ચાદર બિછાવવી. તેના ઉપર સફેદ જમીનની જાત જાતની છીંટની સુજની આજથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી બિછાવાય. તેમાં આજે સુજની કાસીદાના ગુલાબના ફૂલની ભરત કામની અથવા ગુલાબના ફૂલના ચિત્રના કામની બિછાવાય. તેના ઉપર સફેદ કોમળ દોરીયાની ચાદર બિછાવવી. ચારે બાજુથી વાળીને (મોડીને) કસના બંધાય. આજે સોનાના કસના બંધાય. બાલિસ્ત ગીરદાન ઉપર સફેદ દોરીયાના ટૂક ખોલી ચડાવી યથાસ્થાન રાખવા. આજથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી શય્યા ઉપર વસ્ત્રના મેળની છાપાની સૂતરાઉ રંગ રંગની ચુંદડીની, લહેરીયાની તથા ધનકની ચાદર ઓઢાડવી. ત્યારબાદ ચોરસો ઢાંકવો. જ્યારથી વાગા વડા થઈ જાય ત્યારથી ચાદર અડધી ઓઢાડવી.

રાજભોગ સામગ્રી :

આજે શ્રી...ને લીમડાના પ ાાની કટોરી તથા મિશ્રીની ડેલીની કટોરી બિરાજવાની ગાદીની જમણી તરફ ગાદીથી થોડે દૂર ચોકી ઉપર ધરાવાય.

અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મનોહરના લાડુ આવે તેમજ મીઠું શાક ખડબુજાનું આવે. સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના, પાપડ કચરિયાં આવે. દૂધઘરમાંથી અધોટાનો મલડો આવે.

આજે ગુલાબની ફૂલમંડલી આવે. આજથી લઈને હિંડોળા બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી ફૂલના ઝાડ આવે. આ ફૂલના ઝાડ શ્રી...ના પાટની આગળ બંને ખૂણા ઉપર આવે.

માલા અને ફૂલમંડલી થતા ફૂલ વધે તો આજથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલા સુધી નિજમંદિરના મોટા દ્વારની આગળ નિજતિબારીમાં દેહરી પાસે ફૂલના ઝાડ, તરેહવાળા બુટ્ટા, તોરણ અને બંગલા મંડાય.

સમય થયે રાજભોગ સરે. ઝારી, કુંજા, આબખોરા ભરી યથાસ્થાન પધરાવાય. વેત્ર બે ધરાય, એક હીરાનું તથા એક માણેકનું, ત્યારબાદ મોટી આરસી બતાવાય. આરતી મોતીની થાળીની સોનાના દિવડાની થાય. ન્યોછાવર થાય. આરતી થયા બાદ માલા વડી થાય.

(મંદિરક્રમમાં નવું પંચાગ વંચાય અને તે પંચાંગ શ્રી...ની જમણી તરફ બગલાઉ તકિયા પાસે રખાય) ત્યારબાદ પેંડો બિછાવી નિત્યવત્ અનોસર થાય.

ઉત્થાપન સામગ્રી : આજે આ ભોગમાં અધકીમાં બદામ મિશ્રીની ડેલી આવે.

ઉત્થાપન ભોગ આવ્યે શય્યાની સેવા કરવી. કસના ખોલી શય્યા ઉપર સુપેદી (ગાદી) એક અને તેના ઉપર સુજની બિછાવવી. તેના ઉપર સફેદ ચીકની જનન્નાથીની દુહેરા ચાદર બિછાવવી. તેના ઉપર કોમલ દોરીયાની ચાદર બિછાવવી કસના બાંધવા. આજથી લઈને અક્ષત તૃતીયાના એક દિવસ પહેલાં સુધી શય્યા ઉપર પ્રથમ સફેદ મહીન મલમલની ચાદર ઓઢાડવી. છાપાની, સૂતરાઉ રંગરંગની ચુંદડીની, લહેરીયાની તથા ધનકની ચાદર ચરણારવિંદ તરફના ભાગમાં આવે. જે દિવસે ઠંડી હોય તે દિવસે મહીન મલમલની ચાદર ઉપર બે પરતની ખોલી ચડાવી અને ધરવી. અને જે રંગના વસ્ત્ર હોય તે રંગની ચાદર ચરણારવિંદ તરફનાં ભાગમાં ધરીને રેશમી ચોરસો ઢાંકવો.

શયન ભોગ સામગ્રી : આજે શયનભોગમાં છડિયલ દાળ આવે.

ચૈત્ર સુદિ ૨-બીજ (વ્રજ : ચૈત્ર શુક્લ ૨)

વસ્ત્ર : પીળા છાપાના, ખૂલે બંધ ચાકદાર, મલ્લકાછ્છ શ્યામ, શ્રીસ્વામિનીજીના લહેંગા, ચોલી શ્યામ.

સાજ : પીળા છાપાનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા જડાઉ પન્નાના આભરણ પન્નાના, માલા બે અથવા ચાર ધરે.

ચૈત્ર સુદિ ૩-ત્રીજ (વ્રજ : ચૈત્ર શુક્લ ૩)

ગનગોર

વસ્ત્ર : લાલ ચોફૂલી ચુંદડીની, ખુલે બંધ ચાકદાર.

સાજ : લાલ રેશમી ચોફૂલી ચુંદડીનો રૂપેરી લેસવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઊપર છજ્જેદાર પાગ, આભરણહીરાના, માલા છ મૂંગાની, છઠી માલા ઉપર હાર એક હિરાનો, તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર માલા એક મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર વિના પદકની માલા એક મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર. પાગ ઉપર હીરાનો ત્રણ કલંગીનો સિરપેચ ધરે અને ચંદ્રિકા સાદા ધરે.

રાજભોગ સામગ્રી : આજે રાજભોગમાં ગણાની સામગ્રી આવે.

(ફિકા ગણા-અનસખડીમાં થાય વેસણના પાટા પાડી, તેને ગોળ વાળીને ઘી માં તળીને શ્રી...ને ધરાય. મીઠા ગણા-ઘઉંના લોટમાં ગોળ પધરાવીને ગોળ વણીને તે પછી તેને ગોળ વાળીને ઘી માં તળાય જે અનસખડીમાં થાય)

આજે શ્રી દ્વારકાનાથજી મહારાજશ્રી(કોટાવાળા)ના બેટીજી શ્રી ચીમની બેટીજી નો જન્મદિવસ હોઈ તેમની આડીનો ગુલાબના ફૂલની ફૂલમંડલીનો મનોરથ થાય. મનોરથની સામગ્રી બપોરના અનોસરમાં આવે. તેમાં બુંદીના લાડુ, સક્કરપારા, નિત્યના સંધાણાની કટોરી એક, લુણની કટોરી એક, આવે. આ થાળ અનોસરનાં અનસખડીના બંટાની પાસે એક બીજો પડઘો માંડી તેના ઉપર પધરાવવો.

આજે રાજભોગ આરતી થાળીની થાય.

અનોસરમાં દૂધઘરભોગમાં સફેદ ગુંજીયા, સફેદ બરફી, ગુલાબ કતલી, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા છ જાતના, લુણ, મરીની કટોરી એક એક આવે. આ થાળ અનોસરના અનસખડીના પડાઘા ની પાસે બીજો પડઘો માંડી તેના ઉપર પધરાવવો.

ચૈત્ર સુદિ ૪-ચોથ (વ્રજ : ચૈત્ર શુક્લ ૪)

વસ્ત્ર : પંચરંગી લહેરીયાના, વાગો ચાકદાર.

સાજ : પંચરંગી લહેરીયાનો રૂપેરી કિનારીનો.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલો બિચકો, તેના ઉપર સિરપેચ ધરે. આભરણ હીરાના, બાજુ, પોંચી, કટિપેચ, નુપૂર, જેહર બધું હીરાનું ધરે. માલા છ ધરે તેમાં પહેલી માલા મોતીની, બીજી માણેકની, ત્રીજી પન્નાની, ચોથી નીલમની, પાચમી લાલ મૂંગાની, છઠી પીરોજાની ધરે. તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર વિના પદકની માલા એક પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. કુંડલ ધરે. શ્રીમસ્તક ઉપર કતરા, ચંદ્રિકા ચમકના ધરે.

ચૈત્ર સુદિ ૫-પાચમ (વ્રજ : ચૈત્ર શુક્લ ૫)

આજે શ્રી...ના મંગલભોગમાં લુચઈ તથા ગુલાબના ફૂલના પત્તાનો બિલસારૂ ની સામગ્રી આવે.

વસ્ત્ર : ગુલાબી, કાછની એક રંગની

સાજ : ગુલાબી સૂતરાઉ

શૃંગાર : શ્રીમસ્તક ઊપર મુકુટ પીરોજાનો, આભરણ પીરોજાના, માલા છ પીરોજાની, તેના ઉપર હાર એક પીરોજાનો, તેના ઉપર માલા એક વિના પદકની પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે.

ચૈત્ર સુદિ ૬-છઠ (વ્રજ : ચૈત્ર શુક્લ ૬)

શ્રી ગુસાંઈજીના છઠા લાલજી શ્રીયદુનાથજીનો ઉત્સવ પ્રા. સં. ૧૬૧૫

પલ્લવની બંદનવાર નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય

વસ્ત્ર : કેસરી ભાતવાર, ખુલે બંદ ચાકદાર.

સાજ : કેસરી દોરીયાનો રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે, આભરણ માણેકના, માલા છ માણેકની, તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર ગુંજા ધરે.

પલના સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં ચંદ્રકળા, અનાનસનું મીઠું શાક અને ખીર આવે. સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, વડીની કઢી, ભુજેના, અધકીમાં શાક બે તેમાં એક અડદની વડીનો ઝોલ તથા બીજુ ખડબુજાનું મીઠું શાક, કચરિયા, પાપડ આવે. દૂધઘરમાંથી અધોટાનો મલડો આવે.

આજે બપોરે અનોસરમાં અધકીમાં ઝારાની ઝીણી સેવ આવે. તેની સાથે લુણની કટોરી આવે.

ઉત્થાપન સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

શયનભોગ સામગ્રી : છડિયલ દાળ આવે.

આજે રાત્રિના અનોસરમાં કઢેલાં દૂધનો ડબરો આવે.

ચૈત્ર સુદિ ૭-સાતમ (વ્રજ : ચૈત્ર શુક્લ ૭)

વસ્ત્ર : લાલ ગાજના, અથવા ધનકના ખુલે બંદ ઘેરદાર.

સાજ : લાલ ગાજનો, રૂપેરી કિનારીનો,

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ તારામંડલના, માલા ચાર તારા મંડલની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, કતરા ચમકના.

ચૈત્ર સુદિ ૮-આઠમ (વ્રજ : ચૈત્ર શુક્લ ૮)

સંવત ૧૯૭૮માં ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રી(પોરબંદર)એ કરેલો છપ્પન ભોગનો મનોરથ

વસ્ત્ર : લાલ જરીના, કાછની

સાજ : લાલ ગાજનો, છપ્પનભોગ વાળો, ભારી.

ઝારી, બંટા, ગેંદ, ચોગાન, ચોપટ સોનાના આવે

શૃંગાર : મુકુટકાછનીનો શૃંગાર, આભરણ હીરાના, મુકુટ હીરાનો, તેના ઉપર ગુંજા ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં બુંદી, મીઠું શાક, તેમજ છાશવડાં આવે. સખડીમાં મેવાભાત, પાટિયાની સેવ, તુવેરદાળ તેમજ પકોડીની કઢી આવે.

દૂધઘરમાંથી બાસુંદી, બરફી આવે.

ચૈત્ર સુદિ ૯-નોમ **(વ્રજ : ચૈત્ર શુક્લ ૯)**

રામનવમી

પલ્લવની બંદનવાર નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય

વસ્ત્ર : કેસરી ભાતીગલ જન્માષ્ટમીના રૂપેરી મોટી કિનારીના. વાગો ચાકદાર. સુથન, પટકા, લહેંગા, ચોલી જન્માષ્ટમીવાળા.

સાજ : કેસરી સૂતરાઉ રૂપેરી કિનારીના ધોરાનો. નિજમંદિરનાં ચંદરવા, ખેંચવાના પંખાની ખોલી, નિજમંદિરના દ્વારનો ટેરો કેસરી સૂતરાઉ ચડે.

ઝારી, કુંજા, આબખોરા તથા ગેંદ, ચોગાન સોનાના, ચોપટનો પટ લાલ મખમલ ઉપર કલાબતુના ભારે કામનો. સોગઠાં, પાસા જડાઉ આવે. શય્યા સોનાની આવે. પલંગપોસ કેસરી રૂપેરી કિનારીનો, સુજની સરૂના ચિત્રના કામની, શય્યાના કસના સોનાના, આરસી ચાંદીની મોટી આવે. પંચામૃતના વાસણ તૈયાર રાખવા. સફેદી ઉતરે નહિ. બંટા બદલાવવા.

શૃંગાર : **આજે અભ્યંગ થાય.** શ્રીમસ્તક ઉપર કુલ્હે જન્માષ્ટમીની , શૃંગાર બે જોડીનો હીરા અને માણેકનો જન્માષ્ટમીની દશમી મુજબ થાય. જોડ પાંચ ચંદ્રિકાના સાદા ધરાય.

પલના સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી તેમજ નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મેવાટી આવે. તેમજ મીઠું શાક કેરીનું, ખીર તેમજ છાશવડાં આવે. સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, તિનકૂડો, અધકીના શાક બે તેમાં એક અડદની વડીનો ઝોલ તથા બીજુ ભરમા બેંગનનું, ભુજેના, કચરિયાં, પાપડ આવે.

રાજભોગ આવ્યે પંચામૃતની તૈયારી વામન દ્વાદશી મુજબ કરવી **આજે વિશેષમાં શ્રી...ને તિલક થાય.** (વામન દ્વાદશીમાં ફકત શાલીગ્રામજી નેજ તિલક થાય) તેથી બીડા તૈયાર રાખવા. બીડાની કિનારી ઉપર કુમકુમની લકીર કરી રાખવી.

સમય થયે રાજભોગ સરે. આચમન મુખવસ્ત્ર થાય, બીડી અરોગે. માલા ધરાય. સિંહાસન ઉપર સરૂના ભાતની ફૂલમંડલી આવે. જો ફૂલમંડલી તૈયાર થતા વાર લાગે એમ હોય તો ભોગ સરે. ઝારી, કુંજા, આબખોરા ભરી પછી સિંહાસન આગળ સૂકી હળદરનું અષ્ટદલ કમલ માંડી તેમાં પંચામૃતનો થાળ પધરાવવો. તે થાળની અંદર ચાંદીનો ગોળ પીઢાં માંડી, તેના ઉપર ભીના કુમકુમ નું અષ્ટદલ કમલ કરી તેના ઉપર લાલ દરિયાઈનું પીતાંબર ચોવડ કરી બિછાવવું. પંચામૃતનો સાજ તૈયાર રાખ્યો હોય તે લાવીને ધરવો. ઝાલર, ઘંટા, શંખનાદ, થાય. શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, આજ્ઞા માંગી, શ્રી શાલીગ્રામજીના ખંડમાંથી ગોળ છોટા શાલીગ્રામજીને સ્નાનના પીઢા ઉપર પધરાવી, દંડવત્ કરી, શ્રી શાલીગ્રામજીને તિલક કરી અક્ષત ચોડવા. ગદ્યમંત્ર બોલી તુલસીદલ સમર્પવા. પંચામૃતની બધી સામગ્રીમાં તુલસીના પત્તા પંચાક્ષર મંત્ર બોલી પધરાવવા. પછી અક્ષત હાથમાં લઈને સંકલ્પ કરવો. ત્યારબાદ શ્રીશાલીગ્રામજી ઉપરથી અક્ષત વડા કરી, શ્રી...ની આજ્ઞા માંગી, શંખ હાથમાં લઈ

પ્રથમ દૂધથી, પછી દહીંથી, ઘીથી, બૂરાથી, મધથી, દૂધથી અને ત્યારબાદ બે શંખ ભરી શીતલ જલથી સ્નાન કરાવી શ્રી શાલીગ્રામજીને હાથમાં પધરાવી બૂરાથી મસળી શીતલ જલથી સ્નાન કરાવવું. ચીકાશ ન રહે તે જોવું. પછી કેસરી ચંદનથી સ્નાન કરાવી, શીતલ જલથી શુધ્ધ સ્નાન કરાવી, અંગવસ્ત્ર કરાવી, શ્રી મદનમોહનલાલજીને બિરાજવાની ગાદીના આગળના ભાગમાં શ્રી શાલીગ્રામજીને પધરાવવા. તેમને પીતાંબર ઓઢાડી ફૂલની માલા ધરાવવી.

આજે શ્રી...ને તિલક થાય. કુમકુમની તબકડી હાથમાં લઈ પ્રથમ શ્રી...ને (શ્રી મદનમોહનલાલજીને) તિલક અક્ષત કરવા. શ્રીસ્વામિનીજીને ટીકી અક્ષત કરી બે બે બીડા સિંહાસન ઉપર બગલાઉ તકિયાની પાસે ડાબી અને જમણી તરફ ધરવા. શ્રીશાલીગ્રામજીને પંચામૃત થયું હોય તે શાલીગ્રામજીને તિલક અક્ષત કરવા. શ્રી...તથા શ્રી શાલીગ્રામજીને સગઘ પંચાક્ષર મંત્રથી તુલસીદલ સમર્પવા. પછી પંચામૃતનો સાજ ઉઠાવી મંદિરવસ્ત્ર કરવું. પછી શ્રી...ના સિંહાસન ઉપર કાષ્ઠની ગુજરી માંડી તેના ઉપર શીતલ ભોગની હાંડી પધરાવી, તેમાં તેરની તેરાવવી. પછી સિંહાસન આગળ એક પડઘો સખડીભોગનાં દહીં ભાત ધરવા માટે માંડવો. જો મેષ સંક્રાન્તિ થઈ ગઈ હોય તો એક બીજો પડઘો સિંહાસન આગળ ધોળ્યો સતુવા ધરવા માટે માંડવો. એક ચોકી શ્રી...ના સિંહાસનની ડાબી બાજુ અનસખડીભોગ ધરવા માટે માંડવી અને જમણી બાજુ મોટી ચોકી એક દૂધઘર ભોગ ધરવા માટે માંડવી. મોટી ચોકી એક શ્રી...ના સિંહાસન ની આગળ અનસખડી ભોગ ધરવાની ચોકી માંડી હોય તેની પાછળ ની બાજુ ફલાહાર ભોગ ધરવા માટે માંડવી. બધી ચોકી ઉપર લીલી પાતળ બિછાવી ભોગ ધરવો.

દૂધઘર ભોગ : (દૂધઘર સામગ્રી) :

આ ભોગ ચાંદીના એક મોટા થાળમાં સાજીને આવે. તેમાં કેસરી બરફી, સફેદ પેંડા, અઘોટાનો મલડો, અનાનસનું બિલસારૂં, પગે મેવા બે જાતના, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા આઠ જાતના, ૠતુ અનુસાર બધી જાતનો લીલો મેવો, તેની સાથે બૂરા, લુણ, મરીની નાની નાની એક એક કટોરી આવે.

અનસખડી તથા ફલાહાર ભોગ સામગ્રી :

બાલભોગમાંથી અનસખડી તથા ફલાહાર ભોગ પધરાવવો. પ્રથમ એક થાળમાં અનસખડી સામગ્રી સાજવી. તેમાં સક્કરપારા, છુટી બુંદી, મીઠું શાક, તથા નિત્યના કેરી વગેરે સંધાણાની કટોરી એક આવે. આ થાળ અનસખડીભોગ ધરવાની ચોકી માંડી રાખી હોય તેના ઉપર પધરાવવો.

ફલાહાર ભોગ એક મોટા થાળમાં સજાઈને આવે. તેમાં શીરો, પૂરી, સેવ, ખીર, કઢી, કુટીના લોટના ભુજેના, સૂકા ભુજેના, પાકા કેળાનું રાયતુ, આલુનું સૂકું શાક, આલુનું રસાદાર શાક, લુણ, મરીની કટોરી એક એક આવે. આ થાળ ફલાહાર ભોગ ધરવાની ચોકી માંડી રાખી હોય તેના ઉપર પધરાવવો.

સખડી સામગ્રી : સખડીમાં દહીંભાતનો ડબરો, તેની સાથે નિત્યના કેરી વગેરે સંધાણાની કટોરી એક આવે. જો મેષ સંક્રાન્તિ થઈ ગઈ હોય તો ધોળ્યો સતુવાની ડબરી એક પડઘા ઉપર પધરાવવી.

પછી હાથ ખાસા કરી, પોંછી, દૂધઘર, અનસખડી તેમજ ફલાહાર ની સામગ્રીમાં ચમચા, કટોરી, પધરાવવા. ત્યારબાદ તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે.

સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. ઉત્સવ ભોગ સર્યાના બીડા ધરાય. બધી ચોકી ઉઠાવી, જલથી બે વખત ખાસા કરી, મંદિર વસ્ત્ર કરવું. ખંડ, પાટ, ચોકી નિત્યવત્ માંડી, ગેંદ, ચોગાન ઠાડા કરી, ત્રસ્ટી માંડી સિંહાસનની અનોસરની ઝારી, કુંજા તથા આબખોરા ભરવા. વેણુ, વેત્ર, ધરાવવા. વેત્ર બે ધરવા, એક હીરાનું અને એક માણેકનું. નાની આરસી બતાવી, મોટી આરસી બતાવવી. ત્યારબાદ રાજભોગ આરતી મોતીની થાળીની સોનાના દિવડાની (શ્રીરૂક્ષમણી વહુજી ના શ્રીહસ્તની બાવન સાથીયાની) કરવી. હાથ ખાસા કરી, મોટી આરસી બતાવી નાની આરસી બતાવવી, વેણુ વેત્ર વડા કરી શ્રી...ની માલા વડી કરવી. શ્રીશાલીગ્રામજીને પંચામૃત સ્નાન થયા હોય તેમને શ્રી...ના સિંહાસન પરથી પીતાંબર, માલા સહિત તેમને ખંડમાં યથાસ્થાન પધરાવવા. પીતાંબર, માલા ઉત્થાપન સમયે વડા થાય. નિત્યવત્ પેંડો બિછાવી અનોસર કરવા.

ઉત્થાપન સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી તથા ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

ઉત્થાપન બાદ શૃંગાર વડા થાય ત્યારે વાગા પણ વડા થાય. ઉપરણો ધરે અને વિશેષ ગરમી હોય તો આડબંધ ધરે.

શયનભોગ સામગ્રી : છડિયલ દાળ અને કઢીને બદલે વડાંની છાશ આવે.

ચૈત્ર સુદિ ૧૦-દશમ (વ્રજ : ચૈત્ર શુક્લ ૧૦)

વસ્ત્ર : રામનવમી મુજબ, વાગા ચાકદાર

સાજ : સાજ રામનવમી મુજબ રહે.

શય્યાના કસના, સુજની, ચોપટ, ગેંદ, ચોગાન બધું રામનવમી મુજબ રહે

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે, આભરણ હીરાના શૃંગાર ઈકહરો થાય. જોડ પાંચ ચંદ્રિકાની સાદી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં બુંદીના લાડુ આવે. સખડીમાં છડિયલ દાળ, પકોડીની કઢી આવે.

આજથી લઈને જન્માષ્ટમી સુધી દહીંભાતમાં આદુના મગીયા ન આવે, તેના બદલે જ્યારથી કાચી કેરી આવવા લાગે ત્યારથી કાચી કેરીના મગીયા આવે.

ચૈત્ર સુદિ ૧૧-એકાદશી (વ્રજ : ચૈત્ર શુક્લ ૧૧)

વસ્ત્ર : કસુંબલ (લાલ) વાગો ઘેરદાર.

સાજ : રામલીલાના ચિત્રનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી ઝાલરની, આભરણ પન્નાના, માલા બે પન્નાની, કર્ણફૂલ બે ધરે.

આજથી લઈને જન્માષ્ટમી સુધી કંદના શાક, ભુજેના અરોગે નહિ, ફલાહારમાં આવે.

અનસખડીમાં કારતક સુદિ ૧૩-તેરસથી નિત્ય કચરિયાં તથા ગટ્ટા આવે તે આજથી બંધ થાય.

સખડીમાં કારતક સુદિ ૧ ૩-તેરસથી નિત્ય પાપડ, કચરિયાં, તિલવડી, ઢેબરી, તથા મિરચફલ આવતા હતાં તે આજથી બંધ થાય અને આજ પછી જ્યાંજ્યાં ઉત્સવમાં કચરિયાં,પાપડ લખ્યાં હોય ત્યાંજ આવે.

ગરમી વધારે પડે તો આજથી વાગા ધરાય નહિ પરંતુ પિછોરા ધરવા. જો ગરમી ઓછી હોય તો વાગા ધરવા.

ચૈત્ર સુદિ ૧૨-બારસ (વ્રજ : ચૈત્ર શુક્લ ૧૨)

સખડીનો શયનભોગ

વસ્ત્ર : પીળા, કોમલ ફૂલદાર ગાજના, વાગા, ખુલે બંધ ચાકદાર.

સાજ : પીળી ગાજનો રૂપેરી લેસવાળો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સેહરા માણેકના, આભરણ માણેકના, માલા છ, તેના ઉપર હાર એક, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર ગુંજા ધરે. કુંડલ ધરે.

શયનભોગ સામગ્રી : આજે શયનભોગમાં ગુલાબના ફૂલની પત્તીનું બિલસારૂ તથા દૂધની રોટી અરોગે. તેમાં સખડીમાં એક ચાંદીના થાળમાં રોટી નંગ ૧૨ તથા ગુલાબની પત્તીનું બિલસારૂ નો ડબરો એક આવે. તેમજ બાસોંદી ભાત, મગની દાળને બદલે તુવેરની દાળ, વડીની કઢી, અડભંગા, નિત્યનું મિરચનું શાક દૂધીનું, એક શાક બેંગન અને વડીની મિલોનીનું, પાકા કેળાના ભુજેના, બેંગન ભરતા તથા પાપડ આવે.

ઉપર-દર્શાવેલ સખડીનો શયન ભોગ સાજવાનો ક્રમ માગસર વદિ ૧૨-બારસ માં લખ્યા મુજબ સાજવો.

ચૈત્ર સુદિ ૧૩-તેરસ (વ્રજ : ચૈત્ર શુક્લ ૧૩)

વસ્ત્ર : શ્યામ કોમલ ફૂલદાર ગાજના, વાગા ખુલે બંદ ચાકદાર. સુથન હરી ગાજનું.

સાજ : શ્યામ ગાજનો રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કિરીટ, આભરણ પીળા પોખરાજના, માલા છ પીળા પોખરાજની, તેના ઉપર હાર એક પીળા પોખરાજનો, તેના ઉપર માલા એક વિના પદકની પીળા પોખરાજની, તેના ઉપર ગુંજા ધરે.

ચૈત્ર સુદિ ૧૪-ચૌદશ (વ્રજ : ચૈત્ર શુક્લ ૧૪)

વસ્ત્ર : હબાસી(કથ્થાઇ પણ નહિ અને બ્લ્યુ પણ નહિ તેવો), ખુલેબંદ ઘેરદાર

સાજ : હબાસી સૂતરાઉ રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ લસનીયાના, માલા ચાર મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીનટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજી કુંજાની ટોપી ધરે.

ચૈત્ર સુદિ ૧૫-પૂનમ (વ્રજ : ચૈત્ર શુક્લ ૧૫)

વસ્ત્ર : લાલ ચોફુલી ચુંદડીના, કાછની દુરંગી-ઉપરની શ્યામ ચુંદડીની નીચેની લાલ ચોફુલી ચુંદડીની

સાજ : રાસના ચિત્રનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ હીરાનો, આભરણ હીરાના, માલા છ મોટા મોતીની ઉત્સવની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની પન્નાની, તેના ઉપર બીજો હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની પન્નાની, તેના ઉપર ગુંજા ધરે.

ચૈત્ર વદિ ૧-એકમ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૧)

વસ્ત્ર : ગુલાબી ગાજના, વાગા ખુલેબંદ ચાકદાર

સાજ : ગુલાબી ગાજનો રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે પગા, આભરણ પીરોજાના, માલ છ પીરોજાની, તેના ઉપર હાર એક પીરોજાનો, તેના ઉપર માલા એક વિના પદકની પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે. ત્રવલ એક નીલમની ધરે,કુંડલ ધરે. મોરશીખા ચમકની ધરે.

ચૈત્ર વદિ ૨-બીજ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૨)

આજે શ્રીમહાપ્રભુજીના ઉત્સવની વધાઈ બેસે

વસ્ત્ર : ધનુષ્યના લહેરીયાના, ખુલે બંદ ચાકદાર.

સાજ : બગીચાના ચિત્રનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ,તેના ઉપર સેહરો નવરત્ન નો અથવા હીરાનો, માલા છ મોતીની, તેના ઉપર હાર એક, તેના ઉપર વિના પદકની માલા એક મોતીની, તેના ઉપર ગુંજા ધરે. લુમતુર્રા રૂપેરી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં સેવના લાડુ આવે. સખડીમાં નિત્યની દાળ તુવેરની આવે.

ચૈત્ર વદિ ૩-ત્રીજ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૩)

વસ્ત્ર : સોસની, ખૂલે બંદ ઘેરદાર

સાજ : સોસની સૂતરાઉ રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુંગાના મુકુટની ટોપી, તેના ઉપર તુર્રા ત્રણ રૂપેરી ધરે. આભરણ મુંગાના, માલા ચાર મુંગાની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી ધરે.

ચૈત્ર વદિ ૪-ચોથ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૪)

આજે શ્રી મહાપ્રભુજીના ઉત્સવના શૃંગાર થાય

વસ્ત્ર : કેસરી, ખુલેબંદ ચાકદાર

સાજ : કેસરી દોરીયાનો રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે, આભરણ માણેકના, માલા છ માણેકની, તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર ગુંજા ધરે. જોડ પાંચ ચંદ્રિકાની સાદી ધરે.

ચૈત્ર વદિ ૫-પાચમ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૫)

વસ્ત્ર : સુવા પંખી, વાગો ખુલેબંદ ઘેરદાર

સાજ : સુવા પંખી રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ માણેકના, માલા ચાર માણેકની, તેના ઉપર ગુંજા ધરે. પાગ ઉપર સોનેરી સૂરજમુખી ધરે શ્રીનટવરલાલજી અને શ્રીબાલકૃષ્ણલાલજી ટોપી ધરે.

રાજભોગ આવ્યે શ્રીમહાપ્રભુજીના ઉત્સવના વસ્ત્ર માટે સફેદ સરબતી મલમલ મંગાવી કેસરથી રંગવી.

ચૈત્ર વદિ ૬-છઠ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૬)

વસ્ત્ર : લાલ ગાજના, વાગા ખુલેબંદ ચાકદાર

સાજ : લાલ ગાજનો, સૂતરાઉ રૂપેરી કિનારીનો

શૃંગાર : મલ્લકાછ્છ સુવાપંખી, શ્રીમસ્તક ઉપર ટિપારા વસ્ત્રના સુવાપંખી, આભરણ હીરાના, માલા ચાર મોતીની, તેના ઉપર ગુંજા ધરે. ટિપારા ઉપર કલંગીનો સિરપેચ ધરે. કતરા, ચંદ્રિકા સાદી ધરે.

ચૈત્ર વદિ ૭-સાતમ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૭)

વસ્ત્ર : ગુલાબી સાદા ગાજના, ખુલેબંદ ઘેરદાર.

સાજ: ગુલાબી સૂતરાઉ રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોટી પાગ, તેમાં ગોટી પીરોજી શ્યામ, આભરણ પીરોજાના, માલા ચાર પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર ફરહરાતી ચંદ્રિકા સાદી ધરે.

ચૈત્ર વદિ ૮-આઠમ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૮)

વસ્ત્ર : સફેદ ફૂલદાર ગાજના, વાગા ખુલે બંદ ચાકદાર

સાજ : સફેદ સોનેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દૂમાલો એક તરફી, આભરણ નીલમના, માલા છ નીલમની, તેના ઉપર ગુંજા ધરે. કુંડલ ધરે, કતરા, ચંદ્રિકા સોનેરી લાલ ડાકના જમાવના ધરે.

ચૈત્ર સુદ અથવા ચૈત્ર વદ (વ્રજ ચૈત્ર શુક્લ અથવા વૈશાખ કૃષ્ણ)માં મેષ સંક્રાન્તિ (સતુવા સંક્રાન્તિ) હોય તે દિવસનો ક્રમ નીચે દર્શાવ્યા મુજબ આવે.

વસ્ત્ર : ગુલાબી, ખુલે બંદ ઘેરદાર

સાજ : ગુલાબી

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ હીરાના, માલા ચાર મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે.

ઉપર જે મેષ સંક્રાન્તિ નો શૃંગાર દર્શાવેલ છે તે શૃંગાર જે મીતિમાં મેષ સંક્રાન્તિ હોય તે દિવસે થાય. બીજી મીતિમાં આ શૃંગાર થાય નહી. જો તે દિવસે કોઈ ઉત્સવ હોય તો મેષ સંક્રાન્તિનો શૃંગાર થાય નહી. ઉત્સવનો શૃંગાર થાય અને મેષ સંક્રાન્તિનો શૃંગાર બીજા દિવસે થાય.

સતુવા નો ભોગ મંગલભોગમાં, ગોપીવલ્લભ ભોગમાં, રાજભોગમાં ઉત્થાપનભોગમાં, સંધ્યાભોગમાં તથા શયનભોગમાં જ્યારે પુણ્યકાલ હોય તેસમયે ભોગ આવે.

સતુવાના નંગ છત્રીસ આવે તે સાજવાની વિગત :

શ્રી મદનમોહનલાલજીના થાળમાં સતુવાના નંગ વીસ, મીઠા શાકની ડબરી, કેરી વગેરે સંધાણાની કટોરી એક આવે. શ્રીનટવરલાલજી, શ્રીબાલકૃષ્ણલાલજીનાં બંને થાળમાં સતુવાના નંગ આઠ આઠ અને મીઠા શાકની કટોરી એક એક આવે, તેની સાથે કેરી વગેરે સંધાણાની કટોરી એક એક આવે.

દૂધઘરમાંથી સતુવા ભોગની સાથે પગે મેવા બે, તળેલા મેવા બે તેમજ સૂકા મેવા ચાર જાતના આવે.

મંગલભોગમાં, ઉત્થાપન ભોગમાં તથા સંધ્યાભોગમાં જો સતુવા અરોગે તો ઉપર લખ્યા મુજબ ભોગ ત્રણ જુદા આવે. અને જો ગોપીવલ્લભ ભોગમાં અથવા શયનભોગમાં સતુવા અરોગે તો ભોગ બે આવે અને રાજભોગમાં સતુવા અરોગે તો સતુવા ભોગ બધા સ્વરૂપને સાથે આવે.

મંગલભોગમાં સતુવા ભોગ આવે તેની વિગત :

મંગલભોગની ચોકી પાસે બીજી એક ચોકી માંડી તેના ઉપર સતુવા ભોગનો થાળ પધરાવી, તે ભોગ સાથે દૂધઘર ભોગ ધરવો. તે દૂધઘર ભોગ ધરવા માટે ચોકી એક બીજી વચ્ચે માંડી તેના ઉપર દૂધઘર ભોગ સાજવો. તુલસી, શંખોદક, ધૂપ, દીપ કરવા. **તુલસીના પત્તા, પોંછી, કોરા કરીને સતુવામાં સમર્પવા. શંખોદક એવી રીતે કરવો કે જેથી જલના છાંટા સતુવા ઉપર પડે નહિ.**

(ગોપીવલ્લભભોગમાં સતુવા ભોગ આવે તે મંદિરક્રમમાં હોઈ અહિં દર્શાવેલ નથી)

રાજભોગમાં સતુવા ભોગ આવે તેની વિગત :

રાજભોગમાં સતુવા ભોગ આવે (મંદિરક્રમમાં બધા સ્વરૂપોને સાથે આવે) તે રાજભોગ વાળા ભોગ મંદિરમાં અનસખડીની ચોકીની પાસે એક ચોકી કાષ્ઠની માંડી તેના ઉપર સતુવાના નંગ છત્રીસનો થાળ પધરાવવો. તેની સાથે મીઠા શાકનો કટોરો એક, કેરી વગેરે સંધાણાની મોટી કટોરી એક, તથા તે ચોકીની પાસે કાષ્ઠની બીજી એક ચોકી માંડી તેના ઉપર સતુવાની સાથે દુધઘર ભોગ પધરાવવો.

ઉત્થાપનમાં સતુવા ભોગ આવે તેની વિગત :

ઉત્થાપનમાં સતુવા ભોગ આવે તે ઉત્થાપન બાદ (ઉત્થાપનના દર્શન થાય બાદ) સિંહાસન પાસે ખંડ, પાટ, ચોકી સરકાવી સિંહાસનની આગળ એક ચોકી નિત્યનો ઉત્થાપનનો દૂધઘર ભોગ ધરવા માટે માંડવી. એક ચોકી સિંહાસનની આગળ નિત્યનો ફિકા તથા સતુવા ભોગ ધરવા માટે માંડવી અને ચોકી એક સતુવાની સાથે દૂધઘરભોગ ધરવા માટે ઉત્થાપન ભોગની ચોકીની વચ્ચે માંડવી. પ્રથમ નિત્યનો દૂધઘરનો ઉત્થાપન ભોગ તથા સતુવા સાથેનો દૂધઘરનો ભોગ ધરવા માટે ચોકી માંડી રાખી હોય તેના ઉપર પધરાવવો. નિત્યના ઉત્થાપન ભોગના ફિકાની થાળી એક તથા સતુવાના નંગની થાળી એક શ્રી...ના સિંહાસન પાસે ચોકી માંડી રાખી હોય તેના ઉપર પધરાવવી. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય.

(સંધ્યાભોગમાં સતુવા ભોગ ધરવાનો ક્રમ મંદિરક્રમમાં આવતો હોવાથી અહિં દર્શાવેલ નથી)

શયનભોગમાં સતુવા ભોગ આવે તેની વિગત :

શયનભોગમાં સતુવા ભોગની થાળી એક (શ્રી મદનમોહનલાલજી ને વીસ નંગ તથા શ્રીનટવરલાલજી અને શ્રીબાલકૃષ્ણલાલજી બંનેને સાથે સોળ નંગ) ભોગ મંદિરમાં શ્રી...ને બિરાજવાની ચોકીની જમણી બાજુ ચોકી એક કાષ્ઠની માંડી તેના ઉપર પધરાવવો. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય.

જો સતુવા ભોગ મંગલભોગમાં, ગોપીવલ્લભભોગમાં અથવા રાજભોગમાં આવે તો ધોળ્યો સતુવા તે જ દિવસે રાજભોગમાં આવે. અને જો સતુવા ભોગ ઉત્થાપન ભોગમાં, સંધ્યાભોગમાં અથવા શયનભોગમાં આવેતો ધોળ્યો સતુવા બીજા દિવસે રાજભોગમાં અરોગે.

(ધોળ્યો સતુવા : આ સામગ્રી સખડીની મેંડમાં થાય છે. ગુલાબજલ, બરાસ તેમ જ એલચી પધરાવીને સિધ્ધ કરવામાં આવે છે.)

ચૈત્ર વદિ ૯-નોમ

(વ્રજ : વૈશાખ કૃષ્ણ ૯)

વસ્ત્ર : ગુલેનાર (દાડમ જેવા રંગના) ફૂલદાર ગાજના, વાગા ખુલે બંદ, ચાકદાર, ધોતી કેસરી.

સાજ : લાલ ગાજનો રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કેસરી ગ્વાલ પગા, આભરણ પન્નાના, માલા ચાર પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી ધરે. ગ્વાલપગા ઉપર સૂરજમુખી સોનેરી ધરે.

ચૈત્ર વદિ ૧૦-દશમ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : કસુંબલ, વાગા ખુલે બંદ ઘેરદાર

સાજ : કસુંબલ સૂતરાઉ રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ પીળા પોખરાજના, માલા બે પીળા પોખરાજની,કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર ચંદ્રિકા સાદા નાના ધરે.

ચૈત્ર વદિ ૧૧-એકાદશી (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૧૧)

આચાર્ય શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીનો ઉત્સવ સંવત ૧૫૩૫

આજે આસોપાલવના તોરણ બંધાય. દેહરી, થાપા જન્માષ્ટમીમાં દર્શાવ્યા મુજબ થાય.

વસ્ત્ર : કેસરી સરબતી મલમલના રૂપેરી કિનારીના, વાગો ચાકદાર

સાજ : કેસરી સૂતરાઉ રૂપેરી કિનારીનો ધોરાનો રામનવમીવાળો બંધાય.

ખેંચવાના પંખાની ખોલી તથા નિજમંદિરના મોટા દ્વારનો ટેરો કેસરી સૂતરાઉ રૂપેરી કિનારીનો ધોરાનો ચડે. નિજમંદિરના ચંદરવા તથા મુંઢાજીની ખોલી સફેદ સાટીનના સીંધના કાસીદાના ભરતકામની ચડે.

પીઠકના તથા બગલના તકિયા, ખંડના લાંબા પેંડા, પાટ તથા ચરણચોકીની ગાદી ઉપર ભાગીતલ અડધી સફેદી ચડે. અર્થાત્ બગલના તથા પીઠકના તકિયાની આગળના મોહરા તેમજ ખંડ, પાટ તથા ચરણચોકીની ગાદીની આગળની પટ્ટી દેખાતી રહે એ પ્રકારે સફેદી ચડાવવી તેને અડધી સફેદી કહેવામાં આવે છે.

સમય થયે શ્રી...જાગે, મંગલભોગ આવે. સમય થયે ભોગ સરે. મંગલા આરતી મોતીની થાળીની સોનાના દિવડાની થાય. આજે આખો દિવસ આરતી થાળીની થાય.

અભ્યંગની તૈયારી જન્માષ્ટમી મુજબ કરવી. ઉબટણા સહિત શ્રી...ને અભ્યંગ થાય અને કમલપત્ર થાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે કેસરી જન્માષ્ટમીની. શૃંગાર બે જોડીનો તેમાં મુખ્ય જોડી માણેકની, બીજી હીરાની, શૃંગાર જન્માષ્ટમીની દશમી મુજબ થાય. જોડ પાંચ ચંદ્રિકાની સાદી ધરે. ચોસની સોનાની તથા મોતીની, કમલ મોતીનું, ગુલાબની કલી ગુલાબી મીનાની ધરે.

(મંદિરક્રમમાં આજે શ્રી...ને શૃંગાર થયા બાદ શ્રીમહાપ્રભુજીને તિલક, દૂધથી સ્નાન તથા ઉબટણા સહિત અભ્યંગ શ્રીગિરિધરજીના ઉત્સવમાં લખ્યા પ્રમાણે થાય. ત્યારપછી ચોવા, અત્તર, ફૂલેલ આ ત્રણેને મેળવીને સમર્પે. ગુંજા, આભરણ ધરાવી કેસરી મલમલની મોટી કિનારીની ઝાલરવાળી ઓઢણી ઓઢાડવી.)

પલના : પલનાની તૈયારી નિજતિબારીમાં કરવી. પલનામાં પિછવાઈ નંદમહોત્સવની બંધાય. પલનાની નીચે આસન બિછાવાય. સફેદ સાટીનની ઉપર કાસીદાના કામની સુજની બિછાવવી. બંટો ભાગીતલ બદલાવી, કેસરી ચાદર ઘડી કરીને પાંગત તરફ રાખવો. ચાંદીના નાના, મોટા ખિલોના, અધકીના કાષ્ઠના ખિલોના, કાચના, હાથીદાંત વિગેરેનાં ખિલોના તબકડીમાં આવે. તે પલના પાસે શોભાયમાન લાગે તે રીતે યથાક્રમ ગોઠવવા.

પલના સામગ્રી :

દૂધઘર સામગ્રી : બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી, માખણ, મિશ્રી. બરફી, ગુલાબકતલી તથા ઋતુ અનુસાર બધી જાતનો લીલો મેવો સાથે બૂરા, લુણ, મરીની કટોરી એક એક આવે. શ્રી...ની ડાબી તરફ એક પડઘા ઉપર આ થાળી ધરી તેના ઉપર ઉત્સવનો રેશમી ચોરસો ઢાંકવો.

અનસખડી સામગ્રી : આ સામગ્રી એક થાળમાં સાજીને આવે. તેમાં દહીંના સેવના લાડુ, મેંદા પૂરી, કેરીના મુરબ્બાની કટોરી, વેસણના ખિલોના, ફિકી કચોરી નંગ બે, ફિકા ગુંજીયા નંગ બે, ઝારાની ઝીણી સેવ તેમજ લુણ, મરીની કટોરી એક એક આવે.

આ થાળ શ્રી...ના પલનાની જમણી તરફ કાષ્ટની ચોકી ઉપર પધરાવવો.

મુરબ્બાની કટોરીમાં એક ચમચો પધરાવી, તેના ઉપર લીલી પાતળ ઢાંકી ઉત્સવનો રેશમી ચોરસો ઢાંકવો.

આજે ઝારી શ્રીયમુનાજલની ભરાય. પલનાની ઝારી પલના પાસે એક પડઘા ઉપર પધરાવવી. બીજી ઝારી રાજભોગ વાળા ભોગ મંદિરમાં યથાસ્થાન પધરાવવી.

શ્રી...ને પલનાની માલા ધરાવવી. શ્રી...પલના ઝૂલે. પલના આરતી, ન્યોછાવર થાય. પલનાની ઝારી રાજભોગવાળા ભોગ મંદિરમાં યથાસ્થાન પધરાવવી.

રાજભોગ સામગ્રી :

અનસખડી સામગ્રી : ઉત્સવની સામગ્રીમાં જલેબી, છુટી બુંદી, દહીંના લાડુ, ચંદ્રકલા, શિખરન વડી, નિત્યની ચોખાની ખીર, અધકીમાં સંજાબની ખીર, મેંદા પૂરી, ફિકી કચોરી, ફિકા ગુંજીયા, ઝારાની ઝીણી સેવ, છાશવડાં નિત્યનું રાયતુ બુંદીનું, અધકીનું રાયતુ કોળાનું, નિત્યના ભુજેના દૂધીના, અધકીમાં ભુજેના એક, સૂકા ભૂજેના બે, ફડફડીયા બે જાતના, કચરિયાં બે જાતની, તિલવડી, ઢેબરી, અધકીના શાક બે તથા બેંગન ભરતા આવે.

સખડી સામગ્રી : તેમાં પાટિયાની સેવ, પાંચ ભાત તેમાં મેવા ભાત, શિખરન ભાત, દહીંભાત, ખાટોભાત અને વડીભાત. જો સતુવા સંક્રન્તિ થઈ ગઈ હોય તો ધોળ્યો સતુવા આવે. છડિયલ દાળ, તિનકૂડો, નિત્યથી અધકીના શાક ચાર તેમાં એક અડદની વડીનો ઝોલ, બીજુ ભરમા બેંગન, ત્રીજુ ચોરાઈની ભાજી તથા અડદની વડીની મિલોનીનું, ચોથુ ચંદની શાક. નિત્યના ભુજેના ચાર, કઠોળ બે, કચરિયાં ચાર, પાપડ, તિલવડી, ઢેબરી તથા મિરચફલ આવે.

દૂધઘર સામગ્રી : તેમાં કેસરી બરફી, પેંડા, કેસરી ગુંજીયા, સફેદ મેવાટી, સફેદ ઠોર, કેસરી બાસુંદી, અધોટાનો મલડો, મલાઈ, માખણ, મિશ્રી, દૂધપૂરી, શ્રીખંડ, મીઠું દહીં, વઘારેલું દહીં આવે. ખાંડઘરની સામગ્રીમાં ગુલાબકતલી, રસખોરા, ખડબુજાના બીની કતલી, ચારોલીની કતલી, કાચી કેરીનું બિલસારૂ, ખડબુજાનો પણો, મિશ્રીનો પણો, સાબોની, ગજક, રેવડી, તિનગીની, પોના પટ્ટી, પગે મેવા બે જાતના, તળેલા મેવા છ જાતના, સૂકા મેવા આઠ જાતના, ઉત્સવના સંધાણા બે જાતના ખારેક તથા પીપરના, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા આવે. જો આંબા આવતા હોય તો અવશ્ય ધરવા. લીલા મેવા સાથે બુરાનો કટોરો એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

(મંદિરક્રમમાં શ્રી મહાપ્રભુજીને અલગ ભોગ આવે છે, તેમજ રાજભોગ બાદ તિલક, ભેટ, ન્યોછાવરનો ક્રમ છે જે અત્રે દર્શાવેલ નથી.)

શ્રી...નો થાળ રાજભોગમાં છડિયલ દાળથી સાનવો. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય.

સમય થયે રાજભોગ સરે, આચમન મુખવસ્ત્ર થાય. શ્રી...નિજમંદિરમાં પધારે બીડી અરોગે, માલા ધરે. ફૂલમંડલી પધરાવી ખંડ, પાટ, ચોકી લગાવી, ગેંદ, ચોગાન સોનાના, ઠાંડા કરવા. ખંડ ઉપર નાની સોનાની આરસી રાખવી સિંહાસનની ઝારી ભરવી. નિજમંદિર તથા શય્યા મંદિરમાં ઝારી યથા સ્થાન પધરાવવી. નિજમંદિરના ચોકઠાં ઉપર ચૂનના દિવડાની મોતીની થાળીની તિલકની આરતી પ્રગટે. વેણુ, વેત્ર, ધરાવવા. વેત્ર બે ધરે, તેમાં એક હીરાનું તથા બીજુ માણેકનું ધરે. પ્રથમ નાની આરસી બતાવી શ્રી...ને દંડવત્ કરવા. ઝાલર, ઘંટા થાય. પ્રથમ શ્રી...ને તિલક, અક્ષત કરવા. શ્રીસ્વામિનીજીને ટીકી, અક્ષત કરવા. બીડા બેબે સિંહાસનની ડાબી તથા જમણી તરફ તકિયા પાસે ધરવા. મોટી આરસી બતાવવી. પ્રસાદી કુમકુમ તથા અક્ષત થાળીમાં રાખવા. મુઠીયાં વારી આરતી કરવી.

શ્રી...ને મોટી આરસી બતાવી છોટી આરસી બતાવવી. શ્રીમહાપ્રભુજીને મોટી આરસી બતાવવી. શ્રી...ની માલા વડી કરવી. (શ્રીમહાપ્રભુજીની માલા વડી થાય નહિ, ઉત્થાપન બાદ વડી થાય)

(મંદિરક્રમમાં વર્ષ ફલ વંચાય. ગોસ્વામી બાલકો, મુખિયા, ભીતરીયા ને તિલક થાય)

હાથ ખાસા કરી, પેંડો બિછાવી નિત્યવત્ અનોસર કરવા.

ઉત્થાપન સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

ઉત્થાપન બાદ (મંદિરક્રમમાં સંધ્યા આરતી બાદ) શૃંગાર વડા થયા પછી શ્રીમસ્તક ઉપર કુલ્હે ઉપર હીરાનો પડછિયા વારો શીશફૂલ ધરે. અને શ્રીકંઠમાં કંઠી ધરે.

શયનભોગ સામગ્રી : છડિયલ દાળ, રતાળુનું મરીવાળું શાક, કઢીને બદલે વડાંની છાશ તથા પાપડ આવે. બીજુ બધું નિત્યવત્ આવે.

આજથી લઈને શ્રાવણ વદિ સાતમ સુધી બપોરનાં અનોસરમાં હીંડોળા ખાટ ચડે છે તેથી સાંકળમાં હીંડોળા ખાટ ઉતારી, સાંકળ લટકાવવી. અને શય્યાની સેવા કરવી. અનોસરના ઝારી, બંટા, માલા, બીડાના પડઘા રાત્રિના અનોસરમાં જે રીતે મંડાય છે તે રીતે માંડવા.

ચૈત્ર વદિ ૧૨-બારસ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : શ્રીમહાપ્રભુજીના ઉત્સવના, વાગો ચાકદાર

સાજ : શ્રીમહાપ્રભુજીના ઉત્સવનો રહે.

શૃંગાર : શ્રીમહાપ્રભુજીના ઉત્સવ મુજબ આવે. જોડી એક માણેકની ધરે. બાકી બધુ ઉત્સવ મુજબ આવે

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં બુંદીના લાડુ આવે. સખડીમાં છડિયલ દાળ, ડબકાની કઢી અને પાપડ આવે.

શયનભોગ સામગ્રી :

આજે શયનભોગમાં શ્રી...ને દૂધની રોટી અને કાચી કેરીનું બિલસારૂ આવે.

શયનભોગમાં આજે એક થાળમાં રોટી નંગ બાર તથા કાચી કેરી ના બિલસારૂ નો ડબરો એક આવે. તેની સાથે ફજીતા ભાત, મગની દાળને બદલે ચણાની દાળ, પકોડીની કઢી, ચંદ્રરસ, નિત્યનું રતાળુંનું મરીવાળું શાક, રીંગણા તથા આખા ચણાનું મિલોનીનું શાક, પાકા આંબાના ભુજેના, બેંગન ભરતા અને પાપડ આવે.

ચૈત્ર વદિ ૧૩-તેરસ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૧૩)

વસ્ત્ર : કેસરી

સાજ : કેસરી

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી ધરે. માલા બે ધરે. તેના ઉપર ગુંજા ધરે. હમેલ, હાંસલી ધરે.

ચૈત્ર વદિ ૧૪-ચૌદશ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : લાલ લહેરીયાના

સાજ : રાજાશાહી લહેરીયાનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દૂમાલો ધરે. માલા ચાર ધરે. તેના ઉપર ગુંજા ધરે.

ચૈત્ર વદિ ૦)) અમાસ (વ્રજ : વૈશાખ કૃષ્ણ ૦)))

વસ્ત્ર : આમરસી, વાગો ખુલે બંદ ચાકદાર

સાજ : કેસરી દોરીયાનો રૂપેરી કિનારીનો

શૃંગાર : મલ્લકાછ્છ, શ્યામ ટિપારા શ્યામ વસ્ત્રના, આભરણ પીરોજાના, માલા ચાર પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે. ટિપારા ઉપર વિના કલંગીનો પીરોજાનો સિરપેચ ધરે. કતરા, ચંદ્રિકા પીરોજી રેશમના ધરે.

વૈશાખ સુદિ ૧-એકમ (વ્રજ : વૈશાખ શુક્લ ૧)

વસ્ત્ર : લાલ, તેમાં સફેદ એક દાણાની ચુંદડીના, વાગો ચાકદાર

સાજ : લાલ સાટીનનો ચોફૂલી ચુંદડીનો રૂપેરી લેસવાળો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, કતરા, ચંદ્રિકા સોનેરી ચમકના ધરે.

આજે અક્ષય તૃતીયાના વસ્ત્રની જોડ સફેદ મહીન સરબતી મલમલની બનીને આવે તે કેસરથી છાપવી. વસ્ત્રની કિનાર ઉપર સુંદર વેલ છાપવી. અને પિછોરા અને ઓઢણીના ચારે ખૂણામાં ચાર ગોળ કમળ છાપવા.

વૈશાખ સુદિ ૨-બીજ **(વ્રજ : વૈશાખ શુક્લ ૨)**

વસ્ત્ર : કસુંબલ સોનેરી કિનારીના, વાગા ખુલેબંદ ઘેરદાર
સાજ : કસુંબલ સૂતરાઉ રૂપેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ પન્નાના, માલા ચાર પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે અને પાગ ઉપર લુમની કલંગી ધરે.

આજે શયન બાદ માટીના કુંજા, કરવા, કરવડી મીઠી માટીના મંગાવી, તેમાંથી રજ વિગેરે પોંછી, સાફ કરી, ખાસા કરી મીઠા જલથી ભરી, ભોગ મંદિરમાં એક તરફ ચોકી ઉપર રાખવા. તેમાં સિંહાસનની મોટી કરવડી એક અને શય્યા મંદિરમાં ધરવા માટે એક મોટો કુંજો અને એક કરવો સાથે આવે.

શયન થયા બાદ સિંહાસનનો ભાતવાર બંટો ઉતરે અને સફેદ ચીકની જગન્નાથીનો ધોયેલો બંટો ચડે. સિંહાસન ઉપર બિછાવવાની ગાદી સફેદ જગન્નાથીની આવે. તે શ્રી...હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી રહે. આ બંટો આજથી દર આઠમે દિવસે બદલે.

આજથી લઈને શ્રી...હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી બાજુના તથા પીઠકના તકિયા ઉપર પટ્ટી બંધાય નહિ. તકિયાના ઝબીયાં મોતીની જાલીના ભરતકામના અથવા ચાંદીના આવે. બિરાજવાની ગાદીના મહોરા જાલીના ભરતકામના અથવા ચાંદીની નકશીદાર અથવા સફેદ હલકા રંગના ફીતના ભરતકામના ઉષ્ણકાળવાળા આવે. (ફીત એટલે ઓટ, લેશ મુકાય તે ફોલ)

વૈશાખ સુદિ-૩-ત્રીજ **(વ્રજ : વૈશાખ શુક્લ-૩)**

અક્ષય તૃતીયા

શ્રી રામકૃષ્ણજી મહારાજશ્રીના જયેષ્ઠ ભ્રાતા

શ્રી લક્ષ્મણજી (શ્રીનથુજી) મહારાજશ્રીનો ઉત્સવ પ્રા. સં. ૧૮૪૫

આજે આસોપાલવના તોરણ નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય.

વસ્ત્ર : સફેદ સરબતી મલમલના, કેસરની વેલવાળા કોરના. આજથી પિછોરા ધરાય. (આજથી પ્રથમ પર્વના એક દિવસ પહેલાં સુધી વાગા ધરાય નહિ. પરંતુ રથયાત્રા, જન્માષ્ટમી, જન્માષ્ટમીની દશમી, રાધાષ્ટમીના બીજા દિવસે નોમના-આ દિવસોમાં વાગા ધરાય.)

સાજ : સફેદ દોરીયાનો રૂપેરી કિનારનો બંધાય.

નિજમંદિરના ચંદરવા સફેદ જગન્નાથીના બંધાય. ખેંચવાની પંખાની ખોલી, ટેરા સફેદ જગન્નાથીના આવે.

આજથી લઈને શ્રી... હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી સિંહાસનની પાસે ચોકઠાં ઉપર રહેતાં નાના પંખા તથા હાથથી કરવાના મોટા પંખા, ઝાપટના પંખા અને શય્યા મંદિરમાં ચોકી ઉપર રહેતાં નાના પંખા - આ બધા પંખા સફેદ ભાતવારા જામદાની તથા જાલીના વસ્ત્રથી મઢેલા અને ગુલાબી, લીલા, શ્યામ અને પીરોજી રંગના અસ્તર ઉપર સફેદ જામદાની તથા જાલીના વસ્ત્રથી પઢેલા ઉષ્ણકાળવાળા આવે. નાના મોટા ખસના પંખા, ચંદનના પંખા તથા હાથીદાંતના નાના પંખા પણ આવે. સિંહાસન ઉપર ધરવાના નાના પંખા પણ આવે. ઉપર જણાવેલ પંખા આગલા વર્ષના આવે. બીજા પંખા નંગ છ, સિંહાસન ઉપર ધરવાના નાના પંખા નંગ બે, મોટા હાથથી કરવાના પંખા નંગ આઠ નવા બનીને આવે.

આજથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલા સુધી સાંગમાચી ઉપર બિરાજવાની ગાદીની ખોલી, શૃંગાર ચોકીની ખોલી, આભરણના ખંડ રાખવાની ચોકીની ખોલી, ગજરાજજીને બિરાજવાના ચોકઠાની ખોલી, શય્યા મંદિરમાં મૂંઢાજીની ખોલી, ચોકીની ખોલી, સુહાગ પેટીની ખોલી, સાંગામાચી ઉપર બિછાવવાની ખોલી તથા પીઠક ઉપર ચડાવવાની ખોલી, ચરણચોકીની ખોલી, ચરણ ચોકી ઉપર ગાદીની ખોલી, બપોરના અનોસરના પેંડાની ખોલી તથા પેંડાની ગાદીની ખોલી, આ બધી ખોલી સફેદ ચીકની જગન્નાથીની ચડે.

આજથી લઈને રથયાત્રાના એક દિવસ પહેલાં સુધી પલના, શય્યા (મંદિરમાં શ્રીમહાપ્રભુજીની પલંગડી) ચંદનના આવે. નિજમંદિરના મોટા દ્વારની જાલી ચંદનની આવે. તે સારો એવો વરસાદ થઈ જાય ત્યાં સુધી રહે અર્થાત્ જ્યાં સુધી ખસના ટેરા વગેરે રહે ત્યાં સુધી રહે.

(મંદિર ક્રમમાં આજથી લઇને અષાઢ સુદિ પૂનમ સુધી સવારે પાંચ વાગે શંખનાથ થાય.)

શ્રી... જાગે. આજથી લઈને જ્યાં સુધી ખૂબ વર્ષા થઈ ઠંડક ન થઈ ગઈ હોય ત્યાં સુધી અર્થાત્ ગરમી પડવી બંધ થાય ત્યાં સુધી શ્રી... જાગે ત્યારે કેવળ તનિયાથી બિરાજે, આડબંધ ધરે નહિ. આડબંધ પીઠકના તકિયાથી દબાવીને રાખે. મંગલભોગ આવે. **આજે મંગલભોગમાં સતુવાના નંગ આવે.** મંગલભોગની ઝારી ભરાય. આજથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી શ્રી...ની ઝારી સોનાના નાળવાની બદલે ચાંદીના નાળવાની આવે. જ્યારે અનોસરમાં સોનાના નાળવાની ઝારી આવે. મંગલભોગ આવ્યે પલના તથા શય્યાની સેવા કરવી. પલનું તથા શય્યા ચંદનના આવે. બંને ઉપર સફેદ ચીકની જગન્નાથીનો ધોયેલો બંટો ચડે. પલનામાં તથા શય્યા ઉપર આજથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી સફેદ જમીનની છીંટની સફેદી (ગાદી) એક બિછાવવી. તેના ઉપર સોઈના બખીયાના કામની ઉષ્ણકાલની સફેદ સુજની બિછે. તેના ઉપર સફેદ ચીકની જગન્નાથીની દુહેરા ચાદર બિછાવવી. તેના ઉપર સફેદ ચીકની જગન્નાથીની ઈકહરા ચાદર બિછાવવી. શય્યાની ગાદીની ચારે બાજુ વાળીને ચાંદીના કેરી ઘાટના કસના સફેદ દોરીના બંધાય. બાલિસ્ત ગિરદાન ઉપર સફેદ ચીકની જગન્નાથીની ટૂક ખોલી ચડાવવી. આજથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી પલના તથા શય્યામાં કાંઈ ઓઢાડાય નહિ, ચોરસો ઢાંકવો.

આજથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી પલનાની તબકડીમાં ચંદનના, ચિડીયા મોતીના તથા હલકા રંગના કાષ્ઠના ખિલોના આવે.

આજથી લઈને જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી શય્યા મંદિરમાં માટીના મોટા કુંજા, કરવા આવે. તેથી પડઘા બે નિત્ય કરતા અધકીના શ્રી...ની શય્યા પાસે શ્રીમસ્તકની બાજુએ આવે.

આજથી લઈને સ્નાનયાત્રાના એક દિવસ પહેલાં સુધી મૂંઢાજીમાં નીચેનું રંગીન વસ્ત્ર રાખે અને નીચે દર્શાવ્યા મુજબ વસ્ત્રો મૂંઢાજીમાં ઉપર રાખે. તેમાં સફેદ તનિયો, સફેદ ફાંકતાઈ હલકા રંગના બધી જાતના, રૂપેરી કિનારીની પાગ, પિછોરા, ઈકલાઈ, સાડી તથા ચોલી રાખે.

સમય થયે મંગલભોગ સરે. આજથી જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી આરતીનો ખંડ એક પ્રગટે.

આજે શ્રી...ને અભ્યંગ થાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સફેદ મલમલની કાગળના ચિત્રની કુલ્હે, કુલ્હેના તુર્રા મોતીના, કુલ્હે પર પાનની બદલે ત્રણ પાંખડીની કલંગી, ગોટી ઉપર કાંઇ ધરે નહિ. આભરણ મોતીના, માલા છ મોતીની ઉત્સવની તેના ઉપર હાર એક પડાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે. બંદી ધરે, બંદીના ઉપરના ભાગમાં નાની કંઠી ધરાવવી નહિ. **આજે શ્રી... ના હૃદયનો ભાગ ખુલ્લો રહે તે રીતે શૃંગાર કરવો.** જોડ ત્રણ ચંદ્રિકાની સાદી ધરે. કુંડલ મકરાકૃત પડાના જડાઉ ધરે. શ્રીહસ્તમાં હસ્તફૂલ ધરે નહિ. શ્રી સ્વામિનીજીની નથ, ચૂડી ઉત્સવના, ટીકી મોતીની, શ્રી મસ્તક ઉપર મોતીની લડ, છિંકા, ઢેરી બંધી તથા પડાની જડાઉ કલંગી ધરે.

આજથી લઇને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી ફૂલની માલાના થાકમાં લાલ રંગના ફૂલ આવે નહિ.

જ્યાં સુધી વરસાદની શીતળતા ન થાય ત્યાં સુધી શૃંગાર બાદ ચડધા ચોકમાં અને રાજભોગ બાદ આખા ચોકમાં ચંદરવો બંધાય, જે ઉત્થાપન થયે ખુલી જાય.

પલના સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રી મનોહરના લાડુ તથા કેરીનું મીઠું શાક આવે. સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના, ચાર જાતના કચરિયાંની થાળી, પાપડ, તિલવડી, ઢેબરી આવે.

આજથી લઇને રથયાત્રા સુધી રાજભોગ નિત્ય દહીંભાત, શિખરન ભાત, સતુવા વારાફરતી અરોગે. તેમાં આજે શિખરન ભાતની ડબરી આવે. બીજે દિવસે દહીંભાતનો ડબરો આવે. ત્રીજા દિવસે સતુવા આવે. એ રીતે નિત્ય વારાફરતી સામગ્રી આવે.

જ્યારથી આંબા આવવા લાગે અને જ્યાં સુધી મળે ત્યાં સુધી રાજભોગમાં નિત્ય આમરસ અરોગે. તે અનસખડીની ચોકી ઉપર સજાય. જ્યારથી વિશેષ પ્રમાણમાં આંબા આવવા લાગે ત્યારથી નિત્ય મંગળાથી શયનના અનોસર પર્યંત બધા સમયમાં આખા આંબા તથા આંબાની કતલી આવે. કતલીની સાથે પીસેલી મિશ્રી અથવા બૂરાની કટોરી આવે અને આંબા ઓછા મળે ત્યારે પણ મંગલા, રાજભોગ, ઉત્થાપન અને શયનમાં અવશ્ય આવે.

જ્યારથી પાકા આંબા આવવા લાગે ત્યારથી અને જ્યાં સુધી મળે ત્યાં સુધી રાજભોગમાં નિત્ય એક દિવસ ફજીતો અને એક દિવસ અમૃતી વારાફરતી અરોગે. તે ડબરી રાજભોગમાં અનસખડીની ચોકી ઉપર પધરાવવી. (આમરસને ઘી અને જીરૂથી છોંકાવીને તેમાં સિંધાલુ પધરાવીને સિદ્ધ કરેલી સામગ્રીને અમૃતી કહે છે.)

ઉત્સવભોગમાં ધરવા માટે દૂધઘરમાંથી શીતલ ભોગની મિશ્રીની હાંડી આવી હોય તેમાં મથનીનું જલ પધરાવી ઢાંકી રાખવી.

રાજભોગ આવ્યે સિંહાસનથી ખંડ લગાવીને ખંડ ઉપર ખિલોના તથા ખિલોનાની તબકડી રાખવી. આજથી લઇને રથયાત્રાના એક દિવસ પહેલાં સુધી બગલાઉ ખિલોનાની થાળીમાં ચંદનના, મોતીના, ચાંદીના તથા હલકા રંગના કાષ્ઠના ખિલોના આવે.

આજથી માટીના કુંજા, ગુલાબદાની તથા ચંદનની બરણી આવે.

આજથી લઇને જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી સિંહાસન ઉપર માટીની કરવડી, ગુલાબદાની તથા ચંદનની બરણી આવે. તેના માટે શ્રી... ના સિંહાસન ઉપર ઝારીની આગળની બાજુ માટીની કરવડી પધરાવવા માટે તબકડી એક રાખવી. ડાબી અને જમણી બાજુના તકિયા પાસે તબકડી એક એક ગુલાબદાની રાખવા માટે રાખવી. બંટાની આગળના ભાગમાં બિરાજવાની ગાદીની આગળ નાની તબકડી એક ચંદનની બરણી રાખવા માટે રાખવી.

આજથી લઇને જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી સિંહાસન ઉપર તથા શય્યા મંદિરમાં માટીના કુંજા, કરવડી આવે. તે રાજભોગ આવ્યે નિજતિબારીમાં એક બાજુ કાષ્ઠની નાની ચોકી માંડી તેના પર કાષ્ઠની ગુજરી રાખે. તેના ઉપર કરવા, કરવડી પધરાવવા કરવા, કુંજા, કરવડી ખાસા કરી, જલનો છીંટકાવ કરી, તેના ઉપર સફેદ વસ્ત્રની તરેહવાર શોભાયમાન લાગે તેવી રીતે ભાત પાડે. મથનીના જલથી ભરી તે કુંજા, કરવડીના મોઢા ઉપર ભીનું સફેદ વસ્ત્ર બેવડ ઢાંકી, શય્યા મંદિરના મોટા કુંજા ઉપર ચાંદીની કટોરી ઢાંકી, તેના ઉપર દુહેરા ભીનું સફેદ વસ્ત્ર ઢાંકી કુંજા, કરવડી વગેરે નિજતિબારીમાંથી નિમજંદિરમાં એક ચોકી ઉપર રાખે. શય્યા મંદિરના મોટા કુંજા ઉપર ભીનું વસ્ત્ર ઢાંકવાનું લખ્યું છે તે આજથી લઇને અષાઢ સુદિ પૂનમ સુધી આવે. અષાઢી પૂનમથી શ્રાવણ વદિ સાતમ-૭-સુધી કુંજા ઉપર ભીનું વસ્ત્ર ઢાંકી તેના ઉપર ચાંદીની કટોરી ધરાવવી. રાત્રિના અનોસરમાં નિત્ય કુંજા ઉપર ભીનું વસ્ત્ર ઢાંકી, તેના ઉપર કટોરી ઢાંકવી. ત્યારપછી નિજમંદિરમાં એક મોટી કાષ્ઠની ચોકી બિછાવી હોય તેના ઉપર કરવડી, કુંજા, કરવા ભરી રાખવા હોય તે પધરાવવા. ચાંદીની ગુલાબદાની ગુલાબજલથી ભરીને તેના પર ભીનું સફેદ વસ્ત્ર ચડાવી ચોકી ઉપર રાખવી. આજથી લઇને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી ગુલાબદાની ઉપર સફેદ વસ્ત્રની ખોલી આવે. શ્રીઅંગમાં ધરાવવાનો કેસરી ચંદનનો ગોળો (પાનઘરમાંથી) આવ્યો હોય તેમાં નીચે લખ્યા પ્રમાણે સુગંધી મિલાવી રાખે. બરાસ તોલો અડધો, કેવડાનું અત્તર બે આના ભાર, ગુલાબનું અત્તર બે આના ભાર, કસ્તુરી એક આના ભાર, કેવડાનું અબીલ તોલા પા આ પ્રમાણે સુગંધી મેળવી તેના ઉપર સફેદ મલમલનો ટૂકડો ગુલાબજલમાં ભીંજવીને સુગંધી મેળવેલો તે ચંદનના ગોળા ઉપર ઢાંકી, ચંદનના ગોળાની થાળી, કુંજા, કરવા વગેરે રાખ્યા હોય તે ચોકી ઉપર રાખવી.

આજથી લઇને જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી ચંદનની બરણી એક, નિત્ય બે વખત આવે એક વખત રાજભોગથી લઇને ઉત્થાપન સુધી અને બીજી વખત શયનના દર્શનમાં આવે જે રાત્રિના અનોસરમાં રહે. તે બરણી ભરવા કેસરી ચંદનમાં સુગંધી જલ મિલાવી નીચે મુજબ વસ્તુ પધરાવી, જલ તૈયાર કરી, ઢાંકણવાળો કાચનો શીશો ભરી રાખવો. તેમાં કેસર તોલો અડધો, બરાસ તોલા બે, તગર તોલો પા, અગર તોલો પા, ગુલાબનું અત્તર તોલો અડધો, કસ્તુરી તોલો અડધો, કેવડાનું અત્તર તોલો અડધો, કેવડાનો અબીલ તોલા બે આવે.

ઉપર લખ્યા મુજબ સુગંધી જલ જન્માષ્ટમી સુધીમાં બે વખત બને તેમાં એક વખત આજે બને. બીજી વખત ગંગા દશમી ઉપર બને. ઉપર જણાવેલ સુગંધીના સામાનમાંથી જ્યારે એક વખત સુગંધી જલ બને ત્યારે અડધી સુગંધી લેવી. રાજભોગ આવ્યા બાદ પાનઘરમાંથી બરણી ભરવા માટે ચંદન આવ્યું હોય તેમાં સુગંધીનું જલ, સુગંધીના જલના માપની કટોરી છે તે એક કટોરી ભરીને પધરાવવું. પછી તેને નાના ચમચાથી સારી રીતે હલાવવું, કે જેથી સુગંધી બધી મળી જાય. પછી ચંદનમાંથી બરણી એક ચાંદીની ખડબુજાના ઘાટની ઢાંકણવાળી ભરી, ઢાંકણ ઢાંકી, તેના ઉપર સફેદ જગન્નાથીની ખોલી જલમાં ભીંજવેલી ચડાવવી. આ ચંદનની બરણી નાની તબકડીમાં રાખવી. જે ચોકી ઉપર કુંજા, કરવડી, કરવા રાખ્યા હોય તે ચોકી ઉપર આ બરણી રાખવી. બાકી વધેલા ચંદન ઉપર કાષ્ટનો ઢાંકણ ઢાંકી બીડીની સેવા કરવાની ચોકી ઉપર રાખવું. સાંજે શયન ભોગ આવ્યે ઉપર લખ્યા પ્રમાણે ચંદનની બરણી ભરી, ઢાંકી, ખોલી ચડાવીને તબકડીમાં રાખવી.

આજથી પંખા આવે.

એક સિંહાસનના પંખા બે તથા પંખા બે હાથથી કરવાના, તે નવા ભાતવારા મોટા બુટાની જામદાનીના મઢેલા આવ્યા હોય તે આવે. તથા ખસના પંખા આવે. આ બધા પંખા, કુંજા વગેરે ચોકી પાસે બીજી ચોકી માંડી તેના ઉપર પધરાવવા. (મંદિરક્રમમાં અધિવાસનની તૈયારી થાય. તેમાં સંકલ્પના જલની કટોરી એક, ચંદનની કટોરી એક, તબકડીમાં ભીનું કુમકુમ, પીળા અક્ષત, તુલસીદલ તથા તુલસીપત્તા, ખાંડની ગટીનો કટોરો એક, આ પ્રમાણે તૈયાર થાય.)

આજથી ખસના ટેરા ટટ્ટી આવે.

આજથી લઇને રથયાત્રા સુધી અને વિશેષ ગરમી પડતી હોય તો અષાઢી પૂનમ સુધી ખસના ટેરા ટટ્ટી આવે. તે નિજમંદિરમાં મોટા દ્વારા ઉપર, નિજતિબારીની જાળીની બહાર, શય્યા મંદિરના દ્વાર તથા બારી ઉપર આવે.

આજથી જલના ફુવારા છૂટે.

આજથી લઇને રથયાત્રાના એક દિવસ પહેલાં સુધી અથવા અષાઢી પૂનમ સુધી અર્થાત્ ખૂબ વર્ષા થઇ જાય ત્યાં સુધી નિત્ય નીચે જણાવ્યા પ્રમાણે જલના ફુવારા છુટે.

રાજભોગના દર્શનમાં (મંદિરક્રમમાં ભોગ તથા સંધ્યા આરતીના દર્શનમાં) તથા શયનના દર્શનમાં આ પ્રમાણે ફુવારા છુટે. ફુવારા ક્યારેક હજારા, ક્યારેક એકકા, પૂતળીના, નાચતા નટના, ફરતા ચક્કરના, ચાદરના છુટે. જે જાતના ફુવારા હોય તે જાતના ફરતા ફુવારા છુટે. તેમાં રાજભોગમાં એક ફુવારો નિજબારીમાં છુટે અને ત્રણ ફુવારા ચોકની વચ્ચે શ્રી...ની સન્મુખ છુટે. નિજતિબારીની દેહરીથી લઇને ચોકની વચ્ચેના કમળ સુધીના ત્રણ ફુવારા છુટે. ક્યારેક ચોક આખાના બધા ફુવારા છુટે. ક્યારેક વચ્ચેનો ફુવારો એક મોટો હજારા તથા ચારે ખૂણાના વાંકીયા ફુવારા છુટે. ક્યારેક એક ફુવારો મોટા ભીમ ઝાડનો છૂટે. ભોગ સંધ્યામાં ફુવારા ત્રણ નિજતિબારીની દેહરીથી લઇને ચોકના વચ્ચેના કમળ સુધીના છુટે.

શયનમાં શ્રી...ચોકમાં બિરાજે. તે નિજતિબારીની દેહરીને લાગીને બિરાજે તેથી નિજતિબારીની દેહરીની આગળની લાઇનના ફુવારા ત્રણ છુટે નહિ. બાકી ફુવારા ચૌદ નીચે જણાવ્યા મુજબ છુટે. પ્રથમ બીજી લાઇનના

ફુવારા ત્રણ, તેમાં વચ્ચેનો ફુવારો ચાદરનો ચડાવવો. બાકીના ફુવારા બે એકકા, તે પૂર્વ તરફના ઝુકાવના ચડાવવા તેની આગળની હારના ફુવારા પાંચ તેમાં એક ફુવારો વચ્ચેનો કમલનો તેમાં હજારા ફુવારા ચડાવવો, અને તે ફુવારાની ડાબી બાજુનો ફુવારો એક તથા જમણી બાજુનો ફુવારો એક નાચતી પુતળીનો ચડાવવો. ફુવારો એક કીર્તનીયા તિબારીની આગળનો તથા ફુવારો એક ડોલ તિબારીની આગળનો, આ બંને ફુવારા સામસામેના ઝુકાવના ચડાવવા. તેની આગળની હારના ફુવારા ત્રણ તેમાં વચ્ચેનો ફુવારો ચકરીનો ચડાવવો તથા તેની ડાબી અને જમણી બાજુના ફુવારા બે એકકા સામ સામેના ઝુકાવના વાંકીયા ચડાવવા. તેની આગળની લાઇનના ફુવારા ત્રણ તેમાં વચ્ચેનો ફુવારો એક નાનો હજારા ચડાવવો. તેની ડાબી જમણી બાજુના ફુવારા બે વાંકીયા ચડાવવા. નિજતિબારીની દહેરીથી એક હાથ દૂર જો શ્રી... બિરાજે તો બીજી લાઇનના ફુવારા છુટે નહિ. બાકીના બધા ફુવારા ઉપર જણાવ્યા મુજબ છુટે. ઉપર જે ફુવારા છૂટવાનો ક્રમ દર્શાવ્યો છે તે ઉપરાંત કોઇ કોઇ દિવસે બીજી રીતના શોભાયમાન લાગે એવા હિસાબથી સામસામે જોડીના ફુવારા ચડાવાય. (જો મહારાજશ્રી બિરાજતા હોય અને વિશેષ ગરમી હોય અને આપ આજ્ઞા કરે તો મંગલાથી શયન પર્યંત બધા સમયમાં ફુવારા છૂટે.)

સમય થયે રાજભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય શ્રી... સિંહાસન ઉપર બિરાજે, બીડી અરોગે, માલા ધરે. ઝારી ભરીને યથાસ્થાન પધરાવવી. (મંદિરક્રમમાં નિજમંદિરના મોટા દ્વારા પાસે ઉતરમુખ બેસી ચંદન તથા પંખાનું અધિવાસન થાય. ચંદનના અધિવાસન વખતે સારંગ રાગમાં આલાપચાર થાય. અધિવાસનનો સાજ ઉઠાવી હાથ ખાસા કરવા.)

માટીના કુંજા, કરવડી ધરવાની વિગત :

માટીના કરવડી તથા કુંજા પધરાવવા તેમાં મોટી કરવડી એક શ્રી...ના સિંહાસન ઉપર ઝારીની આગળ તબકડીમાં પધરાવવી. (શ્રીમહાપ્રભુજીની ઝારીના પડઘાની આગળ એક પડઘા ઉપર માટીનો કુંજો પધરાવવો.) શય્યા મંદિરમાં બપોરના અનોસરના કુંજા, કરવા પધરાવવા. તેમાં કુંજો એક તથા કરવો એક બધા સ્વરૂપને આવે.

ગુલાબદાની રાખવા માટે તબકડી મંગાવી રાખી હોય તેમાં ગુલાબદાની બે શ્રી...ના સિંહાસન ઉપર ડાબી તથા જમણી બાજુના તકિયા પાસે પધરાવવી.

આ બધું પધરાવ્યા બાદ શ્રી...ના રાજભોગના દર્શન ખુલે. ઝાલર, ઘંટા (મંદિરમાં શંખનાદ) થાય. દંડવત્ કરી, શ્રીમહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, ચંદન લઇ ચંદનની ગોળી બાંધી નીચે દર્શાવ્યા મુજબ ચંદનની પાંચ ગોળી ધરાવવી.

શ્રી...ને શ્રીઅંગમાં ચંદન ધરાવવાની વિગત :

શ્રી મદનમોહનલાલજીના હૃદય ઉપર બદીના વચ્ચેના ફૂલના ઉપરના ભાગમાં કંઠી ધરાવવાની જગ્યાએ ચંદનની ગોળી એક, ગોળી એક જમણા શ્રીહસ્તના પોંચા ઉપર, ગોળી એક ડાબા શ્રીહસ્તના પોંચા ઉપર, ગોળી એક જમણા શ્રી ચરણારવિંદ ઉપર તથા ગોળી એક ડાબા શ્રી ચરણારવિંદ ઉપર ધરાવવી. ત્યારપછી શ્રી સ્વામિનીજીને ચંદનની ગોળી પાંચ ધરાવવી. એક હૃદય ઉપર, બંને શ્રીહસ્તના પોંચા ઉપર એક એક ગોળી તથા બંને શ્રીચરણારવિંદમાં એક એક ગોળી ચંદનની ધરાવવી.

શ્રી મદનમોહનલાલજીના ચરણારવિંદમાં સગદ્ય પંચાક્ષર મંત્ર બોલી તુલસીદલ સમર્પવા (શ્રી બાલકૃષ્ણલાલજી બિરાજતા હોય તો તેને પણ ચંદનની ગોળી પાંચ ઉપર દર્શાવ્યા મુજબ ધરાવી અને તુલસીદલ સમર્પવા) હાથ ખાસા કરી બાકી વધેલી ચંદનની ગોળી ઉપર પત્તુ રાખી, તેના ઉપર સફેદ વસ્ત્ર ગુલાબજલથી ભીંજવીને ઢાંકી દેવું. ચંદનની બરણી એક મોટી તબકડી સાથે શ્રી...ના સિંહાસન ઉપર બંટાની આગળના ભાગમાં બિરાજવાની ગાદીની પાસે પધરાવવી.

શ્રી...ને પંખા ધરાવવાની વિગત :

આપણે ત્યાં શ્રી ગોપીનાથજી હવેલી (પોરબંદર)માં મધ્યમાં શ્રી મદનમોહનલાલજી યુગલ સ્વરૂપ, તેમની જમણી તરફ શ્રી નટવરલાલજી તથા તેમની ડાબી બાજુ શ્રી બાલકૃષ્ણલાલજી બિરાજે છે. તે હિસાબથી અહિં પંખા ધરાવવાની વિગત આપેલી છે. (વૈષ્ણવોને ત્યાં જેટલા સ્વરૂપો બિરાજતા હોય તે સ્વરૂપના હિસાબથી શ્રી...ને પંખા ધરાવી શકાય.)

પંખા નવા બનીને આવ્યા હોય તેમાંથી નાના પંખા બે શ્રી મદનમોહનલાલજીના સિંહાસન આગળ ઉભા રહી બંને હાથથી શ્રી... ને પંખો કરી, સિંહાસન ઉપર પંખો એક જમણી તરફના બગલાઉ તકિયા તથા શ્રી નટવરલાલજીના ડાબી તરફના બગલાઉ તકિયાની વચ્ચે શ્રી મદનમોહનલાલજીના સિંહાસન ઉપર ચાંદીની પટ્ટી ઉપર ધરાવવો. પંખો એક શ્રી મદનમોહનલાલજીના સિંહાસનની ડાબી તરફના બગલાઈ તકિયા તથા શ્રી બાલકૃષ્ણલાલજીના જમણી તરફના બગલાઉ તકિયાની વચ્ચે શ્રી મદનમોહનલાલજીના સિંહાસન ઉપર ચાંદીની પટ્ટી ઉપર ધરાવવો. ત્યારપછી બીજા નાના પંખા બે હાથમાં લઈને શ્રી નટવલરલાલજીના સિંહાસન આગળ ઉભા રહી, શ્રી...ને પંખો કરી, બંને પંખા બિરાજવાની ગાદીની પાછળની બાજુએ સિંહાસનની પીઠકથી લગાવીને ઉભા રાખવા. પંખા એવી રીતે ધરાવવા કે પંખાની બંને દાંડી આમને સામને રહે અને પંખાની એક ઝાલર જમણી તરફ અને એક ઝાલર ડાબી તરફ રહે. ત્યારપછી બીજા નાના પંખા બે હાથમાં લઈ શ્રી બાલકૃષ્ણલાલજીના સિંહાસન આગળ ઉભા રહી, શ્રી...ને પંખો કરી, શ્રી...ની બિરાજવાની ગાદીની પાછળની બાજુએ સિંહાસનની પીઠકથી લગાવીને ઉભા રાખવા. આ પંખા પણ એવી રીતે ધરાવવા કે બંને પંખાની દાંડી આમને સામને રહે અને એક ઝાલર જમણી તરફ અને એક ઝાલર ડાબી તરફ રહે.

ઉપર શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજીના પંખા પીઠકથી લગાવીને ઉભા (ઠાડાં) ધરવાનું લખેલ છે. આપણે ત્યાં શ્રી નવનીતપ્રિયાજીની ઘરની રીત મુજબ પંખા ઠાડાં રાખવાની રીત નથી. તેથી શ્રી મદનમોહનલાલજીના સિંહાસન ઉપર પંખા ઉભા (ઠાડાં) ધરવાનું લખેલું નથી. પરંતુ શ્રી નટવરલાલજી અને બાલકૃષ્ણલાલજીના પંખા, શ્રી મદનમોહનલાલજીના પંખા પ્રમાણે રાખે તો શ્રી મદનમોહનલાલજીના પંખાની ઉપર શ્રી નટવરલાલજી અને શ્રી બાલકૃષ્ણલાલજીના એક એક પંખા આવી જાય. આ અડચણને લીધે શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજીના પંખા ઉભા (ઠાડાં) ધરવા લખેલું છે. આ ઉપરથી એમ સમજાય છે કે વૈષ્ણવોને ત્યાં પંખા ઉભા ન આવે પરંતુ શ્રી મદનમોહનલાલજીને બંને બાજુ ધરાવ્યા છે તે રીતે ધરાવવા. (ત્યારબાદ મંદિરક્રમમાં ટેરો આવે, દર્શન બંધ થાય) સિંહાસન પાસેથી ખંડ સરકાવી નીચે દર્શાવ્યા મુજબ ઉત્સવભોગની ચોકી માંડવી.

ઉત્સવ ભોગની વિગત :

શ્રી...ના સિંહાસનની આગળ પ્રથમ સખડી ભોગ ધરવાની ચોકી દહીંભાત તેમજ ઘોળેલો સતુવા ધરવા માટે માંડવી. શ્રી...ની જમણી તરફ દૂધઘર ભોગ ધરવા માટે તેમજ ડાબી તરફ અનસખડી ભોગ ધરવા માટે ચોકીઓ માંડી તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

દૂધઘર સામગ્રી : દૂધઘરની ચોકી ઉપર ખડબૂજાના બીના લાડુ, આંબાની બરફી, અઘોટાનો મલડો, મિશ્રીનો પણો, ખાંડનો પણો, કાચી કેરીનું બિલસારૂં, ખડબૂજાનો પણો, આંબાનો રસ, ચણાની તથા મગની ભીંજવેલી દાળ, પગે મેવા બે, તળેલા મેવા ચાર, સૂકા મેવા છ જાતના, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા સાથે બૂરા, લુણ, મરીની નાની કટોરી એક એક આવે. ખડબૂજાનો ડબરો એક તથા આંબા નંગ પચાસ આવે.

અનસખડી સામગ્રી : અનસખડીમાં સતુવાના નંગની થાળી આવે.

સખડી સામગ્રી : શ્રી...ના સિંહાસનની આગળ સખડી ભોગ ધરવા માટે ચોકી માંડી રાખી હોય તેના ઉપર દહીંભાતનો ડબરો એક, ઘોળેલો સતુવાનો ડબરો એક તથા નિત્યના કેરીના સંધાણાની કટોરી એક આવે.

ઉત્સવભોગ આવે. (આજથી લઈને શ્રાવણ વદિ સાતમ સુધી સિંહાસન ઉપર માટીની કરવડી આવે. જ્યારે જ્યારે ભોગ આવે ત્યારે કરવડીને પાછળ કરી ઝારી આગળ ધરવી અને ભોગ સર્યેથી આચમન, મુખવસ્ત્ર થયા પછી માટીની કરવડીને આગળ કરી ઝારી પાછળની બાજુએ રાખવી.)

સમય થયે ઉત્સવભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. ઉત્સવ ભોગ સર્યાના બીડા બે બીડાના બંટામાં ધરાય. સખડી, અનસખડી તેમજ દૂધઘરની ચોકીઓ ઉઠાવી જલથી બે વખત ખાસા કરી, મંદિરવસ્ત્ર કરવું. હાથ ખાસા કરવા. સિંહાસનની ઝારી ઠાલવી નવી (ફરી) ભરવી. અનોસરની ઝારી ભરી સિંહાસન તથા અનોસરની ઝારી યથાસ્થાન પધરાવવી. ખંડ, પાટ, ચોકી નિત્યવત્ માંડી, ગેંદ, ચોગાન ઠાડાં કરી, ત્રસ્ટી માંડી, દર્શન ખુલે. (આજે ગેંદ, ચોગાન, સોગઠાં, પાસા ચાંદીના આવે. આજથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી પાટ ઉપર ચોપટ, શતરંજ તથા નહાર, બકરી વગેરેનો પટ મોતીનો ભરત કામનો, સફેદ વસ્ત્ર ઉપર ઉષ્ણકાલના હલકા રંગનો, ફીતના કામનો તથા કેસરી ચંદનના છાપાનો આવે. સોગઠાં, પાસા મોતીના ભરત કામના, ચાંદીના તથા ચંદનના, કાચના પોતના તથા સફેદ હાથીદાંતના ફરતા ફરતા આવે. નહાર, બકરી તથા શતરંજના મોહરા ચાંદીના તથા ચંદનના આવે.) ફુવારા છૂટે. વેણુ વેત્ર ધરાય. તેમાં વેત્ર એક મોતીનું ધરે. નાની, મોટી આરસી બતાવવી. રાજભોગ આરતી મોતીની થાળીની ચાંદીના ચાર ખૂણાના દિવડાની ચાર વાટની થાય. આરસી બતાવી વેણુ, વેત્ર તથા માલા વડી કરવી.

(શ્રી બાલકૃષ્ણલાલજી તથા શ્રી મહાપ્રભુજીની ઓઢણી અષાઢ સુદિ પૂનમ સુધી વડી થાય. સાંજે શંખનાદ બાદ ફરી ઓઢાડાય. ઓઢણી વડી કરીને પીઠકના તકિયાથી દબાવીને રાખવી. ઓઢણી વડી કરવાનો ક્રમ જે આજથી દર્શાવ્યો છે તે શ્રીજી દ્વારમાં વૈશાખ સુદિ સાતમથી ઓઢણી વડી કરવાનો ક્રમ છે.)

શ્રી...ને ધરાવેલું ચંદન શુષ્ક લાગે તો ગુલાબદાનીથી ફરી ભીનું કરવું. (શ્રી મહાપ્રભુજીનું ચંદન વડું કરી પલંગડી પાસે નાના પડઘા ઉપર પધરાવવું.) શ્રી...ના સિંહાસન ઉપરથી ગુલાબદાની લઈને પલના તથા શય્યાના ચોરસા ઉઠાવી, ગુલાબદાનીથી ગુલાબજલનો સૂક્ષ્મ છિંટકાવ કરવો.

આજથી લઇને રથયાત્રાના એક દિવસ પહેલાં સુધી અર્થાત્ ભારે વરસાદ પડે ત્યાં સુધી નિજમંદિરમાં તથા શય્યા મંદિરમાં ચાંદીની ગાગરથી જલનો છિંટકાવ કરવો. નિજમંદિરની ચંદનની જાળી ઉપર ચાંદીના ઝારાથી જલનો છિંટકાવ કરવો. ચાંદીનો ઝારો જલથી ભરીને બંને હાથ ઉંચા કરીને નિજમંદિરની દેહરી આગળ ઉભા રહી ધાર કરવી. આજથી લઇને જ્યાં સુધી જલનો છિંટકાવ થાય ત્યાં સુધી શય્યાથી પલના સુધી અને પલનાથી સિંહાસનની વચ્ચેની ચોકી સુધી કાષ્ઠની ચોકી બિછાવી, તેના ઉપર અનોસરનો પેંડો બિછાવી, તેના ઉપર સફેદ ખોલી ચડાવી, નિજમંદિરની ચંદનની જાળી લગાડી, તેના ઉપર જલનો છિંટકાવ કરી અનોસર કરવા. નિજતિબારીની ત્રણે જારી ઉપર ખસના ટેરા બંધાય.

સાંજે ઉત્થાપન સમયે ચોકનો ચંદરવો ખૂલે. નિજતિબારીની ત્રણે જાળીના ખસના ટેરા ઉંચા બંધાય. નિજતિબારીમાં જઇ, ખસની ટટ્ટી સરકાવી ચોકમાં રાખવી. શય્યા મંદિરના તથા બીજા જે ખસના ટેરા હોય તે ઉંચા બંધાય.

ઉત્થાપનના (શંખનાદ) ઘંટાનાદ થાય. શ્રી...ને ચંદન ધરાવ્યું હોય તે શુષ્ક થઇ ગયું હોય તો તેને ગુલાબજલથી ભીંજવવું. પેંડા, ચોકી ઉઠાવી યથાસ્થાન પધરાવવા. (ઉત્થાપનના દર્શન ખુલે.) ચંદનની બરણી ઉઠાવી પ્રસાદીમાં કાઢવી. નિત્યવત્ સિંહાસનની તથા શય્યા મંદિરની ઝારી તથા સિંહાસનની કરવડી ઉઠાવી પ્રસાદીમાં ઠાલવી, નિત્યવત્ સિંહાસનની ઝારી ફરી ભરી યથાસ્થાન પધરાવવી. (દર્શન બંધ થાય.) ઉત્થાપન ભોગ આવે.

ઉત્થાપન સામગ્રી : બદામ મિશ્રીની ડેલી, મિશ્રીનો પણો, ભીંજવેલી દાળ, નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

આજથી લઇને રથયાત્રાના અક દિવસ પહેલાં સુધી નિત્ય ઉત્થાપનમાં એક દિવસ ભીંજવેલી ચણાની દાળ, એક દિવસ ભીંજવેલી મગની દાળ, એક દિવસ આખા મગની અંકુરી એ રીતે ફરતી ફરતી સામગ્રી આવે. ચણાની દાળમાં અજમા, મગની દાળમાં કાચી કેરીના ટૂક તથા લુણ, મરી આવે અને આખા મગની અંકુરીમાં લીલા ટોપરાની જલેબી આવે.

આજથી લઇને શ્રાવણ વદિ સાતમ સુધી નિત્ય ઉત્થાપનમાં મિશ્રીના ઓરાના લાડુનો પણો. ગુલાબજલ તથા સુગંધી પધરાવીને આવે. તે પણામાં તેરની તેરાવવી. (મિશ્રીના ઓરાના લાડુનો પણો એટલે મિશ્રીની ચાસણી કરીને સિદ્ધ કરેલ પણો.)

ઉત્થાપન ભોગ આવ્યે શય્યા મંદિરમાં જઇ શય્યા પાસે બપોરના અનોસરના કુંજા, કરવા ઉઠાવીને પ્રસાદીમાં ઠાલવી, ખંગારી તેના ઉપર સફેદ વસ્ત્ર, કટોરી ઢાંકી જલપાનની મથની પાસે જગ્યા હોય ત્યાં રાખવા. ત્યારપછી શય્યાની સેવા કરવી. કસના ઢીલાં થઇ ગયા હોય તો કસના બાંધવા શય્યા ઉપર હાથ ફેરવી, બાલિસ્ત ગિરદાન યથાસ્થાન રાખવા. સફેદ મહીન મલમલની ચાદર ઓઢાડી ચોરસો ઢાંકવો.

સમય થયે ઉત્થાપન ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. બીડાના બંટા ધરાય, માલા ધરાય. (મંદિરક્રમમાં ભોગના દર્શન ખુલે, ફુવારા છૂટે. સંધ્યા ભોગ આવે.)

સિંહાસન ઉપરથી ગુલાબદાની તબકડી સહિત ઉઠાવી નિજમંદિરમાં એક કાષ્ઠની નાની ચોકી ઉપર રાખવી તથા સિંહાસન ઉપરથી પંખા ઉઠાવી નિજમંદિરમાં પંખાવાળી ચોકી ઉપર રાખવા. આજથી લઇને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી શયનના દર્શન ચોકમાં થાય. તેથી ચોક ખાસા કરવો. (પ્રથમ સેવકીના જલથી ચોક ખાસા કરવો પછી ખાસાના જલથી ખાસા કરવો. મંદિર વસ્ત્ર કરવું. ક્યાંય જલનો અંશ રહે નહિ તે જોવું. શ્રી...ચોકમાં બિરાજે ત્યાં સુધી નિત્ય આ રીતે ચોક ખાસા કરવો.)

સિંહાસન ઉપર માટીની કરવડી પધરાવવાની ચાંદીની તબકડી પોંછી, બીડીની સેવા કરવાની ચોકી ઉપર રાખવી. ત્યાર પછી શ્રી... ને નિજતિબારીમાં પધરાવી, શૃંગાર વડો કરવો. સવારે ચંદન ધરાવ્યું હોય તે ચંદનનો ગોળો રાખ્યો હોય તેમાંથી શ્રી...ને ચરણારવિંદ ઉપર ચંદનની ગોળી બે ધરાવવી. (શ્રી ગિરિરાજજી, શ્રી શાલીગ્રામજી, શ્રી સંપુટજી તથા શ્રી મહાપ્રભુજીને ચંદન ધરાવવું નહિ.) આજથી લઇને જ્યાં સુધી ખૂબ ગરમી પડે ત્યાં સુધી શ્રી...કેવળ તનિયો ધરીને બિરાજે, આડબંધ ધરાવાય નહિ. (શયનભોગ સર્યા બાદ આચમન, મુખવસ્ત્ર કરાવીને પછી આડબંધ ધરાવાય.) શયનભોગ આવે.

શયનભોગ સામગ્રી : શયનભોગ સામગ્રીમાં છડિયલ દાળ આવે. બાકી બધું નિત્યવત્ આવે.

શયનભોગ આવ્યે ચંદનની બરણી સવારે જે ચંદન રાખ્યું હોય તેમાંથી ભરી, ખોલી ચડાવી, તબકડીમાં રાખી, ગુલાબદાનીની પાસે ચોકી ઉપર રાખવી. પછી ચંદનની બરણી તથા ગુલાબદાની વાળી ચોકી ઉઠાવી ચોકમાં રાખવી. ત્યારપછી ચોકમાં નિજતિબારીની વચ્ચેની જાળીથી બે હાથ દૂર ચાંદીની મોટી સાંગામાચી શ્રી...ને બિરાજવા માટે માંડવી. બંને બાજુ પડઘા બે બે માલા, બીડા ધરવા માટે પધરાવવા. પંખા રાખવાની ચોકી માંડી તેના ઉપર નાના, મોટા પંખા, ખસના પંખા રાખવા. ઉપર લખેલી સાંગામાચી નિત્ય ફરતી ફરતી આવે. ચંદનની, છીપના કામની, હાથીદાંતના કામની અને ક્યારેક પાટ પણ મંડાય.

આજથી લઇને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી ફૂલની માલાનો જોડ આવે. તે શયન ભોગ સરવાના પાંચ મિનિટ પહેલાં આવી જાય. અનોસરની ઝારી, કુંજા, કરવા ભરવા. આ કુંજા, કરવા શ્રાવણ વદિ સાતમ સુધી નિત્ય ભરવા.

સમય થયે શયનભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...યથાસ્થાન પધારે. ત્યાર પછી માલાના જોડની છાબ આવી હોય તે શ્રી મદનમોહનલાલજીની સાંગામાચી આગળ પડઘો એક માંડી, તેના ઉપર પધરાવવી. શ્રી...ને આડબંધ ધરાવવો. ત્યારબાદ શ્રી મદનમોહનલાલજી તથા શ્રી સ્વામિનીજીને માલાના જોડની છાબમાંથી શ્રી કંઠમાં ધરાવવાની નાની કલીની નાની માલા આવી હોય, તે માલા એક-એક શ્રી-કંઠમાં ધરાવવી. ત્યારપછી માલાનો જોડ ધરાવવો. આખી જોડમાં અગિયારથી ઓછી માલા આવે નહિ. વધુમાં તેર, પંદર, સત્તર, ઓગણીસ અને એકવીસ માલા સુધી આવે. ત્યારબાદ શ્રી નટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજીને માલાનો જોડ ધરાવવો. પ્રથમ શ્રી નટવરલાલજીને શ્રીકંઠની નાની માલા ધરાવવી. પછી માલાનો જોડ ધરાવવો. પછી શ્રી બાલકૃષ્ણલાલજીની ઓઢણી વડી કરી ડાબી બાજુ પીઠકના તકિયાથી દબાવીને રાખવી. તે આજથી લઇને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી અર્થાત્ આખો જોડ ધરે ત્યાં સુધી નિત્ય ઓઢણી વડી કરી જોડ ધરાવવો. તેમને પણ પ્રથમ શ્રીકંઠની નાની માલા ધરાવીને પછી જોડ ધરાવવો.

આજથી લઇને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી શયનમાં ફૂલમંડળી આવે. ફૂલમંડલી નિત્ય ફરતી ફરતી આવે તેમાં ત્રણ ખંડની ફૂલમંડલી, હવા મહેલની, સાયનવારી, રાવટીની, ગોળ છત્રીવાળી આવે. ક્યારેક બંગલા તો ક્યારેક ચંદનના બંગલા પણ આવે. જે દિવસે ફૂલમંડલી બંગલાની મોટી બિછાત કરવી હોય તે દિવસે નોચોકીના મોટા પાટ ચોકમાં બિછાવી, તેના ઉપર સફેદી બિછાવવી. તેના ઉપર ફૂલમંડલી, બંગલા યથાક્રમ શોભાયમાન લાગે તે રીતે આવે. ક્યારેક ફૂલ મંડલી તથા બંગલાની આગળ શ્રી...બિરાજે, ક્યારેક ફૂલમંડલી ત્રણે સાંગામાચી ઉપર આવે તેમજ શ્રી...ના પંખા પણ ફૂલના આવે.

ગુલાબદાની નીચે જણાવ્યા મુજબ ધરવી. શ્રી...ને બિરાજવાની ગાદીની ડાબી તથા જમણી બાજુ તબકડી સહિત ગુલાબદાની એક એક માંડવી. ચંદનની મોટી બરણી એક શ્રી...ની સાંગામાચી ઉપર ડાબી બાજુ બીડાની તબકડીની પાસે તબકડી સહિત પધરાવવી. (દર્શન ખુલે) ફુવારા છૂટે. નિત્યવત્ બીડી અરોગે, આરતી થાય (દર્શન બંધ થાય.)

પડઘો એક શ્રી...ની સાંગામાચી આગળ રાખવો. પડઘા ઉપર નિત્યનો સ્નાનનો થાળ માંડવો. પ્રથમ શ્રી...ની સાંગામાચી ઉપરથી ગુલાબદાની એક ઉઠાવી માલાનો જોડ વડો કરવા માટે થાળ રાખ્યો હોય તે થાળની વચ્ચે રાખવી. ત્યારપછી શ્રી મદનમોહનલાલજી તથા શ્રી સ્વામિનીજીના શ્રીકંઠની માલા વડી કરી માલા એક ચંદનની બરણી ઉપર તથા માલા એક ગુલાબદાની ઉપર રાખવી. ત્યારપછી માલાનો જોડ ક્રમવાર એક એક માલા વડી કરી થાળમાં પરિક્રમાઘાટ સાજવો. (ભોગ સમયની માલા જો તબકડીમાં રાખી હોય તો તે માલા પણ આ થાળમાં રાખવી.) જોડની માલામાંથી ખિલ્યા વિનાની માલા (કલીની માલા) હોય તે જુદી રાખવી. પછી શ્રી...ની માલાની જોડનો થાળ તથા ચંદનની બરણી તબકડી સહિત ઉઠાવી, શય્યા મંદિરમાં જઇ માલાના જોડનો થાળ રાત્રિના અનોસરના નકશા મુજબ માલા વાળા પડઘા ઉપર રાખવો. ચંદનની બરણી તબકડી સહિત બીડાની થાળીની વચ્ચોવચ્ચ બરાસની કટોરીની પાસે રાખવી અને ખિલ્યા વિનાની માલા બે જોડમાંથી જુદી રાખી હોય તે માલા શ્રી...ની શય્યા ઉપર શ્રીમસ્તકના મોટા બાલિસ્તની પાછળના ભાગમાં લાંબી કરીને રાખવી.

સવારે જે રીતે ગુલાબજલનો છિંટકાવ કરવા લખ્યું હતું તે જ રીતે અત્યારે પણ શય્યા ઉપર ગુલાબજલનો છિંટકાવ કરવાની રીત છે. પરંતુ જો વધારે ગરમી ન પડતી હોય તો નિત્યવત્ શય્યા ઉપર અત્તર સમર્પવું. પછી ચોકમાં જઇ શ્રી મદનમોહનલાલજીના શ્રી સ્વામિનીજીની સાડીનો છેડો શ્રી મસ્તક ઉપરથી વડો કરીને શ્રી મદનમોહનલાલજી તથા શ્રી સ્વામિનીજીને શય્યા ઉપર પધરાવી પોઢાડવા. શ્રી સ્વામિનીજીનો વડો કરેલો સાડીનો છેડો ડાબી તરફના ગિરદા ઉપર ફેલાવીને રાખવો. ત્યારબાદ મલમલની ચાદર ઓઢાડવી. હાથ ખાસા કરી, હાથમાં મોટો પંખો લઇ, શય્યાની પાંગત પાસે ઉભા રહીને પાંચ મીનીટ પંખો કરવો. વિશેષ ગરમી હોય તો ખસનો પંખો હાથમાં લઇ, ગુલાબ જલનો છિંટકાવ કરી, શય્યાની પાંગત પાસે ઉભા રહીને પાંચ મીનીટ પંખો કરવો. ત્યારપછી દંડવત્ રીને બહાર આવવું.

આજથી લઇને ખૂબ વર્ષા થઇ જાય ત્યાં સુધી એટલે કે વાતાવરણ ખૂબ ઠંડુ થઇ જાય ત્યાં સુધી કીર્તનીયા તિબારી તથા નિજતિબારીની વચ્ચે ખૂણામાં જલપાનની મથની રાખવા માટે બે ખાનાનો કાષ્ઠનો ચોકઠો માંડી, તેના ઉપર જલપાનની બંને મથની રાખવી. પછી ખસને સારી રીતે ખાસા કરીને મલમલના વસ્ત્રમાં ખસની નાની

નાની બે પોટલી બાંધી, જલપાનની બંને મથનીમાં એક એક પોટલી પધરાવવી જ્યાં સુધી ચોકમાં મથની રહે ત્યાં સુધી નિત્ય નવી પોટલી પધરાવવી સવારે જલપાનની મથની ઉઠાવતી વખતે તે કાઢી લેવી. બંને મથનીમાં ભીનું ગરણું લપેટીને ચાંદીનું ઢાંકણ ઢાંકવું.

જો વિશેષ ગરમી હોય તો સંવત્સરથી શ્રી...બહાર પોઢે છે. પરંતુ આપણે ત્યાં તો શય્યા મંદિરની પાછળ બગીચો છે એટલે હવા ખૂબ જ આવે છે માટે શ્રી...ને બહાર પોઢાવડવાની જરૂર નથી.

જ્યારે બે વૈશાખ આવે ત્યારે માટીની કરવડી, કુંજા, કરવા, ઉત્થાપનનો મિશ્રીનો પણો અને ભીંજવેલી દાળ અધિક વૈશાખ બેસે તે દિવસથી શરૂ થાય. નવા પંખા તથા ચંદનની બરણી આવે નહિ. તે અક્ષય તૃતીયાના દિવસથી જ આવે. અને ઉષ્ણકાલના હિસાબથી ગયા વર્ષના જુના પંખા આવે. રંગીન તથા રેશમના કામના પંખા બંધ થઈ જાય. અને ઉષ્ણકાલના સફેદ તથા હલકા રંગના વસ્ત્રો ધરાય. ફુવારા, જલનો છિંટકાવ વગેરે ઉષ્ણકાલનો બધો ક્રમ શરૂ થઈ જાય તથા અધિક વૈશાખ સુદિ-૧૪-ચૌદશથી ઓસરાના અભ્યંગ પણ શરૂ થઈ જાય. જો વરસાદ થઈ જાય તો સ્નાનયાત્રાથી અભ્યંગ બંધ થાય. નહિતર હંમેશ પ્રમાણે રથયાત્રા સુધી અભ્યંગ થાય. પરંતુ શ્રી યમુનાજલનો થાળ તો શ્રીનૃસિંહ ચતુદર્શીથી જ શરૂ થાય.

વૈશાખ સુદિ-૪-ચોથ (વ્રજ : વૈશાખ શુક્લ-૪)

વસ્ત્ર : અક્ષય તૃતીયાના

સાજ : અક્ષય તૃતીયાનો રહે.

શૃંગાર : શ્રીનાથદ્વારામાં શ્રી નવનીત પ્રિયાજીને ત્યાં આજે અક્ષય તૃતીયાનો શૃંગાર થાય છે. અને અક્ષય તૃતીયાને દિવસે કુલ્હે ઉપર પાનની જગ્યાએ ત્રણ પાંખડીની કલંગી ધરાય. અને આજે કુલ્હે ઉપર પાન ધરાય. પરંતુ આપણે ત્યાં ઠાડું સ્વરૂપ (શ્રી મદનમોહનલાલજી) બિરાજે છે. તેથી શ્રીનાથજીના હિસાબથી ધોતી ઉપરણા કેસરની વેલની કોરના આવે. શ્રી મસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ મોતીના, માલા ચાર મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, ચંદ્રિકા સાદા નાના ધરે.

આજથી લઈને પ્રબોધિની સુધી નિત્ય ગોપીવલ્લભ ભોગ તથા રાજભોગમાં કેરીનું બિલસારૂની કટોરી એક આવે. જ્યાં સુધી કાચી કેરી આવે ત્યાં સુધી આ બિલસારૂ આવે. કાચી કેરી બંધ થાય ત્યારથી બારમાસી કેરીના મુરબ્બાની કટોરી આવે.

રાજભોગ આવ્યે નિત્યવત્ બીડીની સેવા કરવી. ચંદનની બરણીમાં સુગંધી જલ મિલાવી, બરાસ મસળીને પધરાવી ચમચાથી હલાવવું. ચંદનની બરણી તથા બીડીની સેવા કરવાની ચોકીની પાસે એક પટો બિછાવી તેના ઉપર જલનો કટોરો એક ભરી રાખવો. કાષ્ઠની ગુજરી એક રાખવી તથા સિંહાસનની કરવડી પટ્ટા ઉપર રાખવી. કરવડી પરથી વસ્ત્ર ઉતારી, સારી રીતે ધોઈ, નિચોવી રાખવું. કરવડીના સફેદ ભીના વસ્ત્રની દોરીયાની અથવા તરેહવાર વેલની લહેરીયાની ભાત પાડવી. બીજે દિવસે કુંજા, કરવાના સફેદ વસ્ત્ર સારી રીતે ધોઈ યથાક્રમ ચડાવવા. જ્યારે વસ્ત્ર ચીકણા લાગે ત્યારે એ વસ્ત્ર નવા ચડાવવા.

ઉપર જે કુંજા, કરવડી તથા ચંદનની બરણી ભરવાનો ક્રમ લખ્યો છે તે અક્ષય તૃતીયાથી લઈને શ્રાવણ વદિ સાતમ સુધી એટલે કે જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધીનો છે.

વૈશાખ સુદિ-૫-પાચમ (વ્રજ : વૈશાખ શુક્લ-૫)

વસ્ત્ર : હલકા ગુલાબી, સુથન પટકા.

સાજ : સફેદ ચીકનનો, સફેદ અસ્તરનો પીરોજી મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા, આભરણ મોતીના, માલા ચાર, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી મોતીની ધરે. કતરા સાદા ધરે.

ઉષ્ણકાલમાં આજથી લઈને અષાઢ સુદિ પૂનમ સુધી સુથનના તથા ધોતીના શૃંગારમાં ક્યારેક પટકા ધરાય તો ક્યારેક ન ધરાય.

વૈશાખ સુદિ-૬-છઠ (વ્રજ : વૈશાખ શુક્લ-૬)

વસ્ત્ર : સફેદ, રૂપેરી કિનારીના, મલ્લકાછ્છ.

સાજ : સફેદ ચીકનનો, સફેદ અસ્તરનો, સફેદ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર ટિપારો મોતીનો, ઉપરણા મોતીના, આભરણ મોતીના, માલા બે મોતીની, કતરા, ચંદ્રિકા મોતીના ધરે.

વૈશાખ સુદિ-૭-સાતમ (વ્રજ : વૈશાખ શુક્લ-૭)

ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી(પોરબંદર)નો જન્મદિવસ પ્રા. સં. ૨૦૧૧

વસ્ત્ર : કેસરી તુઈવાળા

સાજ : કેસરી તુઈવાળો, ગાદી તકિયાના પટ્ટા પટ્ટી કેસરી આવે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સેહરા એક હારનો શૃંગાર ધરે. તેના ઉપર ગુંજા ધરે. લુમતર્રા ધરે.

(એક હારનો શૃંગાર એટલે છ માલા, એક હાર, વિના પદકની માલા એક, પવિત્રુ એક.)

પલના તથા રાજભોગની અધકીની સામગ્રી :

આજે દૂધઘરમાં ચાર તેમજ અનસખડીમાં પાંચ પ્રકારની અધકીની સામગ્રી આવે.

વૈશાખ સુદિ-આઠમ-૮ (વ્રજ : વૈશાખ શુક્લ-૮)

વસ્ત્ર : ચંદની ધોતી ઉપરણા

સાજ : સફેદ જામદાનીનો સુંઘની રંગના અસ્તરનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલ પગા, આભરણ પડાના, માલા ચાર મોતીની, તેના ઉપર ગુંજા ધરે. ચોકડા મોતીના ધરે. ચંદ્રિકા સાદા નાના ધરે.

આજથી લઇને અષાઢ સુદિ પૂનમ સુધી ધોતીના શૃંગારમાં ક્યારેક ઉપરણા ધરાય તો ક્યારેક ન ધરાય.

વૈશાખ સુદિ-૯-નોમ (વ્રજ : વૈશાખ શુક્લ-૯)

વસ્ત્ર : ગુલાબી પિછોરા.

સાજ : હલકા ગુલાબી રંગનો, શ્યામ મગજીનો, વિના કિનારીનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ-આભરણ મોતીના, માલા છ મોતીની તેમાં માલા એક હંસના પદકની ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર સફેદ મોરની ચંદ્રિકા ધરે. શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી કુંજાની ગુલાબી ટોપી ધરે. બાજુ ધરે નહિ.

વૈશાખ સુદિ-૧૦-દશમ (વ્રજ : વૈશાખ શુક્લ-૧૦)

વસ્ત્ર : સફેદ, સુથન પટકા

સાજ : સફેદ જામદાનીનો, પીળા રંગના અસ્તરવાળો, શ્યામ મગજીનો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ-આભરણ ગુલાબી મીનાના, માલા બે ગુલાબી મીનાની, કર્ણફૂલ બે, કતરા દુહેરા સાદા ધરે.

વૈશાખ સુદિ-૧૧-એકાદશી (વ્રજ : વૈશાખ શુક્લ-૧૧)

વસ્ત્ર : હલકા ધાણી રંગના, શ્યામ ફીતના પિછોરા.

સાજ : સફેદ જામદાનીનો ગુલાબી રંગના અસ્તરનો પીરોજી મગજીવાળો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે પગા મોતીના, આભરણ મોતીના, માલા છ, તેના ઉપર ગુંજા ધરે, કુંડલ ધરે, ચંદ્રિકા મોતીની ધરે.

વૈશાખ સુદિ-૧૨-બારસ (વ્રજ : વૈશાખ શુક્લ-૧૨)

વસ્ત્ર : મોતીયા રંગના, કાછા મોતીનો.

સાજ : સફેદ જામદાનીનો પીરોજી રંગના અસ્તરનો શ્યામ મગજીનો.

મંગલભોગ સામગ્રી : આજે શ્રી...ને મંગલભોગમાં લુચઇ તથા કાચી કેરીનું બિલસારૂ આવે. એક થાળીમાં લુચઇ નંગ બાર તથા કાચી કેરીના બિલસારૂનો ડબરો એક આવે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી મોતીની, આભરણ મોતીના, માલા એક મોતીની, કર્ણફૂલ ઝુમખીના ધરે.

વૈશાખ સુદિ-૧૩-તેરસ (વ્રજ : વૈશાખ કૃષ્ણ-૧૩)

સંવત ૧૯૪૫ની સાલમાં આજના દિવસે નવું મંદિર સિદ્ધ થયું તેમાં શ્રી...બિરાજ્યા તેનો પાટોત્સવ

આજે નિજમંદિરના દ્વાર ઉપર આસોપાલવનું તોરણ એક બંધાય.

વસ્ત્ર : બદામી હલકા રંગના, પિછોરા.

સાજ : બદામી

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો બીચકો, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના પર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા છીપના ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં આમરસની બુંદીનો મોહનથાળ આવે. સખડીમાં પાટિયાની સેવ, છડિયલ દાળ, પકોડીની કઢી, ભુજેના, પાપડ, તિલવડી, ઢેબરી આવે.

વૈશાખ સુદિ-૧૪-ચૌદશ (વ્રજ : વૈશાખ શુક્લ-૧૪)

નૃસિંહ ચતુર્દશી

આસોપાલવનું તોરણ નિજમંદિરના દ્વાર ઉપર બંધાય. આજ શ્રી...ને અભ્યંગ થાય.

વસ્ત્ર : કેસરી મલમલના, પિછોરા.

સાજ : કેસરી દોરીયાનો રૂપેરી કિનારીનો.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર કુલ્હે કેસરી રૂપેરી ચિત્રની, આભરણ મોતીના બાજુ, પોંચી, કટિપેચ, નૂપુર, જેહર મોતીના ઈકહરા ધરે. કુલ્હે ઉપર પાન, તુર્રા, ટીકો, ગોટીનું ફૂલ આ બધું હીરાનું. શ્રીકંઠમાં હાંસ હીરાનો, માલા છ મોતીની, તેના ઉપર હાર એક પડાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર બીજો હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર જૂઈનો હાર, તેના ઉપર કલીનો હાર, તેના ઉપર મોતીનું પવિત્રું, તેના ઉપર ગુંજા ધરે. **આજે વાઘ નખો અવશ્ય ધરાવવો.** કુંડલ, હસ્તફૂલ હીરાના ધરે. આજે ચોટી ધરે નહિ. જોડ ત્રણ ચંદ્રિકાનો સાદો ધરે. શ્રીબાલકૃષ્ણલાલજીને ગાદી ઉપર ચંપકલીનો હાર ધરાવવો.

પલના સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં સતુવાના લાડુ તથા કેરીનું મીઠું શાક આવે. સખડીમાં પાટિયાની સેવ, ઘોળ્યો સતુવા, છડિયલ દાળ, પકોડીની કઢી, અધકીના શાક બે તેમાં એક અડદની વડીનો ઝોલ અને બીજુ ચંદની શાક. ભુજેના એક જાતના, કચરિયાં ચાર જાતની, પાપડ આવે.

આજથી લઈને રથયાત્રાના એક દિવસ પહેલાં સુધી શ્રી યમુનાજલનો થાળ આવે. તેને માટે કાષ્ઠનો ચોકઠા, ગોળ છત્રી વાળી સીડી, બુરજ ચાંદીના ગંગા જમની કામના, બંને તરફ બુરજવાળો ચાંદીનો શ્રી યમુનાજીનો ઠકુરાની ઘાટ આવે. ઉષ્ણકાલમાં શ્રી યમુનાજલ ભરવા માટે ચાંદીનો મોટો થાળ પાટની આગળની ચોકીની આગળ કાષ્ઠના ચોકઠાં ઉપર આવે. તે થાળમાં બતક, મત્સ્ય, કાચબો, મગર વગેરે ચાંદીના ખિલોના અને ગુલાબ, મોગરો વગેરે ફૂલની કળી તથા પત્તા પધરાવવા. ચાંદીની એક મોટી તથા બે નાની નાવ, એક છત્રી, સફેદ ચાંદી ઉપર મીનાકારી કામના કમલના ફૂલ, વસુદેવ પ્યાલા વગેરે આવે.

સમય થયે રાજભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય, બીડી અરોગે. માલા ધરે, ખંડ, પાટ ચોકી લગાવવા. શ્રી...ના પાટની આગળની ચરણ ચોકીની આગળ શ્રી યમુનાજલનો થાળ પધરાવવા માટે કાષ્ઠનો ચોરસ ચોકઠા માંડવો. તે ચોકઠાની ચારે બાજુ એક એક પગથીયાની સીડી માંડવી. તે ચોકઠાની વચ્ચે ચાંદીનો મોટો થાળ પધરાવવો. તેમાં મીઠું જલ થાળના કિનારા સુધી ભરવું. તેની અંદર ઉપર જણાવેલા ખિલોના પધરાવવા. નાની, મોટી નાવ તેરવવી. નાવમાં ક્યારેક ચાંદીનો બંગલો રાખવો, ક્યારેક ન રાખવો. કાષ્ઠના ચોકઠા ઉપર ચારે ખૂણા ઉપર બુરજ (ઘુમ્મટ) ચાર ગોળ છત્રીના રાખવા. ક્યારેક થાળીમાં પાચમો ઘુમ્મટ થાળની વચ્ચોવચ્ચ રાખવો. નીચેની સીડીના ચારે ખૂણા ઉપર ફૂલના ચાર ઝાડ રાખવા. **શ્રી યમુનાજલનો થાળ રાજભોગથી લઇને સંધ્યા આરતી સુધી રહે.**

સમય થયે રાજભોગના દર્શન ખુલે, વેણુ, વેત્ર ધરાય. તેમાં વેત્ર બે ધરાય, એક હીરાનું અને એક મોતીનું ત્યારબાદ મોટી આરસી બતાવાય.

ઉત્થાપન સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

શયનભોગ સામગ્રી : શયન ભોગમાં છડિયલ દાળ આવે બાકી બધું નિત્યવત આવે.

શયનભોગ આવ્યે ચોકમાં નીચે દર્શાવ્યા પ્રમાણે બિછાત કરીને તૈયારી કરવી.

તિબારીથી લાગીને ડોલ તિબારી તથા કીર્તનીયા તિબારીની બાજુ બે-બે હાથ જગ્યા છોડી નીચે ચોકીનો ચોતરો કરે, તેના ઉપર સફેદી બિછાવવી. પછી બિછાતના ચોતરાની આગળના ભાગમાં શ્રી...ને બિરાજવાના હિસાબથી જગ્યા રાખી, બિરાજવાની જગ્યા ઉપર સફેદી ચડાવેલી લાંબી હલકી ગાદી બિછાવવી. બાજુના તકિયા તથા ફૂલના તથા ચાંદીના કઠોડા માંડવા. બગલાઉ તકિયા વગેરે પ્રથમથી રાખ્યા હોઈ તેની પાછળની બાજુ ફૂલ મંડલી ત્રણ છત્રીવાળી રાખવી. પછી બિછાતના ચોતરા આગળ શ્રી...ની ડાબી બાજુ એક કાષ્ઠની નાની ચોકી માંડી તેના ઉપર પંચામૃતની તૈયારી વામન દ્વાદશીવત્ કરવી. બિછાતના ચોતરાની જમણી તરફ એક નાની ચોકી ઉપર ચાંદીની તબકડીમાં તિલક માટે કુમકુમનો ગોળો તથા એક કટોરીમાં અક્ષત રાખવા. એક ગુલાબદાની, એક તબકડીમાં તુસીદલ તથા તુલસીના પત્તા, સંકલ્પ માટે મીઠા શીતલ જલની લોટી, અંગવસ્ત્ર, ઓઢાડવાનું પિતાંબર તથા શ્રીશાલીગ્રામજીને ધરાવવાની નાની માલા, આ બધુ તૈયાર રાખવું. ચાંદીનો એક થાળ સ્નાનવાળો, તેમાં ચાંદીનો ગોળ પીઢા માંડી, તેના ઉપર ભીના કુમકુમનું અષ્ટદલ કમલ કરી, તેના ઉપર લાલ દરિયાઈનો ચોવડ પીતાંબર બિછાવવો. તથા તેજ થાળમાં પડઘી સહિત શંખ રાખવો. એક કટોરીમાં સૂકી પીસેલી હળદર મંગાવી રાખવી. આ પ્રમાણે તૈયારી કરવી.

શ્રી નૃસિંહ જયંતી પંચામૃત સ્નાન : **આ પંચામૃત સ્નાન મંદિરક્રમમાં થાય, વૈષ્ણવોને ત્યાં નહિ.**

ઝારી અને માટીના કરવડી, કુંજા ભરવા. તે ચોકમાં બિછાત કરી હોય ત્યાં યથાસ્થાન પધરાવવા સમય થયે શયનભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. ચોકમાં બિછાત કરી રાખી હોય ત્યાં શ્રી...પધારે. શ્રી...ને ફૂલની માલા ધરાય. બિછાતના ચોતરાની આગળના ભાગમાં શ્રી...બિરાજે. શ્રી...બિરાજે તેના આગળના ભાગમાં સૂકી હળદરનું અષ્ટદલ કમલ માંડી તેના ઉપર પંચામૃત કરાવવાનો થાળ પીઢા માંડીને તૈયાર રાખ્યો હોય તે પધરાવવો. થાળમાંથી પડઘી સહિત શંખ ઉઠાવી થાળની આગળ જમણી બાજુ રાખવો. ફુવારા છૂટે. શ્રી...ની આગળ દંડવત્ કરી, આજ્ઞા માંગી શ્રી શાલીગ્રામજીના ખંડમાંથી શ્રી નૃસિંહ-શાલીગ્રામજીને પધરાવી થાળમાં પીઢામાં પીતાંબર બિછાવી રાખ્યું હોય તેના ઉપર પધરાવવા. ઝાલર, ઘંટા, શંખનાદ થાય ત્યારપછી કુમકુમની તબકડી હાથમાં લઇ શ્રી શાલીગ્રામજીને તિલક, અક્ષત કરી, સગદ્ય પંચાક્ષર મંત્રથી શ્રી શાલીગ્રામને તુલસીદલ સમર્પવા. પંચામૃતના સાજમાં, આચમનની ઝારીમાં અને શંખ વગેરેમાં તુલસીના પત્તા પંચાક્ષર મંત્રથી સમર્પવા. ત્યારબાદ અક્ષત હાથમાં લઇ સંકલ્પ કરવો. સંકલ્પ જલ પૃથ્વી ઉપર છોડવું. શ્રીશાલીગ્રામજી પરથી અક્ષત વડા કરી, શંખ હાથમાં લઈ શ્રીમહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, મસ્તક ઝુકાવી પંચામૃત સ્નાન કરાવવું. પ્રથમ દૂધથી, પછી દહીંથી ઘીથી, બૂરાથી, મધથી, બે વખત દૂધથી, પછી બે વખત શીતલ જલથી સ્નાન કરાવી, શંખને પડઘી ઉપર પધરાવી, શ્રીશાલીગ્રામજીને પીઢા ઉપરથી હાથમાં પધરાવી, બૂરાથી ઉબટાવીને કેસરી ચંદન સમર્પવું. શીતલ જલથી સ્નાન કરાવી, અંગવસ્ત્ર કરી, શ્રી મદનમોહનલાલજી ની ગાદી ઉપર આગળના ભાગમાં શ્રીશાલીગ્રામજીને પધરાવવા. તેમને પીતાંબર ઓઢાડી, માલા ધરાવવી, કુમકુમથી તિલક અક્ષત શ્રીશાલીગ્રામજીને કરવા.

આજે શ્રી...ને તિલક થાય નહિ.

પછી તુલસીદલ હાથમાં લઈ, સગદ્ય પંચાક્ષરમંત્રથી શ્રી...ના ચરણારવિંદમાં સમર્પવા. ત્યારપછી શ્રીશાલીગ્રામજીને તુલસીદલ સમર્પવા. ઝાલર, ઘંટા, શંખનાદ બંધ થાય. પંચામૃતનો સાજ ઉઠાવી મંદિરવસ્ત્ર કરવું.

ત્યારપછી શ્રી...ની શૃંગાર ચોકી માંડી, તે ચોકીની જમણી બાજુ પડઘો માંડી, તેની ઉપર ગુજરી રાખી, શીતલભોગ ની હાંડી પધરાવવી. તેમાં તેરની તેરવવી. શ્રી...ના ચરણારવિંદ ઉપરથી તુલસીદલ વડા થાય. શ્રી...ના શૃંગાર વડા થાય. શૃંગાર વડો થયે કુલ્હે ઉપર હીરાનો અથવા મોતીનો પડછીયા વારો તાઈત રહે. અને શ્રીકંઠમાં નાનો વાઘ નખો રહે.

ત્યારપછી કરવડી ઉઠાવી, પ્રસાદીમાં ઠાલવી, ખંગારી યથાસ્થાન રાખવી. શ્રી...પાસેની ઝારીના નાળવા ખોલવા. શીતલભોગ પાસે રહેલો હોય તે આવે. તે દૂધઘરના ભોગની સાથે સાજવો.

પછી નીચે મુજબ ચોકી, પાટિયા માંડવા. બિછાતની બરાબરની ચોકી સખડીભોગ ધરવા માટે માંડવી. એક ચોકી અનસખડી ભોગ ધરવા અને મોટી ચોકી એક દૂધઘરનો ભોગ ધરવા માટે શ્રી...ની જમણી બાજુ માંડવી. મોટી ચોકી એક ફલાહારનો ભોગ ધરવા માટે શ્રી...ની આગળ અનસખડીનો ભોગ ધરવા માટે ચોકી માંડી હોય તેની પાછળની બાજુ માંડવી. બધી ચોકીઓ ઉપર લીલી પાતળ બિછાવવી. નીચે મુજબ ઉત્સવ ભોગ આવે.

ઉત્સવ ભોગ સામગ્રી :

દૂધઘર સામગ્રી : દૂધઘર ભોગના થાળમાં આંબાની બરફી, સફેદ પેંડા, અધોટાનો મલડો, કાચી કેરીનું બિલસારૂ, ખડબુજાનો પણો, આંબાનો રસ, ખાંડનો પણો, મઠો, પગે મેવા બે જાતના, તળેલા ચાર જાતના, સૂકા મેવા આઠ જાતના, તેમજ ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા આવે. તેની સાથે બુરાનો બટેરો અને લુણ, મરીની નાની કટોરી એક એક આવે. આખા આંબા નંગ પચીસ અથવા પચાસ આવે.

અનસખડી સામગ્રી : બાલભોગમાંથી અનસખડી તથા ફલાહારનો ભોગ પધરાવવો. પ્રથમ અનસખડી ભોગ પધરાવવો. તેમાં સક્કરપારા, છૂટી બુંદી, કેરીનું મીઠું શાક, નિત્યના કેરી વગેરે સંધાણાની કટોરી એક આવે.

ફલાહાર ભોગમાં શીરો, પૂરી, ખીર, સેવ, ભુજેના, સૂકા ભુજેના, પાકા કેળાનું રાયતુ, આલુનું સૂકું શાક, રતાળુનું રસદાર શાક, લુણ, મરીની કટોરી એક એક આવે.

સખડી સામગ્રી : તેમાં દહીંભાતનો ડબરો, ધોળ્યો સતુવાનો ડબરો એક, કેરીના સંધાણાની કટોરી એક આવે.

તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે.

સમય થયે ઉત્સવ ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સર્યાના બીડા બે શ્રી...ને તબકડીમાં ધરાય. ભોગની ચોકી ઉઠાવી, ખાસા કરી, મંદિરવસ્ત્ર કરવું. ત્યારપછી શ્રીનૃસિંહ-શાલીગ્રામજીને શ્રી...ની ગાદી ઉપરથી પીતાંબર, માલા સહિત પધરાવી ખંડમાં યથાસ્થાન પધરાવવા. નિત્યવત્ માલાનો જોડ ધરાવવો. શયનનાં દર્શન ખુલે. નિત્યવત્ બીડી અરોગે. શયન આરતી મોતીની થાળીની ચાંદીના ચાર ખૂણાવાળા દિવડાની થાય. ટેરો આવે, દર્શન બંધ થાય. માલાનો જોડ વડો થાય. ત્યારપછી વાઘનખો તથા કુલ્હે ઉપરથી તાઈત વડો કરી નિત્યવત્ અનોસર થાય.

બહુ ગરમી પડતી હોય તો આજથી લઈને ખૂબ વર્ષા પડી ઠંડક થાય ત્યાં સુધી શયનના અનોસરમાં શય્યા મંદિરમાં શય્યાની નીચે જલનો છિંટકાવ કરવો.

નૃસિંહ ચર્તુદર્શીથી લઈને રથાયાત્રાનો એક દિવસ પહેલાં સુધી દર શનીવારે અભ્યંગ થાય. તેમાં દ્વાદશી તથા અમાસના દિવસે શનીવાર આવે તો એક દિવસ આગળ પાછળ અભ્યંગ કરાવવું. અને આ ઓસરાના અભ્યંગમાં જો એકાદશીના દિવસે અભ્યંગ ઓસરા (વારો) આવતો હોય તો એકાદશીના દિવસે અભ્યંગ કરાવવું નહિ. કારણ કે અભ્યંગના ઓસરામાં શિખરનભાત, દહીંભાત, અરોગે છે. અને એકાદશીના ગોપીવલ્લભમાં ચોખા અરોગે નહિ. તેથી એક દિવસ આગળ પાછળ કરવું.

અભ્યંગના દિવસે ગોપીવલ્લભમાં સખડીમાં ઓસરાથી શિખરનભાત તથા દહીંભાત અરોગે. તેમાં નૃસિંહચતુર્દશી પછી જે પહેલો અભ્યંગ આવે તે દિવસે શિખરનભાત અરોગે. અને રથયાત્રાની પહેલાં જે છેલ્લો અભ્યંગ આવે તે દિવસ, પણ શિખરનભાત અરોગે. અને વચ્ચેના અભ્યંગમાં વારાથી શિખરનભાત અને દહીંભાત અરોગે. જે દિવસે અભ્યંગનો વારો હોય તે દિવસે શ્રી મદનમોહનલાલજીને ગોપીવલ્લભમાં જો દહીંભાતનો વારો હોય તો દહીંભાતનો ડબરો આવે અને જો શિખરનભાત નો વારો હોય તો શિખરનભાતનો ડબરો આવે. તે દિવસે

ગોપીવલ્લભમાં દાળ, ભાત, કઢી વગેરે કંઈ આવે નહિ. ફક્ત દહીંભાત અથવા શિખરનભાત જેનો વારો હોય તેજ આવે. જે દિવસે અભ્યંગ હોય તે દિવસે રાજભોગમાં શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી ને દહીંભાત અથવા શિખરનભાત જે વારો હોય તેની કટોરી એક એક આવે.

માટીની કરવડી, કુંજા, કરવા બદલાવવાનો ક્રમ દરેક અભ્યંગ વખતે છે. પરંતુ અહિંની ખારી માટીને કારણે નવા કરવા, કુંજા, કરવડી બદલવા હોય તેના બે દિવસે પહેલાં મીઠા જલથી ભરીને રાખવા. પછી જલ કાઢીને કામમાં લેવા જેથી તેમાં જલ ખારું ન થાય.

વૈશાખ સુદિ ૧૫-પુનમ (વ્રજ : વૈશાખ શુક્લ ૧૫)

વસ્ત્ર : સફેદ, પરદની

સાજ : સફેદ ચાર ખાનાના દોરીયાનો બંધાય

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ મોતીના,માલા એક અથવા બે મોતીની, કર્ણફૂલ બે, પાગ ઉપર સફેદ લુમની રૂપેરી કલંગી ધરે. આ શૃંગાર રીતનો છે. પરદની શૃંગારમાં બાજુ ધરે નહિ. પરદનીનો શૃંગાર નીપટ હલકો હોય. આજથી પરદની ધરે.

વૈશાખ વદિ ૧-એકમ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૧)

આજે જલ ભરાય

આજથી લઈને સ્નાનયાત્રાના એક દિવસ પહેલાં સુધી રાજભોગ સમયે સિંહાસન ઉપર ક્યારેક ખસના બંગલા આવે જેને ખસખાના કહે છે.

સુજની સફેદ જમીન ઉપર ગુલાબી કમલની બિછે. આજે જલ ભરાય. ચોકમાં ગોવિંદઘાટનો ચોરસ હોજ માંડવો. તેની ચારે બાજુ એક એક સીડી લગાવવી. તેના ચારે ખૂણા ઉપર નાના નાના કેળાના ઝાડ અને ઝાડના કુંડા વગેરે નકશા મુજબ માંડવા. હોજમાં જલ ભરવું, તેમાં કમલના નાના નાના ૫ ।। તથા બધી જાતના ફૂલ પધરાવવા. હોજની વચ્ચે એક હજારા ફુવારો ચડાવવો.

વસ્ત્ર : સફેદ સાદા, તનિયો મોતીનો, તેના ઉપર બહારનો આડબંધ ધરે.

સાજ : બગીચાનો ખસખાનાના ચિત્રનો બંધાય.

મંગલભોગ સામગ્રી : **આજે શ્રી...મંગલભોગ લુચઈ, આમરસનો અરોગે.** એક ચાંદીની થાળીમાં લુચઈ નંગ બાર તથા આમરસ ની મોટી ડબરી એક આવે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા બહારનો, આભરણ મોતીના,બાજુ ધરે નહિ. બહારનો આડબંધ ધરે. તેથી પોંચી વિના ફોંદનીની ધરે. કટિપેચ તનિયા ની ઉપર ધરે. માલા બે, કર્ણફૂલ બે ઝુમકીના ધરે. આજથી તનિયા અર્થાત્ બહારનો આડબંધ ધરે. ફેંટા ઉપર ખંડેલા ધરે. (અડધી ચંદ્રિકાને ખંડેલા કહેવામાં આવે છે)

(જે દિવસે બહારનો આડબંધ ધરે તે દિવસે દર્શન ખૂલે ત્યારે આડબંધ ધરાવીને ખોલે. અને જ્યારે દર્શન બંધ થાય ત્યારબાદ આડબંધ વડો કરીને ડાબી બાજુ પીઠકના તકિયાથી દબાવીને રાખે)

રાજભોગ સામગ્રી : સખડીમાં નિત્યની મગની છડિયલ દાળ આવે અને કઢીને બદલે પકોડીની છાશ આવે.

રાજભોગના દર્શન સમયે ચોકના બધા ફુવારા છુટે.

આજે બપોરના અનોસરમાં ભોગ આવે તેની વિગત :

દૂધઘર સામગ્રી : દૂધઘરમાં એક ચાંદીની થાળીમાં આંબાના રસની તવાપૂરી, મિશ્રીનો પણો, ચણાની તથા મગની ભીંજવેલી દાળ, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા તથા આંબા આવે. તેની સાથે બૂરાની કટોરી એક તથા લુણ, મરીની કટોરી નાની એક એક આવે. આ થાળી શ્રી...ની શય્યાની શ્રીમસ્તકથી બાજુએ એક પડઘો માંડી તેના ઉપર પધરાવવી.

અનસખડી સામગ્રી : એક ચાંદીની થાળીમાં આંબાના રસનો મોહનથાળ, આંબાના રસની પકોડી, નિત્યના કેરી વગેરે સંધાણાની કટોરી એક તથા લુણ, મરીની કટોરી એક એક આવે. આ થાળી દૂધઘરના પડઘાની પાસે બીજો એક પડઘો માંડી તેના ઉપર પધરાવવી.

શયનભોગ સામગ્રી : નિત્યની મગની છડિયલ દાળ અને કઢીને બદલે સવારની પકોડીની છાશ તથા બેંગન ભરતા આવે.

શયનભોગ આવ્યે ચોકમાં જલનાં હોજની પશ્ચિમ તરફ, નિજતિબારીમાં બાજુ, હોજથી બે હાથ દૂર, નકશા મુજબ સાંગામાચી માંડી તેના ઉપર ફૂલમંડલી પધરાવવી. તેમાં શ્રી...બિરાજે. શયનના દર્શન થાય અને નિત્યવત્ અનોસર થાય.

વૈશાખ વદિ ૨-બીજ

(વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૨)

વસ્ત્ર : સફેદ શ્યામ ફીતના, મલ્લકાછ્છ

સાજ : સફેદ જાલીનો, દ્રાક્ષવેલનો, ગુલાબી રંગના અસ્તરનો ગુલાબી મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા સફેદ વસ્ત્રના શ્યામ કમલના ભાતના ચિત્રના. આભરણ મોતીના, માલા બે મોતીની, કતરા, ચંદ્રિકા ગુલાબી મીનાના ધરે.

વૈશાખ વદિ ૩-ત્રીજ

(વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૩)

વસ્ત્ર : સફેદ સુંઘની રંગની ફીતના, પિછોરા

સાજ : સફેદ જાલીનો ઝાડની ભાતવાળો, શ્યામ રંગના અસ્તરનો, શ્યામ રંગની મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે પગા આભરણ ગુલાબી મીનાના, માલા છ ગુલાબી મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, કતરા, ચંદ્રિકા સાદા ધરે.

વૈશાખ વદિ ૪-ચોથ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૪)

વસ્ત્ર : અરગજી, ધોતી ઉપરણા

સાજ : સફેદ જાલીનો બતકની ભાતવાળો, લીલાં રંગના અસ્તરનો, લીલી મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સેહરા મોતીના, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક પડાના જડાઉનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.

વૈશાખ વદિ ૫-પાચમ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૫)

વસ્ત્ર : ચંપાઈ, સુથન પટકા મોતીના

સાજ : સફેદ જાલીદાર રાસમંડલની ભાતનો, લીલા રંગના અસ્તરનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે મોતીની, કુલ્હે ઉપર પાનને બદલે મોતીની કલંગી ધરે. આભરણ મોતીના, માલા બે મોતીની, કુલ્હે ઉપર ચંદ્રિકા એક સાદી ફરહરાતી ધરે. જોડ ધરે નહિ.

વૈશાખ વદિ ૬-છઠ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૬)

વસ્ત્ર : સફેદ ચંદની કોરના અક્ષય તૃતીયાના, પરદની

સાજ : સફેદ જાલીદાર મોટા બુટ્ટાની ભાતનો, લાલ રંગના અસ્તરનો શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણમોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર કતરા સાદા. શ્રીનટવરલાલજી શ્રી બાલકૃષ્ણલાલજી ટોપી ધરે.

વૈશાખ વદિ ૭-સાતમ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૭)

વસ્ત્ર : ગુલાબી રૂપેરી કિનારીના

સાજ : સફેદ જાલીનો રાસમંડલની ભાતનો, સફેદ અસ્તરનો, શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, ઝુમકીના ગરદ.

વૈશાખ વદિ ૮-આઠમ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૮)

આજે જલ ભરાય, શ્રી...ને ચંદન ધરાય અને ફૂલના શૃંગાર થાય.

સુજની લીલી જમીન ઉપર નીલકમલની બિછે. આજે ચંદસરોવરનો અઠાસનો હોજ ચોકમાં વચ્ચોવચ આવે, તેમાં જલ ભરાય. તેની આસપાસ નાના નાના કેળના ઝાડ તથા ઝાડના કુંડા વગેરે નકશા પ્રમાણે મંડાય. હોજમાં કમલના નાના નાના પત્તા તથા બધી જાતના ફૂલ પધરાવવા. હોજમાં વચ્ચે એક હજારા ફુવારો ચડાવવો.

વસ્ત્ર : અરગજી, પરદની

સાજ : કમલના ચિત્રનો રૂપેરી જમીનનો બંધાય

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ, પાગ તેમાં ગોટી શ્યામ. આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે ચંદ્રિકા છીપની

રાજભોગ સામગ્રી : સખડીમાં નિત્યની દાળ મગની ધોવા દાળ આવે. કઢીને બદલે બુંદીની છાશ આવે.

રાજભોગ આવ્યે નિજતિબારીમાં શ્રી...ની શૃંગાર ચોકી માંડવી. તે ચોકીની ડાબી બાજુ શૃંગાર સમયની ઝારી, બંટા પધરાવવાની જે ચોકી હોય તે ચોકી ઝારી, બંટા પધરાવવા માટે માંડવી. શૃંગાર ભોગ પધરાવવા માટે પડઘો એક શ્રી.ની શૃંગાર ચોકીની જમણી તરફ નિત્ય મંડાય છે તે માંડી રાખવો. શ્રી...ને ધરાવવાનું ચંદન અક્ષય તૃતીયા પ્રમાણે ઘસીને આવ્યું હોય તેમાં અક્ષય તૃતીયા પ્રમાણે સુગંધી મિલાવીને એક તબકડીમાં રાખવું. ગુલાબજલમાં ગરણું ભીંજવીને ચંદન ઉપર ઢાંકવું.

સરબતી મલમલના વસ્ત્રો નીચે મુજબ મંગાવી રાખવા. શ્રી મદનમોહનલાલજી નું શીખા વસ્ત્ર એક, કોઠા વસ્ત્ર એક, શ્રી સ્વામિનીજીની ચોલી એક, શ્રી બાલકૃષ્ણલાલજી નું કોઠા વસ્ત્ર એક તથા વાગો એક મંગાવી રાખવો.

હોજની વચ્ચેનો ફુવારો એક, નિજતિબારીમાં આગળનાં ફુવારા ત્રણ તથા હોજના બંને બાજુના ફુવારા બે, આ બધા ફુવારા ચડાવી રાખવા. ચોકનો ચંદરવો તથા ડોલ તિબારી તથા કીર્તનીયા તિબારી ના ટેરા લગાવવા. નિજતિબારીની ત્રણે જારી ખુલ્લી રહે. ફૂલઘરમાંથી ફૂલના આભરણની છાબ પધરાવવી.

સમય થયે રાજભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય, શ્રી...નિજમંદિરમાં સિંહાસન ઉપર બિરાજે, બીડી અરોગે. નિત્યવત્ સિંહાસનની તથા અનોસરની ઝારી ભરાય. અનોસરની ઝારી શય્યામંદિરમાં યથાસ્થાન પધરાવવી. સિંહાસનની ઝારી નિજતિબારીમાં શ્રી...ની શૃંગારચોકી માંડી રાખી હોય તેની ડાબી બાજુ ચોકી માંડેલી હોય તેના ઉપર પધરાવવી. બીડાનો બંટો પણ તે ચોકી ઉપર પધરાવવો. ત્યારપછી શ્રી...ને નિજતિબારીમાં શૃંગાર ચોકી ઉપર પધરાવવા. શૃંગાર ભોગની બે થાળી દૂધઘરમાંથી આવે. તેમાં આંબાના રસની તવાપૂરી, માખણ,મિશ્રી આવે. શૃંગાર ભોગની થાળી ઉપર સફેદ ચોરસો ઢાંકવો. નિજતિબારીમાં પહેલેથી જ બંને જગ્યાએ પડઘા માંડી રાખ્યા હોય તેના ઉપર શૃંગાર ભોગની થાળી પધરાવવી.

શ્રી...ને ફૂલના શૃંગાર ધરાવવાની રીત :

ચંદનનો વાગો ધરાવવા માટે બેસે ત્યારે ફુવારા છુટે. પ્રથમ શ્રી...ના શૃંગાર, વસ્ત્ર, શીખા, કેશ વગેરે બીડા વડા કરવા. પ્રથમ શ્રી મદનમોહનલાલજીના શ્રીચરણારવિંદમાં ફૂલના નૂપુર ધરાવવા. પરદની ધરાવવી. તેના ઉપર ફૂલનો કટિપેચ ધરાવવો. પછી કોઠા વસ્ત્ર મલમલનું ધરાવવું. (કોઠાવસ્ત્ર શ્રી...ના હસ્તની નીચેથી વાળીને કોણી સુધી ધરાવવું) તે ધરાવી તેના ઉપર ચંદનનો લેપ ચારે બાજુ ફરતો કોઠાવસ્ત્રની બરાબર કરવો. તથા બંને શ્રીહસ્તની ફૂલની કલીની બાજુ, પોંચી તથા કલીની લડ ધરાવવી. ત્યારપછી સરબતી મલમલનું શીખા વસ્ત્ર ગુલાબજલ માં ભીંજવી, નિચોવીને શ્રીમસ્તકની શીખા ઉપર શીખાવસ્ત્ર ધરાવવું. પછી શ્રીમસ્તક ઉપર ચંદનની ગોળ પાગ કરીને ધરાવવું. ફૂલની કલીના પાગની લડ તથા ઠાડી લડ ધરાવવી. તથા પાગ ઉપર પડછિયાનું ફૂલનું શીશફૂલ ધરાવવું. ત્યારપછી ફૂલનો ઈકહરો કતરો ધરાવવો. ફૂલનું શીશફૂલ ધરાવવું. શ્રીકંઠની લડ એક કલીની

ધરાવીને ફૂલની કલીની માલા એક અથવા બે ધરાવવી. ત્યારપછી ફૂલના કર્ણફૂલ બે ધરાવવા. ત્યારપછી ચંદનની ગોળી ચાર ધરાવવી. તેમાં ગોળી બે બંને શ્રીચરણારવિંદ ઉપર તથા એક એક ગોળી બંને શ્રીહસ્ત પર ધરાવવી. ત્યારબાદ શ્રી મદનમોહનલાલજી ને સિંહાસન ઉપર ગાદી ઉપર પધરાવવા.

શ્રી સ્વામિનીજીના વસ્ત્ર, આભરણ વડા કરી પ્રથમ બંને ચરણારવિંદમાં ફૂલના નૂપૂર ધરાવવા. પછી લહેંગા ધરાવી, મલમલની ચોલી ધરાવવી. તેની ઉપર ચારે બાજુ ચંદનનો લેપ કરી ચૂડી ધરાવવી. ત્યારપછી ફૂલની કલીની બાજુ તથા કલીની લડ ધરાવવી. ત્યારપછી સાડી ધરાવવી. ત્યારપછી ફૂલની કલીની ફોંદની ધરાવી, ફૂલની કલીનો કટિપેચ ધરાવવો. પછી ચોટી ધરાવવી. ફૂલની કલીની ઢેરીબંધી ધરાવવી. ત્યારપછી ફૂલની કલીનો ટીકો ધરાવવો. પછી પડાની ટીકી ધરાવવી. ફૂલની ઝીણી કલીની નથ ધરાવવી. પછી શ્રીકંઠમાં ફૂલની કલીની માલા એક અથવા બે ધરાવવી. ત્યારપછી શ્રીમસ્તક ઉપર સાડીનો છેડો ધરાવી, ચંદનની ગોળી ચાર ધરાવવી. તેમાં ગોળી બે શ્રીહસ્તમાં તથા ગોળી બે બંને શ્રીચરણારવિંદ ઉપર ધરાવવી. ત્યારપછી શ્રીસ્વામિનીજીને સિંહાસનની ગાદી ઉપર યથાસ્થાન પધરાવવા.

શ્રી મદનમોહનલાલજીને ચંદન તથા ફૂલના આભરણ ધરાવ્યા તે પ્રમાણે શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજીને ચંદન તથા ફૂલના આભરણ ધરાવવા.

ત્યારપછી નિજતિબારીમાંથી દૂધઘર ભોગની થાળી ઉઠાવીને શય્યામાં અનોસર ભોગ સાથે પધરાવવી. નિજતિબારીમાંથી શ્રી...ના ઝારી, બીડા, બંટા નિજમંદિરમાં યથાસ્થાન પધરાવવા. શૃંગાર ચોકી ઉઠાવીને યથાસ્થાન રાખવી. નિત્યવત્ શ્રી...ને ફૂલની માલા ધરાવવી. ખંડ, પાટ, ચોકી લગાવવા. રાજભોગના દર્શન ખૂલે. નિજતિબારીમાં ફુવારો એક તથા ચોકના બધા ફુવારા છુટે. નિત્યવત્ વેણુ, વેત્ર, ધરાવી, આરસી બતાવી, આરતી કરવી. ત્યારબાદ ટેરો આવે. શ્રી...ને ધરાવેલ ચંદન ગરમીથી શુષ્ક લાગે તો ગુલાબજલથી છિંટકાવ કરી ભીનું કરવું.

બપોરે અનોસર ભોગ આવે તેની વિગત :

દૂધઘર સામગ્રી : દૂધઘરમાં એક થાળમાં આંબાના ખરમંડા, મિશ્રીનો પણો, ચણાની તથા મગની ભીંજવેલી દાળ, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા તથા આંબા આવે. તેની સાથે બૂરાનો બટેરો એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : એક ચાંદીના થાળમાં બધી અનસખડી સામગ્રી સજાઈ ને આવે. તેમાં આંબાના રસની તવાપૂરી, વેસણના ચૂનના સક્કરપારા, નિત્યના સંધાણાની કટોરી એક તથા લુણની કટોરી એક આવે.

ઉપર જણાવેલ દૂધઘર તથા અનસખડીનો ભોગ શય્યા મંદિરમાં શ્રી...ના અનસખડીના બંટાની પાસે ઉપરની બાજુ પડઘો માંડી તેના ઉપર પધરાવવો. નિત્યવત્ અનોસર થાય.

સાંજે ઉત્થાપન સમયે શંખનાદ થાય. નિજમંદિરમાં જઈ શ્રી...ને ધરાવેલું ચંદન શુષ્ક લાગે તો ગુલાબજલનો છિંટકાવ કરી ભીંજવવું. નિત્ય પ્રમાણે ઉત્થાપન સામગ્રી આવે. ત્યારબાદ શ્રી...ના ફૂલના શૃંગાર તથા ચંદન વડુ

થાય. (મંદિરક્રમમાં સંધ્યા આરતી બાદ) શ્રીઅંગમાં વસ્ત્ર કરવું. જેથી શ્રીઅંગમાં ચંદન લાગેલું રહે નહિ. પછી શ્રીમસ્તક ઉપર અરગજી ગોળ પાગ ધરાવવી. નિત્યવત્ રાત્રિના અનોસરમાં રહેતાં આભરણ શ્રી...ને ધરાવવા. શયનભોગ આવે.

શયનભોગ સામગ્રી : શયનભોગમાં આંબાનો રસ તથા દૂધની રોટી અરોગે. સખડીમાં આમરસ ભાત, ચણાની દાળ, પાકા આંબાની કઢી શાક એક નિત્યનું દૂધીનું મરીવાળું, બીજુ ચંદની શાક, ભુજેના પત્તરવેલીયાના, બેંગન ભરતા, પાપડ આવે.

ઉપર જણાવેલ શયનભોગ સાજવાનો ક્રમ માગસર વદિ બારસમાં જણાવ્યા મુજબ સાજવો.

શયનભોગ આવ્યે ચોકમાં ચંદસરોવરના હોજની પશ્ચિમ તરફ નિજતિબારીની બાજુ એક હાથ જગ્યા અર્ધચંદ્રકાર ચોકી માંડી, બિછાત કરીને આગળના ભાગમાં શ્રી...ને પધરાવવાની જગ્યા રાખવી. તે ચોકી ઉપર અર્ધચંદ્રાકાર ફૂલમંડલી આવે. નિત્યવત્ શયનનાં દર્શન ખૂલે. શયન આરતી થાય. નિત્યવત્ અનોસર થાય.

વૈશાખ વદિ ૯-નોમ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૯)

વસ્ત્ર : સફેદ લીલા ફીતના તનિયા અર્થાત્ બહારનો આડબંધ

સાજ : સફેદ જાલીદાર જલ વિહારની ભાતનો, લાલ રંગના અસ્તરનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી લીલા ફીતની, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે ધરે.

વૈશાખ વદિ ૧૦-દશમ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : ચંદની, પરદની

સાજ : સફેદ જાલીદાર હિંડોળાની ભાતનો, લીલા રંગના અસ્તરનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલપગા. આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, ગ્વાલપગા ઉપર ચંદ્રિકા સાદા ધરે.

વૈશાખ વદિ ૧૧- એકાદશી (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૧૧)

વસ્ત્ર : સફેદ રૂપેરી કિનારીના, પિછોરા

સાજ : સફેદ જાલીદાર રાસમંડલની ભાતનો, શ્યામરંગના અસ્તરનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા સફેદ રૂપેરી ચિત્રના, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક મોતીની જાલીનો ગુંથેલો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા સફેદ મોર પંખના રૂપેરી સીતારા લાગેલા ધરે.

વૈશાખ વદિ ૧૨- બારસ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : ગુલાબી રૂપેરી કિનારીના, ધોતી

સાજ : સફેદ ચાર ખાનાનો, સફેદ અસ્તરનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે પગા, આભરણ સફેદ મીનાના, માલા ચાર સફેદ મીનાની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી ધરે. મોરશીખા સફેદ મીનાની ધરે.

વૈશાખ વદિ ૧૩-તેરસ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૧૩)

વસ્ત્ર : સફેદ જાલીની કોરના, સુથન

સાજ : સફેદ દોરીયાનો, સફેદ અસ્તરનો, સફેદ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી કુંજાની. આભરણ ગુલાબી મીનાના, માલા બે ગુલાબી મીનાની, કર્ણફૂલ બે.

વૈશાખ વદિ ૧૪-ચૌદશ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : ચંદની, આડબંધ

સાજ : સફેદ ચીકનનો લીલી મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર બહારની ખીડકીની પાગ, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, પાગ ઉપર મોરશીખા સાદા ધરે.

વૈશાખ વદિ ૦))-અમાસ (વ્રજ : જયેષ્ઠ કૃષ્ણ ૦)))

વટ સાવિત્રી

વસ્ત્ર : સફેદ કેસરની વેલની કોરવાળા, અક્ષય તૃતીયાના મલ્લકાછ્છ.

સાજ : સફેદ સોઈના બખીયાના કામનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા સફેદ વસ્ત્રના ચંદનની કોરના, આભરણ મોતીના, માલા બે મોતીની, કતરા, ચંદ્રિકા છીપના ધરે.

(મંદિરક્રમમાં વહુજી બેટીજી બિરાજતાં હોય તો બાલભોગની સામગ્રીમાં સુહારી થાય જે રાજભોગમાં આવે.)

જેઠ સુદિ ૧-એકમ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૧)

આજે જલ ભરાય. પોણા ચોકમાં શ્રી યમુનાજી ભરવા. અને નકશા મુજબ બુરજ, બંગલા તથા કેળનાં થંભ વગેરે રાખવા. શ્રી યમુનાજીમાં કમલનાં પત્તા, બધી જાતના ફૂલ, નાવ વગેરે રાખવું.

વસ્ત્ર : સફેદ

સાજ : જલ વિહારના ચિત્રનો બંધાય. સુજની જાલીદાર કમલની બિછાવવી.

મંગલભોગ સામગ્રી : **આજે મંગલભોગ લુચઈ તથા શ્રીખંડનો અરોગે.** એક ચાંદીની થાળીમાં લુચઈ નંગ બાર તથા શ્રીખંડની ડબરી એક આવે.

આજથી લઈને જેઠ સુદિ ૮-આઠમ સુધી અધકીમાં આંબાનો શીરો અરોગે. આંબાના શીરાની કટોરી એક પલનામાં અને એક કટોરી ઉત્થાપન ભોગમાં આવે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોટી પાગ, તેમાં ગોટી ગુલાબી, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, પાગ ઉપર સફેદ મોરના પંખની નાની ચંદ્રિકા ધરે.

રાજભોગ સામગ્રી : નિત્યની દાળ ચણાની, કઢી ને બદલે ખંડરાની છાશ તથા ખંડરાનો પ્રકાર આસો સુદિ ૨ ની મીતીમાં લખ્યા મુજબ આવે.

આજે બપોરે અનોસર ભોગ આવે તેની વિગત :

દૂધઘર સામગ્રી : ચાંદીની એક થાળીમાં નીચે મુજબ સામગ્રી સજાઈને આવે. તેમાં આંબાના રસના ગુંજીયા, મિશ્રીનો પણો, ચણાની તથા મગની ભીંજવેલી દાળ, ઋતુ અનુસાર બધી જાતનો લીલો મેવો, પાકા આંબા, સાથે બૂરાનો બટેરો એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : એક ચાંદીના થાળમાં નીચે મુજબ સામગ્રી સજાઈને આવે. તેમાં આંબાના રસની બુંદીના લાડુ, ફિકામાં વેસણના ગાંઠીયા, નિત્યના કેરી વગેરે સંધાણાની કટોરી એક તથા લુણની કટોરી એક આવે.

ઉપર જણાવેલ દૂધઘર તથા અનસખડી નો ભોગ વૈશાખ વદિ ૧-એકમની મીતિમાં જણાવ્યા મુજબ શ્રી...ની શય્યાની પાસે પધરાવવો.

રાજભોગ આવ્યે નિજતિબારીમાં નિજમંદીરના મોટા દ્વાર ઉપર વચ્ચોવચ્ચ કમલના ચિત્રની પિછવાઈ બંધાય. ત્યારપછી નિજમંદિરમાંથી સિંહાસન અને ગાદી લાવી નિજતિબારીમાં નિજમંદિરવત્ રાખે.

સમય થયે રાજભોગ સરે. આચમન મુખવસ્ત્ર થાય. શ્રી...નિજતિબારીમાં સિંહાસન ઉપર બિરાજે. બીડી અરોગે, માલા ધરે. દર્શન ખુલે. આખા ચોકના બધા ફુવારા છુટે. આજે નિજતિબારીમાંથી પલના તથા શય્યા મંદિર સુધી પેંડો બિછે. ચોકમાં જલ ભરેલું છે. તેથી રાજભોગનો છિંટકાવ થાય નહિ.

સાંજે ઉત્થાપન બાદ (મંદિરવસ્ત્ર સંધ્યા આરતી બાદ) શ્રી...ના શૃંગાર વડા થાય. શ્રી...શયનભોગ અરોગવા પધારે. સમય થયે શયનભોગ સરે, આચમન, મુખવસ્ત્ર ભોગ મંદિરમાંજ થાય. શ્રી...નિજતિબારીમાં સાંગામાચી

ઉપર બિરાજે. માલાનો જોડ ધરાય. ત્યારપછી શ્રી...ને ચોકમાં કરેલી બિછાત ઉપર યથાસ્થાન નકશા મુજબ પધરાવવા. શયનના દર્શન ખૂલે. નિત્યવત્ શયન આરતી થાય. અને ત્યારબાદ નિત્યવત્ અનોસર થાય.

જેઠ સુદમાં જે દિવસે આંબાનો મનોરથ હોય તે દિવસની વિગત

મંગલભોગ : મંગલભોગ લુચઈ તથા આંબાના રસનો અરોગે. શ્રી...ને એક ચાંદીની થાળીમાં લુચઈ નંગ બાર તથા આંબાના રસની ડબરી એક આવે. તથા આખા આંબા (નંગ ચાર અથવા આઠ) સાંગામાચી ઉપર બીડી રાખવાની તબકડીની જગ્યાએ તબકડીમાં સાજવા.

શૃંગારભોગ : શૃંગાર ભોગમાં આખા આંબા ચાર શ્રી...ના શૃંગાર ભોગની થાળીમાં સાજવા.

પલના ભોગ : પલના ભોગમાં આખા આંબા ચાર આવે. એક ડબરા માં સાજીને ફિકાના પડઘાની પાસે બીજો પડઘો માંડી તેના ઉપર પધરાવી સફેદ ચોરસો ઢાંકવો.

રાજભોગ : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં આંબાના રસના ઘેવર, ભુજેનાને બદલે આંબાની રસની પકોડી, નિત્યનું રાયતુ આંબાની શાખનું તથા નિત્યનું કાચુ સંધાણું એક આંબાની શાખનું. સખડીમાં આમરસ ભાત, નિત્યની કઢી આંબાની, નિત્યના ભુજેનાને બદલે આંબાના રસની પકોડી આવે. દૂધઘરમાંથી આંબાના રસની બરફી એક નાની થાળીમાં સજાઈને આવે. તે રાજભોગવાળા ભોગ મંદિરમાં શ્રી...ને બિરાજવાની ચોકી ઉપર જમણી બાજુ ધરાવવી. તેની પાસે આંબાના રસનો ડબરો એક આવે. આખા આંબા (નંગ ચાલીસ) નો એક ટોકરો આવે. રાજભોગવાળા ભોગ મંદિરમાં અનસખડીની ચોકીની આગળ બીજી એક નાની ચોકી માંડી, તેના ઉપર પધરાવવો.

બપોરના અનોસરમાં : શ્રી...ને આખા આંબા (નંગ દસ) આવે. એક ડબરામાં સાજીને અનસખડીના બંટાની ઉપરની તરફ બીજો પડઘો માંડી તેના ઉપર પધરાવવા.

ઉત્થાપનભોગ : આખા આંબાના બે ટોકરા (નંગ એકસોવીસ) આવે. શ્રી...ના સિંહાસનની જમણી તરફ મોટી ચોકી માંડી, તેના ઉપર પધરાવવા. આ ઉપરાંત આંબા બહુ હોય તો ખડબુજાના મનોરથમાં જણાવ્યા મુજબ સિંહાસનના ખંડ, પાટ, ચોકી સરકાવી, મોટી પાટ, ચોકીઓ માંડી નિત્યનો ઉત્થાપન ભોગ તથા આંબાના ટોકરા સાજવા.

શયન ભોગ : આખા આંબા (નંગ દસ) આવે. શ્રી...ને બિરાજવાની ચોકી ઉપર જમણી બાજુ પધરાવવા.

રાત્રિના અનોસરમાં : આખા આંબા (નંગ દસ) આવે. ડબરામાં સાજીને અનસખડીમાં બંટાની ઉપરની બાજુ બીજો પડઘો માંડી, તેના ઉપર પધરાવવા.

જેઠ સુદિ ૨-બીજ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૨)

વસ્ત્ર : ગુલાબી, કાછા

સાજ : સફેદ ચીકનનો, સફેદ અસ્તરવાળો, પીરોજી મગજીનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી ગુલાબી કુંજાની, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે ધરે.

જેઠ સુદિ ૩-ત્રીજ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૩)

વસ્ત્ર : સફેદ રૂપેરી કિનારીના, પરદની

સાજ : સફેદ ચીકનનો, સફેદ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ખિડકીની પાગ, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે ઝુમકીના, કતરા મોતીના.

જેઠ સુદિ ૪-ચોથ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૪)

વસ્ત્ર : સફેદ શ્યામ છાપાની વેલની કોરના, વચ્ચે ખાલી, ધોતી ઉપરણા

સાજ : સફેદ ચીકનનો સફેદ અસ્તરનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોટી પાગ, તેમાં ગોટી રૂપેરી ચિત્રની, તેના ઉપર ગુંજા ધરે, પાગ ઉપર કતરા સીપ(છીપ)ના ધરે. શ્રીનટવરલાલજી શ્રીબાલકૃષ્ણલાલજી ટોપી ધરે.

જેઠ સુદિ ૫ - પાચમ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૫)

વસ્ત્ર : સફેદ, કેસરી છાપાની વેલની કોરના વચ્ચેનો ભાગ ખાલી, સુથન, પટકા.

સાજ : સફેદ જામદાનીનો સુંઘની રંગના અસ્તરનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી કુંજાની, આભરણ પડાના, માલા બે મોતીની. (ટોપી કુંજાની એટલે, કડક કુંજા જેવી ટોપી)

જેઠ સુદિ ૬-છઠ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૬)

વસ્ત્ર : સફેદ મલ્લકાછ્છ

સાજ : સફેદ દોરીયાનો, સફેદ અસ્તરનો, સફેદ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા છીપના, આભરણ ગુલાબી મીનાના, માલા બે ગુલાબી મીનાની, બંદી ધરે. ટિપારા ઉપર વચ્ચેના છોડ પર સાદા ચંદ્રિકા તેમજ ડાબા જમણા છોડ પર ખંડેલા ધરે. કતરા, ચંદ્રિકા છીપના ધરે. (ખંડેલા એટલે નાની કડક કાતરેલી ચંદ્રિકા)

જેઠ સુદિ ૭-સાતમ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૭)

વસ્ત્ર : ગુલાબી, પરદની

સાજ : સફેદ જામદાનીનો, પીળા રંગના અસ્તરનો, શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર બહારનો ફેંટા, આભરણ સફેદ મીનાના, માલા બે સફેદ મીનાની, કર્ણફૂલ બે ઝુમકીના, ફેંટા ઉપર કતરા સફેદ મીનાના ધરે.

રાજભોગ સામગ્રી : આજે રાજભોગમાં ફજીતા ભાત આવે.

જેઠ સુદિ ૮-આઠમ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૮)

વસ્ત્ર : ખસખસી રંગના, પિછોરા

સાજ : સફેદ જામદાનીનો, ગુલાબી રંગના અસ્તરનો, પીરોજી મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો બીચકો, આભરણ પડાના, માલા છ મોતીની, તેના ઉપર સફેદ ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, કતરા, મોરશીખા મોતીના ધરે.

અધકી સામગ્રી : આજથી આઠ દિવસ સુધી અધકીમાં આંબાની બરફી અરોગે. બરફી નંગ બે પલનામાં તેમજ નંગ બે ઉત્થાપનમાં આવે.

જેઠ સુદિ ૯-નોમ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૯)

વસ્ત્ર : ધાણી રંગના, આડબંધ

સાજ : સફેદ જામદાનીનો, પીરોજી રંગના અસ્તરનો, શ્યામ રંગની મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલ પગા, આભરણ મોતીના, શ્રીકંઠમાં કંઠી એક, કર્ણફૂલ બે, ગરદની નાની ચંદ્રિકા ધરે.

જેઠ સુદિ ૧૦-દશમ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૧૦)

ગંગા દશહરા

આજે આખા ચોકમાં શ્રીયમુનાજી ભરાય. કેળનાં થંભ, બંગલા, ઘુમ્મટ, વગેરે ગોઠવવા. જલમાં કમલનાં પત્તા, કમલના ફૂલ, બધી જાતના ફૂલ, કાચબા, મત્સ્ય, વહાણ, બતક, દેડકા વગેરે લાકડાના રંગીન રમકડાં જલમાં તરતાં મુકવા. આખા ચોકમાં શોભાયમાન લાગે તે રીતે ફુવારા લગાવવા.

વસ્ત્ર : અરગજી, પિછોરા

સાજ : કમલના ચિત્રનો રૂપેરી જમીનનો બંધાય. સુજની રૂપેરી જમીન ઉપર કમલના ચિત્રની બિછે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર બહારની ખીડકીની પાગ, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર લુમની કલંગી ધરે.

મંદિર ક્રમમાં ગોપીવલ્લભ ભોગ આવ્યે શય્યા મંદિરમાં પીઠકવાળા એક પાટલા ઉપર શ્રી યમુનાજીના ભાવનાજીનો શૃંગાર થાય છે. વૈષ્ણવોને ત્યાં આ ક્રમ ન હોઈ અત્રે દર્શાવેલ નથી. તેમજ ભાવનાજીને ભોગ પણ અલગ આવે છે તે ક્રમ પણ દર્શાવેલ નથી. નિત્યવત્ રાજભોગની ઝારી ભરાય. રાજભોગ આવે.

રાજભોગ સામગ્રી :

અનસખડી સામગ્રી : તેમાં ઠોર,શીરો, મોળી ખાજલી, સુહારી સફેદ તથા પીળી આવે. તેમાં ઠોર ગોપાલવલ્લભની થાળીમાં સજાઈને આવે. તે થાળી ગોપાલવલ્લભની થાળીની જગ્યાએ પધરાવવી. શીરાનો ડબરો, મોળી ખાજલી, સુહારી સફેદ તથા પીળી આ બધી સામગ્રી એક થાળીમાં આવે. મીઠાં શાકની ડબરીયાં એક આવે.

સખડી સામગ્રી : તેમાં શિખરનભાત, દહીંભાત, ધોળ્યો સતુવા, છડીદાળ, પકોડીની કઢી, ભુજેના, કચરિયાં, નિત્યથી અધકીના શાક બે તેમાં એક અડદની વડીનો ઝોલ અને બીજુ શાક ચંદની આવે તથા પાપડ આવે.

દૂધઘર સામગ્રી : તેમાં આંબાની બરફી, આંબાનો શીરો, દેવદુર્લભ આમરસ, ખડબુજાનો પણો, મિશ્રીનો પણો, ખાંડનો પણો, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા ચાર જાતના, ઋતુ અનુસાર લીલો મેવો, આખા આંબા (નંગ પચાસ) બૂરાનો બટેરો તથા લુણ, મરીની નાની નાની કટોરી એક એક આવે.

ડબરા ભોગ સરે, આચમન મુખવસ્ત્ર થાય, શ્રી...ને રાજભોગવાળા ભોગ મંદિરમાં પધરાવવા. શ્રી...ની ઝારી યથાસ્થાન પધરાવવી. ત્યારપછી નિત્યવત્ શ્રી...ને ચરણારવિંદમાં તુલસી સમર્પી શ્રી...નો થાળ સાની હાથ ખાસા કરવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય.

આજે રાજભોગના દર્શન નિજતિબારીમાં થાય તેથી રાજભોગ આવ્યે નિજતિબારીની તૈયારી જેઠ સુદિ ૧-એકમમાં દર્શાવ્યા પ્રમાણે કરવી.

સમય થયે રાજભોગ સરે. શ્રી...ને આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સર્યાના બીડા ધરવા. દંડવત્ કરી, માલા વડી કરવી. શ્રી...નિજતિબારીમાં પધારે, બીડી અરોગે. ચાંદીના એક થાળમાં બીડા નંગ બે, ચંદનની બરણી, ગુલાબદાની એક, માલા ધરવા. આ થાળ શય્યામંદિરમાં છાબ પાસે પીજો પડઘો માંડી તેના ઉપર રાખવો. ઝારી, કરવડી પ્રસાદીમાં ઠાલવવી. શ્રી...ને માલા ધરાવવી. દર્શન ખૂલે ઝારી, કુંજો, કરવડી નિત્યવત્ ભરાય. વેણુ, વેત્ર, ધરાવવા. જો કમલ આવ્યા હોય તો કમલ ધરાવવા. આરસી બતાવી, આરતી મોતીની થાળીની જલવિહારના ચિત્રની થાય. આરસી બતાવી, વેણુ, વેત્ર, વડા કરી, માલા વડી થાય. સિંહાસન થી લઈને પલના, શય્યા સુધી પેંડો બિછાવી, નિત્યવત્ અનોસર થાય.

આજે બપોરે અનોસરમાં ભોગ આવે તેની વિગત :

દૂધઘર સામગ્રી : એક ચાંદીની થાળીમાં દૂધઘર સામગ્રી સજાઈને આવે. તેમાં આંબાની બરફી, મિશ્રીનો પણો, ચણા તથા મગની ભીંજવેલી દાળ, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા, આખા આંબા, તેની સાથે બૂરાની કટોરી તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : એક ચાંદીની થાળીમાં અનસખડી સામગ્રી સજાઈને આવે. તેમાં આંબાના રસના માંડા, લુચઈ, નંગ બાર, શ્રીખંડ, ફિકા ગુંજીયા આલુના, નિત્યના સંધાણાની કટોરી એક, લુણની કટોરી એક આવે.

ઉપર જણાવેલ દૂધઘર તથા અનસખડીનો ભોગ જેઠ સુદિ ૧-એકમમાં દર્શાવ્યા પ્રમાણે શ્રી...ની શય્યાની પાસે પધરાવવો.

સાંજે (સંધ્યા આરતી બાદ) શૃંગાર વડા થાય. શયનભોગ અરોગવા પધારે.

શયનભોગ સામગ્રી : નિત્યની દાળ મગની (છડી દાળ), બેંગન ભરતા, બાકી બધું નિત્ય મુજબ આવે.

નિજતિબારીમાંથી કમલના ચિત્રની પિછવાઈ ખોલીને ચોક ઉપર કઠેડાથી બાંધવી. પિછવાઈ જલથી બે હાથ ઉંચી રહે. ચોકમાં જલમાં કાષ્ઠની ઉંચી ચોકી માંડી નકશા મુજબ બિછાત કરવી. તેના ઉપર ફૂલમંડલી પધરાવવી. તેના આગળના ભાગમાં શ્રી...ને બિરાજવાની જગ્યા રાખવી.

સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર, ભોગમંદિરમાંજ થાય. શ્રી...નિજતિબારીમાં સાંગામાચી ઉપર પધારે. માલાનો જોડ ધરાય. ત્યારબાદ જલમાં કરેલી બિછાત ઉપર શ્રી...ને યથાસ્થાન પધરાવવા. દર્શન ખુલે. નિત્યવત્ બીડા અરોગે. શયન આરતી થાય. નિત્યવત્ અનોસર થાય.

જેઠ સુદિ ૧૧-એકાદશી (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૧૧)

વસ્ત્ર : સફેદ રૂપેરી કિનારીના, ધોતી ઉપરણા

સાજ : સફેદ રંગનો જાલીદાર, રાસમંડલની ભાતનો, ગુલાબી અસ્તરવાળો શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કિરીટ પડાનો જડાઉ, આભરણ પડાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક પડાનો જડાઉ, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.

રાજભોગ સામગ્રી : રાજભોગમાં નિત્યની દાળ ચણાની આવે.

જેઠ સુદિ ૧૨-બારસ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૧૨)

વસ્ત્ર : ગુલાબી રૂપેરી કિનારીના, પરદની

સાજ : જાલીનો મોરની ભાતનો લાલ રંગના અસ્તરનો શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, તેમાં ગોટી રૂપેરી કમલના ચિત્રની, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, સૂરજમુખી રૂપેરી ધરે. શ્રીનટવરલાલજી, શ્રીબાલકૃષ્ણલાલજી ટોપી ધરે.

જેઠ સુદિ ૧૩-તેરસ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૧૩)

વસ્ત્ર : અરગજી, કાછા

સાજ : સફેદ જાલીદાર દ્રાક્ષના માંડવાનો, ગુલાબી રંગના અસ્તરનો ગુલાબી રંગની મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી છીપના મુકુટની, આભરણ છીપના માલા બે મોતીની ચોકડા ધરે, ટોપી ઉપર રૂપેરી બાદલાના ત્રણ તુર્રા ધરે.

રાજભોગ સામગ્રી : રાજભોગમાં નિત્યની દાળ તુવેરની તેમજ નિત્યની કઢી આંબાની આવે.

જેઠ સુદિ ૧૪-ચૌદશ (વ્રજ : જયેષ્ઠ શુક્લ ૧૪)

વસ્ત્ર : ગુલાબી, બહારનો આડબંધ

સાજ : હલકા ગુલાબી રંગનો, શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ સફેદ મીનાના, માલા બે, કર્ણફૂલ બે, પાગ ઉપર મોરશીખા ધરે

રાજભોગ સામગ્રી : નિત્યની દાળ ચણાની આવે.

આજે સ્નાન યાત્રાનું જલ ભરાય તેની વિગત :

પૂનમને દિવસે સ્નાનયાત્રા હોય તો સ્નાનનું જલ ભરવા ચૌદશના જવું. જો એકમને દિવસે સ્નાન યાત્રા હોય તો પૂનમને દિવસે અર્થાત્ સ્નાનયાત્રાના આગલે દિવસે જલ ભરવા જવું. રાજભોગ ધરીને, શયનભોગ ધરીને અથવા શયન આરતી કરીને જલ ભરવા જવું. સ્નાનનું જલ મીઠું હોય ત્યાંથી નદી, તળાવ, અથવા પગથીયાવાળી વાવમાંથી લાવવું. જયેષ્ટાભિષેક નું જલ ભરવા હાંડો એક પિતળનો, ચાંદીની ગાગર તથા સફેદ ગરણું તૈયાર રાખવું. કીર્તન સમાજ સાથે જલ ભરવા જવું. કંતાનના ચપ્પલ પહેરવા. શ્રીમહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, મંદિર તરફ મસ્તક નમાવીને જલ ભરવા જવું. જલ ભરતી વખતે કંતાનના ચપ્પલ ઉતારવા. ચાંદીની ગાગરને ખંગાળી, ગરણાને ખાસા કરીને, ગાગર ઉપર બાંધીને, શ્રીયમુનાજીનું ધ્યાન ધરીને, ગાગરમાં લોટાથી અથવા ગાગરથી શ્રીયમુનાજી પધરાવવા. ગાગરમાં જલ ભરાય જાય ત્યારપછી ગરણું નીચોવી, ગાગરના મોઢા ઉપર ગરણું લપેટવું. ગાગર કંધા ઉપર લઈ, કંતાનના ચપ્પલ પહેરીને ચાલવું. પગથીયા પાસે ચપ્પલ ઉતારવા, પગ ઉપર જલ રેડવું, (ખાસાનો જલધરીયો સેવકીના જલથી પગ ધોવરાવે) મોટા ભોગ મંદિરમાં બિરાજવાની આરસની ચોકી ઉપર ગાગર પધરાવવી.

ત્યારપછી શ્રી...ના રાજભોગના અનસખડીભોગ સાજવાની ચોકી ઉપર વચ્ચોવચ હળદરનું અષ્ટદલ કમલ કરી, તેના ઉપર પિતળનો મોટો હાંડો રાખવો. તે હાંડા ઉપર ગરણું બાંધી, ગાગરનું ગરણું છોડી જલ મોટા હાંડામાં પધરાવવું. તેમાં એક લોટો શ્રીયમુનાજલ તથા એક લોટો ગુલાબજલ પધરાવવું. પછી ગરણું હટાવી તેમાં તુલસી, ફૂલ, ફૂલની કળી, ગુલાબના પત્તા, ફૂલના પત્તા, ચમેલીની કળી, રાયવેલની કળી, મોગરાની કળી, પીતની કળી, જુઈની કળી, મોતીયાની કળી પધરાવવી. કેસર તથા બરાસ વાટીને પધરાવવા. એક મોટો ચાંદીનો કડછો લઈને હલાવવું. જેથી બધું બરાબર મળી જાય. જલનો રંગ કેસરી દેખાવો જોઈએ. જલમાં હાથ નાંખવો નહિ. કટોરામાં ભીનું કુમકુમ રાખ્યું હોય તે હાંડાની ચારે તરફ લગાવી, અધિવાસનનો સંકલ્પ કરવો. સંકલ્પનું જલ જમીન ઉપર છોડવું. કુમકુમ તથા અક્ષત હાંડા ઉપર છાંટવા. ગટ્ટીનો બટેરો ભોગ આવે. તેમાં તુલસી સમર્પવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ, થાય. ચાર બતીની આરતી થાય. રાજભોગ આવ્યે અથવા શયનભોગ આવ્યે અધિવાસન થાય તો ઘંટા ધીરે ધીરે વાગે. ત્યારપછી હાથ ખાસા કરી, મોટા હાંડા ઉપર ભીના ગરણા ચારે બાજુ લપેટી દેવા જેથી જલ ખૂબજ શીતલ થઈ જાય. ત્યારપછી અધિવાસનની તૈયારી ઉઠાવીને પ્રસાદીમાં કાઢવી. (અધિવાસન, સંકલ્પ, ગટ્ટીનો ભોગ, આરતી-આ બધો મંદિરનો ક્રમ છે)

સ્નાનયાત્રાને દિવસે જયેષ્ટાભિષેક થતી વખતે શ્રી...ના સ્નાનના પટ્ટા ઉપર બિછાવવા તથા પીઠક ઉપર ચડાવવાની ખોલીની કોર કેસરથી રંગીને તૈયાર રાખવી.

જેઠ સુદિ ૧૫ - પૂનમ

(વ્રજ : જયેષ્ઠ શુક્લ ૧૫)

જયેષ્ઠાભિષેક - સ્નાનયાત્રા

આજે નક્ષત્ર દેખાતાં હોય ત્યારે જયેષ્ઠાભિષેક સ્નાન થાય તેથી શ્રી...આજે વહેલાં ચાર વાગે જાગે.

આજે શ્રી...ની સાંગામાચી નિજમંદિરના દ્વારથી લગાવીને રાખવી. બંટો સફેદ ચીકની જગન્નાથીનો ધોયેલો ચડે. (મંદિરક્રમમાં જયેષ્ઠાભિષેક થતી વખતે વેદ વાંચવાવાળા બ્રાહ્મણ મંગલા આરતીની પહેલાં હાજર રહે.)

શ્રી...જાગે મંગલભોગ આવે. **આજે સતુવા અરોગે.** મંગલભોગ આવ્યે પલનાની તથા શય્યાની સેવા કરવી. પલનાનો તથા શય્યાનો બંટો બદલાવવો. મુંઢાજીમાં ઉષ્ણકાલના છાપાના વસ્ત્ર ઉપર રાખવા. સમય થયે મંગલભોગ સરે. મંગલા આરતી થાય. ટેરો આવે.

રાત્રિના વસ્ત્રાભરણ વડા કરીને સ્નાનના વસ્ત્ર શૃંગાર ધરાવવાની રીત :

શ્રી...ને શૃંગાર ચોકી ઉપર પધરાવી રાત્રિના વસ્ત્ર, આભરણ અલંકાર વગેરે વડા કરી શ્રી મદનમોહનલાલજી તથા શ્રીનટવરલાલજીને સફેદ મલમલની કેસરની કોરની ધોતી ખુલ્લી પાટલીવાળી ધરાવવી. તથા ઉપરણો એવી રીતે ધરાવવો કે ગ્રીવા ઉપરથી બંને કંધા ઉપર થઈને ઉપરણાના બંને છેડા આગળની તરફ નાભીની નીચે સુધી લટકતાં રહે. ધોતી ઉપર સોનાનો કટિપેચ ધરાવવો. શ્રીકંઠમાં સોનાનાં કંઠાભરણ બે, શ્રીહસ્તમાં કડા તથા શ્રીચરણારવિંદમાં નૂપુર, આ બધા આભરણ સોનાના ધરાવવા. શ્રીબાલકૃષ્ણલાલજીને કેવળ સોનાના કંઠાભરણ ધરાવવા. બીજુ કંઈ ધરાવવું નહિ. ત્યારપછી શ્રી...ને ગાદી ઉપર પધરાવવા. શૃંગાર ચોકી યથાસ્થાન મૂકી, સ્નાન ની તૈયારી નીચે દર્શાવ્યા પ્રમાણે કરવી.

સ્નાનની તૈયારી :

શ્રી...ની સાંગામાચીની આગળ થોડે દુર મંદિરવસ્ત્ર કરવું. ત્યારપછી સાંગામાચી આગળ વચ્ચોવચ સુકી હળદરનો અષ્ટદલ કમલનો ચોક પૂરી, અષ્ટદલ કમલ ઉપર જન્માષ્ટમી વાળો પંચામૃત કરાવવાનો મોટો થાળ સ્નાન કરાવવા માટે રાખવો. તેમાં ચાંદીની પીઠકવાળા સ્નાનના પીઢાં પધરાવી તેમાં ભીના કુમકુમના અષ્ટદલ કમલ કરી, શ્રી...ને બિરાજવાના ભાગમાં તથા પીઠક ઉપર સફેદ ચીકની જગન્નાથીની ખોલી ચારે તરફથી કેસરની કોરની રંગેલી ચડાવવી. શ્રી...ના સ્નાનનો થાળ માંડ્યો હોય તેની ડાબી બાજુ કાષ્ઠની ચોકી માંડી તેના ઉપર લીલી પાતળ બિછાવવી. તેના ઉપર ચાંદીની મોટી કુંડી એક તથા ચાંદીનો મોટો હાંડો એક અથવા હાંડા બે આધિવાસન કરેલા જલના હાંડામાંથી ભરીને ચોકી ઉપર રાખવા. જલ આપવા માટે લોટો એક ચોકી ઉપર રાખવો. થાળની જમણી બાજુ આગળના ભાગમાં ચાંદીની પડઘી સહિત શંખ બે રાખવા. તેમાં એક પડઘી ઉપર સંકલ્પ માટે શંખ રાખવો તથા એક પડઘી ઉપર સ્નાન કરાવવા માટે મોટો શંખ રાખવો. સ્નાનના થાળની જમણી બાજુ શ્રી...ની સાંગામાચી ની આગળ નાની ચોકી ઉપર તિલકની તૈયારી કરવી. તેમાં કુમકુમ, અક્ષત તથા તુલસીદલ રાખવા.

શ્રી...ને સ્નાન થાય :

શ્રી...ને સ્નાનના પીઢા ઉપર પધરાવવા. સ્નાન કરાવનાર શ્રી...ની જમણી તરફ તથા સ્નાનનું જલ આપનાર શ્રી...ની ડાબી તરફ બેસે. ત્યારપછી મસ્તક ઝુકાવી, કુમકુમની તબકડી હાથમાં લઈ શ્રી...ને તિલક અક્ષત કરવા. શ્રી...ના ચરણારવિંદમાં સગધ પંચાક્ષરમંત્રથી તુલસીદલ સમર્પવા. (કીર્તન થાય, ઝાલર, ઘંટા, શંખનાદ થાય) ત્યારપછી હાથમાં જલ લઈને સંકલ્પ કરવો. સંકલ્પનું જલ જમીન ઉપર છોડવું. (બ્રાહ્મણો સુવર્ણઘર્માનુવાક નો પાઠ કરે) ત્યારબાદ અક્ષત વડા કરી શંખ હાથમાં લેવો . ખેંચવાના પંખા બંધ થાય, કીર્તન બંધ થાય, ઝાલર, ઘંટા, શંખનાદ બંધ થાય. બ્રાહ્મણ જયેષ્ઠાભિષેક વેદના પાઠ કરે. પછી શ્રીમહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, શ્રી.ને સ્નાન કરાવે. વેદના પાઠ પુરા થાય ત્યાં સુધી સ્નાન થાય. (વેદના પાઠ પૂરા થયે ટેરો આવે) શ્રી...ના ધોતી, ઉપરણા અને આભરણ વડા થાય. શ્રી...ને અંગવસ્ત્ર કરાવે. શ્રી...ને ચોકી ઉપર પધરાવી, સરખી રીતે અંગવસ્ત્ર કરાવવું અને ત્યારબાદ તનિયો ધરાવી, બિરાજવાની ગાદી ઉપર પધરાવવા.

ત્યારપછી શ્રી સ્વામિનીજીને શૃંગાર ચોકી ઉપર પધરાવી, રાત્રિના વસ્ત્ર, આભરણ વડા કરવા. શ્રી...ના સ્નાનના થાળમાં પીઢા ઉપર પધરાવી અધિવાસન થયેલા જલમાંથી ચાર લોટાથી નિત્યવત્ સ્નાન કરાવવું. પછી શ્રી સ્વામિનીજીને અંગ વસ્ત્ર કરાવી સાડી, ચોલી, લહેંગા ધરાવી બિરાજવાની ગાદી ઉપર પધરાવવા.

(મંદિરક્રમમાં શ્રીમહાપ્રભુજીને સ્નાન થાય. શ્રી...ના પીઢા ઉપર બિરાજવાની તથા પીઠકની ખોલી ઉતારી, પીઢા ઉપર સફેદ ચોવડું વસ્ત્ર બિછાવી, તેના ઉપર શ્રીમહાપ્રભુજીને પધરાવવા. અધિવાસનના જલમાંથી તુલસી કાઢી નાખીને શ્રીમહાપ્રભુજીને ચાર લોટાથી સ્નાન કરાવવું. તેમને અંગવસ્ત્ર કરાવી, ચોવા, અત્તર, ફૂલેલ ત્રણે મિલાવી, સમર્પી, પલંગડી ઉપર બંટામાં પધરાવવા, અને ઓઢણી ઓઢાડવી)

ત્યારપછી સ્નાનનો થાળ, ગાગર, હાંડા ખંગારીને યથાસ્થાન મૂકવા. નિજતિબારીમાં મંદિરવસ્ત્ર કરવું. ત્યારપછી શ્રી...ને શૃંગાર કરવા.

વસ્ત્ર : સફેદ કેસરી છાપાના, પિછોરા

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે સફેદ રૂપેરી ચિત્રની, આભરણ પડાના માલા છ મોતીની, તેના ઉપર હાર એક પડાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે. બંદી ધરે, કુંડલ પડાના ધરે. જોડ ત્રણ ચંદ્રિકાની સાદી ધરે.

રાજભોગમાં ધરવાની શીતલભોગની હાંડી બે તૈયાર રાખવી. તેમાં એક હાંડી મિશ્રીની તથા એક હાંડી ખાંડની છાણીને તેમાં સુગંધી મિલાવીને રાખવી.

પલના સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી :

અનસખડી સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં બુંદીના લાડું, આંબાની શાખનું મીઠું શાક, ઉત્સવના સંધાણા બે જાતના, આવે.

સખડી સામગ્રી : તેમાં પાટિયાની સેવ, દહીંભાત, ધોળ્યો સતુવા, છડીદાળ, પકોડીની કઢી, ભુજેના તથા પાપડ આવે.

દૂધઘર સામગ્રી : દૂધઘરની ઉત્સવની ચોકી માંડી તેના ઉપર દૂધઘરનો ઉત્સવભોગ આવે. તેમાં ખડબુજાના બીના લાડુ, ચારોલીના લાડુ, આંબાની બરફી, ગુલાબ કતલી, અધોટાનો મલડો, પાકા આંબાની શાખનું બિલસારૂ, આંબાનો રસ, ખડબુજાનો પણો, મિશ્રીનો પણો, ખાંડનો પણો, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા ચાર જાતના, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા આવે. તેની સાથે બૂરાની કટોરી એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે. આખા મગની અંકુરીના કટોરા બે આવે તેના ઉપર લીલા કોપરાની જલેબી આવે. આખા આંબાના બે ટોકરા (નંગ બસો) આવે.

રાજભોગ આવ્યે પાટ ઉપર ચોપડનો પટ સફેદ કેસરી છાપાનો, સોગઠા, પાસા મોતીની જાલીના કામના આવે. આજે શ્રીયમુનાજીના થાળમાં અધિવાસન કરેલા જલમાંથી જયેષ્ઠાભિષેક કરાવતાં બચેલું જલ હોય તે આવે. આજે રાજભોગમાં ચંદનની બરણી આવે નહિ. તેથી ચંદનની બરણી ભરવી નહિ.

સમય થયે રાજભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...સિંહાસન ઉપર પધારે, બીડી અરોગે, માલા ધરે. ઝારી, કુંજા, કરવડી નિત્યવત્ ભરાય. ગેંદ, ચોગાન ચાંદીના આવે. રાજભોગ આરતી મોતીની થાળીની ચાંદીના દિવડાની થાય. પેંડો બિછાવી નિત્યવત્ અનોસર થાય.

ઉત્થાપન સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝીણી સેવ આવે. જીંજીદાળને બદલે આજે છોંકેલી અંકુરી આવે.

જેઠ વદિ ૧-એકમ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૧)

વસ્ત્ર : સ્નાન યાત્રાના, ધોતી ઉપરણાની કોર ઉપર કેસરના છાપા વચ્ચેનો ભાગ ખાલી

સાજ : સ્નાનયાત્રાનો રહે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર ગુંજા ધરે. ચંદ્રિકા સાદા ધરે.

જેઠ વદિ ૨-બીજ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૨)

વસ્ત્ર : સફેદ શ્યામ છાપાની કોરના, વચ્ચે ખાલી, પરદની

સાજ : સફેદ જારીનો, ઝાડ ભાત, શ્યામ રંગના અસ્તરવાળો, શ્યામ રંગની મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર શ્યામ ખીડકીની પાગ, આભરણ ગુલાબી મીનાના, માલા બે ગુલાબી મીનાની, કર્ણફૂલ બે, કતરા ગુલાબી મીનાના ધરે.

જેઠ વદિ ૩-ત્રીજ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૩)

શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી નો પ્રાર્દુભાવોત્સવ તથા શ્રી યદુનાથજી મહારાજશ્રીનો ઉત્સવ (શ્રી કાકા વલ્લભજીના તૃતીય લાલજી શ્રી ગોપાલજીના લાલજી) પ્રાકટ્ય સં. ૧૭૫૬, શ્રીનાથદ્વારા

વસ્ત્ર : સફેદ લાલ છાપાના, પિછોરા

સાજ : હલકા રંગનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, તેના ઉપર સેહરા હીરાના, આભરણ હીરાના, માલા છ મોતીની,તેના ઉપર હાર એક હિરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં આંબાના રસની બુંદીના લાડુ આવે. તથા પાકા કેળાનું મીઠું શાક આવે. સખડીમાં આમરસ ભાત, તુવેરની દાળ, પકોડીની કઢી, તથા પાપડ આવે.

જેઠ વદિ ૪-ચોથ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૪)

વસ્ત્ર : ચંદની શ્યામ

સાજ : ચંદની રંગનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોટી પાગ, તેમાં ગોટી શ્યામ, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, ગરદની ચંદ્રિકા ધરે.

જેઠ વદિ ૫ - પાચમ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૫)

ફૂલના શૃંગાર

આજે શ્રી...ને ફૂલના શૃંગાર ધરાય

વસ્ત્ર : ગુલાબી શ્યામ છાપાના મલ્લકાછ્છ

સાજ : સફેદ કતરનનો સોઈના કામનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા વસ્ત્રના છાપાના, આભરણ સફેદ મીનાના, માલા બે, ટિપારા ઉપર ગરદની નાની ચંદ્રિકા ત્રણ ધરે.

આજે ફૂલના શૃંગાર થાય તેથી બપોરે શંખનાદ ત્રણ વાગે થાય. શ્રી...ને ઉત્થાપન ભોગ આવે. ભોગ આવ્યે શય્યાની સેવા કરવી. ફૂલઘરમાંથી ફૂલના આભરણની છાબ આવે.

શ્રી મદનમોહનલાલજી ધરાવવાના ફૂલના આભરણ :

શ્રી ચરણારવિંદમાં ધરાવવાના નૂપુર બે, જાંઘ ઉપર ધરાવવાના નૂપુર બે, બાજુની જોડી એક, પોંચીની જોડી એક, કટિપેચ એક, મલ્લકાછ્છ ફૂલનો કાછ, કાછા ઉપર ધરાવવાના લટકતા ત્રણ છોડ, ઉપરણો એક, ટિપારો એક, કતરા ચંદ્રિકા સહિત કુંડલની જોડી એક, શ્રીકંઠની લડ એક, પાગની લડ એક, ઠાડી લડ એક, શ્રીહસ્તની લડ બે, શીશફૂલ એક, શીશફૂલ ઉપર ધરાવવાની ડાબી કલંગી એક, શ્રીકંઠ ની માલા ચાર, તેના ઉપર ધરાવવાની ફૂલની કલીની ગુંજા એક આવે. તેમાં એક કલી સફેદ અને એક કલી લાલ રંગની, ફરી એક કલી સફેદ એક કલી લાલ રંગની એ રીતે ફૂલની ગુંજા માલા બનીને આવે. દુલડી એક, ત્રવલ એક, ચોટી એક આવે. આ પ્રમાણે શ્રી...ના બધા ફૂલના આભરણ આવે.

શ્રીસ્વામિનીજીને ધરાવવાના ફૂલના આભરણ :

શ્રી ચરણારવિંદમાં ધરાવવાના નુપૂર જોડી એક, બાજુ જોડી એક, પોંચી જોડી એક, કટિપેચ એક, શ્રીહસ્તની લડ બે, તિમનીયા એક, શ્રીમસ્તકની લડ એક, ઢેરી બંધી એક, શીશફૂલ એક, ટીકો એક, કલંગી એક, શ્રીકંઠની માલા ચાર, તેના ઉપર ધરાવવાની ગુંજાની માલા એક, દુલડી એક, ત્રવલ એક, ફૂલની ચોટી એક, લહેંગા એક, ચોલીએક, સાડી એક, સાડીની ફોંદની એક, નથ એક, આ પ્રમાણે શ્રીસ્વામિનીજીના બધા વસ્ત્રાભરણ ફૂલના આવે.

શ્રી મદનમોહનલાલજીના વસ્ત્રાભરણ પ્રમાણે જ શ્રી નટવરલાલજી ના ફૂલના વસ્ત્રો તથા આભરણની છાબ આવે. શ્રી બાલકૃષ્ણલાલજી ના ફૂલના આભરણની છાબમાં શ્રી મદનમોહનલાલજીના આભરણ પ્રમાણે જ આવે પરંતુ તેમાં મલ્લકાછ્છ આવે નહિ. વિશેષમાં ઓઢણી એક આવે. તથા ફૂલની કલીની જાલીના હાર બે તથા કલીની માલા બે ગાદી ઉપર ધરાવવા માટે આવે.

નિજતિબારીમાં શૃંગાર ચોકી માંડી શ્રી...ની શૃંગાર ચોકી ની જમણી બાજુ પડઘો એક માંડી તેના ઉપર દૂધઘરની શૃંગાર ભોગની થાળી પધરાવવી.

ફૂલના શૃંગાર ભોગની દૂધઘર સામગ્રી :

તેમાં આંબાની બરફી નંગ બે, તળેલા મેવાની કટોરી બે આવે. આ થાળી યથાસ્થાન પડઘા ઉપર પધરાવી તેના ઉપર સફેદ ચોરસો ઢાંકવો.

સમય થયે ઉત્થાપન ભોગ સરે. શ્રી...ની શૃંગાર ચોકીની ડાબી તરફ એક ચોકી માંડી તેના ઉપર ઝારી તથા બીડાનો બંટો પધરાવવો. ત્યારબાદ શ્રી...ને શૃંગાર ચોકી ઉપર પધરાવી ઉપર જણાવેલા ફૂલના શૃંગાર ધરાવવા. શ્રી...ને ફૂલના શૃંગાર ધરાવતી વખતે ચોકના બધા ફુવારા છુટે, કીર્તન થાય. શ્રી...ના શૃંગાર થઈ ગયા પછી તેમને સિંહાસન ઉપર પધરાવી ફૂલની માળા ધરાવવી.

શ્રી મદનમોહનલાલજી ના સિંહાસન ઉપર ફૂલના પંખા બે રાખવા. ગેંદ, ચોગાન, શ્યામ વસ્ત્ર અથવા લીલા વસ્ત્ર ઉપર ફૂલની કલીના કામના આવે, તે ઠાડાં કરવા. શ્યામ વસ્ત્રની ખોલી ચડાવેલ આરસી ઉપર ફૂલની કલીની ખોલી ચડીને આવે તે ખંડ ઉપર રાખે.

નિજતિબારીમાંથી શ્રી...ની શૃંગાર ચોકી ઊઠાવીને યથાસ્થાન મૂકવી. દૂધઘરનો ભોગ નો પડઘો ઉઠાવીને નિજમંદિરમાં એક તરફ રાખવો. તે સંધ્યા ભોગની સાથે આવે.

મોરછલ, પંખા કરવા. ભોગના દર્શન બંધ થઈ સંધ્યા ભોગ આવે શ્રી...નાં શૃંગાર ભોગની તબકડી જમણી તરફ આવે. સંધ્યાભોગ સર્યે આરતી આવે. ટેરો આવે, દર્શન બંધ થાય.

ત્યારબાદ શ્રી...ના ફૂલના શૃંગાર વડા થાય. નિત્યના રાત્રિના અનોસરમાં રહેતાં વસ્ત્ર તથા આભરણ ધરાવવા. ત્યારબાદ શયનની ઝારી નિત્યવત્ ભરાય અને શયનભોગ આવે.

સમય થયે શયન ભોગ સરે. શયન આરતી થાય. વડા કરેલા બધા ફૂલના શૃંગારની થાળી સાજીને રાખવી. એક થાળીમાં શ્રી મદનમોહનલાલજી તથા શ્રીસ્વામિનીજીના શૃંગાર રાખવા. તેમજ એક થાળીમાં શ્રીનટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજી ના શૃંગાર રાખવા. શ્રી મદનમોહનલાલજીના શૃંગારની થાળી શય્યામંદિરમાં માલાના જોડના થાળની પાસે બીજો એક પડઘો માંડી, તેના ઉપર પધરાવવી. શ્રીનટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજીના શૃંગારની થાળી પણ માલાના જોડના થાળની પાસે બીજો એક પડઘો માંડી, તેના ઉપર પધરાવવી.

નિત્યવત્ અનોસર થાય.

જેઠ વદિ ૬-છઠ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૬)

વસ્ત્ર : સફેદ કેસરી શ્યામ છાપાના, પિછોરા

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા, આભરણ ગુલાબી મીનાના, માલા છ ગુલાબી મીનાની, તેના ઉપર ગુંજા ધરે. ચોકડા ધરે, ફેંટા ઉપર કતરા ગુલાબી મીનાના ધરે.

જેઠ વદિ ૭-સાતમ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૭)

વસ્ત્ર : અરગજી શ્યામ છાપાના, આડબંધ

સાજ : અરગજી

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી મોતીની, આભરણ હીરાના, માલા બે મોતીની, લોલક બંદી ધરે. મુકુટની ટોપી ઉપર રૂપેરી બાદલાના ત્રણ તુર્રા ધરે.

જેઠ વદિ ૮-આઠમ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૮)

વસ્ત્ર : સફેદ જંગાલી છાપાના, કાછા

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ ગુલાબી મીનાના, માલા બે ગુલાબી મીનાની, કર્ણફૂલ બે ઝુમકીના ધરે, કતરા સાદા ધરે.

જેઠ વદિ ૯-નોમ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૯)

વસ્ત્ર : સફેદ શ્યામ કબુતર છાપાના, પિછોરા

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલપગા મોતીના, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર મોરશીખા મોતીની ધરે.

જેઠ વદિ ૧૦-દશમ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : સફેદ શ્યામ કોરની વેલના, ધોતી ઉપરણા

સાજ : સફેદ જાલીદાર મોટા બુટ્ટાની ભાતવાળો, લાલ રંગના અસ્તરનો, શ્યામ રંગની મગજીવાળો.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા, આભરણ પડાના, માલા છ મોતીની, તેના ઉપર ગુંજા ધરે, ચોકડા ધરે, ફેંટા ઉપર કતરો મોતીનો ધરે.

જેઠ વદિ ૧૧-એકાદશી (વ્રજ : આષાઢ કૃષ્ણ ૧૧)

વસ્ત્ર : અરગજી, પિછોરા

સાજ : સફેદ જાલીદાર રાસમંડલની ભાતવાળો, લીલા રંગના અસ્તરવાળો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો ખુંટનો, તેના ઉપર સેહરો હીરાનો, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.

જેઠ વદિ ૧૨-બારસ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : ગુલાબી રૂપેરી કિનારીના, સુથન

સાજ : ગુલાબી

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટોપી મોતીની, આભરણ સફેદ મીનાના માલા બે સફેદ મીનાની, કર્ણફૂલ બે. શ્રીનટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજી પણ ટોપી ધરે.

જેઠ વદિ ૧૩-તેરસ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૧૩)

વસ્ત્ર : સફેદ લીલા સુઆના છાપાના, પિછોરા

સાજ : સફેદ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોટી પાગ, તેમાં ગોટી લીલી, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર ગુંજા ધરે, કર્ણફૂલ બે, પાગ ઉપર કતરા સાદા ધરે.

જેઠ વદિ ૧૪-ચૌદશ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : હલકા ફાંકતાઈ પીરોજી રંગ ઉપર શ્યામ છાપાના, આડબંધ

સાજ : સફેદ જાલીદાર હિંડોળાની ભાતવાળો લીલા રંગના અસ્તરવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર પીરોજાઈ શ્યામ ખીડકીની પાગ, આભરણ મોતીના, માલા ચાર મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, ચંદ્રિકા સાદા ધરે.

જેઠ વદિ ૦))-અમાસ (વ્રજ : આષાઢ કૃષ્ણ ૦)))

વસ્ત્ર : ગુલાબી, પિછોરા

સાજ : સફેદ સોઈના કામવાળો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક પડાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.કતરા, ચંદ્રિકા સાદા ધરે.

રાજભોગ સામગ્રી : રાજભોગમાં નિત્યની દાળ છડિયલ દાળ ચૌવટી થાય.

અષાઢ સુદિ ૧-એકમ (વ્રજ : આષાઢ શુક્લ ૧)

વસ્ત્ર : સફેદ, સુથન પટકા

સાજ : સફેદ ચાર ખાનનો, સફેદ અસ્તરવાળો, સફેદ મગજીવાળો,

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા, આભરણ મોતીના, માલા ચાર મોતીની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી પડાના જડાઉની ધરે. ફેંટા ઉપર કતરા મોતીના ધરે.

આજે ડોલ તિબારીમાં રથયાત્રાનો ચંદરવો લાલ દુમાસનો બંધાય. તથા દિવાલગીરના ત્રણ કટકા લાલ મખમલના બંધાય. તેની વચ્ચે પિછવાઈ એક લાલ મખમલની લીલા મખમલના હાંસીઆ ની સોનેરી લેસ લગાવેલી બંધાય. ડોલ તિબારીની ત્રણે જાળીના ભીતરના ટેરા ત્રણ લાલ દુમાસના ચડે. જારીની ભાગના ટેરા ત્રણ લાલ બનાતી ઊંચા લપેટીને બંધાવવા.

રથ ને શણગારી તૈયાર કરવો :

રથ સારી રીતે ધોવડાવીને સાફ કરાવીને ડોલ તિબારીમાં રાખવો. રથના ચારેય દંડા, છત્રી અને આગળનો સાયવાન વગેરે બધું પહેલેથી જ સાફ કરાવી વ્યવસ્થિત લગાવવું. દંડા, છત્રી વગેરે ચાંદીના અથવા લાલ સાટીન ઉપર રૂપેરી કારચોબી કામની ખોલી ચડાવેલ અથવા લાલ કાષ્ઠ ઉપર સોનેરી રંગની બુટીના કામના રથ ઉપર યથાસ્થિત લગાવવા. ત્યારપછી રથમાં રથના હિસાબથી લાલ સાટીન ઉપર કારચોબીના કામનો ટાટમબંદીનો

ચંદરવો તથા રથની ભીતરની રથના હિસાબની પિછવાઈ લાલ સાટીન ઉપર રૂપેરી કારચોબીના કામની રથમાં બાંધવી. રથની ભીતર બિછાવવાનો વસ્ત્રનો ટૂક લાલ મખમલનો બિછાવવો. રથની ઝાલર લાલ સાટીન ઉપર રૂપેરી કારચોબીના કામની રથની ચારે તરફ ફરતી બાંધવી. રથની છત્રીના ચારે ખુણામાં ચાંદીના ચાર કળશ તથા છત્રીની ઉપરના શિખરના કળશ બે તથા સાયવાનની આગળના બંને ખુણાના નાના કળશ બે, એમ કુલ આઠ કળશ આવે. તેમાં છ કળશની પાસે જરીની નાની ધ્વજા એક એક ખોસવી. સાયવાન કળશની પાસે ધ્વજા લગાવવી નહિ. સાયવાનના આગળના બંને ખૂણા ઉપર ચાંદીની સૂરજમુખીમાં ગોળ આરસી લાગેલી સૂરજમુખી એક એક લગાવવી. તે બંને સૂરજમુખી ની નીચે લટકતી ઝલીયા જોડી એક એક લગાવવી. રથ તથા સાયવાનની ચારે તરફ સોનેરી રૂપેરી કિરણની ગંગા જમની કામની ઝાલર લગાવવી.

રથ ના ઘોડાને શણગારવા :

શ્રી મદનમોહનલાલજીના રથના ઘોડા બે સફેદ રંગના, ધોવડાવી, સાફ કરવી. તૈયાર કરવા. તે નીચે મુજબ શણગારવા.

બંને ઘોડાની પીઠક ઉપર રાખવાનો સાજ લાલ સાટીન ઉપર કારચોબીના કામનો બંધાય. તથા પીઠકના સાજ ચારે ખૂણામાં એક એક ચમ્મર મળીને કુલ આઠ ચમ્મર લગાવવા. બંને ઘોડાના મોહરા સોનાના નકશીદાર કામના ચડાવવા. બંને ઘોડાના માથા ઉપર સોનેરી અથવા રૂપેરી બાદલાના લુમર્તુરા એક એક લગાવવા. બંને ઘોડાની દુમચી સોનાની નકશીદાર કામની આવે. બંને ઘોડાના ગળામાં મોટા મોતીની તથા રૂપેરી લીલા મણીનો ડબલ પટ્ટો આવે. તેની નીચે ગુલબંધ એક જડાવનો પહેરાવે. તેની નીચે લીલા મણી તથા મોતીનો સતલડા એક એક પહેરાવે. તેની નીચે સોનાની નકશીદાર કામની હમેલ એક એક પહેરાવે. બંને ઘોડાના પગમાં સોનાના ઝાંઝર પહેરાવે. આગળના પગના ઘુંટણ ઉપર બે બે વલદાર કડાં પહેરાવે. ગળામાં લાલ સાટીનના રૂપેરી કિરણ લગાવેલા પટકા એક એક બાંધવા. બંને ઘોડાના મોહરાને રેશમની પંચરંગી જરીની લગામ બાંધી રથના આગળના ભાગના કઠોડા સુધી પહોચેં એટલી લગાવવી. આ રીતે ઘોડાને શણગારવા.

ઉપર જે શ્રી મદનમોહનલાલજીના રથના ઘોડા જોડવાનો ક્રમ દર્શાવ્યો છે તે આપણી શ્રીનવનીતપ્રિયાજી ના ઘરની રીતમાં રથમાં ઘોડા જોડવાનો ક્રમ નથી. પરંતુ અહિં શ્રી ગોપીનાથજી મહારાજશ્રીના વખતમાં કોઈ વૈષ્ણવે રથાયાત્રાના દિવસે અચાનક ઘોડા મોકલાવ્યા. તેથી શ્રીપ્રભુ ઈચ્છા માનીને તે દિવસથી રથમાં ઘોડા જોડવામાં આવે છે.

શ્રી મદનમોહનલાલજીનો રથ જે રીતે શણગાર્યો તે જ પ્રમાણે શ્રીશ્યામ સ્વરૂપનો રથ શણગારવો. તેમાં રથની ઝાલર પંચરંગી સાટીનની બંધાય. શ્રીશ્યામ સ્વરૂપના રથમાં ઘોડા આવે નહિ.

આજે શયન બાદ ખસના ટેરા ટટ્ટી વગેરે ઉતરે તથા નિજમંદિરના મોટા દ્વારની ચંદનની જાળી ઉતરે. ચંદનના પલના તથા ફુવારા આજથી બંધ થાય. ચંદનના ખિલોના, પંખા વગેરે આજથી બંધ થાય. જો વરસાદ ન પડયો હોય અને બહુજ ગરમી પડતી હોય તો અષાઢ સુદિ પૂનમ સુધી આવે.

અષાઢ સુદિ ૨-બીજ (વ્રજ : આષાઢ શુક્લ ૨)

રથયાત્રા

બીજ અથવા ત્રીજ જે દિવસે પુષ્ય નક્ષત્ર હોય તે દિવસે રથયાત્રાનો ઉત્સવ મનાવાય, તે દિવસની વિગત.

આસોપાલવના તોરણ તથા લાલ મખમલ પર કારચોબીના કામના તોરણ
નિજમંદિરના દ્વાર ઉપર બંધાય.

વસ્ત્ર : સફેદ દોરીયાના સોનેરી કિનારીના ધોરાના,વાગો ચાકદાર.

સાજ : સફેદ સાટીન ઉપર સોનેરી કિનારીનો ધોરાનો રથયાત્રાનો બંધાય.

નિજમંદિરનો ચંદરવો, મોટા દ્વારનો ટેરો અને ખેંચવાના પંખાની ખોલી સફેદ સાટીનની સીંધના કાસીદાના કામની આવે. પલના તથા શય્યાની સુજની સફેદ સાટીન ઉપર સીંધના કાસીદાના ભરત કામની આવે. શય્યાના કસના જડાઉ અથવા સોનાના આવે. ઝારી, બંટા, ગેંદ, ચોગાન સોનાના, ચંદનની બરણી તથા ગુલાબદાની સોનાની, ચોપડનોપટ લાલ મખમલ ઉપર કલાબતુના ભારેકામનો, સોગઠાં, પાસા જડાઉ અને ચાંદીની મોટી આરસી આવે.

આજે ગાદી ઉપરથી તથા પીઠકના તકિયાની સફેદી ઉતરે. આજે શ્રી...રથમાં બિરાજે માટે ગાદી અને પીઠકના તકિયાની સફેદી ઉતરે પરંતુ નિત્યના બાજુના તકિયા તથા ખંડના પેંડા, ચોકી વગેરેની સફેદી રહે, ઉતરે નહિ. ગાદી, તકિયાના પટ્ટા, પટ્ટી લાલ મખમલ ઉપર કલાબતુના ભારે કામના ઉત્સવના આવે.

શ્રી...જાગે, શ્રી...જાગતાંજ સફેદ દોરીયાનો સોનેરી કિનારીનો ધોરાનો આડબંધ ધરે. મંગલભોગ આવે.

મંગલભોગ સામગ્રી : આજે મંગલભોગમાં શ્રી...બુંદીના લાડુ અરોગે. બાકી બધું નિત્યવત્ આવે.

મંગલભોગ આવ્યે પલના તથા શય્યાની સેવા કરવી. આજે ચાંદીનું પલનું આવે.પલનામાંથી ઉષ્ણકાલ વારી સુજની ઉઠાવી, તેને બદલે કાસીદાના કમલની સુજની બિછાવવી. સફેદ મલમલની ચાદર બિછાવવી.આજે સોનાની શય્યા આવે, પલંગપોસ બિછે. શય્યા ઉપરથી ઉષ્ણકાલવારી સુજની ઉઠાવી, તેને બદલે કાસીદાના કમલની સુજની બિછાવવી. સફેદ મલમલની ચાદર બિછાવવી. કસના જડાઉ અથવા સોનાના બંધાય. મુંઢાજીમાં સફેદ વસ્ત્ર સોનેરી રૂપેરી કિનારીના તથા કાસીદાની કોરના વગેરે વસ્ત્ર ઉપર રાખવા. મુંઢાજીની ખોલી કાસીદાની ચડે.

ઉપર જે કાસીદાના કામની સુજની તથા સફેદ મલમલની ચાદર બિછાવવાનું લખ્યું છે તે ફક્ત આજના દિવસે જ બિછે. ફરી આજે સાંજ થી જ ઉષ્ણકાલવારી સુજની તથા જગન્નાથીની ચાદર બિછે.

સમય થયે મંગલભોગ સરે. આજે મંગલા આરતી થાળીની આવે. (આજે આખો દિવસ થાળીની આરતી થાય)

શૃંગાર : **આજે શ્રી...ને અભ્યંગ તેમજ કમલપત્ર થાય.** શ્રી...મસ્તક ઉપર કુલ્હે સફેદ સોનેરી ચિત્રની, આભરણ માણેકના, જોડી એક માણેકની ધરે. શ્રીકંઠ વગેરેનો બધો શૃંગાર દુહેરો થાય જે આસો સુદિ ૧-એકમ, પ્રથમ પર્વ મુજબ થાય. જોડ પાંચ ચંદ્રિકાની સાદી ધરે.

પલના સામગ્રી : અધકીમાં બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મેવાટી આવે. તેમજ આંબાની શાખનું મીઠું શાક અથવા પાકા કેળાનું મીઠું શાક, ઉત્સવના સંધાણા બે તેમાં એક આલુનું તથા બીજુ સુરણનું આવે. સખડીમાં પાટિયાની સેવ, શિખરન ભાત, છડીદાળ, તિનકૂડો, નિત્યથી અધકીના બે શાક, તેમાં એક અડદની વડીનો ઝોલ અને બીજુ કાચા કેળાનું ભરમાનું, ભુજેના, પાપડ, તિલવડી, ઢેબરી આવે.

રાજભોગ આવ્યે ચોક તથા ડોલ તિબારી ખાસા કરવી અને મંદિરવસ્ત્ર કરવું. ચોક અને ડોલ તિબારી સૂકા કરવા. ડોલ તિબારી માંથી રથ ઉતારી ચોકમાં ઉતરમુખ કીર્તનીયા તિબારીની આગળ ઉભો રાખવો. રથના ઘોડા જોડી, ઘોડાની લગામ રથની આગળ કઠોડા થી બાંધવી. રથ નિજતિબારીની દેહરીથી ચાર હાથ દૂર રાખવો. રથમાં બાજુના બે તકિયા વિના સફેદીના લાલ મખમલના ઉત્સવના આવે. રથની ડાબી તરફ ચોકઠા ઉપર શ્રાવણના હિસાબથી સાટીનના તથા જરીના પંખા, ચમ્મર, મોરછલ્ર રાખવા. સૂરજમુખી છત્ર અને છડીદાર વગેરે તૈયાર રાખવા. રથની પાસે રથના આધિવાસનની તૈયારી કરી રાખવી. એક કાષ્ઠની ચોકી ઉપર ચંદનની કટોરી એક, એક કટોરીમાં અક્ષત, ભીનું કુમકુમ, સંકલ્પનાં જલની લોટી, એક તબકડીમાં તુલસીદલ તથા તુલસીના પત્તા, શંખ, ગટ્ટીનો બટેરો, આ બધી વસ્તુ તૈયાર રાખવી.

સમય થયે રાજભોગ સરે, આચમન મુખવસ્ત્ર થાય. શ્રી...સિંહાસન ઉપર પધારે, બીડી અરોગે અને માલા ધરે. નિત્યવત રાજભોગ નો સાજ મંડાય, ગેંદ, ચોગાન સોનાના ઠાડાં કરે. ઝારી, કુંજા કરવડી ભરાય. તે સિંહાસન ઉપર યથાસ્થાન પધરાવે. **અનોસરના ઝારી, કુંજા, કરવા, ભરાય નહિ.** રાજભોગના દર્શન ખૂલે નહી. શ્રી...ને વેણુ તેમજ બે વેત્ર ધરાવવા. વેત્ર એક હીરાનું તથા એક માણેકનું ધરે. નાની આરસી બતાવી મોટી આરસી બતાવી, રાજભોગ આરતી થાય. આરતી બાદ મોટી આરસી બતાવી, નાની આરસી બતાવવી. વેણુ, વેત્ર વડા કરવા. **રાજભોગની ફૂલની માલા વડી થાય નહી.** ચોકમાં રથની પાસે જઈ રથનું અધિવાસન કરવું. સંકલ્પનું જલ પૃથ્વી ઉપર છોડવું. રથના ડંડા તેમજ છત્રી ઉપર ત્રણ આંગળીથી ચંદન લગાવવું, તેમજ કુમકુમ અક્ષત છાંટવા. ત્યારબાદ રથની આગળ ગટ્ટીનો બટેરો ભોગ ધરવો. તેમાં તુલસી સમર્પવા. તુલસી, શંખોદક ધૂપ, દીપ થાય. નિત્યની ચાર બતીની આરતી કરી, હાથ ખાસા કરવા. અધિવાસનનો સાજ ઉઠાવવો. ગટ્ટીનો બટેરો પ્રસાદીમાં નીકળે.

શ્રી...રથમાં પધારે :

ડોલ તિબારીની ત્રણે જારીના ટેરા ખોલવા. નિજમંદિરમાં જઈ, ગેંદ, ચોગાન વડા કરી, શ્રીમહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, મસ્તક ઝુકાવવું. ઝાલર, ઘંટા, શંખનાદ થાય. કીર્તનીયા સમાજથી કીર્તન કરે. શ્રી...રથમાં પધારે. ઝારી તબકડી સહિત શ્રી...ની ગાદીની ડાબી તરફ પધરાવવી. બીડીનો બંટો ગાદીની જમણી તરફ પધરાવવો.

ઝાલર, ઘંટા, શંખનાદ બંધ થાય. રથમાંથી ઘોડા ખોલીને એક તરફ ચોકમાં ઉભા રાખવા. શ્રી...ના રથની આગળ મંદિરવસ્ત્ર કરવું. રથની ઉંચાઈ જેટલી ચોકી એક રથની આગળ અનસખડી ભોગ ધરવા માટે માંડવી. તેની જમણી બાજુ એક ચોકી દૂધઘર ભોગ ધરવા માટે માંડવી. બંને ચોકી ઉપર લીલી પાતળ બિછાવવી.

પ્રથમ ભોગ સામગ્રી :

મંદિર ક્રમમાં શ્રી...ને રથમાં ત્રણે ભોગમાં અલગ અલગ સામગ્રી આવે. વૈષ્ણવોને ત્યાં શ્રી...રથમાં એક ભોગમાં સામગ્રી અરોગે.

દૂધઘર સામગ્રી : દૂધઘર ભોગનો થાળ સજીને આવે. તેમાં ખડબુજાના બીના લાડુ, ચિરોજીના લાડુ, આંબાની બરફી, સફેદ પેંડા, સફેદ ગુંજીયા, સફેદ મેવાટી, આવે આ બધી સામગ્રીના નંગ બે બે ની કટોરી એક એક આવે. મલાઈની કટોરી એક, દૂધપૂરી નંગ બે, બાસુંદીની મલડી એક, મિશ્રીનો પણો, ખાંડનો પણો, તળેલા મેવાની કટોરી ચાર, સૂકા મેવાની કટોરી આઠ આવે. ઋતુ અનુસાર બધી જાતનો લીલો મેવો, તેની સાથે બૂરાની કટોરી એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે. મગની અંકુરીની કટોરી એક આવે. તેના ઉપર લીલા ટોપરાની જલેબી આવે. આખા આંબાની ટોકરી (નંગ પચીસ) આવે.

અનસખડી સામગ્રી : બાલભોગમાંથી અનસખડી સામગ્રીનો થાળ સજીને આવે, તેમાં કુરના ગુંજા, સેવના લાડુ, સક્કરપારા, છુટી બુંદી, વગેરે આવે. આ બધી સામગ્રી ના નંગ ચાર સજીને આવે તથા બુંદી અંદાજે આવે. શિખરન વડીની ડબરી એક અથવા છાશવડાંની ડબરી એક, એક કટોરીમાં ફિકા ગુંજીયા નંગ બે, ફિકી કચોરી નંગ બે, ઝીણી સેવની કટોરી એક, મીઠા શાકની કટોરી એક, કેરી વગેરેના સંધાણાની કટોરી એક, ઉત્સવના સંધાણાની કટોરી એક તથા લુણની કટોરી એક આવે.

ઉપર જણાવેલ દૂધઘર તથા અનસખડી સામગ્રીનો ભોગ ધરાવવો. પાતળી સામગ્રીમાં ચમચા, કટોરી પધરાવવા. તુલસી, શંખોદક, ધૂપ,દીપ થાય. ઝારીના નાળવા ખોલવા. ભોગ આવે.

સમય થયે ભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. બીડાના બંટા ઉઠાવીને પ્રસાદીમાં કાઢવા. બંટા ખંગારીને યથાસ્થાન રાખવા. પહેલા ભોગ સર્યાના બીડા બે તબકડીમાં ધરવા. ભોગની ચોકી ઉઠાવી મંદિરવસ્ત્ર કરવું. રાજભોગના સમયની માલા વડી કરી રથમાં ચંગેરમાં રહે. શ્રી...ને નવી માલા, ધરાવવી. રથમાં ઘોડા જોડવા. પ્રથમ ભોગના દર્શન ખૂલે. મોરછલ્લ, મોટા હાથના પંખા તથા ચમર શ્રી...ને કરવા. રથ ચલાવવો. રથ ચલાવતી વખતે શ્રી...ની સાવધાની રાખવી. ડોલ તિબારીથી લઈને જગમોહનના વચ્ચેના દ્વાર સુધી રથ ચલાવવો. જગમોહનના દ્વારની આગળ રથને ઠાડો રાખવો. મોરછલ્લ, પંખા, ચમ્મર થાય. રથને પાછળ ચલાવીને નિજતિબારીની વચ્ચેની જાળીથી એક હાથ જેટલો દૂર ઠાડો કરી, પૂર્વમુખ રાખવો. ઘોડા ખોલીને એક તરફ ઠાડાં કરવા. દર્શન બંધ થાય. શ્રી...ની ઝારી ઠાલવી, ખંગારી, ફરી ભરવી. અને રથમાં યથાસ્થાન પધરાવવી. શ્રી...ના રથની આગળ મંદિર વસ્ત્ર કરવું. રથની સામે આગળના ભાગમાં એક ચોકી અનસખડી ભોગ ધરવા માટે માંડવી. તે ચોકીની જમણી તરફ એક ચોકી દૂધઘર ભોગ ધરવા માટે માંડવી. બંને ચોકીઓ ઉપર લીલી પાતળ બિછાવવી.

બીજા ભોગની સામગ્રી :

દૂધઘર સામગ્રી : દૂધઘરની બધી સામગ્રીમાં નંગ ચાર સજીને આવે. દૂધપૂરી નંગ બે આવે. બાકી બધી સામગ્રી પ્રથમ ભોગ પ્રમાણે આવે.

અનસખડી સામગ્રી : બાલભોગમાંથી અનસખડીની સામગ્રીમાં દરેકનાદ નંગ આઠ આઠ આવે. છુટી બુંદી અંદાજે આવે. ફિકા ગુંજીયા તથા ફિકી કચોરી નંગ બેબે આવે. ઝીણી સેવની કટોરી એક, શિખરન વડીની ડબરી એક તથા છાશવડાંની ડબરી એક, મીઠાશાકની કટોરી એક, નિત્યના સંધાણાની કટોરી એક, ઉત્સવના સંધાણાની કટોરી એક તથા લુણની કટોરી એક આવે.

ઉપર જણાવેલ દૂધઘર તથા અનસખડી ભોગની પાતળી સામગ્રીમાં ચમચા તથા કટોરી પધરાવવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ઝારીના નાળવા ખોલવા. ભોગ આવે.

સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. પ્રથમ ભોગના બીડા પ્રસાદીમાં નીકળે. બીજા ભોગ સર્યાના બીડા નંગ ચાર શ્રી...ના બીડાની તબકડીમાં ધરવા. ભોગની ચોકીઓ ઉઠાવીને મંદિરવસ્ત્ર કરવું. પહેલા ભોગની માલા વડી કરવી. શ્રી...ને નવી માલા ધરાવવી. રથમાં ઘોડા જોડવા, દર્શન ખૂલે, મોરછલ્ર, પંખા, ચમ્મર થાય. જગમોહનના વચ્ચેના દ્વાર સુધી એક, બે વખત રથને પૂર્વમુખ ચલાવવો. ચોકમાં ડોલ તિબારીના વચ્ચેના દ્વારને લાગીને ખરંજાઘાટ અર્થાત્ ચોકમાં ચઢવા ઉતરવાનું પાટીયું માંડી, રથને ચોકમાં ઉત્તરમુખ કરી, રથને પાટિયા ઉપર લઈને ડોલ તિબારીની વચ્ચોવચ દક્ષિણ મુખ ઠાડો કરવો. ઘોડા ખોલીને ચોકમાં ઉભા રાખવા. રથને મજબુત ઠેસી લગાવવી. ટેરો આવે, દર્શન બંધ થાય. શ્રી...ની ઝારી શ્રીયમુનાજલની ભરી, નાળવા ખોલી, યથાસ્થાન પધરાવવી. ત્રીજો અને છેલ્લો ભોગ ધરવા માટે મંદિરવસ્ત્ર કરવું. શ્રી...ના રથની આગળ મોટી ચોકીઓ તથા પાટ બિછાવવા તેની ડાબી બાજુ દૂધઘર ભોગ ધરવા માટે ચોકીઓ માંડી, તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

ત્રીજા ભોગની સામગ્રી :

દૂધઘર સામગ્રી : દૂધઘરની ચોકી ઉપર ભોગ સાજવો. તેમાં ખડબુજાના બીના લાડુ, ચારોલીના લાડુ, આંબાના રસની બરફી, સફેદ પેંડા, સફેદ ગુંજીયા, અને મેવાટી આવે. આ બધી સામગ્રી નો એક એક ચપ્પન આવે. તે ઉપરાંત કેસરી બાસુંદી, આંબાનો રસ, ખડબુજાનો પણો દરેકની કુંડી એક એક આવે. અધોટાનો મલડો, મિશ્રીનો પણો તથા ખાંડનો પણો, આ બધા ની એક એક હાંડી આવે. આંબાનુ બિલસારૂ, મીઠું દહીં તથા વઘારેલું દહીં, આ દરેકનો એક એક મલડો આવે. માખણ મિશ્રીની કટોરી એક એક, મલાઈ, દૂધપૂરી નંગ ચાર, પગે મેવા બે જાતના, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા આઠ જાતના આવે. આ બધાના બટેરા એક એક આવે. ઋતુ અનુસાર બધી જાતનો લીલો મેવો આવે. તેનીસાથે બૂરાનો બટેરો એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે. આખા મગની અંકુરીના ટોકરા ચાર આવે. તેના ઉપર લીલા ટોપરાની જલેબી આવે. આખા આંબા (નંગ સો) ના બે ટોકરા આવે.

અનસખડી સામગ્રી : અનસખડીમાં કુરના ગુંજા, સેવના લાડું, ઠોર, સક્કરપારા, છુટી બુંદી આવે. આ બધી સામગ્રીના ટોકરા સજાઈને આવે. શિખરન વડીની કુંડી એક, મીઠા શાકની કુંડી એક, છાશવડાંની ચપટીયા એક,

રાયતાની કુંડી એક, મેંદાપૂરી, કચોરી, ગુંજીયા, ઝારાની ઝીણી સેવ આવે. બે જાતના ફડફડીયાની નાની કુંડી એક એક આવે. ભુજેના, સૂકા ભુજેનાની દાથરી એક એક આવે. સૂકુ શાક, કેરી વગેરે સંધાણા, ઉત્સવના સંધાણા ચાર જાતના આવે. આ બધાની એક એક કુંડી આવે. લુણનો બટેરો એક આવે.

ઉપર જણાવેલ દૂધઘર તથા અનસખડીનો બધો ભોગ સાજી પાતળી સામગ્રીમાં ચમચા, કટોરી પધરાવવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. મીઠા જલની મથની એક ભરી, તેમાં ગુલાબજલ તથા શ્રીયમુનાજલ પધરાવી, તેના ઉપર સફેદ મલમલનુ ભીનું ગરણું લપેટવું, તેના ઉપર ચાંદીની લોટી રાખવી. આ મથની ડોલ તિબારીમાં શ્રી...ના રથની ડાબી તરફ એક ચોકી માંડી, તેના ઉપર ઈંઢોણી માંડી, તેના ઉપર પધરાવવી. ધુપ, દીપ, થાય. ભોગ આવે.

ભોગ આવ્યે બીડા આઠ એક થાળીમાં પરિક્રમા ઘાટ સાજી, તેની વચ્ચે તેજાનાની કટોરીઓ રાખવી. તેની વચ્ચે એક સોનાની કટોરીમાં બરાસ પધરાવવું. બીડી નંગ ત્રણની સેવા કરી રાખવી. નિજતિબારીમાં શ્રી...ની સાંગામાચી માંડી રાખવી.

સમય થયે ભોગ સરે. ભોગની ચોકીઓ ઉઠાવીને મંદીર વસ્ત્ર કરવું. આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સર્યાના બીડા નંગ ચાર શ્રી...ની તબકડીમાં ધરવા. બીડા નંગ આઠ તેમજ તેજાનાની કટોરીઓનો થાળ જલપાનની મથની વાળી ચોકી ઉપરથી મથની ઉઠાવી, તે ચોકીને શ્રી...ની જમણી બાજુ રાખી, તેના ઉપર બીડા તથા તેજાનાની કટોરીઓનો થાળ પધરાવવો. (જો ગોસ્વામી બાલક બિરાજતાં હોય તો જલપાનની મથની ત્યાં પહોંચાડવી) શ્રી...ની ફૂલની માલા વડી થાય. શ્રી...ને બીજી નવી માલા ધરાવવી. રથમાં ઘોડા જોડવા. બંને ઘોડાની આગળ એકએક પાતળ મગની અંકુરીની રાખવી. દર્શન ખૂલે મોરછલ્ર, પંખા, ચમ્મર થાય. શ્રી...બીડી અરોગે. ઘોડાની પાસેથી મગની અંકુરીની પાતળ ઉઠાવીને પ્રસાદીમાં કાઢવી. રથને ઉત્તર દક્ષિણ ચલાવવો. રથના ચાર કીર્તન થાય. પાચમું કીર્તન થાય ત્યારે ટકોરા થાય. શ્રી...ને વેણું ધરાવાય, વેત્ર ધરે નહિ. આરતી મોતીની થાળીની સોનાના દિવડાની રથના ચિત્રની થાય. રાઈ, લોન, ન્યોછાવર થાય. ઘોડા સહિત રથની પરિક્રમા કરવા માટે ડોલ તિબારીમાં સંકડાશ પડે તેથી રથના ઘોડા ખોલીને એકતરફ રાખવા. રથના આગળના ભાગમાં પૈડાંને મજબુત ઠેસી લગાવી, રથની ચાર પરિક્રમા કરવી. કીર્તનીયા ભીડ સરકાવી. આશિષ ગાતાં ગાતાં સન્મુખ મોઢું રાખી કીર્તનીયા તિબારીની આગળ આવીને ઉભા રહે. અને આશિષ ગાય. ત્યારપછી ડોલ તિબારીની વચ્ચેની જાળીથી ઢાળવાળું પાટીયું લગાડી, ડોલ તિબારીથી નિજતિબારી સુધીનો ચોક ખાસા કરી રથને ચોકમાં ધીરે ધીરે પધરાવી ચોકમાં દક્ષિણ મુખ ઉભો રાખવો. ત્યારબાદ ખુલે દર્શન રથમાંથી ગાદી સહિત શ્રી...ને નિજતિબારીમાં સાંગામાચી ઉપર પધરાવવા. ત્યારબાદ દર્શન બંધ થાય.

શ્રી...ના શૃંગાર વડા થાય :

શ્રી...ને શૃંગાર ચોકી ઉપર પધરાવી, શૃંગાર વડા કરવા. પ્રથમ શ્રીમસ્તક ઉપર થી જોડ વડી કરવી. **ફુલ્હેનો શૃંગાર વડો થાય નહિ.** શ્રીકંઠમાં બધા શૃંગાર વડા કરવા. વાગા, વસ્ત્ર બધા વડા થાય. શ્રી...સોનેરી કિનારનો ધોરાનો પિછોરા ધરે. બાજુ, પોંચી, કટિપેચ, નૂપુર, જેહર આ બધું માણેકનું ધરે. માલા ચાર માણેકની ધરાવવી. તેના ઉપર ગુંજા ધરે. શ્રીકંઠમાં તિલડી એક, કંઠી એક તથા ત્રવલ એક હીરાની ધરે. શ્રીમસ્તક ઉપર જોડ ત્રણ ચંદ્રિકાની ધરે, કુંડલ ધરે.

શ્રી મદનમોહનલાલજી ના શ્રી સ્વામિનીજીનો શ્રીમસ્તકનો શૃંગાર જેમનો તેમજ રહે. અને તેમનો શ્રીકંઠનો શૃંગાર શ્રીમદનમોહલાલજી પ્રમાણે રહે. શ્રીબાલકૃષ્ણલાલજી નો શૃંગાર પણ શ્રી મદનમોહનલાલજી ના શૃંગાર પ્રમાણે જ રહે. તેમની ગાદી ઉપર હાર એક માણેકનો, હાર એક પન્નાનો, હાર એક હીરાનો તથા ગુંજા તેમજ કઠલા ધરે. તેમજ તેઓ વિના ઝાલરની ઓઢણી ઓઢે.

શ્રી...ને બિરાજવાની નાની ગાદી તથા પીઠકના તકિયા ઉપર સફેદી ચડાવી રાખી હોય તે ગાદી સાંગામાચી ઉપર રાખી, તેના ઉપર શ્રી...ને પધરાવવા. (શ્રી મહાપ્રભુજીના ગુંજા, આભરણ વડા થાય અને તેઓ વિના ઝાલરની ઓઢણી ઓઢે)

જો બપોરે બે વાગ્યા સુધીમાં ઉપર જણાવેલી સેવા પહોંચાઈ ગઈ હોય તો શ્રી...ને સિંહાસન ઉપર પધરાવી અને શીતલ ભોગની હાંડી ધરવી. તેમાં તેરની તેરવવી. ઝારી પ્રસાદીમાં ઠાલવી અને શ્રી...ની સિંહાસનની તેમજ અનોસરની ઝારી ભરી, સિંહાસન ઉપર તથા શય્યા મંદિરમાં યથાસ્થાન પધરાવવી. શીતલ ભોગ સરાવી, આચમન મુખવસ્ત્ર કરાવી, પેંડો બિછાવીને અનોસર કરવા.

જો ઉપર જણાવેલી સેવા મોડી પહોંચાઈ હોય તો બપોરે અનોસર ન કરતાં સેવા ચાલુ રાખવી. શ્રી...ને સિંહાસન ઉપર પધરાવી, ઝારી પ્રસાદીમાં ઠાલવી, બીજી ઝારી ભરીને યથાસ્થાન પધરાવવી. શીતલ ભોગ, ઉત્થાપન ભોગ (મંદિરક્રમમાં સંધ્યાભોગ) સાથે આવે. (સંધ્યાભોગમાં છોંકેલી અંકુરી આવે.)

આજથી લઈને શ્રાવણ વદિ સાતમ સુધી ઉત્થાપન માં શ્રી...ને એક દિવસ છોંકેલી અંકુરી, એક દિવસ ચણાની દાળ અને એક દિવસ છોંકેલી મગની દાળ એમ વારા ફરતી આવે.

ભોગ આવ્યે કસના ખોલીને શય્યાની સેવા કરવી. શય્યા ઉપર મલમલની ચાદર તથા કાસીદાના કામની સુજની ઉઠાવી, ઘડી કરી, યથાસ્થાન મૂકવી. પછી શય્યા ઉપર ઉષ્ણકાલવારી સોઈના બખીયાના કામની સુજની બિછાવી, તેના ઉપર સફેદ ચીકની જગન્નાથીની દુહેરા ચાદર બિછાવી, તેના ઉપર સફેદ ચીકની જગન્નાથીની ઈકહરા ચાદર બિછાવવી. તેને ચારે બાજુ વાળીને કસના બાંધવા. તેના ઉપર સફેદ મલમલની ચાદર ઓઢાડીને ચોરસો ઢાંકવો.

સમય થયે ભોગ સરે, આચમન,મુખવસ્ત્ર થાય. ભોગ સંધ્યાના બીડા બંટામાં સાથે ધરવા. (સંધ્યા આરતી થાય) ટેરો આવે, દર્શન બંધ થાય. શ્રી...ના શૃંગાર વડા થાય. કુલ્હે ઉપર પન્નાનો તાઈત ધરે. શ્રીકંઠમાં ચોકી રહે. શયનભોગ આવે.

શયનભોગ સામગ્રી : છડિયલ દાળ, કઢીને બદલે વડાની છાશ તેમજ પાપડ આવે.

શયનભોગ અરોગ્યા પછી શ્રી...ખુલ્લા રથમાં બિરાજે રથની છત્રી તથા ડંડા ઉતારવા. રથની ઝાલર ઉંચી કરીને રાખવી. ચોક ખાસા કરીને મંદિરવસ્ત્ર કરવું. રથની ઝાલર યથાસ્થાન કરવી. ઘોડા જોડીને રથની તૈયારી નીચે મુજબ કરવી.

શ્રી...ના બીડાની તબકડી બે, ગુલાબદાનીની તબકડી બે, તેમાં બે સોનાની ગુલાબદાની રાખવી. ત્યારબાદ શ્રી...ની અનોસરની ઝારી ભરવી. સમય થયે શયનભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...ને માલાનો જોડ

ધરાય. બીડી અરોગે. પંખા કરવા. બીડી અરોગી લીધા બાદ રથને પૂર્વમુખ ચલાવવો અને તેને જગમોહન સુધી લાવવો. ફરી પાછળ હટાવી, ચલાવી ને નિજતિબારી સુધી લઈ જવો. આ રીતે બે ચાર વખત રથને ચલાવવો. પછી રથને ચોકમાં વચ્ચોવચ જરા આગળની બાજુ રાખી નિત્યવત્ વેણુ ધરાવીને શયન આરતી કરવી. ટેરો આવે, દર્શન બંધ થાય. શ્રીકંઠમાંથી ચોકી તથા શ્રીમસ્તક ઉપરથી તાઈત વડા કરવા. નિત્યવત્ અનોસર થાય.

જો બપોરે શ્રી...ને અનોસર કરાવ્યા ન હોય તો બપોરના તથા રાત્રિના અનોસરનો બંટા ભોગ તથા બીડા સાથે ધરવા.

અષાઢ સુદિ ૩-ત્રીજ (વ્રજ : આષાઢ શુક્લ ૩)

વસ્ત્ર : રથયાત્રાના, આડબંધ

સાજ: રથયાત્રાનો રહે

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે, આભરણ માણેકના, માલા ચાર તેમાં ત્રણ માલા માણેકની અને એક માલા પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. કુલ્હે ઉપર ત્રવલ એક માણેકની તથા ત્રવલ એક હીરાની ધરે. કુલ્હે ઉપર પાનને બદલે કલંગી એક માણેકની ધરે. તેના ઉપર ચંદ્રિકા સાદી ધરે.

(આજથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી શ્રીમહાપ્રભુજીની પલંગડી, પલના તથા શય્યા છીપના કામના આવે)

અક્ષય તૃતીયાથી શિખરનભાત, દહીંભાત તથા સતુવા જે વારા ફરતી રાજભોગમાં સખડીમાં નિત્ય આવતાં તે આજથી બંધ થાય.

આજથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી ચંદનની સોનાની બરણી ઉપર તથા સોનાની ગુલાબદાની ઉપર લાલ મદ્રાસી કપડાની ખોલી ચડે.

આજથી લઈને અર્થાત્ રથયાત્રાના બીજા દિવસથી લઈને હિંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાં સુધી સિંહાસનની બાજુના ખિલોનાની તબકડીમાં તથા પલનાની ખિલોનાની તબકડીમાં પોતના (ચીડીયાના ભરત કામનો) ખિલોના આવે.

અષાઢ સુદિ ૪-ચોથ (વ્રજ : આષાઢ શુક્લ ૪)

કોટાવાળા શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીનો ઉત્સવ

વસ્ત્ર : ગુલાબી રૂપેરી કિનારીના, પિછોરા

સાજ : ગુલાબી

શૃંગાર : શ્રીમસ્તક ઉપર બહારની ખીડકીની પાગ, આભરણ મોતીના, માલા છ તેમાં છેલ્લી માલા એક પન્નાની આવે. તેના ઉપર ગુંજા ધરે. ચંદ્રિકા સાદા ધરે. લોલક બંદી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં આંબાના રસની બુંદી આવે. સખડીમાં આમરસ ભાત, તુવેરની દાળ, વડીની કઢી તથા પાપડ આવે.

અષાઢ સુદિ ૫-પાચમ (વ્રજ : આષાઢ શુક્લ ૫)

વસ્ત્ર : સફેદ, લાલ હાંસીઆના સોનેરી કિનારીના ધોતી ઉપરણા, ધોતીની કિનારી લાલ વચ્ચે સફેદ

સાજ : ગવનનો શ્યામ કમલની ભાતનો, વિના હાંસીઆનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો બીચકો, આભરણ ગુલાબી મીનાના, માલા ચાર ગુલાબી મીનાની, તેમાં છેલ્લી માલા એક પીરોજી મીનાની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા સાદા ધરે. અને ઝુમકીના કર્ણફૂલ ધરે.

અષાઢ સુદિ ૬-છઠ (વ્રજ : આષાઢ શુક્લ ૬)

કસુંબા છઠ

શ્રી કાકા વલ્લભજીના પ્રપૌત્ર ચમેલીવાળા
જોધપુર નિવાસી શ્રી વલ્લભજી મહારાજશ્રીનો ઉત્સવ

વસ્ત્ર : કસુંબલ વિના કિનારીના, પિછોરા

સાજ : કસુંબલ

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ પડાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક પડાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, મોતીના ધરે. શ્રીહસ્તમાં હસ્ત સાંકળા, હસ્તફૂલ તથા મુદ્રિકા આ બધું મોતીનું ધરે. ચંદ્રિકા સાદા ધરે, બંદી ધરે.

ઝારી, બંટા, ગેંદ, ચોગાન સોનાના આવે. ચોપટનો પટ લાલ મખમલ ઉપર કલાબતૂના ભારે કામનો, સોગઠાં, પાસા જડાઉ આવે. ગાદી, તકિયા, બાજુના તકિયા, ખંડના પેંડા તથા પાટ ચોકીની ગાદીનીખોલી મખમલની આવે જે બહારથી રહે. સફેદી ઉતરે નહી. ભીતર સફેદી રહે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મનોહરના લાડુ આવે. મીઠું શાક પાકા કેળાનું, છાશવડાં આવે. સખડીમાં પાટિયાની સેવ, છડીદાળ, પકોડીની કઢી, ભુજેના, કચરિયાં તથા પાપડ આવે.

રાજભોગ થયા બાદ આખી ડોલ તિબારીમાં ચંદરવો લાલ મખમલનો તથા દિવાલગીરના કટકા ત્રણ લાલ મખમલના બંધાય. ટેરા વિગેરે પણ લાલ બનાતીના બાંધવા. ત્યારબાદ નોચોકી તથા નોચોકીની સીડી ઉપર લાલ મખમલની ખોલી ચડાવી ડોલ તિબારીની વચ્ચેની જાળી થી લગાડીને ઉત્તર ભીંતથી લગાડીને માંડે. ચોરસ નોચોકી ઉપર લાલ બનાતથી મઢેલો બંગલો આવે. તે બંગલાના ચારે થાંભલાથી લગાડીને કેળના નાના નાના એક એક ઝાડ બાંધવા. તેના નીચેના ભાગમાં બદામના એક એક પત્તા રાખવા. બંગલાની આગળ પાછળ સીડી ઉપર ધરવાના ફૂલના ગુચ્છાની લાલ રંગની કાષ્ઠની કુંડીઓ તૈયાર રાખવી.

સાંજે શંખનાદ થાય. ડોલ તિબારીને ખાસા કરીને મંદિરવસ્ત્ર કરવું. ઉત્થાપન ભોગ આવે. ભોગ આવ્યે શય્યાની સેવા કરવી. સમય થયે ભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. બીડાના બંટા ધરે. શ્રી...ને માલા ધરાવવી.

શ્રી...ડોલ તિબારીમાં નોચોકીના બંગલામાં પધારે. શ્રી...ની ઝારી તબકડી સહિત ઉઠાવીને ગાદીની ડાબી તરફ પધરાવવી. બીડાનો બંટો તબકડી સહિત જમણી તરફ પધરાવવો. શ્રી...ના ખંડ આગળથી ચોપડ, ખિલોના સહિત પાટ ઉઠાવી ડોલ તિબારીમાં નોચોકીની સીડી લગાડવી. ખંડના ખિલોનાની તબકડી તથા છુટા ખિલોના જે રીતે ખંડ ઉપર મંડાય છે તે જ રીતે નોચોકીની સીડી ઉપર માંડવા. તથા પાટ ઉપર ચોપડ માંડવી અર્થાત્ જે રીતે ભોગના દર્શન સમયે બધો સાજ મંડાય છે તે રીતે માંડવો.

પાટની આગળ પાટની ચરણચોકી માંડવી. ચરણચોકીની ડાબી બાજુ તથા જમણી બાજુ ત્રસ્ટી એક એક માંડવી. ગેંદ, ચોગાન, સોનાના ઠાડાં કરવા. દર્શન ખૂલે. કીર્તનીયા ડોલ તિબારીની આગળ ચોકમાં ઉભા રહીને કીર્તન કરે. કીર્તનની છાપ આવે ત્યારે ગેંદ, ચોગાન વડા કરી, પાટ, ચોકી ઉઠાવીને નિજમંદિરમાં યથાસ્થાન રાખવા. શ્રી...ની ઝારી તથા બીડાના બંટા ઉઠાવી, પ્રસાદીમાં ઠાલવી, ઝારી ફરીથી ભરીને યથાસ્થાન મૂકવી. ટેરો આવે, દર્શન બંધ થાય.

નોચોકીની સીડી ઉપર ઉત્થાપન વારા લાલ ચોરીયાના ટૂક બિછાવી, તેના ઉપર કસુંબા છઠ વાળી દોઢ પાયાની ચોકી સીડી ઉપર બરાબર માંડવી. દૂધઘર ભોગ ધરવા માટે ચોકઠો એક નોચોકીની જમણી બાજુ સીડીથી લગાડીને માંડવો. ત્યારબાદ ચોકી ઉપર લીલી પાતળ બિછાવવી. અનસખડીની ચોકી ઉપર ભોગ પધરાવવો. નિત્યનો સંધ્યાભોગ તથા ઉત્સવભોગ સાથે આવે.

(નિત્યના સંધ્યાભોગના નંગ ચાર મોટા તથા નંગ ચાર નાના આવે.)

ઉત્સવભોગ સામગ્રી :

અનસખડી સામગ્રી : તેમાં દહીંના સેવના લાડુ, મેંદાપૂરી, પાકા ચીભડાનું મીઠું શાક, ચોરાના ગુંજીયા, વેસણના ગાંઠીયા, છોંકેલી અંકુરી, નિત્યના કેરી વગેરેના સંધાણાની મોટી કટોરી એક તથા લુણ, મરીની કટોરી એક એક આવે.

દૂધઘર સામગ્રી : દૂધઘરની ચોકી ઉપર આ સામગ્રી પધરાવવી. તેમાં સફેદ બરફી, અધોટાનો મલડો, પાકા આંબાની શાખનું બિલસારૂ, પગે મેવા એક જાતના, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા ચાર જાતના આવે. ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા ની સાથે બૂરાનો કટોરો એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

આ પ્રમાણે દૂધઘર તથા અનસખડી ભોગ સાજીને પાતળી સામગ્રીમાં ચમચા કટોરી પધરાવવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે.

સમય થયે ઉત્સવભોગ સરે. ભોગની ચોકીઓ ઉઠાવીને યથાસ્થાન મૂકવી. આચમન,મુખવસ્ત્ર થાય. બીડા બે સંધ્યા ભોગના તથા બીડા બે ઉત્સવભોગના એમ કુલ ચાર બીડા તબકડીમાં ધરવા. દર્શન ખુલે, ટકોરા થાય. સંધ્યા આરતી મોતીની થાળીની ચાંદીના દિવડાની થાય. રાઈ, લોન, ન્યોછાવર થાય. ટેરો આવે. દર્શન બંધ થાય. શ્રી...નિજતિબારીમાં સાંગામાચી ઉપર પધારે, શૃંગાર વડા થાય, શયન ભોગ આવે. સમય થયે શયનભોગ સરે, શયન આરતી થાય અને નિત્યવત્ અનોસર થાય.

અષાઢ સુદિ ૭-સાતમ (વ્રજ : આષાઢ શુક્લ ૭)

વસ્ત્ર :સફેદ શ્યામ હાંસીઆના, મલ્લકાછ્છ

સાજ : ગવનનો સફેદ જમીન ઉપર આસમાની રંગની ચકલીની ભાતવાળો, શ્યામ મગજીનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા વસ્ત્રના, તેમાં ટિપારામાં શ્યામ ચિત્ર તેના ઉપર સફેદ પરદ ચડે. આભરણ હીરાના, માલા ચાર તેમાં ત્રણ માલા મોતીની, તેના ઉપર એક માલા નીલમની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા સાદા ધરે.

અષાઢ સુદિ ૮-આઠમ (વ્રજ : આષાઢ શુક્લ ૮)

ફૂલના શૃંગાર

આજે શ્રી...ને ફૂલના શૃંગાર ધરાય

વસ્ત્ર : સફેદ લીલા હાંસીઆના, સુથન પટકા.

સાજ : ગવનનો સફેદ જમીન ઉપર વેલની ભાતવાળો, હાંસીઆ વિનાનો, વિના અસ્તરનો, શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા હરી ખિડકીના તેનો છોડ હર્યો, આભરણ મોતીના, માલા ચાર, તેમાં છેલ્લી માલા એક પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી ધરે. ફેંટા ઉપર ખંડેલા (નાની ચંદ્રિકા) ધરે.

આજે શ્રી...ને ફૂલના શૃંગાર થાય તેથી બપોરે શંખનાદ ત્રણ વાગે થાય શ્રી...જાગે, ઉત્થાપન ભોગ આવે. ભોગ આવ્યે શય્યાની સેવા કરવી. ફૂલઘરમાંથી ફૂલના આભરણની છાબ આવે.

શ્રી મદનમોહનલાલજીને ધરાવવાના ફૂલના આભરણ :

તેમાં નૂપુર, બાજુ, પોંચી, કટિપેચ, સુથન, સુથનની ફોંદની, લાંબો પટકા, કાછની, મુકુટ, કુંડલ, શ્રીકંઠની લડ, પાગની લડ, ઠાડી લડ, શ્રીહસ્તની લડ, શીશફૂલ, શીશફૂલ ઉપર ધરાવવાની ડાબી કલંગી, શ્રીકંઠની માલા છ, તેના ઉપર ધરાવવાનો ફૂલની કલીનો ગુંથેલો હાર એક, તેના ઉપર ધરાવવાની વિના પદકની માલા એક, તેના ઉપર ધરાવવાની ફૂલની કલીની ગુંજામાલા એક, દુલડી એક, કંઠી એક, ત્રવલ એક તથા ચોટી એક આવે. આ પ્રમાણે વસ્ત્રાભરણ આવે.

શ્રી સ્વામિનીજીને ધરાવવાના ફૂલના આભરણ :

તેમાં નૂપુર, બાજુપોંચી, કટિપેચ, શ્રીહસ્તની લડ, તીમનીયા, શ્રીમસ્તકની લડ, ઢેરીબંધી, શીશફૂલ, ટીકો, કલંગી, શ્રીકંઠની માલા છ, હાર એક, તેના ઉપર ધરાવવાની વિના પદકની માલા એક, તેના ઉપર ધરાવવાની ગુંજા માલા એક, દુલડી એક, કંઠી એક, ત્રવલ એક, ચોટી એક, લહેંગા, ચોલી, સાડી, સાડીની ફોંદની તથા નથ આવે. આ પ્રમાણે વસ્ત્રાભરણ આવે.

શ્રી નટવરલાલજી તથા શ્રી શ્યામસ્વરૂપની ફૂલની છાબ શ્રી મદનમોહનલાલજી મુજબ જ આવે. બાલકૃષ્ણલાલજી અને શ્રીનવનીતલાલજીના આભરણની છાબ આવે તેમાં સુથન કાછની આવે નહિ. વધારામાં ઢણી એક આવે. (શ્રી ગિરિરાજજી, શ્રી શાલીગ્રામજી, શ્રી સંપૂટજી, શ્રી મહાપ્રભુજી દરેકની એક એક ફૂલની ઢણી આવે)

નિજતિબારીમાં શ્રી...ની શૃંગાર ચોકી માંડી તેની જમણી તરફ એક પડઘો માંડી તેના ઉપર દૂધઘરની સામગ્રીની ગાર ભોગની થાળી પધરાવવી.

લના શૃંગાર ભોગની દૂધઘર સામગ્રી :

તેમાં સફેદ બરફી નંગ બે ની તબકડી એક તથા બે જાતના તળેલા મેવાની કટોરી બે આવે. તેના ઉપર સફેદ રસો ઢાંકવો.

ઉત્થાપન ભોગ સર્યે આચમન, મુખવસ્ત્ર થાય.બીડાનાં બંટા ધરાય. શ્રી...ની શૃંગાર ચોકીની ડાબી તરફ ક ચોકી માંડી તેના ઉપર ઝારી તથા બીડાનો બંટો પધરાવવો. શ્રી...ને શૃંગાર ચોકી ઉપર પધરાવી, સવારના રાવેલાં શૃંગાર વડા કરી ઉપર જણાવેલ ફૂલના શૃંગાર ધરાવવા. શ્રી...ને ફૂલના શૃંગાર ધરાવતી વખતે ચોકના ધા ફુવારા છુટે, કીર્તન થાય.

ફૂલના શૃંગાર થઈ ગયા બાદ નિજતિબારીમાં શય્યા મંદિરની બાજુ પાટ બિછાવવી, તેના ઉપર ગાદી સહિત ...ને પધરાવવા. શૃંગાર ચોકી ઉઠાવીને યથાસ્થાન મૂકવી. નિજ મંદિરમાંથી સિંહાસન, ખંડ, પાટ, ચોકી વગેરે ધુ લાવીને રાખવું. નિજતિબારીમાં નિજમંદિરના મોટા દ્વાર ઉપર વચ્ચોવચ પિછવાઈ એક બગીચાના ચિત્રની ંધવી. સિંહાસન પિછવાઈને લગાડીને માંડવા. સિંહાસન ઉપર ફૂલની ફૂલમંડલી અથવા લત્તાપત્તાના બંગલા ધરાવવા. ત્યારબાદ શ્રી...સિંહાસન ઉપર પધારે, ખંડ, પાટ, ચોકી લગાડવા. શ્રી...ને ફૂલની માલા બે ધરાવવી. નમાલા એક મોટી સિંહાસનથી લઈને પાટની ચરણચોકી સુધી આવે. આટલી જ લાંબી ફૂલ તેમજ નાના નાના લા પત્તાની માલા આવે તે શ્રી...ના સિંહાસન ઉપર પીઠકના તકિયાની ઉપરથી તથા બગલાઉ તકિયાની ઉપરથી લાવીને ચરણચોકી સુધી ધરાવવી. શ્રી...ના સિંહાસન ઉપર બે ફૂલના પંખા ધરવા. ગેંદ, ચોગાન શ્યામ વસ્ત્રના વે. શ્યામ વસ્ત્રની ખોલી ચડાવેલી આરસી આવે જે ખંડ ઉપર ધરવી.

નિજતિબારીમાંથી શ્રી...ની શૃંગાર ચોકી ઉઠાવીને યથાસ્થાન મૂકવી. દૂધઘર ભોગનો પડઘો ઉઠાવીને જમંદિરમાં એક તરફ રાખે, જે સંધ્યા ભોગમાં આવે. દર્શન ખૂલે, ફૂલની આરસી બતાવવી, મોરછલ, પંખા ય. ભોગના દર્શન બંધ થઈને સંધ્યા ભોગ આવે. સંધ્યા આરતી થયા બાદ દર્શન બંધ થાય. ત્યારબાદ ફૂલના ંગાર વડા થાય. નિત્યના રાત્રિના અનોસરમાં રહેતાં વસ્ત્રાભરણ ધરાવવા. શયનની ઝારી ભરાય અને શયનભોગ વે. સમય થયે ભોગ સરે અને શયન આરતી થાય. દર્શન બંધ થાય. વડા કરેલાં ફૂલના શૃંગાર થાળીમાં સાજી ય્યા મંદિરમાં માલાની જોડના થાળની પાસે બીજો પડઘો માંડી તેના ઉપર પધરાવવી. નિત્યવત્ અનોસર થાય.

અષાઢ સુદિ ૯-નોમ **(વ્રજ : આષાઢ શુક્લ ૯)**

વસ્ત્ર : સફેદ સોનેરી કિનારીના, પરદની

સાજ : ગવનનો સફેદ જમીન ઉપર લીલા રંગની ચકલીની ભાતવાળો શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલપગા સોનેરી ચિત્રના, આભરણ મોતીના, માલા બે મોતીની, કતરા સીપના ધરે, કર્ણફૂલ બે ધરે.

અષાઢ સુદિ ૧૦ **(વ્રજ : આષાઢ શુક્લ ૧૦)**

વેંગણ દશમી

વસ્ત્ર : સફેદ મલમલના રેશમી હલકા ભરતની કોરના, પિછોરા

સાજ : ગવનનો સફેદ જમીન ઉપર ફૂલની ભાતનો સફેદ અસ્તરનો શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા મોતીના, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી ધરે. કતરા મોતીના ધરે.

આજે વેંગણનો પ્રકાર આવે. તેમાં અનસખડીમાં નિત્યના શાક બે હોય તેમાં એક શાક વેંગણનું આવે. નિત્યનું રાયતુ વેંગણનું આવે, ભુજેના વેંગણના આવે તેમજ વેંગણ ભરતા આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રી વેંગણ વિલાસની આવે. સખડીમાં નિત્યની ચણાની દાળની મિલોનીનું શાક એક વેંગણનું આવે. એક શાક ભરમા વેંગણનું આવે તથા એક શાક વેંગણનું છાશ મિલાવેલ આવે. વેંગણના ભુજેના તથા નિત્યની કઢી વેંગણની આવે.

અષાઢ સુદિ ૧૧- એકાદશી **(વ્રજ : આષાઢ શુક્લ ૧૧)**

દેવશયની એકાદશી

વસ્ત્ર : સફેદ મલમલના હલકા રંગની રેશમની કોર ઉપર વેલ તથા વચ્ચે બુટીના ભરતકામના. કાછની દુરંગી ઉપરની ગુલાબી અને નીચેની સફેદ વસ્ત્રના મેળની

સાજ : સફેદ સાટીન ઉપર સીંધના કાસીદાના ભરતકામનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ છીપનો, આભરણ પડાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક પડાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.

સામગ્રી : નિત્યની દાળ ધોવાદાળ, મગની આવે.

આજથી લઈને કારતક સુદિ પૂનમ સુધી નિત્ય રાજભોગ આરતી થાળીની થાય.

અષાઢ સુદિ ૧૨-બારસ (વ્રજ : આષાઢ શુક્લ ૧૨)

વસ્ત્ર : સફેદ સોનેરી કિનારીના, ધોતી ઉપરણા

સાજ : ગવનનો સફેદ જમીન ઉપર પીળા રંગની ચકલીની ભાતવાળો શ્યામ મગજીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો બીચકો, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી ધરે. કતરા, ચંદ્રિકા સાદા ધરે.

અષાઢ સુદિ ૧૩-તેરસ (વ્રજ : આષાઢ શુક્લ ૧૩)

વસ્ત્ર : સફેદ, આડબંધ

સાજ : ગવનનો સફેદ જમીન ઉપર શ્યામ રંગના ફૂલની ભાતવાળો શ્યામ મગજીનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, કતરા સાદા ધરે.

અષાઢ સુદિ ૧૪-ચૌદશ (વ્રજ : આષાઢ શુક્લ ૧૪)

વસ્ત્ર : સફેદ, પરદની

સાજ : સફેદ જાલીદાર

શૃંગાર : શ્રીમસ્તક ઉપર બહારની ખીડકીની પાગ, આભરણ મોતીના, માલા બે મોતીની, કર્ણફૂલ બે, ચંદ્રિકા સાદા.

આજથી ટોપી બંધ થાય જે શ્રાવણ વદિ બારસથી શરૂ થાય.

આજે રાજભોગના દર્શનમાં શ્રી...ને મોટી વનમાલા ચરણચોકી સુધીની આવે. (મંદિરક્રમમાં આજે ભોગમાં પણ વનમાલા ધરે)

(આજે ઉષ્ણકાલ પૂરો થાય છે. વનમાલા એટલે તુલસીની મોટીમાલા જેમાં વચ્ચે એક થાક ફૂલનો હોય છે તે સિંહાસનથી લઈને ચોકી સુધી ની હોય છે)

અષાઢ સુદિ ૧૫-પૂનમ (વ્રજ : આષાઢ શુક્લ ૧૫)

વસ્ત્ર : લાલ સફેદ એક દાણાની ચુંદડીના રૂપેરી કિનારીના. કાછની દુરંગી, ઉપરની શ્યામ ચુંદડીની તેમજ નીચેની લાલ ચુંદડીની.

સાજ : બગીચાના ચિત્રનો બંધાય. ખંડ, પાટ, વગેરે જો બગીચાના ચિત્રના હોય તો તે ચડે, નહિંતર લાલ એક દાણાની ચુંદડીના ચડે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ મોતીનો, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક પડાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે. બંદી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં ચારોળીના લાડુ આવે. તેમજ પાકા ચીભડાનું મીઠું શાક તથા છાશવડાં આવે. સખડીમાં છડીદાળ, પકોડીની કઢી તથા પાપડ આવે.

ઉષ્ણકાલના ટેરા ટટ્ટી, ફુવારા, ચંદનના પંખા, ચંદનના ખિલોના વગેરેનો ક્રમ જો રથયાત્રાના આગલા દિવસથી બંધ થયો ન હોય તો હીંડોળામાં બિરાજે તેના એક દિવસ પહેલાથી બંધ થાય.

અષાઢી પૂનમ અને હીંડોળા બિરાજે તેની વચ્ચે જો દિવસ ખાલી હોય તો તે દિવસે નીચે દર્શાવ્યા પ્રમાણે શૃંગાર થાય

વસ્ત્ર :સફેદ; પિછોરા

શૃંગાર : શ્રીમસ્તક ઉપર બહારનો ફેંટા, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, ફેંટા ઉપર કતરા સાદા ધરે.

હીંડોળા બિરાજે તેના એક દિવસ પહેલાં ડોલ તિબારીમાં ચંદરવો એક લાલ ભાતવાર છીંટનો બંધાય, તેમજ ડોલ તિબારીમાં દિવાલગીરના કટકા ત્રણ લાલ મખમલના બંધાય.

હીંડોળાની તૈયારી :

હીંડોળા બિરાજે તેના એક દિવસ પહેલાં ડોલ તિબારીમાં નીચે પ્રમાણે હીંડોળો રોપાવવો :

ચાંદીનો હીંડોળો એક ખાસા કરીને સાફ કરવો. સુરંગ કાષ્ઠનો હીંડોળો પણ સાફ કરાવી રાખવો. ચાંદીનો હીંડોળો ડોલ તિબારીમાં વચ્ચો વચ બંને ખાડામાં રોપવો. હીંડોળાના ઝૂલામાં સિંહાસન વસ્ત્ર, પીઠક વસ્ત્ર, લાલ મખમલનું સોનેરી લેસવાળું બિછાવવું. લાલ સાટીન ઉપર રૂપેરી કારચોબીના કામની ઝાલર બાંધવી. પીઠક ઉપર ચાંદીના કળશ ચડાવવા. હીંડોળામાં પીઠકથી લગાડીને ચોખુટા તકિયા બે શ્યામ મખમલ ઉપર રૂપેરી કારચોબીના કામના અથવા રેશમના ભરતકામના રાખવા. ડોલ તિબારીની ત્રણે જાળીના ભીતરના ત્રણે ટેરા લાલ દુમાસના ચડાવે. અને ડોલ તિબારીની ત્રણે જાળીની બહારના ટેરા ત્રણ લાલ બનાતી બંધાવવા. ડોલ તિબારીની ઉત્તર તરફની ભીંત ઉપર દિવાલગીર ઉપર લાલ મખમલના હાંસીઆવાળી સોનેરી લેસવાળી પિછવાઈ બંધાવવી.

અષાઢ વદિ ૧-એકમ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૧)

આજે એકમ અથવા બીજથી શ્રી...હિંડોળામાં બિરાજે.

અષાઢ વદિ એકમ અથવા બીજ જે દિવસથી હિંડોળા બિરાજે તે દિવસે સાજ ગુલેનાર સાટીન એટલે લાલ સાટીનનો, કારચોબીના કામનો, સોનેરી કિનારીનો બંધાય.

ચંદરવો લાલ દુમાસનો, ખેંચવાના પંખાની ખોલી ગુલેનાર સાટીન ઉપર સોનેરી કિનારીના ધોરાની ચડે.

સિંહાસન ઉપર રાખવાના પંખા, નિજમંદિરના હાથથી કરવાના મોટા પંખા તથા ચોકઠા ઉપર રાખવાના નાના પંખા, શય્યા પાસે ચોકી ઉપર રાખવાના નાના પંખા સાટીનના અથવા મલમલના કારચોબી કામના, જરીના, કિનખાબના, વિવિધ સાટીનના મઢેલાં, સોનેરી અથવા રૂપેરી કિનારી લગાડેલાં, ચાંદીની અથવા કાષ્ઠની દાંડીના આવે.

આજથી લઈને દશેરાના એક દિવસ પહેલાં સુધી સિંહાસનનો, પલનાનો તથા શય્યાનો બંટો ભાતવાળો રતો ચડે. શૃંગાર ચોકી વગેરે ઉપર અક્ષય તૃતીયાથી સફેદી ચડતી હતી તે આજથી બંધ થાય.

શ્રી...જાગે, મંગલભોગ આવે પલના તથા શય્યાની સેવા કરવી. પલનામાં એક ગાદી બિછાવીને ભાતવાર ંટો ચડાવવો. સફેદ ચીકની જગન્નાથીની દુહેરા ચાદર બિછાવવી. તેના ઉપર કાસીદાની સુજની બિછાવી તેના પર દોરીયાની ચાદર બિછાવવી. બાલિસ્ત ગિરદાન ઉપર ટૂક ખોલી દોરીયાના ચડાવવા. કસુંબલ ચાદર રણારવિંદ પાસે ધરવી. આજથી લઈને જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી સૂતરાઉ રંગના લહેરીયાના, દડીના, ધનકના, જેવા વસ્ત્ર હોય તેવી ચાદર નિત્ય આવે. તેના ઉપર ચોરસો ઢાંકવો. શય્યાની સેવા કરવી.

શય્યા સોનાની આવે. પલંગ પોસ બિછાવી. ગાદલું બિછાવવું. તેના ઉપર ભાતવાર બંટો ચડે. સફેદ ચીકની ગન્નાથીની દુહેરા ચાદર બિછાવીને તેના ઉપર કાસીદાની સુજની બિછાવવી, તેના ઉપર સફેદ દોરીયાની ચાદર બેછાવવી. ત્યારપછી કસના બાંધવા. બાલિસ્ત ગિરદાન ઉપર દોરીયાના ટૂક ખોલી ચડાવીને યથાસ્થાન મૂકવા. ાદર ચરણારવિંદ તરફ ધરવી. આજથી લઈને જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી જેવા વસ્ત્ર હોય તેવી ચાદર ાવે તેના ઉપર ઉત્સવનો ચોરસો ઢાંકવો.

મુંઢાજીમાં આજે ઘેરા રંગના શ્રાવણના વસ્ત્ર આવે. તેમાં રંગ રંગના લહેરીયાના, ચુંદડીના તથા ધનકના ોનેરી કિનારીના વસ્ત્ર ઉપરના રાખવા. તેમાં કસુંબી તનિયો એક, સુથન એક, પિછોરા એક, ઈકલાઈ એક, પાગ ેક રાખવી. તથા શ્રીસ્વામિનીજીનો લહેંગા એક, ચોલી એક તેમજ સાડી એક રાખવી. આ પ્રમાણે ઉપર જણાવેલ સ્ત્રમાંથી બધી જાતની જોડ રાખવી. મુંઢાજી ઉપર લાલ મખમલની ખોલી ચડે.

આજે શ્રી...ને અભ્યંગ થાય.

સ્ત્ર : કસુંબલ અંગુઠા જેટલી પહોળી કિનારીના, કસુંબી તનિયા, પિછોરા

ાજ : ગુલેનાર સાટીનનો

ૃંગાર : શ્રીમસ્તક ઉપર લીલી ખીડકીની છજ્જેદાર પાગ, આભરણ હીરાના, બાજુ, પોંચી, કટિપેચ, નૂપુર, હેર હીરાના ઈકહરા ધરે. શ્રીકંઠનો તથા શ્રીમસ્તકનો શૃંગાર રૂપચૌદશ મુજબ થાય. કર્ણફૂલ ચાર, ચંદ્રિકા સાદા, ાગ ઉપર ત્રણ કલંગીનો સિરપેચ ધરે.

ાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં બુંદીના લાડુ આવે સાથે મીઠુંશાક પાકા ચીભડાનું ાવે. સખડીમાં પાટિયાની સેવ, છડીદાળ, પકોડીની કઢી, કચરિયાં, પાપડ, તિલવડી, ઢેબરી આવે.

આજથી લઈને જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી માટીની કરવડી તથા કુંજા ઉપર સફેદ ભાતવાર વસ્ત્ર ડાવવું. ગુલાબદાની તથા ચંદનની બરણી સોનાની આવે માટે તેના ઉપર વસ્ત્ર ચડે નહિ, તે ખુલ્લી રહે.

સમય થયે રાજભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી સિંહાસન ઉપર પધારે, બીડી અરોગે, માલા ધરે. ંડ, પાટ, ચોકી લગાવી, ગેંદ ચોગાન ઠાડાં કરવા. દર્શન ખૂલે. ઝારી, કરવડી, કુંજા ભરવા. વેણુ, વેત્ર ધરાવવા. ત્ર બે આવે તેમાં એક હીરાનું તેમજ એક માણેકનું આવે. નાની આરસી બતાવીને પછી મોટી આરસી બતાવવી. ારતી થાય. ત્યારબાદ મોટી આરસી બતાવીને પછી નાની આરસી બતાવવી. વેણુ, વેત્ર વડા કરવા. ટેરો આવે, ર્શન બંધ થાય, નિત્યવત્ અનોસર થાય.

આજથી લઈને જ્યાં સુધી હિંડોળા બિરાજે ત્યાં સુધી સાંજે ઉત્થાપન વહેલાં થાય અને ત્યાં સુધી ઉત્થાપન ભોગ તથા સંધ્યાભોગ સાથે આવે (વૈષ્ણવોને ત્યાં સંધ્યાભોગ આવે નહિ)

ભોગ આવે શય્યાની સેવા કસના ખોલીને કરવી. સુજની નીચે રાખવી, તેના ઉપર દુહેરા ચાદર બિછાવી, તેના ઉપર દોરીયાની ચાદર બિછાવીને ચારે તરફથી વાળીને કસનાં બાંધવા. બાલિસ્ત ગિરદા યથાસ્થાન મૂકવા. સફેદ મહીન મલમલની ચાદર ઓઢાડવી. આજથી લઈને જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સુધી રંગીન ચાદર ચરણારવિંદ તરફ રાખવી, તેના ઉપર ચોરસો ઢાંકવો.

ભોગ સર્યે આચમન, મુખવસ્ત્ર થાય. (જો ભોગ સંધ્યા સાથે થયા હોય તો બીડા બંટામાં સાથે ધરાય) શ્રી...ને માલા ધરાય અને ભોગના દર્શન ખૂલે. કીર્તનની છાપ આવે ત્યારે ગાદી ઉપર વેણુ વેત્ર ઉભાં કર્યા હોય તે વડા કરવા. ગેંદ, ચોગાન વડા કરી, પાટ સરકાવી, ખંડને ચોકી લગાવવી. વેણુ, વેત્ર ધરાવી, આરતી થાય અને દર્શન બંધ થાય. ડોલ તિબારી ખાસા કરી, સૂકી કરવી. **શ્રી...ના શૃંગાર વડા થાય નહિ. આજથી લઇને હિંડોળા ઝૂલે ત્યાં સુધી હિંડોળા ઝુલ્યાં બાદ શ્રી...ના શૃંગાર વડા થાય.** (મંદિરક્રમમાં ત્યારપછી ગ્વાલ અરોગે, ડબરા આવે) ડોલ તિબારીમાં જઈ હિંડોળા ઝૂલાને બંને હાથથી ભાર દઈને તપાસી લેવો. હિંડોળામાં ફૂલના ઝુમ્મર બાંધવા. ઝુમ્મર નિત્ય નવો બંધાય. હિંડોળાના ઝૂલાની નીચે લાલ મખમલના સોનેરી કિનારના આસન અથવા ગાલીચા બિછાવવા.

હિંડોળાના અધિવાસનની તૈયારી :

આ મંદિરક્રમમાં આવે છે. વૈષ્ણવોને ત્યાં આવે નહીં. હિંડોળા પાસે કાષ્ઠની ચોકી ઉપર અધિવાસનની તૈયારી કરવી. તેમાં ભીનું કુમકુમ, અક્ષત, ચંદન, તુલસી દલ, તુલસી પત્તા, ગટ્ટીનો બટેરો, સંકલ્પના જલની લોટી તેમજ શંખ એક મીઠું જલ ભરીને તૈયાર રાખવો. હિંડોળાનું અધિવાસન થાય. શ્રૌત્ર, આચમન, પ્રાણાયામ કરી, જલ, અક્ષત હાથમાં લઈ સંકલ્પ કરવો. સંકલ્પનું જલ પૃથ્વી ઉપર છોડવું. કુમકુમ, અક્ષત હિંડોળા ઉપર રંચક છાંટવા. (અધિવાસન થાય ત્યારે રાગ ધનાશ્રીની આલાપચારી થાય.) હિંડોળાની દાંડી, સ્તંભ તથા મયારને આંગળી વતી ચંદન લગાડી, ગટ્ટીનો બટેરો ભોગ ધરી, તુલસી સમર્પવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ચાર બત્તીની આરતી થાય. ત્યારબાદ અધિવાસન બધી તૈયારી પ્રસાદીમાં કાઢવી.

ચાંદીનો પડઘો એક શ્રી...ના હિંડોળાની ડાબી બાજુ આગળના ભાગમાં ઝારી પધરાવવા માટે સ્તંભ પાસે માંડવો. હિંડોળાની જમણી બાજુ પાછળની બાજુ એક ચોકી માંડી તેના ઉપર નાના, મોટા પંખા રાખવા. મોરછલ, ચમ્મર એક ખીંટી ઉપર ટાંગવા. (ડબરા ભોગ સરાવીને શ્રી...ને આચમન, મુખવસ્ત્ર કરાવવું) શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, મસ્તક ઝુકાવી, શ્રી...ની આજ્ઞા માંગીને શ્રી...ને ચાંદીના હિંડોળામાં પધરાવવા. શંખનાદ, ઝાલર, ઘંટા થાય. કીર્તનીયા કીર્તન કરે. શ્રી...ને હિંડોળાની ફૂલની નવી માલા આવે તે ધરાવાય. (આજથી લઈને હિંડોળા ઝૂલે ત્યાં સુધી હિંડોળામાં ધરાવવાની માલા નિત્ય નવી બનીને આવે તે ગ્વાલના ડબરા સરાવ્યા બાદ શ્રી...ને ધરાવાય અને ત્યારબાદ શ્રી...હિંડોળા ઝૂલવા પધારે.) ત્યારબાદ રંચક ઝૂલાવી શ્રી...ના હિંડોળા આગળ મંદિર વસ્ત્ર કરીને ચોકીઓ માંડવી. ઝૂલાના બરાબરની ચોકી એક નાની અનસખડી ભોગ ધરવા માટે માંડવી. તે ચોકીની જમણી તરફ એક ચોકી દૂધઘર ભોગ ધરવા માટે માંડવી બંને ચોકીઓ ઉપર લીલી પાતળ બિછાવવી.

દૂધઘર સામગ્રી :

એક થાળમાં દૂધઘર ભોગ સજાઈને આવે તેમાં અધોટાનાં મલડો, પગે મેવા એક જાતના, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા ચાર જાતના ઋતુ અનુસાર લીલો મેવો, તેની સાથે બૂરાનો બટેરા એક તથા લુણ, મરીની નાની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી :

એક થાળમાં સક્કરપારા, છૂટી બુંદી, મીઠું શાક, નિત્યના કેરી વગેરે સંધાણાની કટોરી એક તથા ઉત્સવના સંધાણાની કટોરી એક આવે.

બધી સામગ્રી ધરી, પાતળી સામગ્રીમાં ચમચા, કટોરી પધરાવવા. હાથ ખાસા કરી, ઝારી ભરી, શ્રી...ની ડાબી તરફ એક પડઘો માંડી રાખ્યો હોય તેના ઉપર ઝારી તબકડી સહિત પધરાવવી. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય ભોગ આવે.

ભોગ આવ્યે નિજ તિબારીમાં શ્રી...ને બિરાજવાની સાંગામાચી તથા શૃંગાર ચોકી માંડી રાખવા સમય થયે ભોગ સરે. ભોગની ચોકીઓ ઉઠાવી, આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સર્યાના બીડા બે શ્રી...ના હિંડોળાની જમણી તરફ બીડાની તબકડીમાં ધરવા.

શ્રી... ને હિંડોળામાં ઝૂલાવવાં :

હિંડોળાના દર્શન ખૂલે શ્રી...ને પંખા તથા ચમ્મર કરવા, કીર્તન થાય. **ગોવિંદ સ્વામીના હિંડોળા ચાર ગવાય. (ઝૂલન આઇ વ્રજનાર, 'રાધામોહન ઝૂલત સુરંગ હિંડોલે', 'માઇરી તેસોઇ વૃન્દાવન તૈસીયે હરિત ભૂમિ' તથા 'રંગ મચ્યો સિંહદ્વાર' રાગ મલ્હારમાં ગવાય.)** જ્યારે હિંડોળાનું પહેલું કીર્તન ગવાય ત્યારે હિંડોળાની સન્મુખ આવી, મસ્તક નમાવી, બંને હાથથી હિંડોળાને ચાર વખત ઝૂલાવવો ત્યારપછી હિંડોળાની જમણી તરફ સ્તંભ પાસે ઉભા રહીને એક હાથથી પંખો કરી અને ઝૂલાવવા. કીર્તનની છાપ આવ્યે ઝૂલાવવાનું બંધ કરવું અને પંખો કરવો. જ્યારે કીર્તન પુરૂં થાય અને બીજુ કીર્તન શરૂ થાય ત્યારે ફરી ચાર વખત સામેથી ઝૂલાવી પછી દાંડી પકડીને ઝૂલાવવા. કીર્તનની છાપ આવ્યે ઝૂલાવવાનું બંધ કરી અને પંખો કરવો. આ રીતે ત્રીજા અને ચોથા કીર્તનમાં સામે આવીને ચાર વખત ઝૂલાવવા. ચોથો હિંડોળો ગવાય ત્યારે પહેલાની જેમજ સામેથી ચાર વખત ઝૂલાવીને કીર્તન પુરૂ થાય ત્યાં સુધી ઝૂલાવવા. ઝૂલાવવાનો આ ક્રમ આજથી લઈને હિંડોળા ઝૂલી ઉતરે ત્યાં સુધીનો સમજવો. જ્યારે જ્યારે શયનમાં હિડોળા ઝૂલે ત્યારે કીર્તનની છાપ આવે તો પણ હિંડોળા ઝૂલાવવાનું બંધ નહિં કરતાં ચાલુ રાખે. ત્યારપછી હિંડોળા પાસેની ઝારી તબડકી સહિત તથા બીડાની તબડકી નિજતિબારીમાં શ્રી...ની સાંગામાચીમાં નિત્યવત્ યથાસ્થાન પધરાવવા. ઝારી પ્રસાદીમાં પધરાવવી.

ત્યારબાદ ટેરો આવે, દર્શન બંધ થાય. શ્રી...ને હિંડોળા પરથી સાંગામાચી પર યથાસ્થાન પધરાવવા. ઝારી ધરવાના ચાંદીના પડઘા, પંખા, પંખાની ચોકી, મોરછલ, ચમ્મર બધું ડોલ તિબારીમાંથી લાવીને યથાસ્થાન મૂકવું.

શ્રી...ને શૃંગારચોકી ઉપર પધરાવીને શૃંગાર વડા કરવા નિત્યવત્ વસ્ત્રાભરણ રહે. વિશેષમાં શ્રી...ના જે રંગના આભરણ ધરાવેલાં હોય તે રંગના પડછીયાનું શીશફૂલ ધરાવવું. આખા શ્રાવણ માસ દરમ્યાન **જ્યાં સુધી**

હિંડોળા ઝૂલે ત્યાં સુધી શીશફૂલ નિત્ય ધરાવવું કે જે શયન આરતી બાદ પોઢતી વખતે વડુ થાય. (જ્યારે જ્યારે શયનમાં હિંડોળા ઝૂલે ત્યારે પાગ ઉપર પડછીયાના શીશફૂલ ઉપર અથવા પડછીયાના શીશફૂલની જગ્યાએ નાના સિરપેચ ઉપર શ્રી...ને જે રંગના વસ્ત્ર ધરાવ્યા હોય તે વસ્ત્રની કિનારીના મેળના સોનેરી, રૂપેરી બાદલાના લુમતુર્રા ધરાવાય. શ્રીકંઠમાં આભરણના મેળની પહેલી માળા એક તથા ત્રવલ એક હમેલની જેમ ધરાવવી)

શ્રી...ની ઝારી ભરીને ભોગ મંદિરમાં યથાસ્થાન પધરાવવી. શયનભોગ આવે. શયનભોગ આવ્યે શય્યા મંદિરના દ્વારની સામે મચકીનો હિંડોળો બંધાય. લાલ રેશમથી મઢેલી બેવડી દોરી ઉપર કડામાં બાંધી તેના નીચેના છેડામાં હિંચકવાનો ચાંદીનો પીઠકવાળો ઝૂલો બાંધવો. તેને ફરતી પંચરંગી સાટીનની ઝાલર બાંધી ઝૂલામાં ભીતર લાલ મખમલની ગાદી બિછાવવી. તેના ઉપર બિરાજવાની ગાદી એક પીઠકના તકિયા સહિત સફેદી ચડાવી રાખવી. ગાદી તકિયાના પટ્ટા પટ્ટી બાંધી રાખે. તેના ઉપર ચોરસો ઢાંકવો.

સમય થયે શયનભોગ સરે અને નિત્યવત્ અનોસર થાય.

આજથી લઈને હિંડોળા વિજયના એક દિવસ પહેલાં સુધી નિત્ય રાત્રિના અનોસરમાં મચકીથી શય્યા સુધી પેંડો બિછાવવો. મચકીની બિરાજવાની ગાદી ઉપર ચોરસો ઢાંકેલો હોય તે ઉઠાવી લેવો.

મનોરથથી જ્યારે નિત્યના હિંડોળા સિવાયના બીજા હિંડોળામાં શ્રી...ઝૂલે ત્યારે, પછીથી નિત્યના હિંડોળામાં પધરાવી ચાર વખત અવશ્ય ઝૂલાવે. મનોરથથી હિંડોળા જે પ્રકારનો મનોરથ હોય તેના હિસાબે થઈ શકે છે.

અષાઢ વદિ ૨ બીજ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ-૨)

વસ્ત્ર : પીળા અંગુઠા જેવડી પહોળી રૂપેરી કિનારીના, પિછોરા.

સાજ : પીળો લીંબવાઈ દોરીયાનો રૂપેરી લેસવાળો બંધાય.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર બેંજની (ઘેરો બ્લુ) ખીડકીની પાગ. આભરણ માણેકના, બાજુ, પોંચી, કટિ પેચ, નૂપુર, જેહર માણેકના ઈકહરા ઘરે. માલા છ માણેકની, તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પાદકની માણેકની, તેના ઉપર બીજો હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર વલ્લભી હાર, તેના ઉપર જુઈનો હાર, તેના ઉપર કલીનો હાર, તેના ઉપર સોનાનો ચન્દ્રહાર, તેના ઉપર ગુંજા ઘરે. કર્ણફૂલ ચાર, પાગ ઉપર ચંદ્રિકા સાદા ઘરે.

આજે ઉપરનો શૃંગાર દુહેરો થાય નહિં. રાજભોગ આરતીના સમયે બે વેત્ર ઘરે. એક હીરાનું તથા એક માણેકનું.

હિંડોળા : આજે ડોલ તિબારીમાં શ્રી...ના હિંડોળાની પાછળ પીળી સાટીનની પિછવાઈ બંધાય. હિંડોળાની ઝાલર પણ પીળી સાટીનની રૂપેરી કિનારની બંધાય.

સાંજે આજથી લઈને હિંડોળા બિરાજે ત્યાં સુધી નિત્ય (સંધ્યા આરતી બાદ ગ્વાલ અરોગે, ડબરા આવે. ડબરા ભોગ આવ્યે) શ્રી...ની ઝારી (સંધ્યા આરતી વાળી) ઠાલવીને, ખંગાળી, ફરી ભરીને હિંડોળા પાસે પડઘા ઉપર પધરાવવી.

અષાઢ વદિ ૩ ત્રીજ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૩)

ા : બેંજની અંગુઠા જેવડી પહોળી સોનેરી કિનારીના, પિછોરા.

ર : બેંજની રંગનો, લીલા રંગના હાંસીઆનો રૂપેરી કિનારીનો.

ાર : શ્રી મસ્તક ઉપર કુલ્હે બેંજની, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના
ર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર બીજો હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની
ીની, તેના ઉપર ગુંજા ધરે. કુલ્હેના આભરણમાં ગોટીનું ફૂલ, ત્રવલ, કંઠી, લડ, પાન, તુર્રા બંને કલંગી વગેરે
હીરાનું ધરાવીને કુલ્હે હીરાની કરી દેવી. જોડ રૂપેરી ચમકનો ધરે.

ોળા : આજે ચાંદીના હિંડોળા આવે.

અષાઢ વદિ ૪ ચોથ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૪)

ા : લીલા અંગુઠા જેવડી પહોળી સોનેરી કિનારીના, પિછોરા

ર : લીલો રૂપેરી કિનારીનો બંધાય.

ાર: શ્રી મસ્તક ઉપર પાગ લીલી લાલ ખીડકીની, આભરણ માણેકના, માલા છ પીળા પોખરાજની, તેના ઉપર
એક પીળા પોખરાજનો, તેના ઉપર માલા એક વિના પદકની પીળા પોખરાજની, તેના ઉપર બીજો એક હાર
ા પોખરાજનો, તેના ઉપર માલા એક વિના પદકની પીળા પોખરાજની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર ધરે.
ીખા ચમકની ધરે.

ોળા : શ્રી...ના હિંડોળાની પાછળ એક પિછવાઈ લીલા સાટીનની બંધાય. હિંડોળાની ઝાલર પણ લીલી
નની સોનેરી કિનારીની બંધાય.

અષાઢ વદિ ૫- પાચમ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૫)

તાતજી ગો. શ્રી રામકૃષ્ણ મહારાજશ્રી (ખંભાત) નો ઉત્સવ પ્રા.સં. ૧૮૫૨

: આમરસી રૂપેરી કિનારીના, પિછોરા

: લાલ કિનખાબનો

ર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ પીરોજાના, માલ છ પીરોજાની, તેના ઉપર હાર એક પીરોજાનો,
ઉપર માલા એક વિના પદકની પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, ચંદ્રિકા ચમકની ધરે.

ા સામગ્રી : તેમાં નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

ભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં જલેબી આવે. સાથે પાકા કેળાનું મીઠું શાક અને
ની ખીર આવે. સખડીમાં મેવા ભાત, છડીદાળ, પકોડીની કઢી, નિત્યથી અધકીના શાક બે તેમાં એક અડદની
ા ઝોલ, બીજુ શાક ભરમા ભીડાનું આવે, ભુજેના, કચરિયાં તથા પાપડ આવે. દૂધઘરમાંથી કેસરીયા બાસુંદી આવે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં ફૂલના હિંડોળા થાય. કીર્તનીયા તિબારીમાં ચંદરવો લાલ દુમાસનો અથવા લાલ છીંટનો બંધાય. લાલ ફૂલેવર સાટીનની દિવાલગીર બંધાય. દિવાલગીર ઉપર હિંડોળાની પાછળ એક પિછવાઈ કેસરી સાટીનની રૂપેરી તારાના કામની બંધાય. હીંડોળાની ઝાલર પંચરંગી જરીની બંધાય.

હિંડોળાની તૈયારી થઈ ગયા બાદ કીર્તનીયા તિબારી ખાસા કરીને મંદિરવસ્ત્ર કરવું. (ડબરા ભોગ સર્યે) શ્રી...હિંડોળામાં બિરાજે.

આજે મનોરથથી હિંડોળામાં ભોગ આવે. માટે શ્રી...ના હિંડોળાના ઝૂલાના બરાબરની ચોકી બે માંડવી. અનસખડી ભોગ ધરવા માટે એક ચોકી શ્રી...ની સન્મુખ માંડવી તથા તેની જમણી બાજુ એક ચોકી દૂધઘર ભોગ ધરવા માટે માંડી તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

હીંડોળાભોગની સામગ્રી નીચે દર્શાવ્યા મુજબ આવે :

દૂધઘર સામગ્રી : એક થાળમાં કેસરી બરફી, સફેદ પેંડા, અધોટાનો મલડો, કરમદાનું બિલસારૂ, ગુલાબકતલી, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા ચાર જાતના, ઋતુ અનુસાર બધી જાતનો લીલો મેવો સાથે બુરાની કટોરી એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : તેમાં જલેબી, મનોહરના લાડુ, તવાપૂરી, ચંદ્રકલા, પાકા કેળાનું મીઠું શાક, અડદની દાળની કચોરી, વેસણના ગાંઠીયા, પાકા કેળાના ભુજેના, પકોડીની છાશ, પાકા ચીભડાનું શાક, છોંકેલી ચણાની દાળ, ઉત્સવના સંધાણા બે આલુ તથા અળવીના આવે.

આ પ્રમાણે બધી સામગ્રી પધરાવવી. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે.

સમય થયે ભોગ સરે. ભોગની ચોકીઓ ઉઠાવી મંદિરવસ્ત્ર થાય. આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સર્યાના બીડા બે શ્રી...ના હિંડોળામાં બીડાની તબકડીમાં ધરવા. દર્શન ખૂલે. હિંડોળાના ચાર કીર્તન ગવાય. પાચમું કીર્તન ગવાય ત્યારે ટકોરા થાય. શ્રી...ને વેણુ ધરાવે, આરતી મોતીની થાળીની ચાંદીની દીવડાની થાય. રાઈ, લોન, ન્યોછાવર થાય. ટેરો આવે, દર્શન બંધ થાય. ત્યારબાદ શ્રી...ને નિત્યના હિંડોળામાં પધરાવી ચાર વખત ઝૂલાવવા. જ્યારે જ્યારે નિત્યના હિંડોળા સિવાય મનોરથથી હીંડોળા ઝૂલે ત્યારે મનોરથના હિંડોળામાં ઝુલ્યા બાદ નિત્યના સુરંગ હિંડોળામાં ફરી ચાર વખત શ્રી...ને ઝૂલાવવા. ત્યારબાદ શ્રી...ને નિજતિબારીમાં સાંગામાચી ઉપર પધરાવી, શૃંગાર ચોકી માંડી, શૃંગાર વડા કરવા. શયનભોગ આવે.

શયનભોગ સામગ્રી : શયનભોગમાં તુવેરની દાળ આવે. બાકી બધું નિત્યવત્ આવે.

અષાઢ વદિ ૬-છઠ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૬)

વસ્ત્ર : શ્યામ સોનેરી કિનારીના મલ્લકાછ્છ દુહેરો, નીચેનો શ્યામ, ઉપરનો સુવાપંખી, છોડ પીળો, કટિનો લાંબો પટકા સુવાપંખી અને કંધાનો લાંબો પટકા લાલ.

સાજ : શ્યામ સોનેરી કિનારીનો બંધાય.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર ટિપારા વસ્ત્રના તેના ફના શ્યામ અને મેંડ સુવાપંખી, પેચ પીળા, તુર્રાના ત્રણે છોડ લાલ, આભરણ હીરાના, માલા બે મોતીની, તથા હીરાની, ત્રવલ એક હમેલની જેમ ધરે. ટિપારા ઉપર પડછીયાનું શીશફૂલ હીરાનું ધરે. ટિપારાના વચ્ચેના છોડ ઉપર ચંદ્રિકા સોનેરી ચમકની ધરે. વચ્ચેના છોડની નીચે અને નીચેના છોડની ઉપર ડાબી, જમણી બાજુ કતરા એક એક સોનેરી ચમકના ધરે તથા નીચેના બંને છોડ ઉપર સોનેરી ચમકની નાની કલંગી એક એક ધરે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં વચ્ચેનો એક હિંડોળો છીપનો ઉભો કરવો. (મંદિર ક્રમમાં ત્રણ હિંડોળા આવતા હોઈ વચ્ચેનો હિંડોળો છીપનો તથા બંને બાજુના હિંડોળા શ્યામ કાષ્ઠના આવે). છીપના હિંડોળાને ચાંદીના લટકણ લગાવવા. હિંડોળાની પિછવાઈ શ્યામ સૂતરાઉ રૂપેરી વૃક્ષના છાપાની બંધાય. હિંડોળાની ઝાલર શ્યામ સાટીન ઉપર સફેદ રેશમી ભરતની બંધાય.

શ્રાવણ મહિનામાં ચાર સોમવારમાંથી જે સોમવારના રોજ સુભીતા હોય, તે સોમવારને સુખીયા સોમવાર મનાવવામાં આવે છે, તે દિવસની વિગત :

શયનભોગ માં નીચે દર્શાવ્યા પ્રમાણે સામગ્રી આવે :

સખડી સામગ્રી : દૂધની બાટી તથા રાખોડીયા ચૂરમા આવે. તેમજ ચણાભાત, અડદની છડિયલ મિલમા દાળ, કેળાની મીઠી કઢી, આલુનું મરીવાળું શાક, પાકા ચીભડાનું ખાટું મીઠું શાક, દૂધીના ભુજેના તથા પાપડ આવે.

શ્રી...નો શયનભોગ સાજવાનો ક્રમ માગશર વદિ ૧૨માં દર્શાવ્યા મુજબ સમજવો.

અષાઢ વદિ ૭-સાતમ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૭)

વસ્ત્ર : ગુલાબી રૂપેરી કિનારીના, ધોતી ઉપરણા.

સાજ : સૂતરાઉ ગુલાબી રૂપેરી કિનારનો બંધાય

શૃંગાર : શ્રીમસ્તક ઉપર દુમાલો ખુંટનો, તેના ઉપર સેહરા પીરોજાના, આભરણ પીરોજાના, માલા છ પીરોજાની, તેના ઉપર હાર એક પીરોજાનો, તેના ઉપર માલા એક વિના પદકની પીરોજાની, તેના ઉપર ગુંજા ધરે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં વચ્ચેનો હિંડોળો જે છીપનો છે, તેના સ્તંભની ભાત પાછળની બાજુની આગળના ભાગમાં રાખે (બંને બાજુના બંને હીંડોળા ઉપરથી શ્યામ રૂપેરી છાપાની ખોલી ઉતરે) શ્રી...ના હિંડોળાની પાછળ એક પિછવાઈ ગુલાબી સાટીનની રૂપેરી કિનારની તારાની બંધાય. ઝાલર ગુલાબી સાટીનની સોનેરી કિનારની બંધાય.

અષાઢ વદિ ૮-આઠમ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૮)

આજે જન્માષ્ટમીના મહોત્સવની વધાઈ બેસે. મંગલાના દર્શનના સમયથી વધાઈનો પ્રારંભ કરવો.

વસ્ત્ર : કેસરી અથવા કસુંબલ, પિછોરા

સાજ : સૂતરાઉ કેસરી દોરીયાનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે જો કેસરી વસ્ત્ર ધરે તો આભરણ માણેકના ધરે, જો કસુંબલ વસ્ત્ર ધરે તો આભરણ હીરાના ધરે. માલા છ, તેના ઉપર હાર એક, તેના ઉપર માલા એક વિના પદકની, તેના ઉપર ગુંજા ધરે. શ્રીમસ્તક ઉપર પાંચ ચંદ્રિકાનો જોડ ધરે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં ગુલાબના ફૂલના હીંડોળા થાય. ઝાલર કેસરી સાટીન ઉપર કિનારીના ધોરાની તથા હિંડોળાની પિછવાઈ સૂતરાઉ રૂપેરી કિનારીના ધોરાની બંધાય.

અષાઢ વદિ ૯-નોમ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૯)

વસ્ત્ર : હબ્બાસી સોનેરી કિનારીના, પિછોરા

સાજ : સૂતરાઉ હબ્બાસી રંગનો કિનારીવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે પગા, આભરણ સોનાના, છીલેમા (રેશમ જેવી સુવાળી લીસી માલા) માલા છ સોનાની, તેના ઉપર હાર એક સોનાનો, તેના ઉપર માલા એક વિના પદકની સોનાની, તેના ઉપર બીજો એક હાર સોનાનો, તેના ઉપર માલા એક વિના પદકની સોનાની, તેના ઉપર ગુંજા ધરે. કુલ્હે પગા ઉપર એક સોનેરી ચમકની ચંદ્રિકા તથા ડાબા, જમણા કતરા એક એક સોનેરી ચમકના ધરે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં પંચરંગી સાટીનના હિંડોળા લહેરીયાની કિનારી લગાવેલા થાય. ઝાલર પંચરંગી સાટીનની રૂપેરી કિનારની બંધાય. પિછવાઈ પંચરંગી સાટીનની લહેરીયાની રૂપેરી કિનારની બંધાય.

અષાઢ વદિ ૧૦-દશમ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : સુવાપંખી (પોપટીયા) રૂપેરી કિનારના, પિછોરા

સાજ : સૂતરાઉ સુવાપંખી રંગનો રૂપેરી કિનારીનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ ખિડકીની સુવાપંખી પાગ. આભરણ મૂંગાના, માલા છ મૂંગાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, પાગ ઉપર રૂપેરી ચમકના કતરા ધરે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં રંગરંગના મખમલના બનાવેલા ફૂલના હિંડોળા થાય. હિંડોળાની ઝાલર લીલી સાટીનની સોનેરી કિનારની બંધાય. પિછવાઈ લીલી સાટીનની સોનેરી કિનારની બંધાય.

અષાઢ વદિ ૧૧-એકાદશી (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૧૧)

વસ્ત્ર : લીલા સફેદ લહેરીયાના, કાછની દુરંગી, નીચેની લીલા સફેદ લહેરીયાની તેમજ ઉપરની લાલ સફેદ લહેરીયાની.

સાજ : હિંડોળાના ચિત્રનો અથવા બગીચાના ચિત્રનો અથવા મોરની ભાતનો અથવા મોરકુટીનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ માણેકનો, આભરણ માણેકના, માલા છ માણેકની, તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર બીજો હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર મોતીનું પવિત્રું, તેના ઉપર ગુંજા ધરે.

હિંડોળા : આજે ચોકમાં પંચરંગી ફૂલના હિંડોળા થાય. રોસપટ્ટીના બગીચા રોસપટ્ટીના બગીચાના નકશા મુજબ થાય. હિંડોળાની ઝાલર કિનખાબની બંધાય. પિછવાઈ બગીચાના ચિત્રની બંધાય. આજે મનોરથની હિંડોળાની સામગ્રી એક થાળીમાં સજાઈને આવે. આ થાળી શ્રી...ના હિંડોળાની જમણી તરફ એક પડઘા ઉપર પાતળ ઢાંકી તથા ચોરસો ઢાંકીને આવે. હિંડોળા ઝુલ્યા બાદ આ સામગ્રીની થાળી શયનભોગમાં આવે.

અષાઢ વદિ ૧૨-બારસ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : સોસની રૂપેરી કિનારીના, ગોળ કાછની

સાજ : સૂતરાઉ સોસની રૂપેરી કિનારીનો બંધાય

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારો વસ્ત્રનો, આભરણ પીળા પોખરાજના, માલા છ પીળા પોખરાજની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા સોનેરી ચમકની ધરે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં શ્યામ વસ્ત્ર ઉપર કિનારીના લહેરીયાના હિંડોળા થાય. હિંડોળાની ઝાલર સોસની સાટીનની રૂપેરી રૂપેરી કિનારીની બંધાય. પિછવાઈ સોસની સાટીનની રૂપેરી કિનારીની બંધાય.

અષાઢ વદિ ૧૩-તેરસ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૧૩)

વસ્ત્ર : પીળા ધનકના રૂપેરી કિનારીના, પિછોરા

સાજ : સૂતરાઉ લાલ રંગનો રૂપેરી કિનારીનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કિરીટ પન્નાની, આભરણ પન્નાના, બાજુ, પોંચી, કટિપેચ, નૂપુર, જેહર પન્નાના ધરે. માલા છ આ પ્રમાણે ધરવીઃ પહેલી માલા પન્નાની, બીજી માલા માણેકની, ત્રીજી માલા મોતીની, ચોથી માલા નીલમની, પાચમી માલા મૂંગાની, છઠી માલા પીરોજાની, તેના ઉપર હાર એક લસનીયાનો અથવા પન્નાનો, તેના ઉપર માલા એક વિના પદકની સોનાની અથવા પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. ઉપરણો અંતરવાસનો ધરે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં શ્યામ મલમલ અથવા શ્યામ સાટીન ઉપર કારચોબી કામનો હિંડોળો થાય. હિંડોળાની ઝાલર શ્યામ સાટીન ઉપર રૂપેરી કારચોબીના કામની બંધાય. પિછવાઈ ગુલેનાર સાટીન ઉપર સોનેરી કિનારીના ધોરાની બંધાય.

અષાઢ વદિ ૧૪-ચૌદશ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : પીરોજી સોનેરી કિનારીના, સુથન પટકા

સાજ : પીળા ધનકનો અને તે ન હોય તો પીળા લીંબવાઈ દોરીયાનો રૂપેરી લેસવાળો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા આડો, ત્રાંસો, સોનેરી કિનારીનો, આભરણ નીલમના, માલા ચાર નીલમની, તેના ઉપર ગુંજા ધરે. ફેંટા ઉપર કતરા લાલ ડાકના જમાવના ધરે. લોલક બંદી ધરે.

હિંડોળા : આજે ફૂલની કલીની જાળીના હિંડોળા થાય. હિંડોળાની ઝાલર પીરોજી સાટીનની સોનેરી કિનારની બંધાય.

અષાઢ વદિ ૦))-અમાસ (વ્રજ : શ્રાવણ કૃષ્ણ ૦)))

હરિયાળી અમાસ

વસ્ત્ર : શ્યામ સોનેરી કિનારીના ધોરાના, કાછની શ્યામ સોનેરી કિનારના ધોરાની

સાજ : શ્યામ સાટીન ઉપર સોનેરી કિનારીનો ધોરાનો બંધાય

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ હીરાનો, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર બીજો હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર મોતીનું પવિત્રું, તેના ઉપર ગુંજા ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મગનો મોહનથાળ આવે. સખડીમાં નિત્યની દાળ તુવેરની દાળ, રાઈભાત તથા પાપડ આવે.

રાજભોગના દર્શન સમયે વેત્ર બે ધરે, તેમાં એક હીરાનો અને એક પડાનો જડાઉ ધરે.

હિંડોળા : આજે કીર્તનીયા તિબારીમાં કાચના હિંડોળા થાય. હિંડોળાની ઝાલર પંચરંગી જરીની બંધાય. પિછવાઈ સફેદ જરી તાસની, સોનેરી જરી તાસના હાંસીઆની બંધાય.

સાંજે નિત્યવત્ કાચના હિંડોળામાં ઝૂલે. હિંડોળા ઝુલ્યા બાદ શ્રી...ના શૃંગાર વડા થાય નહી. શયનભોગ આવે. શયન ભોગમાં છડીદાળ આવે.

આજે શયનમાં હિંડોળા ઝૂલે :

આજે શયનમાં રોશનીમાં કાચના હિંડોળામાં ઝૂલે. શયનભોગ આવ્યે કાચના હિંડોળામાં,બીડા તબકડી સહિત, જે રીતે ચંદનની બરણી અને ગુલાબદાની શયનના દર્શનમાં સાંગામાચી ઉપર રહે છે. તે રીતે હિંડોળામાં રાખે. રોશની તૈયાર કરી રાખી હોય તે પ્રગટાવવી.

સમય થયે શયનભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...હિંડોળામાં બિરાજે, માલા ધરે. આજે શૃંગાર સહિત શયનમાં હિંડોળામાં ઝૂલે. તેથી માલાની જોડ ધરાય નહી. શયનની માલાની જોડમાં માલા બે મોટી અધકીની આવે. શ્રી...ની ઝારી ભરીને ભોગ આવવાના હિસાબથી હિંડોળામાં પધરાવવી.

અષાઢ વદિ ૫-પાચમ માં દર્શાવ્યા પ્રમાણે દૂધઘર તથા અનસખડી ભોગ ધરવા માટે ચોકીઓ માંડી તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

હિંડોળાભોગની સામગ્રી નીચે દર્શાવ્યા મુજબ આવે :

દૂધઘર સામગ્રી : સફેદ ગુંજીયા, અધોટાનો મલડો, અનાનસનું બિલસારૂ, ગુલાબકતલી, તળેલા મેવા બે જાતના, સૂકા મેવા ચાર જાતના, ઋતુ અનુસાર લીલો મેવો, તેની સાથે બૂરાની કટોરી એક તથા લુણ,મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : તેમાં દહીંના સેવનાલાડુ, મગનો મોહનથાળ ખરંજના ગુંજા, ઉપરેઠા, મીઠું શાક, મેંદા પૂરી, ભીંડાના ગુંજીયા, વેસણની ચોળાફળી, ભુજેના, છોંકેલી મગની અંકુરી, આલુનું સુકું શાક, ઉત્સવના સંધાણા બે આલુ તથા સુરણના, નિત્યના સંધાણા આવે.

ઉપર દર્શાવ્યા મુજબ દૂધઘર તથા અનસખડી ભોગ આવે. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય, ભોગ આવે.

સમય થયે ભોગ સરે. ભોગની ચોકીઓ ઉઠાવીને મંદિરવસ્ત્ર કરી, આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સર્યાના બીડા બે હિંડોળા ઉપર બીડાની તબકડીમાં શયનનાં બીડાની સાથે ધરવા. દર્શન ખૂલે. હિંડોળાના ચાર કીર્તન ગવાય. જો અવેર થઈ ગઈ હોય તો બે કીર્તન ગવાય. તેમાં છેલ્લા કીર્તનમાં શ્રી...ને વેણુ ધરાવવી. આરતી મોતીની થાળીની ચાંદીના દિવડાની થાય. રાઈ, લોન, ન્યોછાવર થાય. (નિત્યની શયન આરતી જુદી થાય નહી.) વેણુ વડા કરી ટેરો આવે, દર્શન બંધ થાય.

હિંડોળા ઉપરથી શ્રી...ની ગુલાબદાની, ચંદનની બરણી તથા બીડાની તબકડી વગેરે ઉઠાવીને નિજતિબારીમાં શ્રી...ની સાંગામાચી ઉપર યથાસ્થાન પધરાવવા. શ્રી...ની ઝારી ભરવા માટે યથાસ્થાન રાખવી. શૃંગાર ચોકી માંડી, શ્રી...ને શૃંગાર ચોકી ઉપર પધરાવીને શૃંગાર વડા કરવા. શ્રીમસ્તક ઉપર શ્યામ ગોળ પાગ ઉપર પડછીયાનો હીરાનો શીશફૂલ ધરાવવો. તે અનોસર દરમ્યાન રહે. શ્રી...ને સાંગામાચી ઉપર પધરાવી, નિત્યની ફૂલની જોડ ધરાવવી. અનોસરની ઝારી ભરી, શય્યામંદિરમાં યથાસ્થાન પધરાવવી. શય્યા ઉપરથી ચોરસો ઉઠાવી, શય્યાની ચાદર ખોલી, અત્તર સમર્પવું. પછી તિબારીમાં જઈ, જોડ વડી કરી, નિત્યવત્ અનોસર કરવા.

શ્રાવણ સુદિ ૧-એકમ (વ્રજ : શ્રાવણ શુક્લ ૧)

વસ્ત્ર : લીલા અંગુઠા જેવડી પહોળી સોનેરી કિનારીના, ગોળ કાછની એક રંગી લ્રીલી

સાજ : લીલી સાટીનનો સોનેરી કિનારીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા પન્નાના, માલા છ પન્નાની, તેના ઉપર હાર એક પન્નાનો, તેના ઉપર માલા એક વિના પદકની પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા પન્નાના ધરે.

હિંડોળા : **આજે કીર્તનીયા તિબારીમાં હરી ઘટાના બોરસલી ના પત્તાના હિંડોળા થાય.** તેથી આખી તિબારીમાં ચંદરવો, દિવાલગીર હરી સાટીન અથવા હરી સૂતરાઉ બંધાય. હિંડોળાની ઝાલર હરી સાટીનની સોનેરી કિનારીની બંધાય. હિંડોળાના મેરાપ લીલા મોતીના ભરેલા બંધાય. હિંડોળા તૈયાર થઈ ગયા બાદ હિંડોળા ઉપર બાંધેલા પત્તા ઉપર ફૂલેલનો હાથ લગાવવો. મંદિર વસ્ત્ર કરી, આખી તિબારીમાં લીલું ઘાસ એવી રીતે બિછાવવું કે તે તિબારીની દેહરીની બહાર નીકળે નહી. શ્રી...હિંડોળામાં પધારે. આજે હિંડોળાભોગની સામગ્રી નીચે દર્શાવ્યા મુજબ આવે.

હિંડોળા ભોગની દૂધઘર સામગ્રી : આજે દૂધઘરમાંથી બે ચાંદીની તબકડી આવે. એક તબકડીમાં પિસ્તાની બરફી નંગ ચાર તેમજ બીજી તબકડીમાં તળેલા પિસ્તા આવે. આ સામગ્રી શ્રી...ના હિંડોળાની જમણી બાજુ પડઘા ઉપર પધરાવવી. તબકડી ઉપર લીલા સાટીનનો નાનો ચોરસો ઢાંકવો. નિત્યવત્ હિંડોળા ઝૂલે. બાકીનો સેવા પ્રકાર નિત્ય મુજબ સમજવો.

શ્રાવણ સુદિ ૨ -બીજ (વ્રજ : શ્રાવણ શુક્લ ૨)

વસ્ત્ર : લાલ સફેદ લહેરીયાના, સુથન પટકા

સાજ : લાલ સફેદ લહેરીયાનો બંધાય

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા, પટકા કટિને બાંધીને ધરાવે. તેનો એક છોડ ડાબી તરફ જરા દેખાય તે રીતે રાખવો. જમણી તરફનો છોડ નીચે લટકતો ફરહરાતો રાખે. આભરણ નીલમના, માલા છ નીલમની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, ફેંટા ઉપર કતરા સાદા ધરે.

આજે હિંડોળા દર સાલ ઈચ્છા અનુસાર નવા નવા ફરતા ફરતા થાય.

શ્રાવણ સુદિ ૩-ત્રીજ (વ્રજ : શ્રાવણ શુક્લ ૩)

ઠકુરાની ત્રીજ

વસ્ત્ર : લાલ ચોફૂલી ચુંદડીના અંગુઠા જેવડી પહોળી કિનારીના

સાજ : લાલ સાટીન ઉપર ચોફૂલી ચુંદડીનો રૂપેરી લેસવાળો બંધાય

નિજતિબારીનો ચંદરવો પણ લાલસાટીન ઉપર ચોફૂલી ચુંદડીનો બંધાય. નિજતિબારીના ટેરા તથા પંખાની ખોલી રેશમી ચુંદડીના ચડે. ઝારી, બંટા, ગેંદ, ચોગાન, સોગઠાં, પાસા જડાઉ, ચોપડનો પટ લાલ મખમલ ઉપર કલાબતુના ભારે કામનો ગાદી તકિયાના પટ્ટા પટ્ટી લાલ મખમલ ઉપર કલાબતુના ભારે કામના આવે.

શ્રી...જાગે, મંગલભોગ આવે. **આજે શ્રી...ને અભ્યંગ થાય.**

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ હીરાના, બાજુ, પોંચી, કટિપેચ, જેહર, નૂપુર બધું હીરાનું ઈકહરા ધરે. શ્રીકંઠનો તથા શ્રીમસ્તકનો બધો શૃંગાર રૂપ ચૌદશ મુજબ થાય. ત્રણ કલંગીનો સીરપેચ ધરે. ચંદ્રિકા મોટી સાદી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં શ્રી નવનીતપ્રિયાજીને ત્યાં ચારોળીના લાડુ આવે છે, પરંતુ આપણે ત્યાં અધકીમાં બુંદીના લાડુ આવે છે. અને ચારોળીના લાડુ દૂધઘરમાં આવે છે. તેની સાથે પાકા કેળાનું મીઠું શાક આવે. સખડીમાં પાટિયાની સેવ, છડીદાળ, પકોડીની કઢી, પાપડ, તિલવડી, ઢેબરી આવે. દૂધઘરમાંથી ચારોલીના લાડુ, અને અધોટાનો મલડો આવે. (જો વહુજી, બેટીજી બિરાજતાં હોય તો અધકીની સામગ્રી ગોળના પૂવાની આવે)

રાજભોગ સમયે વેત્ર બે ધરે, એક હીરાનું તથા એક માણેકનું ધરે. આજે રાજભોગ આરતી થાળીની ચુંદડીની ચિત્રની બનાવેલી થાય. નિત્યવત્ અનોસર થાય.

હિંડોળા : અનોસર થયા બાદ નિજતિબારીની આગળ બે હાથ દુર ચોકમાં કાચનો હિંડોળો બંધાય. પિછવાઈ સોનેરી જરીની બંધાય. હિંડોળાની ઝાલર લાલ ચુંદડીની રૂપેરી કિનારીની બંધાય. ચોકમાં ગહેરી રોશની થાય તેની તૈયારી કરવી.

સાંજે ઉત્થાપન થાય, ઉત્થાપન ભોગ આવે. ભોગ આવ્યે શય્યાની સેવા કરવી. પછી રાત્રિના અનોસરની પારી શય્યા મંદિરમાં થાય છે જે મંદિર ક્રમ હોવાથી અત્રે દર્શાવેલ નથી. તૈયારીની સાંગામાચીની જમણી તરફ મજ મૂંઢાજીની ડાબી તરફ દૂધઘરનો ભોગ સાજવા એક મોટી ચોકી બિછાવી, તેના ઉપર લીલી પાતળ બિછાવવી. ચોકી ઉપર નીચે જણાવ્યા મુજબ દૂધઘર ભોગ આવે.

ત્રિના અનોસરની દૂધઘર ભોગ સામગ્રી :

તેમાં કેસરી બરફી, સફેદ પેંડા, કેસરી ગુંજીયા, સફેદ મેવાટી, મલાઈ, માખણ, મિશ્રી, દૂધપૂરી, કેસરી ાસુંદી, અધોટાનો મલડો, મીઠું દહીં, વઘારેલું દહીં આવે. ખાંડઘરની સામગ્રીમાં ગુલાબ કતલી, રસખોરા, ડબુજાના બીની કતલી, ચારોલીની કતલી, એલચી દાણા, પગે મેવા બે જાતના, તળેલા મેવા ચાર જાતના, સૂકા વા ૭ જાતના, તેમજ ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા આવે. તેની સાથે બૂરાની કટોરી એક તથા લુણ, રીની નાની કટોરી એક એક આવે.

બીડા નંગ આઠ તેમજ નિત્યના બીડા નંગ ચાર મળીને કુલ બીડા નંગ બાર મોટા થાળમાં પરિક્રમા ઘાટ જાઈને આવે. તેમાં વચ્ચે તેજાનાની કટોરીઓ તથા તેની વચ્ચે બરાસની કટોરી એક આવે. આ થાળ તૈયારીની ટી સાંગામાચીની જમણી તરફ આગળના ખૂણાની પાસે પડઘો માંડી તેના ઉપર પધરાવવો.

આ પ્રમાણે રાત્રિના અનોસરની તૈયારી કરવી .

સમય થયે ઉત્થાપન ભોગ સરે. (મંદિરક્રમમાં ભોગના દર્શન ખૂલે, સંધ્યા આરતી થાય, દર્શન બંધ થાય, ાલ અરોગે, ડબરા સરે.) ત્યારબાદ શ્રી...ચોકમાં કાચના હિંડોળામાં બિરાજે. નિત્યવત્ હિંડોળાના દર્શન ખૂલે. મય થયે દર્શન બંધ થાય. હિંડોળામાંથી શ્રી...નિજતિબારીમાં પધારે. શૃંગાર ચોકી માંડી અને શૃંગાર વડા થાય. ....ને નિત્ય પ્રમાણે આભરણો રહે. આજે બધા સ્વરૂપોને નીચે દર્શાવ્યા પ્રમાણે વિશેષમાં આભરણો રહે છે.

મદનમોહનલાલજીને નીચે મુજબ આભરણ રહે :

પાગ ઉપર કલંગી સહિત હીરાનો નાનો સિરપેચ ધરાવવો. તેના ઉપર રૂપેરી બાદલાનો લુમતુર્રા ધરે. બંને હસ્તમાં હીરાની ગોળ પોંચી ધરે. શ્રીકંઠમાં માલા બે મોતીના જોડની પહેલી તથા બીજી ધરે. કંઠાભરણ, છીયાની હીરાની નાની પદક, તથા હીરાની ત્રવલ હમેલની જેમ ધરે.

મદનમોહનલાલજીના શ્રી સ્વામિનીજીને નીચે મુજબ આભરણ રહે :

સાડી મોટી કિનારની રહે. બાજુ પોંચી, કટિપેચ, નૂપુર, જેહર આ બધું યથાવત્ રહે. શ્રીમસ્તકના શૃંગારમાં કો, કલંગી તથા પીપર પત્તા વડા થાય. બાકીનો શ્રીમસ્તકનો શૃંગાર યથાવત્ રહે. શ્રીકંઠમાં મોતીની જોડની ચાર લા રહે. તેના ઉપર હીરાનો પડછીયા વાળો નાનો પદક ધરે. મોતીના મોટા તિમનીયાની નીચે મોતીની તિલડી .. તેની નીચે હીરાની નાની ત્રવલ ધરે.

શ્રી નટવરલાલજી તથા શ્રી શ્યામસ્વરૂપના શૃંગાર, શ્રી મદનમોહનલાલજી યુગલ સ્વરૂપના શૃંગાર બ જ રહે.

શ્રી બાલકૃષ્ણલાલજીને નીચે મુજબ આભરણ રહે :

નૂપુર બે હીરાના, શ્રીહસ્તમાં ગોળ પોંચી બે હીરાની, તેની આગળ મોતીની લડ, શ્રીમસ્તક ઉપર પાગની લડ, કલંગીનો નાનો સિરપેચ તેના ઉપર રૂપેરી બાદલાના લુમતુર્રા ધરે. શ્રીકંઠમાં માલા બે મોતીની તથા ત્રવલ એક હીરાની હમેલની જેમ ધરે. શ્રીહસ્તમાં હસ્તફૂલ હીરાના ધરે. ગાદી ઉપર લીલા લાલ કઠલા તથા હીરાની દુગદુગીની મોતીની માલા ધરાવવી. કઠલા ન હોય તો લીલો લાલ હાર એક એક ધરાવવો.

શયનભોગ આવે. આજે શયનમાં રોશનીમાં હિંડોળામાં ઝૂલે. તેથી કાચના હિંડોળામાં બીડાની તબકડી સહિત બીડા, ચંદનની બરણી તથા ગુલાબદાની રાખવી. ચોકમાં રોશની થાય, હાંડી, ઝુમ્મર વગેરેની ઘેરી રોશની આજે થાય.

સમય થયે, શયનભોગ સરે.આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...રોશનીમાં હિંડોળામાં પધારે. શ્રી...ને માલાનો જોડ ધરાય, દર્શન ખૂલે, શ્રી...બીડા અરોગે. હિંડોળાના ચાર કીર્તન ગવાય. અવેર થઈ ગઈ હોય તો બે કીર્તન ગવાય. નિત્યવત્ વેણુ ધરાવી નિત્યની શયન આરતી થાય. રાઈ, લોન, ન્યોછાવર થાય. ટેરો આવે, દર્શન બંધ થાય.

શ્રી...નિજતિબારીમાં સાંગામાચી ઉપર પધારે. તે પહેલા શ્રી...ને શય્યામંદિરમાં મચકીના હિંડોળામાં પધરાવી, ચાર વખત ઝૂલાવવા. ત્યારબાદ સાંગામાચી ઉપર પધરાવવા. ત્યારબાદ શૃંગાર ચોકી ઉપર પધરાવીને શૃંગાર વડા કરવા.

શ્રી મદનમોહનલાલજીને કંઠાભરણ, શ્રીકંઠની માલા, પદક, હમેલ, હસ્તફૂલ, ગોળ પોંચી, સિરપેચ, લુમતુર્રા, આ બધું વડુ થાય. નિત્યના આભરણ નિત્યવત્ રહે. વિશેષમાં પાગ ઉપર હીરાનો પડછીયાનો શીશફૂલ રહે. જે આજે અનોસરમાં પણ રહે.

શ્રી બાલકૃષ્ણલાલજીનો બઢતીનો શૃંગાર વડો થાય. નિત્યના આભરણ રહે છે તે રાખવા.

શ્રી મદનમોહનલાલજીના શ્રી સ્વામિનીજીનો શૃંગાર યથાવત્ રહે. આજ પ્રમાણે **શ્રી શ્યામસ્વરૂપના શ્રી સ્વામિનીજી**નો શૃંગાર યથાવત્ રહે.

શ્રી નટવરલાલજી તથા શ્રી શ્યામસ્વરૂપનો બઢતીનો શૃંગાર વડો થાય. નિત્યના આભરણ રહે.

નિત્યવત્ અનોસર થાય.

શ્રાવણ સુદિ ૪-ચોથ (વ્રજ : શ્રાવણ શુક્લ ૪)

વસ્ત્ર : પીળી ચુંદડીના, પિછોરા

સાજ : પીળી સાટીન ઉપર લાલ એક દાણાની ચુંદડીનો રૂપેરી કિનારનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગ્વાલપગા, આભરણ પન્નાના, માલા છ પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. ચંદ્રિકા રૂપેરી ચમકની ધરે. લોલક બંદી ધરે.

હિંડોળા : આજે કાચના હિંડોળા આવે. હિંડોળાની ઝાલર પીળી ચુંદડીની રૂપેરી કિનારીની બંધાય. હિંડોળાની પાછળ દિવાલગીર બાંધી હોય તે રહે. તેના ઉપર પિછવાઈ એક પીળી સાટીનની બંધાય.

પવિત્રા એકાદશી માટે પવિત્રા સિધ્ધ કરવા માટે સૂતર મંગાવવું.

આજે હાથનું કાંતેલું કાચું સૂતર પવિત્રા સિધ્ધ કરવા માટે મંગાવવું. આ સૂતરની ઢેરીઓ મંગાવવી. ત્રણસો સાઈઠ તારના પવિત્રા સિધ્ધ કરવા. પવિત્રાની લંબાઈ આપણે ત્યાં બિરાજતાં સ્વરૂપ મુજબ રાખવી. કેસરને પીસીને તેમાં જલ કરીને તેનાથી પવિત્રા કેસરી રંગીને સૂકવવા.

શ્રાવણ સુદિ ૫-પાચમ **(વ્રજ : શ્રાવણ શુક્લ ૫)**

નાગપંચમી

સંવત ૧૯૧૫ની સાલમાં શ્રીનટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજી જયપુર થી શ્રીગોકુલ પધાર્યા તે પાટોત્સવ

વસ્ત્ર : કેસરી અંગુઠા જેવડી પહોળી કિનારીના. શ્રી મદનમોહનલાલજી પિછોરા ધરે.

સાજ : પીળા કિનખાબનો બંધાય.

ઝારી, બંટા, ગેંદ, ચોગાન, સોગઠાં, પાસા જડાઉ, ચોપડનોપટ લાલ મખમલ ઉપર કલાબતુના ભારે કામનો. સુજની, પલંગ પોસ ઉત્સવના, કસના સોનાના, આરસી ચાંદીની મોટી આવે. આજે આખો દિવસ થાળીની આરતી થાય.

મંગલભોગ સામગ્રી : આજે મંગલભોગમાં શ્રી...ને સેવના લાડુની સામગ્રી આવે.

આજે શ્રી બાલકૃષ્ણલાલજી તેમજ શ્રી નટવરલાલજીને અભ્યંગ તેમજ કમલપત્ર થાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે ધરે. શ્રી મદનમોહનલાલજી માણેકની જોડ ધરે. માલા છ માણેકની, તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર ગુંજા ધરે. ચંદ્રિકાની જોડ સાદી ધરે.

શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી નો શૃંગાર જન્માષ્ટમીની દશમી મુજબ થાય. શ્રીમસ્તક ઉપર પાંચ ચંદ્રિકાનો જોડ સાદો ધરે, ગાદી ઉપર સોનાની ચોસની તથા મોતીના કમલ ધરે.

પલના સામગ્રી : નિત્યથી અધકીમાં બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી અને નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી :

અનસખડી સામગ્રી : ઉત્સવની અધકીની સામગ્રીમાં જલેબી, સફેદ ફેણી, મનોહરનાં લાડુ, સેવના લાડુ, શિખરન વડી, ખીર (પાટિયાની સેવની) મેંદાપૂરી, મીઠું શાક, અડદની દાળની કચોરી, ઝારાની ઝીણી સેવ, ફડફડીયા બે

જાતના, ચણાની દાળ તથા આખા ચણાના, કચરિયા એક, તિલવડી, ઢેબરી, છાશવડાં, ભુજેના પાકા કેળાના, સૂકા ભુજેના આલુના, નિત્યથી અધકીના શાક બે તથા બુંદીનું રાયતુ આવે.

(જો વહુજી, બેટીજી બિરાજતાં હોયતો થુલીની સામગ્રી આવે.)

સખડી સામગ્રી : પાટિયાની સેવ, પાંચ ભાત તેમાં મેવાભાત, શિખરન ભાત, દહીંભાત, ખાટો ભાત, તેમજ વડી ભાત, છડી દાળ, તિનકૂડો, નિત્યથી અધકીના શાક બે તેમાં એક અડદની વડીનો ઝોલ અને બીજુ ભરમાં ભીંડાનું, ભુજેના ચાર જાતના, કઠોળમાં ચોળા, કચરિયાં ચાર જાતની, પાપડ, તિલવડી, ઢેબરી તથા મિરચફલ આવે.

નાગપંચમીની સામગ્રી ચોરીઠાના ફણાની આવે તેની સાથે ઘી તથા બુરાની કટોરી આવે. (ચોખા-મેંદાના લોટના ફણા વાળીને, તેને બાફીને, ખાંડની ચાસણીમાં પધરાવીને સિધ્ધ કરેલી સામગ્રીને ચોરીઠાના ફણા કહે છે)

ઉત્સવની દૂધઘર સામગ્રી :

ઉત્સવની દૂધઘર ભોગની ચોકી માંડી, તેના ઉપર લીલી પાતળ બિછાવી, તેના ઉપર દૂધઘર નો ભોગ ધરવો.

તેમાં કેસરી બરફી, સફેદ પેંડા, કેસરી ગુંજીયા, સફેદ મેવાટી, ખોવાની ખોલી, મલાઈ, માખણ, મિશ્રી, દૂધપૂરી નંગ ચાર, કેસરી બાસુંદી, અધોટાનો મલડો, મીઠું દહીં તેમજ ખાટુ દહી આવે. ખાંડઘરની સામગ્રીમાં બદામની બરફી, રસખોરા, ચારોલીની કતલી, ગુલાબ કતલી, અનાનસનું બિલસારૂ, સાબોની, ગજક, રેવડી, તિનગીની, પોના પટ્ટી, સઠેલી, પગેમેવા બે જાતના, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા છ જાતના, ઋતુ અનુસાર બધી જાતનો લીલો મેવો, તેની સાથે બૂરાની કટોરી એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

રાજભોગ આવ્યે તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. (શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી ને આજે તિલક થાય તેથી તિલકની તૈયારી કરવી)

સમય થયે રાજભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...નિજમંદિરમાં સિંહાસન ઉપર પધારે, બીડા અરોગે, માલા ધરે. ખંડ, પાટ, ચોકી લગાડી, ગેંદ, ચોગાન ઠાડાં કરવા, દર્શન ખુલે સિંહાસન તથા અનોસરના ઝારી, કુંજા તથા કરવડી ભરીને યથાસ્થાન પધરાવવા. વેણુ, વેત્ર ધરાવી, આરસી બતાવવી. આરતી ચૂનના દિવડાની થાળીની પ્રગટે. (શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી ને તિલક, અક્ષત થાય, બીડા ધરાય, શ્રીફળ ભેટ થાય). શ્રી...ની આરતી કરવી. રાઈ, લોન, ન્યોછાવર થાય. હાથ ખાસા કરી, આરસી બતાવી, વેણુ, વેત્ર વડા કરવા. શ્રી...ની માલા વડી કરવી. (શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી ની માલા વડી ન થાય. વર્ષફલ વંચાય.)

ઉત્થાપન સામગ્રી : બદામ મિશ્રીની ડેલી, ઉત્સવના મેવાની ખિચડી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

હિંડોળા : આજે ચોકમાં ફૂલના હિંડોળા થાય. હિંડોળાની ઝાલર લાલ સાટીન ઉપર કારચોબી કામની બંધાય. હિંડોળાની પાછળ જન્માષ્ટમીવાળી દિવાલગીર બંધાય. પિછવાઈ લાલ કિનખાબની બંધાય.

નિત્યવત્ હિંડોળા ઝૂલે , હિંડોળા ઝુલ્યા બાદ શ્રી...ના શૃંગાર વડા થાય. (શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજીની કુલ્હે ઉપર પડછીયાનો હીરાનો શીશફૂલ ધરાય જે રાત્રીના અનોસરમાં પણ રહે) શયનભોગ આવે.

શયનભોગ સામગ્રી : છડીદાળ, કઢીને બદલે વડાંની છાશ, રતાળુનું મરીવાળું શાક અને પાપડ આવે.

સમય થયે શયનભોગ સરે, શયન આરતી થાય. નિત્યવત્ અનોસર થાય.

શ્રાવણ સુદિ ૬-છઠ (વ્રજ : શ્રાવણ શુક્લ ૬)

નીચે દર્શાવેલ શૃંગાર પાચમનો છે પરંતુ આપણે ત્યાં શ્રીનટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજી નો પાટોત્સવ પાચમનો હોવાથી તે શૃંગાર આજે થાય છે.

વસ્ત્ર : કોયલી, પિછોરા

સાજ : શ્યામ ધનકનો, લાલ ધનકના હાંસીઆવાળો રૂપેરી કિનારનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સોનેરી ખીડકીની છજ્જેદાર પાગ, આભરણ સુનેહરા (પીળા પોખરાજ)ના, માલા છ પીળા પોખરાજની, તેના ઉપર હાર એક પીળા પોખરાજનો, તેના ઉપર માલા એક વિના પદકની પીળા પોખરાજની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ ચાર, ચંદ્રિકા સાદા ધરે.

હિંડોળા : આજે ચોકમાં ડાકના નવી જાતના હિંડોળા થાય. ઝાલર શ્યામ ચુંદડીની તથા પિછવાઈ શ્યામ સાટીન ઉપર સોનેરી કિનારીની ધોરાની બંધાય.

શ્રાવણ સુદિ ૭-સાતમ (વ્રજ : શ્રાવણ શુક્લ ૭)

વસ્ત્ર : ધનુષના લહેરીયાના, પિછોરા

સાજ : શ્યામ સાટીન ઉપર સફેદ એક દાણાની ચુંદડીનો અથવા શ્યામ સફેદ લહેરીયાનો, લાલ સફેદ લહેરીયાના હાંસીઆવાળો રૂપેરી કિનારીનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કિરીટ હીરાનો, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઊપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર બીજો હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે.

હિંડોળા : આજે પોત (ચીડીયા)ના ભરતની ખોલીના હિંડોળા થાય. ઝાલર પંચરંગી લહેરીયાની રૂપેરી કિનારીની બંધાય. પિછવાઈ મેઘધનુષ લહેરીયાની બંધાય.

શ્રાવણ સુદિ ૮-આઠમ (વ્રજ : શ્રાવણ શુક્લ ૮)

વસ્ત્ર : શ્યામ ચુંદડીના, પિછોરા

સાજ : શ્યામ ચુંદડીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ફેંટા, આભરણ મોતીના, માલા છ મોતીની, તેના ઉપર ગુંજા ધરે. લોલક બંદી ધરે. શ્રીમસ્તક ઉપર મોતીની મોરશીખા ધરે.

હિંડોળા : આજે ચંદનના હિંડોળા થાય. ઝાલર શ્યામ ચુંદડીની સોનેરી કિનારીની બંધાય. પિછવાઈ શ્યામ સાટીનની બંધાય.

શ્રાવણ સુદિ ૯-નોમ (વ્રજ : શ્રાવણ શુક્લ ૯)

આજે શ્રી...બગીચામાં હિંડોળા ઝૂલવા પધારે

વસ્ત્ર : લાલ રૂપેરી કિનારીના, લહેરીયાના, કાછની દુરંગી, નીચેની લાલ રૂપેરી કિનારીના લહેરીયાની, ઉપરની લીલા રૂપેરી કિનારીના લહેરીયાની

સાજ : બગીચાના ચિત્રનો બંધાય

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ હીરાનો, આભરણ હીરાના, માલા છ મોટા મોતીની ઉત્સવની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા વિના પદકની મોતીની, તેના ઉપર બીજો હાર એક હીરાનો, તેના ઉપર વિના પદકની માલા એક મોતીની, તેના ઉપર વલ્લભીહાર, તેના ઉપર મોતીનું પવિત્રું, તેના ઉપર ગુંજા ધરે. તથા શૃંગાર ઉપરના હાર માલાના ખાંચામાં માલા એક માણેકની ઉત્સવની, માલા એક પન્નાની ઉત્સવની તથા માલા એક મોટા મોતીની ઉત્સવની ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મનોહરના લાડુ આવે. તેમજ પાકા ચીભડાનું મીઠું શાક આવે. સખડીમાં પાટિયાની સેવ, છડીદાળ, પકોડીની કઢી, કચરિયા તથા પાપડ આવે.

આજે રાજભોગના દર્શન સમયે બે વેત્ર ધરે. તેમાં એક હીરાનો તથા બીજો પડાનો જડાઉ ધરે.

આજે શ્રી...બગીચામાં હિંડોળા ઝૂલવા પધારે તેથી ત્યાં નીચે દર્શાવ્યા મુજબ તૈયારી કરવી :

બગીચામાં બંગલાની ભીતર ચારે તરફ લોખંડના સળીયા લગાવીને ટેરા ચડાવવા. ચંદરવો એક લાલ છીંટનો બંધાય. પશ્ચિમ તરફ પિછવાઈ એક બગીચાના ચિત્રની બંધાય. બંગલાની વચ્ચે એક મોટો હિંડોળો ફૂલનો કાષ્ઠના હાથી ઉપર પૂર્વમુખ આવે. હિંડોળામાં સિંહાસન વસ્ત્ર લાલ સાટીનનું, કિનારી લગાડેલું બિછાવાય. ઝાલર લાલ સાટીન ઉપર કારચોબીના કામની બંધાય. બંગલાની આગળના પૂર્વ તરફના ભાગમાં ઉત્તર દક્ષિણ તરફથી રોસપટ્ટી ઉપર ત્રણ ફુવારા ચડાવવા. પૂર્વ તરફની રોસપટ્ટી ઉપર ફુવારો એક ચડાવે. ત્યાં કાષ્ઠનો હોજ માંડી, તેમાં હજારા ફુવારો ચડાવવો. ત્યારબાદ બંગલો ખાસા કરીને મંદિરવસ્ત્ર કરવું.

સાંજે સમય થયે ઉત્થાપન થાય. (સંધ્યા આરતી થયા બાદ ગ્વાલ અરોગે, ડબરા આવે) શ્રી...ને બગીચામાં પધરાવતી વખતની સવારી તૈયાર રાખવી. છડીદાર, છત્ર, ચમ્મર, ધ્વજાની ઝંડી આ બધું તૈયાર રાખવું. હિંડોળામાં શ્રી...ને આજે ભોગ આવે માટે ઝારી ભરવી. (ડબરા સર્યે) શ્રી...ને દંડવત્ કરવા. (શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી શ્રી નટવરલાલજી, શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રી શ્યામ સ્વરૂપ, શ્રી ગિરિરાજજી, શ્રી શાલીગ્રામજી તથા

શ્રી મહાપ્રભુજી ભીતરના રસ્તેથી બગીચાના બંગલામાં પધારે.) શ્રી નટવરલાલજી હિંડોળામાં જમણી તરફ બિરાજે અને શ્રી બાલકૃષ્ણલાલજી ડાબી તરફ બિરાજે. આ બંને સ્વરૂપોની વચ્ચે જગ્યા ખાલી રાખવી. બીજા બધા સ્વરૂપો ગાદી ઉપર યથાસ્થાન બિરાજે. બધા સ્વરૂપોની ઝારી ભરીને યથાસ્થાન પધરાવવી. ત્યારપછી શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરીને શ્રી મદનમોહનલાલજીને ગાદી સહિત ખુલ્લે દર્શન હાથમાં પધરાવવા. શ્રી...ની ઝારી હાથમાં સાથે રાખવી જે બીજા સેવક સાથે લઈને ચાલે. મોરછલ થાય. શ્રી...બગીચામાં હિંડોળાની જગ્યા વચ્ચે ખાલી રાખેલી હોય ત્યાં બિરાજે. શ્રી...ની ડાબી તરફ ઝારી તબકડી સહીત પધરાવવી. ટેરો આવે. ત્યારબાદ હિંડોળાની સન્મુખ બે મોટી ચોકી અનસખડી ભોગ ધરવા માટે અને આ ચોકીની જમણી તરફ એક ચોકી દૂધઘર ભોગ ધરવા માટે માંડી, તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

બગીચાના હિંડોળાભોગની સામગ્રી નીચે દર્શાવ્યા મુજબ આવે :

દૂધઘર સામગ્રી : તેમાં કેસરી બરફી, સફેદ પેંડા, પિસ્તાના પીરોજમંડા, ઠોર, કેસરી મલાઈ, દૂધપૂરી, માખણ, મિશ્રી, કેસરી બાસુંદી, અધોટાનો મલડો, અનાનસનું બિલસારૂ, અમૃતફળનો પણો, મીઠું તથા વઘારેલું દહીં, પગે મેવા બે જાતના, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા આઠ જાતના, ઋતુ અનુસાર લીલો મેવો, તેની સાથે બુરાની કટોરી એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : તેમાં ચંદ્રકળા, માખણવડા, તવાપૂરી, ઘાસનાલાડુ, શિખરનવડી, ચોખાનીખીર, મીઠું શાક, મેંદાપૂરી, અડદની દાળની કચોરી, રતાળુના ગુંજીયા, સક્કરપારા, ફડફડીયા બે જાતના-ચણા તથા ચણાની દાળના, ભુજેના, કાકડીના ખમણનું રાયતુ, છાશવડાં, છોંકેલી અંકુરી, પાકા ચીભડાનું ખાટુ મીઠું શાક, ઉત્સવના સંધાણા બે આલુ તથા સુરણના આવે.

દરેક પાતળી સામગ્રીમાં ચમચા, કટોરી પધરાવવા. તુલસી, શંખોદક, ધૂપ, દીપ, થાય. ભોગ આવે.

ભોગ આવ્યે ડોલતિબારીમાં હિંડોળાની તૈયારી કરવી. હિંડોળામાં સિંહાસન વસ્ત્ર બિછાવીને ઝાલર બાંધવી તેમજ મોતીનું ઝુમ્મર બાંધવું. મોડું થયું હોય તો રોશની કરવી.

સમય થયે ભોગ સરે. ભોગની ચોકીઓ ઊઠાવીને મંદિર વસ્ત્ર કરવું. આચમન, મુખવસ્ત્ર, થાય. ભોગ સર્યાના બીડા ધરાય. દર્શન ખૂલે. શ્રી...ને ઝૂલાવવા, બીડી અરોગાવવી. પાંચ કીર્તન હિંડોળાના ગવાય. પાચમાં કીર્તન વખતે બગીચાના ચિત્રની આરતી મોતીની થાળીની, ચાંદીના દિવડાની થાય. આરતી સમયે ફૂલ ઉડે, ન્યોછાવર થાય.

ત્યારબાદ શ્રી...ને ખુલ્લે દર્શન બગીચાના હિંડોળા પરથી ડોલતિબારીના હિંડોળા ઉપર પધરાવવા. ઝારી તથા બીડાના પડઘા બગીચામાંથી ડોલ તિબારીમાં યથાસ્થાન પધરાવવા. બગીચાના હિંડોળાની માલા વડી કરીને શ્રી...ને નવી માલા ધરાવવી. દર્શન ખુલે. હિંડોળાના બે કીર્તન ગવાયા બાદ લોન થાય, ટેરો આવે, દર્શન બંધ થાય. શ્રી...નિજતિબારીમાં પધારે. શૃંગાર વડા થાય. શ્રીમસ્તક ઉપર કસુંબલ ગોળ પાગ બાંધે. પાગ ઉપર હીરાનો પડછીયાવારો શીશફૂલ ધરે, જે આજે અનોસરમાં રહે. શયનભોગ આવે.

શયનભોગ સામગ્રી : શયનભોગમાં છડીદાળ આવે. બાકી બધું નિત્યવત્ આવે.

શ્રાવણ સુદિ ૧૦-દશમ (વ્રજ : શ્રાવણ શુક્લ ૧૦)

વસ્ત્ર : લાલ ધનકના, પિછોરા

સાજ : ગુલાબી ધનકનો આવે, અને જો ન હોય તો ગુલાબી સૂતરાઉ રૂપેરી કિનારનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગોળ પાગ, આભરણ પન્નાના, માલા છ પન્નાની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, શ્રીમસ્તક ઉપર રૂપેરી ચમકની જ સૂરજમુખી ધરે.

આવતીકાલે પવિત્રા એકાદશી માટે વસ્ત્રની જોડ તથા પવિત્રાની તૈયારી :

આજે રાજભોગ આવ્યે આવતીકાલે પવિત્રા એકાદશી માટે વસ્ત્રની જોડ સફેદ સરબતી મલમલની તૈયાર કરાવવી. વસ્ત્રની કોર ઉપર અક્ષય તૃતીયાના વસ્ત્રમાં જે રીતે કોર ઉપર વેલ તથા વચ્ચે કમલ છાપેલાં તે જ પ્રમાણે છાપવા.

સૂતરના પવિત્રા પહેલેથી જ સૂકવી રાખેલાં હોય તે છાબમાં પધરાવવા. રેશમની રંગ રંગની ફૂલની માલા, ગુજરાતી પવિત્રા, તથા રાખડી છાબમાં રાખવા. જરીના પવિત્રા, રૂપેરી બાદલાના પવિત્રા તથા લઠ પવિત્રા એમ ત્રણે તૈયાર રાખવા. લઠ પવિત્રા જ્યારે બે-ચાર વર્ષે જુના લાગે ત્યારે નવા સિધ્ધ કરવા. લઠ પવિત્રા કાચા સૂતરના એક હજાર તારના બને. તેના ઉપર પીળો અથવા કેસરી રેશમ લપેટી બે-બે આંગળ દૂર કેસરી રેશમનાં તારથી થાક પાડવી.

હિંડોળા : આજે ઈચ્છા અનુસાર હિંડોળા થાય.

શ્રાવણ સુદિ ૧૧-એકાદશી (વ્રજ : શ્રાવણ શુક્લ ૧૧)

પવિત્રા એકાદશી

આજે આસોપાલવનું તોરણ નિજમંદિરના દ્વાર ઉપર બંધાય. આજથી લઈને શ્રાવણ વદિ ૧૨ સુધી લીલા શ્યામ વસ્ત્ર ધરે નહી. તેમજ ઉત્થાપનમાં શેકેલું અનાજ અરોગે નહી.

વસ્ત્ર : સફેદ સરબતી મલમલના, કેસરની વેલની કોરના

સાજ : સફેદ સાટીન ઉપર સોનેરી કિનારનો ધોરાનો રથાયાત્રાવાળો બંધાય.

નિજમંદિરનો ચંદરવો સફેદ સાટીન ઉપર સિંધના કાસીદાના કામનો બંધાય. ખેંચવાના પંખાની ખોલી તથા નિજમંદિર ના દ્વારના ટેરા સફેદ સાટીન ઉપર સિંધના કાસીદાના કામના ચડે.

ઝારી, બંટા, ગેંદ, ચોગાન સોનાના આવે. સોગઠાં, પાસા જડાઉ તથા ચોપડનો પટ સફેદ સાટીન ઉપર કાસીદાના ભરતકામનો આવે. મોટી આરસી આવે. શય્યાનો પલંગ પોસ, સુજની સફેદ સાટીન ઉપર સિંધના કાસીદાના કામની આવે અને મૂંઢાજીની ખોલી કાસીદાની ચડે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે સફેદ મલમલની કાગળના ચિત્રની, આભરણ માણેકના, માલા છ માણેકની, તેના ઉપર હાર એક માણેકનો, તેના ઉપર માલા એક વિના પદકની માણેકની, તેના ઉપર પવિત્રા તેમજ તેના ઉપર ગુંજા ધરે.

શ્રી...ને ધરાવવાના પવિત્રાની છાબ રેશમના કપડાથી મઢેલી આવે. તે છાબ નીચે દર્શાવ્યા પ્રમાણે સાજવી.

પવિત્રાની છાબની સજાવટ : પવિત્રાની છાબમાં પહેલાં સૂતરનું કેસરથી રંગેલું પવિત્રું, તેના ઉપર રૂપેરી જરીનું પવિત્રું, તેના ઉપર સોનેરી જરીનું પવિત્રું, તેના ઉપર અલગ અલગ ખુલતા રંગની ફૂલની માલા ચાર તેમજ તેના ઉપર લઠ પવિત્રું આવે. (જેટલા સ્વરૂપો બિરાજતાં હોય તેટલી છાબ તૈયાર કરવી).

એક છાબમાં વધારાની ફૂલનીમાલા, મોહનમાલા, થાકનીમાલા તથા નાના ગુજરાતી પવિત્રા રાખવા.

ઉપર જણાવેલી છાબ તૈયાર કરીને નિજમંદિરમાં પલનાની જમણી તરફ મોટો પાટ માંડી, તેના ઉપર રેશમી ચોરસો બિછાવીને પધરાવવી. છાબમાં રાખડી પણ સાથે જ પધરાવવી.

જો સવારે ગ્વાલમાં પવિત્રા ધરે તો ગોપીવલ્લભ ભોગ આવ્યે છાબમાં પવિત્રા સાજવા. સાંજે ભોગમાં પવિત્રા ધરે તો ઉત્થાપન ભોગ આવ્યે છાબમાં પવિત્રા સાજવા. કોઈ વખત વહેલાં પવિત્રા ધરાવાય તો મંગલભોગ આવ્યે છાબમાં પવિત્રા સાજવા.

પલના સામગ્રી : નિત્યથી અધકીમાં બદામ મિશ્રીની ડેલી આવે.

ભદ્રા રહિત સમયમાં શ્રી...ને પવિત્રા ધરાય.

જો સવારે ગ્વાલમાં પવિત્રા ધરે તો શ્રી...ની માલા ની (પવિત્રાની) છાબ મંગાવી રાખવી. ગ્વાલ બોલે, ગોપીવલ્લભ ભોગ સરે. ગ્વાલ અરોગે, ડબરા આવે. શ્રી...ની ઝારી ભરાય, ડબરા સરે. શ્રી...પલના ઝૂલે. ત્યારબાદ શ્રી...નિજમંદિરમાં યથાસ્થાન બિરાજે. શ્રી...ને નવી માલા ધરાય. શ્રી...ની ઝારી નવી ભરીને રાખેલી હોય તે સિંહાસન ઉપર પધરાવવી. સિંહાસનથી ફકત ખંડ લગાવીને ખિલોનાની તબકડી તથા છૂટા ખિલોના ધરવા. ત્યારબાદ પવિત્રા તથા રાખડીનું અધિવાસન થાય. હાથમાં જલ અક્ષત લઈ સંકલ્પ કરવો. સંકલ્પનું જલ પૃથ્વી ઉપર છોડી દઈને ગટ્ટીનો બટેરો ભોગ ધરવો. અધિવાસનનો સાજ ઉઠાવવો. પવિત્રાની છાબમાંથી રાખડી લઈને બંટામાં ધરીને તેની જગ્યાએ મૂકવી. દર્શન ખુલે. **(કોઈપણ સમયમાં પવિત્રા ધરાય ત્યારે સારંગ રાગમાં આલાપચારી થાય અને કીર્તન પણ સારંગ રાગમાં જ થાય)** ઝાલર, ઘંટા, શંખનાદ, થાય. શ્રીમહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, શ્રી...ને દંડવત્ કરી, પ્રથમ શ્રી...ને સૂતરનું કેસરી પવિત્રું ધરાવવું. ત્યારપછી તેના ઉપર ગંઠેલું રૂપેરી જરીનું પવિત્રું ધરાવવું, તેના ઉપર ગંઠેલું સોનેરી જરીનું પવિત્રું, ધરાવવું, તેના ઉપર રેશમના ફૂલની માલા ચાર જુદા જુદા ખુલતા રંગની ધરાવીને તેના ઉપર લઠ પવિત્રું ધરાવવું.

ત્યારપછી શ્રી...ના ચરણારવીંદમાં સગદ્ય પંચાક્ષર મંત્રથી તુલસીદલ સમર્પવા. ગુજરાતી પવિત્રાના જૂડા હોય તે શ્રી...ના સિંહાસનના બાજુના તકિયા ઉપર તથા કળશ ઉપર પધરાવવા. ત્યારબાદ શ્રી...ના ખંડની આગળ જમીન ઉપર એક શ્રીફળ ભેટ સહિત ધરવું. દર્શન બંધ થાય. ખંડ સરકાવી સિંહાસનની આગળ નાની ચોકી એક અનસખડી ભોગ ધરવા માટે તથા તેની જમણી તરફ ચોકી એક દૂધઘર ભોગ ધરવા માટે માંડીને તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

ઉત્સવભોગ :

મિશ્રીભોગ : સૌપ્રથમ શ્રી...ના સિંહાસન ઉપર બીડાના બંટાની જગ્યાએ મિશ્રીનો ડબરો ભોગ ધરવો. ત્યારપછી ચોકી ઉપર દૂધઘરની સામગ્રી પધરાવવી.

દૂધઘર સામગ્રી : તેમાં સફેદ બરફી, અધોટાનો મલડો, પગે મેવા બે જાતના, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા છ જાતના, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવાની સાથે બૂરાનો કટોરો એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : તેમાં સક્કરપારા, મીઠું શાક, નિત્યના તથા ઉત્સવના સંધાણાની કટોરી એક એક આવે.

હાથ ખાસા કરી, તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે.

સમય થયે ભોગ સરે. ચોકી ઉઠાવીને મંદિરવસ્ત્ર કરવું. શ્રી...ને આચમન, મુખવસ્ત્ર થાય. ઉત્સવભોગ સર્યાના બીડા બે તબકડીમાં ધરવા. ઝારી ઉઠાવી પ્રસાદીમાં પધરાવવી. બીજી ઝારી ભરીને રાજભોગવાળા ભોગ મંદિરમાં નિત્યવત્ યથાસ્થાન પધરાવવી. રાજભોગ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મનોહરના લાડુ આવે. સાથે પાકા કેળાનું મીઠું શાક તેમજ છાશવડાં આવે. સખડીમાં પાટિયાની સેવ, છડી દાળ, તિનકૂડો, નિત્યથી અધકીના બે શાક તેમાં એક અડદની વડીનો ઝોલ અને બીજુ ભરેલા કારેલાનું આવે, ભુજેના, કચરિયાં, પાપડ, તિલવડી તેમજ ઢેબરી આવે.

સૂતરનું કેસરી પવિત્રું. સોનેરી જરીનું પવિત્રુ, રૂપેરી જરીનું પવિત્રુ તથા ચાર રેશમના ફૂલની માલા, આટલા પવિત્રાં રહે. લઠ પવિત્રું તથા પુષ્પની માલા વડી થાય. લઠ પવિત્રું ડાબી બાજુ બગલના તકિયા ઉપર રહે તથા પુષ્પની માલા ચંગેરમાં રહે.

શ્રી... રાજભોગ વાળા ભોગ મંદિરમાં પધારે. રાજભોગ આવે. રાજભોગ આવ્યે સિંહાસન ઉપર બગલાઉ તકિયા ઉપરથી પવિત્રાની ઝુડી ઉઠાવી લેવી. (વધારાના પવિત્રા ધરાવ્યા હોય તે) તે એક છાબમાં રાખીને આખી પિછવાઈ, સિંહાસન તથા ખંડ ઉપર શોભાયમાન લાગે તે રીતે ધરવા.

સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી... સિંહાસન ઉપર પધારે, બીડી અરોગે. લઠ પવિત્રું ધરાવીને ફૂલની માલા ધરાવવી. ખંડ, પાટ, ચોકી લગાડવા. દર્શન ખુલે. ઝારી, કુંજા, કરવડી ભરીને યથાસ્થાન પધરાવવા. વેણુ, વેત્ર ધરાવવા. નાની આરસી બતાવીને મોટી આરસી બતાવવી. આરતી મોતીની થાળીની ડોરાની ચાંદીના દિવડાની થાય. ત્યારબાદ નાની આરસી બતાવીને મોટી આરસી બતાવવી. વેણુ, વેત્ર વડા કરવા. લઠ પવિત્રું વડુ કરીને ડાબી બાજુ બગલાઉ તકિયા ઉપર રાખવું નિત્યવત્ અનોસર થાય.

જો સાંજે ભદ્રારહિત પવિત્રા ધરાવવાનો સમય હોય તો :

ઉત્થાપન ભોગ આવ્યે પવિત્રા ઉપર મુજબ સજાવી રાખવા. શય્યાની સેવા કરવી. સમય થયે ઉત્થાપન ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. બીડાના બંટા ધરાય. નિત્યવત્ શ્રી...ને ફૂલની માલા ધરાવી, ગેંદ, ચોગાન ઠાડાં કરી, દર્શન ખૂલે. જ્યારે કીર્તનની છાપ આવે ત્યારે પહેલા વેણુ, વેત્ર જે ગાદીથી લાગીને ઠાડાં કર્યા હોય તે વડા

કરીને ગાદી ઉપર રાખવા. ત્યારબાદ પાટ, ચોકી સરકાવી, શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, દંડવત્ કરી, ઉપર જણાવેલ પ્રકારે શ્રી...ને પવિત્રા ધરાવવા. ઝાલર, ઘંટા, શંખનાદ થાય. શ્રી...ના ચરણારવિંદમાં તુલસી સમર્પી ભેટ ધરવી. બીડાના બંટા ઉઠાવીને બીડા પ્રસાદીમાં કાઢવા. ઝારી ઠાલવી, ખંગાળીને ફરી ભરીને યથાસ્થાન પધરાવવી. ટેરો આવે, દર્શન બંધ થાય. સંધ્યાભોગ તથા ઉત્સવભોગ સાથે આવે.

જો સવારે આઠ વાગ્યાથી લઈને રાત્રિના સાત, આઠ વાગ્યા સુધી ભદ્રા હોય તો પવિત્રા સવારે શૃંગારમાં ધરાવવા માટે શૃંગાર વહેલાં થાય. નિત્યવત્ શૃંગારના દર્શન ખુલે, વેણુ ધરે. મોટી આરસી બતાવવી. (ગોસ્વામી બાલકો શ્રી...ના ચરણસ્પર્શ કરે.) ત્યારબાદ વેણુવડા થાય. ઉપર દર્શાવેલ પ્રકારે શ્રી...ને પવિત્રા ધરાવાય. તુલસી સમર્પીને ભેટ ધરાય. ટેરો આવે, દર્શન બંધ થાય. ગોપીવલ્લભ ભોગ તથા ઉત્સવભોગ સાથે આવે.

ઉત્થાપન સામગ્રી : બદામ મિશ્રીની ડેલી તથા નિત્યના ફિકાને બદલે ઝારાની ઝીણી સેવ આવે.

ઉત્થાપન ભોગ આવ્યે શય્યાની સેવા કરવી. સમય થયે ભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. બીડાના બંટા ધરાય. લઠ પવિત્રું ધરાવીને ફૂલની માલા ધરાવવી. દર્શન ખુલે કીર્તનની છાપ આવ્યે પાટ ઉઠે. (મંદિર ક્રમમાં સંધ્યા આરતી થાય, ટેરો આવે, ગ્વાલ બોલે. ફૂલની માલા તથા લઠ પવિત્રું વડા કરીને બગલાઉ તકિયા ઉપર રાખે. ગ્વાલ અરોગે, ડબરા આવે.) ત્યારબાદ હિંડોળાની ઝારી ભરવી.

હિંડોળા : આજે ડોલ તિબારીમાં નિત્યના સુરંગ હિંડોળામાં ઝૂલે. ઝાલર સફેદ સાટીન ઉપર સિંધના કારસીદાના કામની બંધાય. પિછવાઈ પવિત્રાના ચિત્રની અથવા કલ્પવૃક્ષના ચિત્રની બંધાય. ગુજરાતી નાના પવિત્રા હિંડોળાના સ્થંભ, ડાંડી, મયાર, કલશ તથા ઝાલર ઉપર શોભાયમાન લાગે તે રીતે ગોઠવવા.

શ્રી...ને લઠ પવિત્રું તથા ફૂલની માલા ધરાવવી. ત્યારબાદ શ્રી... ડોલ તિબારીમાં હિંડોળા ઝૂલવા પધારે. નિત્યવત્ હિંડોળા ઝૂલે. ત્યારબાદ દર્શન બંધ થયે નિજતિબારીમાં સાંગામચી ઉપર શ્રી...ને પધરાવવા. શ્રી...ના પવિત્રા વડા કરીને છાબમાં રાખવા નિત્યવત્ શૃંગાર વડો થાય અને શયનભોગ આવે.

શયનભોગ સામગ્રી : છડિયલ દાળ, કઢીને બદલે વડાંની છાશ આવે. બાકી બધું નિત્યવત્ આવે.

શયન આરતી બાદ નિત્યવત્ અનોસર થાય.

શ્રાવણ સુદિ-૧૨-બારસ (વ્રજ : શ્રાવણ શુક્લ-૧૨)

પવિત્રા બારસ

વસ્ત્ર : ગુલાબી રૂપેરી કિનારીના, કાછની દુરંગી, નીચેની ગુલાબી અને ઉપરની શ્યામ.

સાજ : પવિત્રાના ચિત્રનો અથવા ગુલાબી સૂતરાઉ રૂપેરી કિનારીનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર મુકુટ પન્નાનો આભરણ પન્નાના, માલા છ પન્નાની, તેના ઉપર હાર એક પન્નાનો, તેના ઉપર માલા એક વિના પદકની પન્નાની, તેના ઉપર ગુંજા ધરે.

(મંદિરક્રમમાં શ્રી મહાપ્રભુજી જાગતાં જ પવિત્રા ધરે, જે પુનમ સુધી નિત્ય ધરે. તેમાં પહેલા રૂપેરી જરીનું પવિત્રું એક અને સોનેરી જરીનું પવિત્રું એક ધરે. તેના ઉપર ફૂલની માલા ચાર ધરાવે. સૂતરનું પવિત્રું ધરે નહિ. ચૌદશ સુધી ફૂલની માલા વસ્ત્રના રંગથી ખૂલતાં રંગની ફરતી ફરતી આવે અને પૂનમને દિવસે ફક્ત સોનેરી તેમજ રૂપેરી પવિત્રા ધરાવે.)

શ્રી...ને શૃંગાર થયા બાદ નીચે પ્રમાણે પવિત્રા ધરાવવા. પહેલાં રૂપેરી જરીનું ગંઠેલું પવિત્રું એક, તેના પછી સોનેરી જરીનું પવિત્રું એક અને ત્યારપછી ખુલતા રંગની ચાર ફૂલની માલા ધરાવવી. ત્યારબાદ લઠ પવિત્રું ધરાવવું. આ રીતે પવિત્રા પૂનમ સુધી ધરાવવા. ત્યારબાદ શ્રી...ને પુષ્પમાલા ધરાવીને વેણુ ધરાવવી, આરસી બતાવવી. (મંદિરક્રમમાં શ્રીમહાપ્રભુજીને એક પવિત્રું (ફૂલની માલા) ધરાવીને એક શ્રીફળ તથા ભેટ ધરાય.)

ત્યારબાદ શ્રી...ના બધા પવિત્રા વડા કરવા.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં સેવના લાડુ આવે. સખડીમાં છડી દાળ, પકોડીની કઢી તથા પાપડ આવે.

રાજભોગ આવ્યે આગલા વર્ષના શ્રી...ના બધા પવિત્રા પ્રસાદીમાં નીકળે.

હિંડોળા : આજે ડોલતિબારીમાં નિત્યના હિંડોળામાં ઝૂલે. હિડોળાની ઝાલર, પિછવાઇ તથા પવિત્રા બધું એકાદશી મુજબ રહે.

તે પછીનો બધો ક્રમ નિત્ય મુજબ રહે. અનોસરમાં પાગ ઉપર શીશફૂલ રહે.

શ્રાવણ સુદિ-૧૩-તેરસ (વ્રજ : શ્રાવણ શુક્લ-૧૩)

શ્રી યમુનાજીનો મનોરથ તથા ચતુરાનાગાનો મનોરથ - કંટોલા તેરસ

વસ્ત્ર : પંચરંગી લહેરીયાના, પિછોરા.

સાજ : હિંડોળાના ચિત્રનો બંધાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સેહરો હીરાનો. આભરણ હીરાના, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર બીજો હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર મોતીનું પવિત્રું, તેના ઉપર ગુંજા ધરે.

રાજભોગ સામગ્રી : આજે ચતુરાનાગાના મનોરથથી અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં શીરો તથા નિત્યના બે શાકમાંથી એક શાક કંટોલાનું આવે. સખડીમાં પાટિયાની સેવ, છડીદાળ, પકોડીની કઢી, નિત્યના છોંકેલા શાકમાંથી એક શાક કંટોલાનું આવે, કચરિયાં, પાપડ, તિલવડી તથા ઢેબરી આવે.

રાજભોગ સમયે બે વેત્ર ધરે, તેમાં એક હીરાનું અને એક માણેકનું ધરે.

હિંડોળા : આજે ચોકમાં શ્રી યમુનાજીનો મનોરથ થાય. માટે શ્રી યમુનાજીના તટ ઉપર હિંડોળા ઝૂલે. ચોકમાં બરાબર વચ્ચે ઉત્તર દિક્ષણ ડોલ તિબારી તથા કીર્તનીયા તિબારીની વચ્ચેની જાળીની સુત ઉપર નકશા પ્રમાણે

શ્રી યમુનાજીનો લાંબો હોજ ભરાય. કેળના સ્તંભ, કમાન, ઝાડના કુંડા, બિછાવવા માટેનું લીલું ઘાસ તેમજ શ્રી યમુનાજીના હોજમાં ફુવારા નકશા પ્રમાણે લગાડવા. ચોકમાં નિજતિબારીથી આગળ એક હાથ જેટલો દુર ફૂલનો હિંડોળો તૈયાર કરાવવો. જો ફૂલનો ન બની શકે તો લ ાા પ ાાનો હિંડોળો તૈયાર કરાવવો. પિછવાઈ બગીચાના ચિત્રની બંધાય. હિંડોળાની ઝાલર શ્યામ સાટીન ઉપર રૂપેરી કારચોબીના કામની બંધાય.

હિંડોળો તૈયાર થયે ચોકમાં હિંડોળાની આગળનો ભાગ ખાસા કરીને મંદિર વસ્ત્ર કરવું. ત્યારબાદ શ્રી... હિંડોળામાં બિરાજે. શ્રી...ની ઝારી ભરીને યથાસ્થાન પધરાવવી. શ્રી...ના હિંડોળાની આગળ એક ચોકી અનસખડી ભોગ ધરવા માટે તથા તે ચોકીની જમણી તરફ એક ચોકી દૂધઘર ભોગ ધરવા માટે માંડી, તેના ઉપર લીલી પાતળ બિછાવવી.

હિંડોળાભોગની સામગ્રી નીચે દર્શાવ્યા પ્રમાણે આવે :

દૂધઘર સામગ્રી : તેમાં સફેદ બરફી, સફેદ પેંડા, મલાઈ, દૂધપૂરી, માખણ, મિશ્રી, કેસરી બાસુંદી, અનાનસનું બિલસારૂં, મીઠું દહીં, ખડબુજાના બીની કતલી, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા છ જાતના, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવા, તેની સાથે બૂરાની કટોરી એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

અનસખડી સામગ્રી : તેમાં કેસરી ઘેવર, ગીજરીના મનોહરના લાડુ, અમૃતી, ઉપરેઠા, અમૃતરસાવલી, પાકા કેળાનું મીઠું શાક, મેંદાપૂરી, અડદની દાળની ભરમાપૂરી, સૂકા મટરના ગુંજીયા, ઝારાની ઝીણી સેવ, ફડફડીયા બે જાતના-આખા મગ તથા મઠના, ભુજેના, છોંકેલા ચણા, બુંદીની છાશ, પાકા ચીભડાંનું ખાટુ મીઠું શાક, ઉત્સવના સંધાણા આલુ તથા કોળાના આવે.

તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. ભોગ આવે. સમય થયે ભોગ સરે. ભોગની ચોકીઓ ઉઠાવીને મંદિરવસ્ત્ર કરવું. શ્રી...ને આચમન, મુખવસ્ત્ર થાય. ભોગ સર્યાના બીડા બે આવે. દર્શન ખૂલે, શ્રી... હિંડોળા ઝૂલે, બીડી અરોગે. હિંડોળાના ચાર કીર્તન ગવાય. પાચમા હિંડોળા વખતે આરતી મોતીની થાળીની શ્રીયમુનાજીના તટ ઉપર હિંડોળાના ચિત્રની બનાવેલી થાય. રાઈ, લોન, ન્યોછાવર થાય, ટેરો આવે, દર્શન બંધ થાય. શ્રી...નિજતિબારીમાં સાંગામાચી ઉપર પધારે. શૃંગાર વડા થાય, શયનભોગ આવે. તે પછીનો બધો ક્રમ નિત્યવત્ આવે.

આજે અનોસર થયા બાદ બિરાજવાની ગાદી, પીઠકના તકિયા, બગલાઉ તકિયા, ખંડના પેંડા અને પાટની ચરણચોકીની ગાદી વગેરેની સફેદી ઉતરે. જે શ્રાવણ વદિ બારસના શયન થયા બાદ ચડે.

શ્રાવણ સુદિ-૧૪-ચૌદશ (વ્રજ : શ્રાવણ શુક્લ-૧૪)

શ્રી વિઠલરાયજીનો ઉત્સવ

આજે આસોપાલવનું તોરણ નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય.

વસ્ત્ર : પીળા રૂપેરી કિનારીના, મલ્લકાછ્છ

સાજ : શ્રીજી દ્વારમાં આજથી લઈને જન્માષ્ટમી સુધી ફરતા ફરતા ટાટમ બંદીના સાજ ચડે. તેથી આપણે ત્યાં પણ ટાટમ બંદીના સાજ ચડે. શ્રી ગોપીનાથજી મહારાજશ્રીના લાલજી શ્રી વ્રજજીવનજી મહારાજશ્રીએ સિદ્ધ કરાવેલો લાલ મખમલ ઉપર ટાટમ બંદીનો જન્માષ્ટમીવાળો પ્રાચીન સાજ ચડે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારા દુહેરા, મલ્લકાછ્છ દુહેરો, ઉપરનો પીળો અને નીચેનો લાલ, કટિનો પટકા સોસની, કંધાનો પટકા લાલ, ટિપારાની મેંડ લાલ, ફણા પીળો, ટિપારાના તુર્રા સોસની, ટિપારાના પેચ લીલા, ચંદ્રિકા ત્રણ સાદી નાની ધરે. આભરણ માણેકના, માલા બે માણેકની, તેના ઉપર માણેકની બદ્ગી ધરે.

પલના સામગ્રી : બદામ મિશ્રીની ડેલી અને ઝારાની ઝીણી સેવ આવે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મનોહરના લાડુ આવે, અનાનસનું મીઠું શાક આવે. સખડીમાં મેવા ભાત, છડીદાળ, પકોડીની કઢી, નિત્યથી અધકીના શાક બે, તેમાં એક અડદની વડીનો ઝોલ, બીજુ ભરમા તુરીયાનું, ભુજેના એક, નિત્યથી અધકીની કચરિયાની થાળી, પાપડ, તિલવડી અને ઢેબરી આવે.

દૂધઘરમાંથી કેસરી બાસુદી આવે.

હિંડોળા : આજે ઈચ્છા અનુસાર હિંડોળા થાય.

શ્રાવણ સુદિ-૧૫-પૂનમ (વ્રજ : શ્રાવણ શુક્લ-૧૫)

રક્ષાબંધન

શ્રી ગુસાંઇજીના લાલજી શ્રી ગિરિધરજી તેમના લાલજી
શ્રી દામોદરજીનો ઉત્સવ. પ્રા. સં. ૧૬૩૨

આજે આસોપાલવનું તોરણ નિજમંદિરના મોટા દ્વાર ઉપર બંધાય.

વસ્ત્ર : ગુલેનાર, રૂપેરી કિનારીના, પિછોરા.

સાજ : લાલ સાટીન ઉપર રૂપેરી વેલ બુટ્ટાનો, કારચોબીના કામનો બંધાય.

નિજમંદિરનો ચંદરવો લાલ દુમાસનો, ખેંચવાના પંખાની ખોલી લાલ સાટીન ઉપર કારચોબીના કામની, નિજમંદિરના દ્વારના ટેરા કિનખાબના બંધાય. ઝારી, બંટા, ગેંદ, ચોગાન સોનાના આવે. સોગઠાં પાસા જડાઉ, ચોપડનો પટ લાલ મખમલ ઉપર કલાબતુના ભારે કામનો આવે. ગાદી તકિયાના પટ્ટાપટ્ટી લાલ મખમલના કલાબતુના ભારે કામના આવે.

આજે શ્રી...ને અભ્યંગ થાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ હીરાના, શૃંગાર રૂપચૌદશ વત્ થાય. ત્રણ કલંગીનો સિરપેચ ધરે. પાગ ઉપર ચંદ્રિકા સાદા મોટા ધરે.

શૃંગાર થઈ ગયા બાદ શ્રી...ને સોનેરી, રૂપેરી પવિત્રા ધરાવવા. ફૂલમાલા વગેરે અન્ય કોઈ પવિત્રા ધરાવાય નહિ.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં જલેબી આવે સાથે પાકા ચીભડાનું મીઠું શાક, સંજાબની ખીર તથા છાશવડાં આવે. સખડીમાં પાટિયાની સેવ, છડીદાળ, તિનકૂડો, નિત્યથી અધકીના બે શાક,

તેમાં એક અડદની વડીનો ઝોલ અને બીજુ શાક તુરીયા પકોડીનું અને આખા ચણાની મિલોનીનું, ભુજેના એક, ચાર જાતના કચરિયા, પાપડ, તિલવડી તથા ઢેબરી આવે.

(આજે રાજભોગ આવ્યે જન્માષ્ટમીના ઉત્સવની ભટ્ઠીપૂજા થાય.)

રાજભોગના દર્શનમાં વેત્ર બે ધરાય. તેમાં એક હિરાનું તેમજ બીજુ પડાનું જડાઉ ધરાય.

શ્રી...ને રાખી ધરવાનો ક્રમ :

ભદ્રારહિત સમયમાં શ્રી...ને રાખી ધરાય.

કોઇપણ સમયમાં શ્રી...ને રાખી ધરાય ત્યારે રાગ સારંગની આલાપચારી થાય અને કીર્તન પણ સારંગ રાગમાં જ ગવાય.

શ્રી...ને રાખી સવારે શૃંગારમાં અથવા સાંજે ભોગમાં ધરાય. જો સવારે રાખી ધરવાનું વહેલું મુહુર્ત હોય તો શૃંગાર થઈ ગયા બાદ નિત્યવત્ વેણુ ધરાવી, આરસી બતાવીને રાખી ધરાય. રાખીનો ઉત્સવભોગ (મંદિરક્રમમાં ગોપીવલ્લભ ભોગની સાથે) આવે. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય.

જો ગ્વાલમાં રાખી ધરાય તો ગ્વાલ અરોગે, ડબરા સરે, રાજભોગની માલાનો જોડ શ્રી... ને ધરાવાય. ઝારી પધરાવીંને દર્શન ખુલે, શ્રી...ને રાખી ધરાય. રાખીનો ઉત્સવભોગ રાજભોગમાં આવે. શ્રી... રાજભોગ (અને ઉત્સવભોગ) અરોગવા પધારે. ફૂલની માલાનો જોડ ધરાવ્યો હોય તે વડો થાય નહિ. રાજભોગ સરાવ્યા બાદ નવી માલા ધરાવાય નહિ. શ્રી...ના સિંહાસન પરથી ઝારી ઉઠાવીને ભોગ મંદિરમાં પધરાવવી.

જો સાંજે ભોગમાં રાખી ધરે તો આજે ઉત્થાપનભોગ જાુદો જ આવે. (સંધ્યાભોગની સાથે ન આવે.) ઉત્થાપનભોગ આવ્યે તિલકની તૈયારી કરવી. બીડા કુમકુમની લકીર કરેલા તૈયાર રાખવા. રાખી લાવીને તૈયાર રાખવી.

ઉત્થાપનભોગ સર્યે આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...ને માલા ધરાય. ભોગના દર્શન ખુલે. કીર્તનની છાપ આવે ત્યારે પાટ, ચોકી ઉઠાવી લેવા. ખંડ ખિલોના સહિત રહે.

દૂધઘરમાંથી ગુલાબકતલી ચાંદીની તબકડીમાં સાજીને આવે. તે શ્રી...ના સિંહાસન ઉપર જમણી બાજુ ધરીને તેના ઉપર રેશમી ચોરસો ઢાંકવો. ત્યારબાદ શ્રી મહાપ્રભુજી આદિનું સ્મરણ કરી, દંડવત્ કરીને શ્રી...ને નીચે દર્શાવ્યા પ્રમાણે રાખી ધરાય. ઝાલર, ઘંટા, શંખનાદ થાય.

શ્રી મદનમોહનલાલજીને તિલક, અક્ષત કરીને ચાર રાખી ધરાવવી. તેમાં જમણા શ્રીહસ્તમાં પોંચીની જગ્યાએ બે રાખી અને ડાબા શ્રીહસ્તમાં પોંચીની જગ્યાએ બે રાખી ધરાવવી. શ્રી સ્વામિનીજીને ટીકી અક્ષત કરી ચાર રાખી ધરાવવી. ત્યારપછી બીડા નંગ બે-બે શ્રી...ને બિરાજવાની ગાદી આગળ બગલાઉ તકિયા પાસે ડાબી તથા જમણી તરફ ધરવા. ત્યારબાદ શ્રી...ના ચરણાવવિંદમાં સગદ્ય પંચાક્ષર મંત્રથી તુલસીદલ સમર્પવા. આજ પ્રમાણે શ્રી નટવરલાલજી, શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રી શ્યામસ્વરૂપ, શ્રી સ્વામિનીજીને ચાર ચાર રાખી ધરાવાય. ત્યારબાદ શ્રી ગિરિરાજજી, શ્રી શાલીગ્રામજી તથા શ્રી સંપૂટજીને તિલક અક્ષત કરીને બધા સ્વરૂપો ઉપર રાખી સમર્પે. (શ્રી મહાપ્રભુજીને તિલક, અક્ષત કરીને મોટા ફોંદનાવાળી બે રાખી ધરાય.)

ત્યારબાદ ટેરો આવે. દર્શન બંધ થાય. ઝારી, બંટા ઉઠાવીને પ્રસાદીમાં પધરાવવા. ત્યારબાદ બધા સ્વરૂપોની બે બે ઝારી ભરીને યથાસ્થાન પધરાવવી. એક ઝારી નિત્યના સંધ્યાભોગની તેમજ એક ઝારી ઉત્સવભોગની એમ બે ઝારી આવે.

ઉત્સવભોગ સામગ્રી : સંધ્યા ભોગના થાળમાં સંધ્યાભોગની સાથે ઉત્સવભોગની સામગ્રીમાં ખાંડની તથા ગોળની ગોળ પાપડી સજાઈને આવે.

દૂધઘર સામગ્રી : શ્રી...ના સિંહાસનની જમણી બાજુ એક કાષ્ઠની ચોકી માંડી, તેના ઉપર લીલી પાતળ બિછાવવી. તેના ઉપર દૂધઘર ભોગની સામગ્રીનો થાળ પધરાવવો. તેમાં સફેદ પેંડા, મલાઈ, દૂધપૂરી, માખણ, મિશ્રી, બાસુંદી, અધોટાનો મલડો, મીઠું દહીં, વઘારેલું દહીં આવે. ખાંડઘરની સામગ્રીમાં ગુલાબકતલી, રસખોરા, ખડબુજાના બીની કતલી, એલચી દાણા, પગે મેવા બે જાતના, તળેલા મેવા ચાર જાતના, સૂકા મેવા છ જાતના, ઋતુ અનુસાર બધી જાતના લીલા મેવાની સાથે બૂરાની કટોરી એક તથા લુણ, મરીની નાની કટોરી એક એક આવે.

સમય થયે ભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી...ના ચરણારવિંદમાંથી તુલસી વડા થાય. બીડા ધરાય, સંધ્યા આરતીના દર્શન ખૂલે. સંધ્યા આરતી નવ સાથીયાની મોતીની થાળીની સોનાના દિવડાની થાય. દર્શન બંધ થાય. ગ્વાલ બોલે, ગ્વાલ અરોગે, ડબરા આવે. સંધ્યા આરતીનો આ ક્રમ મંદિરના ક્રમમાં આવે છે.

ત્યારબાદ શ્રી... હિંડોળા ઝૂલવા પધારે.

જો સાંજે રાખી ધરવાનો સમય મોડો હોય તો શ્રી...ને હિંડોળામાં રાખી ધરાય.

હિંડોળાના દર્શન ખૂલે. ખાંડની કતલીની થાળી શ્રી...ના હિંડોળાની જમણી તરફ પડઘા ઉપર પધરાવી તેના ઉપર રેશમી ચોરસો ઢાંકવો. શ્રી...ને રાખી ધરાય. રાખી ધરવાનો ક્રમ આગળ આપેલો છે તેજ પ્રમાણે બધા સ્વરૂપોને રાખી ધરાય. રાખીનો ઉત્સવભોગ હિંડોળામાં આવે. હિંડોળાની બરાબર ચોકી માંડી તેના ઉપર ઉપર જણાવ્યા મુજબ ઉત્સવભોગ આવે. તુલસી, શંખોદક, ધૂપ, દીપ થાય. સમય થયે ભોગ સરે. આચમન, મુખવસ્ત્ર થાય. બીડા ધરાય. ત્યારબાદ દર્શન બંધ થાય. બીજો બધો ક્રમ નિત્યવત્ આવે.

હિંડોળા : આજે ચોકમાં શ્રી... કાચના હિંડોળામાં ઝૂલે. ઝાલર લાલ સાટીન ઉપર કારચોબીના કામની, દિવાલગીર જન્માષ્ટમી વાળી બંધાય તથા પિછવાઈ ગુલેનાર સાટીન ઉપર સોનેરી કિનારીના ઘોરાની બંધાય. શ્રી... હિંડોળામાં પધારે અને નિત્યવત્ હિંડોળા ઝૂલે. ટેરો આવે, દર્શન બંધ થાય.

શ્રી... તેમજ શ્રી સ્વામિનીજીના શૃંગાર વડા થાય અને બંનેના શૃંગાર ઠકુરાણી ત્રીજ પ્રમાણે રાખવા. તેમાં શ્રી સ્વામિનીજીનો બાજુ, કટિપેચ, જેહર વડા થાય. શ્રીકંઠનો તથા શ્રીમસ્તકનો શૃંગાર ઠકુરાણી ત્રીજ મુજબ રહે. રાખી વડી કરીને બીજી નવી રાખી ધરાવવી. બે રાખી બાજુની જગ્યાએ તથા બે રાખી પોંચીની જગ્યાએ ધરાવવી. આ રીતે બધા સ્વરૂપોને રાખી ધરાવવી. શયનભોગ આવે.

શયનભોગ સામગ્રી : શયનભોગમાં છડીદાળ અને વડાંની છાશ આવે. બીજી બધી સામગ્રી નિત્યવત્ આવે.

આજે શયનમાં શ્રી... હિંડોળામાં ઝૂલે :

શયનભોગ આવ્યે હિંડોળામાં શયનના બીડાની તબકડી, ચંદનની બરણી તથા ગુલાબદાની રાખવી. સમય થયે ભોગ સરે, આચમન, મુખવસ્ત્ર થાય. શ્રી... હિંડોળામાં પધારે. શ્રી...ને માલાનો જોડ ધરાય. હિંડોળાના ચાર કીર્તન ગવાય. જો મોડું થઈ ગયું હોય તો બે કીર્તન ગવાય. શયન આરતી મોતીની થાળીની ચાંદીના દિવડાની થાય. રાઈ, લોન, ન્યોછાવર થાય, ટેરો આવે, દર્શન બંધ થાય.

ત્યારબાદ શ્રી... નિજતિબારીમાં સાંગામાચી ઉપર પધારે. ત્યાં પધારતાં પહેલાં મચકીના હિંડોળામાં પધારીને ચાર વખત હિંડોળા ઝૂલે. નિજમંદિરમાં શ્રી... ના શૃંગાર વડા થાય, નિત્યવત્ આભરણ રહે. પાગ ઉપર પડછીયાનો શીશફૂલ રહે, રાખી વડી થાય. નિત્યવત્ અનોસર થાય.

અનોસરની દૂધઘર સામગ્રી :

શ્રી...ની શય્યાની પાસે અનસખડીના બંટાની પાસે એક બીજો પડઘો માંડીને તેના ઉપર દૂધઘર ભોગનો થાળ પધરાવવો. તેમાં સફેદ બરફી, પગે મેવા બે જાતના, તળેલા મેવા બે જાતના તેમજ સૂકા મેવા ચાર જાતના આવે. આ થાળ ઉપર પાતળ ઢાંકી, રેશમી ચોરસો ઢાંકવો.

જન્માષ્ટમીના વસ્ત્ર રંગવા માટે શયન બાદ એક કસેડીમાં કેસર (સાત તોલા) તથા મીઠું જલ પધરાવીને તેમાં મિશ્રીની ડેલી એક પધરાવીને તેને ઢાંકી રાખવું.

શ્રાવણ વદિ-૧-એકમ (વ્રજ : ભાદ્રપદ વદ-૧)

શ્રાવણ વદિ એકમ અથવા બીજના હિંડોળા વિજય થાય તે દિવસની વિગત.

વસ્ત્ર : કસુંબલ સોનેરી કિનારીના, પિછોરા

સાજ : કસુંબલ (લાલ) કારચોબીના કામનો.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર કસુંબલ પાગ સોસની ખિડકીની, આભરણ હીરાના, માલા છ મોતીની, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર ગુંજા ધરે. બંદી ધરે, કર્ણફૂલ ચાર, ચંદ્રિકા સાદા ધરે.

રાજભોગ સામગ્રી : આજે રાજભોગમાં છડીદાળ તેમજ વડીની કઢી આવે.

હિંડોળા : શ્રી...આજે નિત્યના સુરંગ હિંડોળામાં ઝૂલે. તેની ઝાલર પ્રથમ હિંડોળાની લાલ સાટીન ઉપર રૂપેરી કારચોબીના કામની બંધાય. શ્રી...ને નિત્યવત્ હિંડોળામાં પધરાવવા. ગોવિંદ સ્વામીના ચાર હિંડોળાના કીર્તન ગવાય. પાચમું કીર્તન ગવાય ત્યારે શ્રી...ને વેણુ ધરાવી આરતી મોતીની થાળીની અષ્ટદલની ચુનના દિવડાની મુઠિયાં વાળીને કરવી. હિંડોળાની ચાર પરિક્રમા કરવી. આશિષના કીર્તન ગવાય. શ્રી...ને નિજતિબારીમાં સિંહાસન ઉપર પધરાવવા. શૃંગાર ચોકી માંડી અને શૃંગાર વડા કરવા. ત્યારબાદ શયનભોગ આવે.

શયનભોગ આવ્યે શય્યા મંદિરમાંથી મચકીનો હિંડોળો તથા ડોલ તિબારીમાંથી સુરંગ હિંડોળો વડો થાય.

ભદ્રા વગેરે કોઇ કારણથી જો સવારે હિંડોળા વિજય હોય તો ગ્વાલ અરોગે, ત્યારબાદ ડબરા સરે, પલના ઝૂલીને હિંડોળાની માલા ધરાવીને શ્રી...હિંડોળામાં પધારે. ઉપર દર્શાવ્યા મુજબ હિંડોળા ઝૂલે, આરતી થાય, રાઇ, લોન, ન્યોછાવર થાય. ત્યારબાદ પરિક્રમા થાય. શ્રી...રાજભોગ અરોગવા પધારે.

જન્માષ્ટમીના વસ્ત્રો રંગવાની વિગત :

આજે રાજભોગ આવ્યે જન્માષ્ટમીના વસ્ત્રો રંગવા તે માટે ગઇકાલે કેસર (તોલા સાત) પલાળી રાખેલું હોય તે કેસરને જલમાં ખૂબ મસળીને એક રસ કરી દેવું કે જેથી કેસરનો બધો રંગ જલમાં મળી જાય. પછી એક ચાંદીનો થાળ લઇ, તેના ઉપર ગરણું રાખીને જલ તેમાં પધરાવવું. ગરણામાં કેસર આવે તેને પણ જલમાં ખૂબ મસળવું. ત્યારપછી ગરણું જલમાંથી કાઢી લેવું.

કેસરના જલના થાળમાં ગુલાબના અત્તરના બે ચાર બુંદ પધરાવવા. ત્યારપછી જન્માષ્ટમીના વસ્ત્રના ભાતવાર રેજા તેમજ વામન દ્વાદશીના દિવસે ધરાવવાના ધોતી ઉપરણા માટે સફેદ સરબતી મલમલના ટૂક તથા શય્યા, પલનાની ચાદર માટે જ્યાં સફેદ મલમલના રેજા (ટૂકડા) આવે તેને કેસરના રંગમાં રંગવા.

પહેલાં શ્રીઅંગના વસ્ત્રનો ભાતવાર રેજા તથા વામન દ્વાદશીના વસ્ત્રવાળો સફેદ મલમલનો રેજા, આ બંનેને બે વખત કેસરના જલમાં ડુબાડવું. અર્થાત એક વખત કેસરના રંગમાં બોળીને સૂકવવા, સૂકાઇ ગયા બાદ તેને ફરીથી બીજી વખત કેસરના રંગમાં બોળીને સૂકવવા. આ રીતે બે વખત કેસરના રંગમાં ભીંજવવા. રેજા એવી રીતે સૂકવવા કે બે વ્યક્તિ સામ સામેના છેડા પકડીને છાયાંમાં સૂકવે, તડકામાં ઉભા રહે નહિ. ત્યારપછી શય્યા તથા પલનાની ચાદરના રેજાને કેસરના રંગમાં એક વખત બોળીને સૂકવવા. ત્યારબાદ દરજીને આપવા.

આખા વરસ દિવસના તિલક માટેના ચોખા શુદ્ધ કેસરના રંગમાં રંગીને એક ચાંદીના થાળમાં ધરવા તે સૂકાઇ ગયા બાદ એક કાષ્ઠના બંટામાં ભરી રાખવા.

કમલપત્રની ગોટી તૈયાર કરવાની વિગત :

શ્રી...ને કમલપત્ર માટે કમલપત્રની ગોટી નીચે દર્શાવ્યા મુજબ વસ્તુઓ પધરાવીને તૈયાર કરવી:

તેમાં કેસર અડધો આની ભાર, કસ્તુરી બે આના ભાર, તેમજ ગોરોચન અડધો આની ભાર આવે.

આ ત્રણે વસ્તુને આરસની નાની ખરલમાં ગુલાજલથી મુલાયમ પીસીને કમલ પત્રની ત્રણ સોગઠી બાંધીને છાયાંમાં ધરી રાખવી. સૂકાઇ ગયા બાદ તેને એક ચાંદીના બંટામાં રાખવી આખા વર્ષ દિવસ માટે આમાંથી શ્રી...ને કમલપત્ર થાય.

અંગરાગ (લગાવ) તૈયાર કરવાની વિગત :

અંગરાગ (લગાવ) તૈયાર કરવા માટે એક શેર દેશી મીણ લઇ આંચ ઉપર એક કટોરામાં ગરમ કરવું. તે એક રસ થઇ જાય ત્યારે તેમાં ચોવા એક તોલો પધરાવવું. જેથી તેમાં જરા શ્યામતા આવી જાય. તેમાં ગુલાબના

અત્તરના બે ચાર બુંદ પધરાવવા. પછી એક ચાંદીના થાળમાં ફૂલેલનો હાથ લગાવીને તે થાળી ઉપર એક મલમલનું કપડું રાખીને તેમાં ગરમ કરેલો મીણનો રસ ગાળી લેવો. તે રસ જ્યારે થાળીમાં જામી જય ત્યારે ચાકુથી આંગળી જેટલી લાંબી પટ્ટીઓના આંકા પાડવા. પછી થાળીમાંથી લગાવની બધી પટ્ટીઓ ઉખેડીને તે પટ્ટીની ગોળ બત્તીઓ બનાવીને એક કાષ્ઠની નાની પેટીમાં રાખવી.

કાજલ તૈયાર કરવાની વિગત :

ઘીનું કાજલ પાડીને તૈયાર કરવું. આ કાજલને એક નાના ચાંદીના કટોરામાં રાખીને તેમાં એક વાલ બરાસ પધરાવવું. પછી તેને આરસની નાની ખરલમાં મુલાયમ પીસીને તેમાં અંદાજે ઘી પધરાવવું, કે જેથી કાજલની ઢેરી બંધાય, તેમજ પતલું ન થઇ જાય તે રીતે અંદાજે ઘી પધરાવવું. ત્યારબાદ આંગળીથી તેને ખૂબ મિલાવીને ઢેરી કરીને એક મુલાયમ મલમલના કપડામાં પોટલી બાંધીને ચાંદીના કટોરામાં ગુલાબજલ ભરીને તે કટોરામાં કાજલની પોટલી એક દિવસ રાખવી. બીજે દિવસે તે પોટલીને ગુલાબ જલમાંથી કાઢી, ખોલીને કાજલ બે ચાંદીની બંટીમાં ભરી લેવું. તેમાંથી એક બંટી મૂંઢાજીમાં રાખવી અને એક બંટી શ્રી...ને (શ્રી નટવરલાલજી, શ્રી બાલકૃષ્ણલાલજી) અંજન કરવા માટે શૃંગાર ચોકીના ખાનામાં રાખવી.

શ્રાવણ વદિ-૨-બીજ (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ-૨)

શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી સંવત ૧૯૪૩ની સાલમાં શ્રી ગોકુલથી પોરબંદર પધાર્યા અને આજના દિવસે શ્રી મદનમોહનલાલજીની પાસે પધાર્યા

વસ્ત્ર : ઝીણી બાંધણીના લાલ સફેદ લહેરીયાના રૂપેરી કિનારીના, પિછોરા.

સાજ : લાલ ધનકનો રૂપેરી કિનારીનો બંધાય.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલો બીચકો, આભરણ લસનીયાના, માલા છ લસનીયાની, તેના ઉપર ગુંજા ધરે. કતરા, ચંદ્રિકા સાદા ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં સેવના લાડુ આવે. સખડીમાં પાટિયાની સેવ, છડીદાળ, પકોડીની કઢી, કચરિયા બે જાતની, પાપડ, તિલવડી તથા ઢેબરી આવે.

શ્રાવણ વદિ-૩-ત્રીજ (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ-૩)

વસ્ત્ર : પીળા મોઠડોના, (પીળી ચુંદડીના) મલ્લકાછ્છ

સાજ : પીળા ધનકનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ટિપારો, આભરણ પન્નાના, માલા છ પન્નાની, તેના ઉપર ગુંજા ધરે.

શ્રાવણ વદિ-૪-ચોથ **(વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ-૪)**

ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીના વહુજી અ. સૌ. ગો. શ્રી રેણુકા વહુજીનો જન્મદિવસ

વસ્ત્ર : પીળા.

સાજ : પીળી ચુંદડીનો

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કુલ્હે જોડ ધરે. મધ્યનો શૃંગાર. તેમાં માલા છ માણેકની, હાર એક માણેકનો, તેના ઉપર ગુંજા ધરે.

(આજે લેખના વસ્ત્ર, સાજ તથા શૃંગાર ઉપર દર્શાવ્યા છે. પરંતુ આજે ગો. શ્રી રેણુકા વહુજીનો જન્મદિવસ હોઈ વસ્ત્ર તથા સાજ કેસરી આવે તેમજ શૃંગારમાં શ્રીમસ્તક ઉપર સેહરા આવે તેમજ બીજો શૃંગાર લેખ મુજબ રહે.)

પલના તથા રાજભોગની અધકીની સામગ્રી :

તેમાં ચાર પ્રકારની દુધઘરની તથા પાંચ પ્રકારની અનસખડી સામગ્રી આવે.

શ્રાવણ વદિ-૫-પાચમ **(વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ-૫)**

આજે શ્યામ સ્વરૂપ શ્રી મદનમોહનલાલજીનો પાટોત્સવ (સં. ૧૯૫૪માં પોરબંદર પધાર્યા)
તથા બડે તાતજી શ્રી દ્વારકાનાથજી મહારાજશ્રીના ભાઇ
શ્રી વ્રજનાથજી (પ્રા. સં. ૧૮૨૨)તથા શ્રી રઘુનાથજી અને
મુંબઇવાળા ગો.શ્રી ચિમનલાલજી મહારાજશ્રીનો ઉત્સવ

આજથી શ્રી...ને ટિકાયતી શૃંગાર ધરે.

આજે જન્માષ્ટમીના મહોત્સવના નગારખાના બેસે જે આજે શંખનાદથી લઇને નોમના દિવસની શયન આરતી પર્યંત રહે.

વસ્ત્ર : પીળી એક દાણાની ચુંદડીના, પિછોરા.

સાજ : જન્માષ્ટમીના મહોત્સવનો ટાટમબંદીનો (કારચોબીના કામનો) બંધાય. (લાલ મખમલ ઉપર જરીના કલાબતુ કામનો)

આખા નિજ મંદિરની દિવાલગીર ફૂલેવર સાટીનની ચારે તરફ બંધાય. ટેરા પણ દિવાલગીરના મેળનાં જ ચડે. આખા નિજમંદિરમાં ચંદરવો લાલ દુમાસનો બંધાય. તેના ઉપર એક નાનો ચંદરવો ટાટમ બંદીનો બંધાય. નિજમંદિરના મોટા દ્વારનો ટેરો ટાટમ બંદીનો અથવા કિનખાબનો ચડે. પંખાની ખોલી ટાટમ બંદીની ચડે. નિજમંદિરના મોટા દ્વાર ઉપર એક બંદનવાર કારચોબીના કામની, એક પોત (ચીડીયા)ના કામની, તેના ઉપર એક બંદનવાર મોતીની, તેના ઉપર એક બંદનવાર પલ્લવની બંધાય. એક બંદનવાર ટાટમ બંદીની (કારચોબીના

કામની) નિજમંદિરમાં શય્યામંદિરનું દ્વાર પડે છે, તેના ઉપર બંધાય. ગાદી તકિયાના પટ્ટાપટ્ટી લાલ મખમલ ઉપર કારચોબીના ભારે કામના આવે. ચોપડનો પટ કારચોબીના ભારે કામનો આવે. સોગઠાં પાસા સોનાના મંડાય.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ. આભરણ પન્નાના, માલા ચાર, તેના ઉપર ગુંજા ધરે. શ્રીમસ્તક ઉપર લુમની કલંગી સોનેરી ધરે, કર્ણફૂલ બે ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મનોહરના લાડુ અને મીઠું શાક આવે. સખડીમાં પાટિયાની સેવ, છડીદાળ, પકોડીની કઢી, ભુજેના, નિત્યથી અધકીમાં કચરિયાં બે, તિલવડી, ઢેબરી તથા પાપડ આવે.

શ્રાવણ વદિ-૬-છઠ (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ-૬)

વસ્ત્ર : લીલા સફેદ લહેરીયાના, પિછોરા.

સાજ : જન્માષ્ટમીવાળો પાચમથી બંધાય તેજ આવે.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર છજ્જેદાર પાગ. આભરણ માણેકના, માલા છ માણેકની, તેના ઉપર ગુંજા ધરે. કર્ણફૂલ બે, પાગ ઉપર લાલ ડાકના જમાવના કામની કલંગી ધરે.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં મેવાટી આવે. સખડીમાં છડીદાળ અને અડદની વડીની કઢી આવે.

આજે શયન બાદ ઝારીના નેવરાની જોડ નવી તૈયાર રાખવી. લાલ મદ્રાસીના ધોયેલા નેનકલાકના અસ્તરવાળા નેવરા આવે. આ નેવરા આવતીકાલે સાતમના દિવસે મંગલભોગ આવ્યાની ઝારી ભરાય તે વખતે નવા ચડે.

શ્રાવણ વદિ-૭-સાતમ (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ-૭)

વસ્ત્ર : લાલ કસુંબલ દોરીયાના રૂપેરી કિનારીના, પિછોરા.

સાજ : જન્માષ્ટમીવાળો પાચમથી બંધાય તેજ રહે.

આજે નિજતિબારીમાં જન્માષ્ટમીના ઉત્સવની લાલ દુમાસની દિવાલગીર બંધાય. આખી નિજતિબારીમાં લાલ દુમાસનો ચંદરવો. બંધાય. નિજમંદિરમાં શય્યામંદિરનું દ્વાર પડે છે તે દ્વાર ઉપર તથા જલપાનની કોટડીનું દ્વાર નિજતિબારીમાં પડે છે તે દ્વાર ઉપર બંદનવાર એક એક ચીડીયાની તથા બંદનવાર એક એક મોતીની બંધાય. નિજતિબારીના ત્રણે દ્વાર ઉપર ચીડીયાની તથા મોતીની બંદનવાર એક એક બંધાય. નિજતિબારીના બહારના ભાગમાં ત્રણે દ્વાર ઉપર લાલ બનાતીના ત્રણ ટેરા બંધાય. ગાદી તકિયાના પટ્ટાપટ્ટી લાલ મખમલ ઉપર જડાઉ કામના બંધાય.

ઝારી બંટાની તબકડી, કુંજા તથા આબખોરાની તબકડી, ગુલાબદાનીની તબકડી બે, ચંગેર બે, ગુલાબદાની બે તથા સિંહાસનના કળશ ત્રણ આ બધો શ્રી...નો (શ્રી મદનમોહનલાલજીનો) સાજ સોનાનો આવે. ઝારી, બંટા, કુંજા, આબખોરા જડાઉ અથવા સોનાના આવે. અધકીના સોનાના ખિલોના, આરસી તથા ગેંદ, ચોગાન સોનાના

આવે. ચોપડના સોગઠાં, પાસા જડાઉ આવે. શ્રી...ની શય્યા સોનાની આવે. શય્યા ઉપર લાલ મખમલના કારચોબીના ભારે કામના પલંગ પોસ બિછે. પલના તથા શય્યાની સુજની કાસીદાની (રેશમ ઉપર રેશમના ભરતના કામની) ઉત્સવની બિછે. કસના જડાઉ અથવા સોનાના બંધાય. મોટી ગાય, મોર વગેરે ચાંદીના મોટા ખિલોના બધા આવે. ઉપર લખેલ ઉત્સવનો બધો સાજ શ્રાવણ વદિ-૧૨બારસ સુધી રહે.

શૃંગાર :શ્રીમસ્તક ઉપર છજ્જેદાર પાગ, આભરણ હીરાના, માલા છ, તેના ઉપર હાર એક હીરાનો, તેના ઉપર માલા એક વિના પદકની મોતીની, તેના ઉપર પવિત્રું, તેના ઉપર ગુંજા ધરે. બદી હીરાની ધરે. કર્ણફૂલ ચાર, ચંદ્રિકા સાદા ધરે. શ્રી...નો શૃંગાર મધ્યથી થોડો ભારે થાય.

રાજભોગ સામગ્રી : અનસખડીમાં ગોપાલવલ્લભની સામગ્રીમાં કેસરીયા ઘેવર આવે. સખડીમાં તુવેરદાળ, પકોડીની કઢી, કચરિયા, તિલવડી, ઢેબરી તથા પાપડ આવે.

સાંજે (સંધ્યા આરતી બાદ) શ્રી... તિબારીમાં પધારે. નિજમંદિરમાંથી શ્રી...નું સિંહાસન ઉઠાવીને બડા ભોગ મંદિરમાં પધરાવવું. નિજમંદિર ખાસા કરીને મંદિર વસ્ત્ર કરવું.

શયનભોગ સામગ્રી :આજે શયનભોગમાં છઠીનો ભોગ આવે.

અનસખડી સામગ્રી :ગુજરાતી ખાજા, ફિકા ખાજા, શીરો, મેંદાપૂરી, ચુનની પૂરી, ભુજેના, નિત્યથી અધકીના બે શાક તથા સૂંઠની બુકની આવે.

ઉપર દર્શાવેલ છઠીના ભોગનો થાળ સજાઇને આવે તે થાળ શ્રી...ની અનસખડીની ચોકી પાસે કાષ્ઠની નાની ચોકી બિછાવીને તેના ઉપર પધરાવવો.

દૂધઘર સામગ્રી :

દૂધઘરમાંથી છઠીના ભોગમાં કઢેલાં દૂધનો ડબરો, કેરીના મુરબ્બાની ડબરી, તળેલા મેવા બે જાતના આવે. કઢેલાં દૂધનો ડબરો શ્રી...ને બિરાજવાની ચોકી ઉપર જમણી તરફ પધરાવવો.

શયનભોગ આવ્યે એક ચાંદીના કટોરામાં પીસેલી હળદર લઇ, તેમાં જલ પધરાવી, તેમાં રૂના ફોયા રાખીને નિજમંદિરમાં લાંબો ચોક (બધા સ્વરૂપોના સિંહાસન આવી જાય તે રીતે) પૂરવો. ચોકની પહોળાઇ ભીંતથી લઇને સિંહાસનના આગળના પાયા રહે તેટલી રાખવી. (જો વહુજી, બેટીજી બિરાજતાં હોય તો તેમને ચોક પૂરવાની ખબર કરવી. જો તેઓ ન પધારી શકે તો શ્રીગોસ્વામી બાલકને ખબર કરવી. જો તે ન પધારી શકે તો મુખિયાજી ચોક પૂરે.)

સમય થયે શયનભોગ સરે. શયન આરતી મોતીની થાળીની ચાંદીના દિવડાની થાય. શયનઆરતી બાદ શ્રી...ને નિત્યવત્ અનોસર કરાવવા.

અનોસર થયા બાદ વડા ભોગ મંદિરમાંથી શ્રી...ના સિંહાસન લાવીને હળદરના પૂરેલા ચોકમાં યથાસ્થાન માંડવા. બધા સ્વરૂપોના સિંહાસનની આગળ એક એક અડધીયા લગાવવા.

પલ્લવની બંદનવાર નિજમંદિરના મોટા દ્વાર ઉપર, નિજમંદિરમાં શય્યા મંદિરનું દ્વાર પડે છે તેના ઉપર આખા ચોકમાં એક બંદનવાર ફરતી પત્તા તથા ફૂલના ગુચ્છાની, એક બંદનવાર ગાદીજીના કોઠાની જગમોહન તરફના દ્વારની, બંદનવાર ત્રણ જગમોહનના ત્રણે દ્વાર ઉપર તથા બંદનવાર બે સીરેહ ડોઢીના બંને દ્વારની બંધાય.

જન્માષ્ટમીના વસ્ત્ર તથા સફેદીના બંટા વગેરે બધું તૈયાર રાખવાની વિગત :

શ્રી મદનમોહનલાલજીના વસ્ત્ર :

તેમાં કુલ્હે એક, સુથન એક, લાલ દરિયાઈની સુથન એક, કેસરી કોઠા વસ્ત્ર એક, કેસરી ચાકદાર વાગા બે, તેમાં એક વાગો મોટો અને એક નાનો, કટિનો પટકો એક લાલ દરિયાઈનો, કટિનો પટકો એક કેસરી, તનિયો એક કેસરી, પિછોરા બે તેમાં એક મોટી કિનારીનો અને એક નાની કિનારીનો આવે.

ગોળ પાગ, કાછની દુરંગી નીચેની લાલ, ઉપરની કોયલી તેમજ લાલ દરિયાઈનું પિતાંબર આ બધા ગોળ પાગ, દુરંગી કાછની અને પિતાંબર (લાંબો પટકો) દાન એકાદશીના દિવસે ધરાવવા માટે છે. જો દાન એકાદશી અને વામન દ્વાદશી સાથે એક જ દિવસે હોય તો ઉપર લખેલા રંગની કાછની તૈયાર ન કરાવતાં નીચેની કેસરી અને ઉપરની લાલ, આ પ્રમાણે કાછની તૈયાર કરાવવી.

કેસરી ધોતી એક તથા કેસરી ઉપરણો એક વામન દ્વાદશીને દિવસે ધરાવવા માટે સંભાળીને રાખવા.

શ્રી મદનમોહનલાલજીના શ્રી સ્વામિનીજીના વસ્ત્ર :

તેમાં બે સાડી કેસરી, એક નાની કિનારીની અને એક મોટી કિનારીની, કેસરી ચોલી એક, લાલ દરિયાઈની ચોલી એક, કેસરી લહેંગા એક, લાલ દરિયાઈનો લહેંગા એક આવે.

રાધાષ્ટમીને દિવસે સવારે મંગલા થયા બાદ શ્રી સ્વામિનીજીને દૂધથી સ્નાન થાય તે સમયે ધરાવવાની સાડી એક પીળી દરિયાઈની સંભાળીને રાખવી.

શ્રી નટવરલાલજીના બધા વસ્ત્ર શ્રી મદનમોહનલાલજીના વસ્ત્ર મુજબ સંભાળીને રાખવા.

શ્રી બાલકૃષ્ણલાલજીના વસ્ત્ર :

તેમાં કુલ્હે એક, વાગો એક, ઓઢણી એક મોટી કિનારીની ઝાલરદાર અને ઓઢણી એક નાની કિનારીની વિના ઝાલરની, ગોળ પાગ એક આવે.

શ્રી શ્યામસ્વરૂપના વસ્ત્રો શ્રી મદનમોહનલાલજીના વસ્ત્ર મુજબ સંભાળીને રાખવા તથા શ્રી શ્યામસ્વરૂપના શ્રી સ્વામિનીજીના વસ્ત્ર શ્રી મદનમોહનલાલજીના શ્રી સ્વામિનીજીના વસ્ત્ર મુજબ સંભાળીને તૈયાર રાખવા.

(મંદિરક્રમમાં શ્રી મહાપ્રભુજીની ઓઢણી એક મોટા પટ્ટાની ઝાલરવાળી તથા ઓઢણી એક નાની કિનારીની ઝાલર વિનાની આવે. તથા શ્રી હસ્તાક્ષરજીના બંધન બે કેસરી તેમાં એક કિનારીવાળો તેમજ એક વિના કિનારીનો આવે. તથા શ્રી સંપૂટજીનો બંધન એક આવે.)

જન્માષ્ટમીના દિવસે પંચામૃત સમયે શ્રી...ને ધરાવવાના પીળા દરિયાઇના ધોતી ઉપરણા સંભાળવા તેની વિગત :

શ્રી મદનમોહનલાલજીના ધોતી ઉપરણા એક. રાત્રીના જન્મ સમયે ઓઢાડવાના લાલ દરિયાઈના રૂપેરી કિનારીના ઝાલરદાર પીતાંબર એક શ્રી મદનમોહનલાલજીનું, એક શ્રી નટવલાલજીનું, એક શ્રી બાલકૃષ્ણલાલજીનું તથા એક પીતાંબર પંચામૃતવાળા શ્રી શાલીગ્રામજીનું આવે.

સવારે તથા રાત્રિના પંચામૃત સમયે સ્નાનના પટ્ટા ઉપર બિછાવવાના પીતાંબર લાલ રેશમી ચોવડતા (ઓટેલા) લેવા તેની વિગત :

પીતાંબર એક શ્રી મદનમોહનલાલજીના પટ્ટા ઉપર બિછાવવા માટે લેવું. શ્રી નટવરલાલજી, શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રી શ્યામસ્વરૂપજી તથા શ્રી શાલીગ્રામજીના પટ્ટા ઉપર બિછાવવાના પીતાંબર તો ગયા વર્ષના ઓઢાડવાના પીતાંબર ઉપરથી ઝાલર કિનારી કાઢીને બિછાવવાના કામમાં લેવા.

પલનામાં ભોગની નીચે બિછાવવાના પીતાંબર લાલ દરિયાઈના લેવા.

શય્યા ઉપર તથા પલના ઉપર ઓઢાડવાની ચાદર તૈયાર રાખવાની વિગત :

ચાદર એક પલના ઉપર ઓઢાડવાની તથા ચાદર એક શય્યા ઉપર ઓઢાડવાની, એમ બે ચાદર તૈયાર કરવી.

ઉત્થાપન સમયે સિંહાસન ઉપર બિછાવવાના લાલ ખાલવાના ટૂક તથા સવારે ગ્વાલના સમયે ડબરા નીચે બિછાવવાના લાલ ખાલવાના ટૂક જ્યારે જૂના લાગે ત્યારે નવા લેવા.

પલના સમયે શ્રી યશોદાજી, શ્રી નંદરાયજી તેમજ ગોપી ચાર, શ્રી...ને પીતાંબર ઓઢાડે તે માટે પીતાંબર છ લાલ અથવા પીળી દરિયાઈના લેવા. ભેટનો રૂપિયો ખાસા કરીને રાખવો.

બધા સ્વરૂપો માટે નવી ગુંજામાલા તૈયાર રાખવી.

શ્રી મદનમોહનલાલજી, શ્રી નટવરલાલજી તથા શ્રી બાલકૃષ્ણલાલજીના રેશમના પાટ (કેશ) દર સાલ નવા લેવા. શ્રી મદનમોહનલાલજીના શ્રી સ્વામિનીજીની ચોટી શ્યામ રેશમની નવી લેવી.

શ્રી યશોદાજીને બિરાજવા માટે ગાદી એક લાલ રેશમની કંતાનના અસ્તરવાળી લેવી. નિજતિબારીમાં એક લીલા રંગના વસ્ત્રનો સુવા (પોપટ) ટાંગવો.

કાષ્ઠના ખિલોના નંગ બાર દર સાલ નવા બનીને આવે. જે રંગના ખિલોનાના રંગ નીકળી ગયા હોય અથવા ઝાંખા પડી ગયા હોય તે રંગના ખિલોના તૈયાર કરવા. તેમાં ઝુનઝુના જોડી એક નંગ બે, ટાચકા જોડી એક નંગ બે, ફીરકીની જોડી એક નંગ બે, મોરા જોડી એક નંગ બે તથા ડંડા જોડી એક નંગ બે આ પ્રમાણે આવે.

શ્રી...ની સેવામાં ઉપયોગી માહિતી

શ્રી...ને પંખો ક્યારે કરાય ?

સંવત્સર અથવા રામનવમીથી દિવાળી સુધી અને ગરમી હોય તો પ્રબોધિની પહેલાં એક દિવસ સુધી મંગલાથી શયન પર્યન્ત (બધા દર્શનમાં) હાથથી પંખા થાય. રાજભોગ સમયે તથા (મંદિરક્રમમાં ભોગના સમયે) પંખો તથા મોરછલ અવશ્ય થાય. (મોરછલ ફક્ત મંદિરોમાં જ થાય, વૈષ્ણવોને ત્યાં ન થાય.) પ્રબોધિનીથી સંવત્સરના એક દિવસ પહેલાં સુધી શ્રી...ને પંખો થાય નહિ.

વર્ષમાં અભ્યંગ ક્યારે થાય ?

જન્માષ્ટમી, રાધાષ્ટમી, વામનદ્વાદશી, આસો સુદિ એકમ, દશહરા, રૂપચતુર્દશી, દિવાળી, ભાઈબીજ, પ્રબોધિની, શ્રી ગુસાંઈજીનો ઉત્સવ, મકરસંક્રાન્તિનો આગલો દિવસ જ્યારે ભોગી મનાય, વસંતપંચમી, હોરી, દંડારોપણ, શ્રીનાથજીનો પાટોત્સવ, હોળી, દોલોત્સવ, દ્વિતીયાપાટ, સંવત્સર, રામનવમી, શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ, અક્ષયતૃતીયા, નૃસિંહચતુર્દશી, રથયાત્રા, પ્રથમ હિંડોળા, ઠકુરાણીત્રીજ, રક્ષાબંધન આ પ્રમણે વર્ષમાં સત્તાવીશ વખત અભ્યંગ ધાય. અભ્યંગ દર પંદર દિવસે થવું જોઈએ પંદર દિવસમાં ઉત્સવ આવે તો ઉત્સવનું અભ્યંગ થાય. પરંતુ પંદર દિવસમાં કોઈ ઉત્સવ ન આવે તો અને ખાંચો ન પડે તેથી નીચેના દિવસોમાં અધકીનું અભ્યંગ થવું જોઈએ.

ભાદરવા વદિ આઠમ, કારતક વદિ તેરસ, માગશર સુદિ દશમ, પોષ સુદિ દશમ. જો પોષ સુદિમાં સંક્રાન્તિ હોય તો ભોગીનું અભ્યંગ થાય, અધકીનું ન થાય. પરંતુ સંક્રાન્તિ મહા વદિમાં હોય તો પોષ સુદિ દશમીએ અભ્યંગ થાય. નૃસિંહચતુર્દશીથી રથયાત્રાના એક દિવસ પહેલાં સુધી દર શનિવારે અભ્યંગ થાય, પરંતુ શનિવારે એકાદશી અથવા અમાસ આવતી હોય તો અભ્યંગ ન થાય. રવિવારે અને મંગળવારે પણ અભ્યંગ ન થાય.

વર્ષમાં પંચામૃત ક્યારે થાય ?

વૈષ્ણવોને ત્યાં વર્ષમાં ફક્ત એક દિવસ જન્માષ્ટમીને દિવસે સવારે શ્રી ઠાકોરજીને પંચામૃત થાય. જો શ્રી ગિરિરાજજી બિરાજતાં હોય તો તેમને ઉપર મુજબ જન્માષ્ટમીના દિવસે પંચામૃત થાય. તે ઉપરાંત નીચેના ઉત્સવોમાં પણ પંચામૃત થાય.

વામનદ્વાદશી, પ્રબોધિની , રામનવમી તેમજ નૃસિંહચતુર્દશી. (મંદિરક્રમમાં શ્રી...ને જન્માષ્ટમીની સવારે પંચામૃત થાય. જ્યારે જન્માષ્ટમીની રાત્રે, વામનદ્વાદશીના દિવસે જન્મ સમયે, પ્રબોધિનીના દિવસે દેવોત્થાપન સમયે, રામનવમીના દિવસે, નૃસિંહ ચતુર્દશીના દિવસે ફક્ત શ્રી શાલગ્રામજીને પંચામૃત થાય.)

વર્ષમાં શ્રી...ને તિલક ક્યારે થાય ?

જન્માષ્ટમીના દિવસે શૃંગાર સમયે, તથા મધરાતે પંચામૃત થયા બાદ, રાધાષ્ટમીના દિવસે રાજભોગ આવે ત્યારે, રાજભોગનો થાળ તિલક થયા પછી સને, વામનદ્વાદશીના દિવસે જેને પંચામૃત થયું હોય તેને તિલક થાય, બીજા સ્વરૂપોને તિલક થાય નહિ. દશહરાના દિવસે જવારા ધરાવતી વખતે બધા સ્વરૂપોને તિલક થાય. ભાઈબીજ

ને દિવસે રાજભોગ આવે ત્યારે થાળ સાન્યા બાદ બધાં સ્વરૂપોને તિલક થાય. પ્રબોધિનીના દિવસે પંચામૃત પછી બધાં સ્વરૂપોને તિલક થાય. શ્રીગિરિધરજીના ઉત્સવમાં રાજભોગ સમયે બધા સ્વરૂપોને, શ્રી ગુસાંઈજીના ઉત્સવના દિવસે રાજભોગ સમયે બધા સ્વરૂપોને, રામનવમીના દિવસે જન્મ થયા બાદ બધા સ્વરૂપોને, શ્રી મહાપ્રભુજીના ઉત્સવમાં રાજભોગ સમયે બધા સ્વરૂપોને તિલક થાય. નૃસિંહચતુર્દશીના દિવસે જન્મ સમયે જેને પંચામૃત થયું હોય તેને તિલક થાય. રક્ષાબંધનના દિવસે રાખડી ધરાવતી વખતે બધાં સ્વરૂપોને તિલક થાય. આ પ્રમાણે આખા વર્ષમાં તેર વખત તિલક થાય.

સ્નાન સમયે ક્યા દિવસે તિલક થાય ?

જન્માષ્ટમીના દિવસે સવારે, રૂપચતુર્દશીના દિવસે સ્નાન પહેલાં સ્નાનયાત્રાના દિવસે સ્નાન સમયે વૈષ્ણવોને ત્યાં બિરાજતાં શ્રી...ને તિલક થાય.

મંદિરક્રમમાં ઉપર જણાવેલા ત્રણ દિવસો ઉપરાંત જન્માષ્ટમીની મધ્યરાત્રિએ પંચામૃત પહેલાં શ્રીશાલીગ્રામજીને, પ્રબોધિનીના દિવસે પંચામૃત પહેલાં શ્રી શાલીગ્રામજીને, રામનવમીના દિવસે પંચામૃત પહેલાં શ્રીશાલીગ્રામજીને, નૃસિંહજયંતિના દિવસે પંચામૃત પહેલાં શ્રીશાલીગ્રામજીને તિલક થાય.

જયંતિનું પંચામૃત વૈષ્ણવોને ત્યાં ન થાય.

શ્રી...સન્મુખ ભેટ ક્યારે ધરાય ?

જન્માષ્ટમીના દિવસે શૃંગાર સમયે તિલક પછી શ્રીફળ તથા રૂપિયો, જન્માષ્ટમીના બીજા દિવસે પલના સમયે પિતાંબર ધરાવી શ્રીફળ તથા રૂપિયો, રાધાષ્ટમીના દિવસે રાજભોગ સમયે તિલક થયા બાદ શ્રીફળ બે તથા રૂપિયા બે સિંહાસન ઉપર, દિવાળીના દિવસે હટડી સમયે ભેટ રૂપીયા બે તબકડીમાં, પવિત્રા એકાદશીના દિવસે શ્રી...ને પવિત્રા ધરાવી સિંહાસન આગળ જમીન ઉપર રૂપીયો તથા શ્રીફળ એક. (શ્રાવણ સુદિ ૧૨ ના દિવસે શ્રીમહાપ્રભુજીને પવિત્રા ધરાવી પલંગડી આગળ શ્રીફળ એક તથા રૂપિયો.) આ પ્રમાણે વર્ષમાં છ વખત ભેટ ધરાય.

શ્રી...ને કમલપત્ર ક્યારે થાય ?

જન્માષ્ટમી, રાધાષ્ટમી, શરદ પૂર્ણિમા, દિવાળી, પ્રબોધિની, શ્રીગુસાંઈજીનો ઉત્સવ, રામનવમી, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ અને રથયાત્રા. આ ઉત્સવોમાં શ્રી...ને કમલપત્ર થાય.

ચૂનના દિવડાની આરતી

જન્માષ્ટમીના દિવસે શૃંગાર સમયે તિલક થાય ત્યારે, રાધાષ્ટમીના દિવસે રાજભોગ આવ્યે અથવા તિલક થાય ત્યારે, દશહરાના દિવસે જવારા ધરાવતી વખતે, દિવાળીના દિવસે કાન જગાવ્યા બાદ ચોકમાં પધારે ત્યારે સુખપાલમાં, ભાઈબીજના દિવસે રાજભોગ આવતી વખતે, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તેમજ શ્રીગિરિધરજી આ ત્રણેના ઉત્સવના દિવસે રાજભોગના સમયે તિલક થાય ત્યારે, હિંડોળા ઝૂલી ઉતરે ત્યારે શ્રી...ને ચૂનના દિવડાની આરતી થાય.

રાઈ લોન ન્યોછાવર

જન્માષ્ટમીના દિવસે શૃંગાર વખતે તિલક સમયે રાઈ લોન નહી. ફકત ન્યોછાવર થાય. જન્માષ્ટમીના બીજા દિવસે પલનામાં રાઈ લોન ન્યોછાવર બંને થાય. રાધાષ્ટમીના દિવસે રાજભોગ સમયે રાઈ લોન ન્યોછાવર બંને થાય, દશહરાના દિવસે જવારા ધરાવતી વખતે ફક્ત ન્યોછાવર, શરદના દિવસે શરદની આરતી પછી બંને, રૂપચૌદશના દિવસે સેન આરતી બાદ ફક્ત ન્યોછાવર, હટડીની આરતી બાદ બંને, અન્નકૂટની આરતી બાદ બંને, ભાઈબીજના દિવસે બંને, પ્રબોધિનીના દિવસે મંડપની આરતી બાદ બંને, શ્રી ગિરિધરજીનો ઉત્સવ, શ્રીગુસાંઈજીનો ઉત્સવ, વસંત પંચમીનો ઉત્સવ, શ્રીનાથજીનો પાટોત્સવ, આ ચાર ઉત્સવોમાં ફક્ત ન્યોછાવર, ફાગણ સુદિ નવમીએ બગીચામાં મનોરથની આરતી થયા બાદ ન્યોછાવર થાય, રાઈલોન મંદિરમાં પધાર્યા બાદ રાજભોગ આરતી પછી થાય. કુંજ એકાદશીના દિવસે રાજભોગ આરતી બાદ બંને, હોળીના દિવસે શયન આરતી બાદ ફક્ત ન્યોછાવર, દોલોત્સવના દિવસે છેલ્ला ભોગમાં આરતી પછી બંને, દ્વિતીયા પાટ તેમજ સંવત્સરનાં દિવસે ફક્ત ન્યોછાવર, રામનવમીના દિવસે બંને, શ્રીમહાપ્રભુજીના ઉત્સવના દિવસે ફક્ત ન્યોછાવર, રથયાત્રા તેમજ કસુંબા છઠના ઉત્સવમાં બંને, ઠકુરાણી ત્રીજના દિવસે ફક્ત ન્યોછાવર, રક્ષાબંધનના દિવસે તેમજ હિંડોળા વિજયના દિવસે બંને થાય.

શ્રી...ને ઠાડું વેત્ર ક્યારે ધરાય ?

કાન જગાવવા પધારે ત્યારે, ગોવર્ધન પૂજા કરવા પધારે ત્યારે, ગોપાષ્ટમીના દિવસે સંધ્યા આરતી સમયે, હોળીના દિવસે સેન આરતી સમયે, દાન એકાદશીના દિવસે સંધ્યા આરતી સમયે શ્રી...ને ઠાડું વેત્ર ધરાય.

પલના મનોરથ

શ્રી નવનીતપ્રિયાજીના ઘરમાં શ્રી... નિત્યના પલના ઝૂલે. પ્રબોધિનીથી વસંતના એક દિવસ પહેલાં સુધી પલના નિજમંદિરમાં થાય. અને દ્વિતીયાપાટથી પ્રબોધિનીના એક દિવસ પહેલાં સુધી નિજતિબારીમાં પલના થાય. વૈષ્ણવોને ત્યાં ઉત્સવોમાં આજ્ઞા હોય તો શ્રી...પલના ઝૂલે.

ફૂલ મંડલી

દ્વિતીયા પાટથી લઈને અક્ષય તૃતીયાના એક દિવસ પહેલાં સુધી રાજભોગ સમયે ફૂલમંડલી થાય. અક્ષયતૃતીયાથી અષાઢની પૂનમના એક દિવસ પહેલાં સુધી શયનમાં ફૂલમંડલી થાય. રાજભોગમાં ફૂલમંડલી હોય તો દિવસના અનોસરમાં અને શયનમાં ફૂલમંડલી હોય તો રાત્રિના અનોસરમાં દૂધઘરની સામગ્રી આવે.

અત્તર સમર્પવાનો ક્રમ :

ઉષ્ણકાલ : (માર્ચ-જૂન) ગુલાબ, મોગરો, ખસ, જૂઈ, યાસ્વા, ચમેલી, બોરસલી, મધુરમ, રાતરાણી, કદંબ, સોંધો.

વર્ષા ઋતુ : (૧૫ જૂન-ઓકટોબર) કદંબ, કેવડા, માટી પાંદડી, ગુલાબ, સોંધો, ગુલછડી, પારિજાત, ચંપો.

શીતકાલ : (ઓકટોબર-જાન્યુઆરી) હીના, કસ્તુરી, અંબર, કેસર, ગુલાબ, સોંધો.

ફાગણ : (ફેબ્રઆરી-માર્ચ) સોંધો, કેસર, ગુલાબ.

શ્રીઠાકોરજીની સેવામાં રહસ્ય ભાવના

(શ્રીગોકુલનાથજી કૃત ભાવના ઉપરથી)

દ્વાર : શ્રીસ્વામિનીજીનાં નેત્રનાં બે પલકારાં. તે દ્વારા શ્રીઠાકોરજી હૃદયમાં પધારે.

શ્રીમંદિર : (૧) અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. (૨) શ્રીવૃંદાવનની કુંજરૂપ છે. (૩) શ્રીનંદરાયજીનું ઘર છે.

ઘંટાનાદ : (૧) વ્રજમાંની સાત્ત્વિકી, રાજસી અને તામસી એ ત્રણ પ્રકારની ગાયોને ગળે બાંધી ઘંટડીઓનો નાદ છે. ગાયો શ્રીઠાકોરજીને જગાડવા પોતાના માથા હલાવે છે. (૨) શ્રીનંદરાયજીના ઘરમાં રાજસી, તામસી અને સાત્ત્વિકી ત્રણ પ્રકારની સોળ હજાર કુમારિકાઓ છે, તેમના કંઠના મધુરનાદરૂપ ઘંટાનાદ છે. (૩) નિકુંજના શ્રીસ્વામિનીજીએ પાળેલાં મેના, પોપટના ટહુકા એ ઘંટાનાદ છે.

સિંહાસન : (૧) અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. (૨) શ્રીનંદાલયમાં શ્રીયશોદાજીની ગોદરૂપ છે. આજુબાજુના બે તકિયા એમના હાથરૂપ તથા પીઠનો તકિયો શ્રીયશોદાજીનું હૃદય છે. (૩) નંદાલયની રહસ્ય વાર્તામાં સિંહાસન રાધાસહચરીની ગોદરૂપ છે. અને બાજુના તકિયા તથા પાછળનો તકિયો એમના બે હાથ તથા હૃદયરૂપ છે (૪) કુંજમાં સિંહાસન વગેરે શ્રીચંદ્રાવલીજી તથા શ્રીલલિતાજીના અંગરૂપ છે. (૫) શ્રીસ્વામિનીજીના સંબંધમાં એ શ્રીસ્વામિનીજીના અંગોરૂપ છે.

સિંહાસન વસ્ત્ર : ઉપર પ્રમાણે જેની જેની ભાવના કરીએ એમના ઉતરીયવસ્ત્રરૂપ છે. સિંહાસનમાં કલશ છે તે કુચ (સ્તન) રૂપ છે.

મુખ વસ્ત્ર : જેની ભાવના હોય તેમના લહેંગારૂપ અથવા અંચલરૂપ છે.

મંદિર વસ્ત્ર : શ્રીઠાકોરજીના અધરામૃતનું સિંચન છે. તે વડે ત્રિવિધ તાપનું શમન થાય છે.

ઝારીજી : (૧) શ્રીનંદાલયમાં ઝારી શ્રીયશોદાજી સ્વરૂપ છે અને ઉપરનું લાલ વસ્ત્ર તેમની સાડી રૂપ છે. ઝારીજીનું નાળવું શ્રીયશોદાજીના સ્તન રૂપ છે. (શ્રીયશોદાજી સાડી પહેરીને બાળકને સ્તનપાન કરાવે છે.) (૨) નિકુંજમાં ઝારી શ્રીયમુનાજીના ભાવથી છે. (૩) મુખ્યભાવમાં ઝારીજી શ્રીસ્વામિનીજીના ભાવથી ડાબે ભાગે બિરાજે છે. (૪) કુમારીકાના ભાવમાં પણ શ્રીસ્વામિનીજીનો ભાવ જાણવો. ચારે ભાવમાં શ્રીયમુનાજી તો રહેલાં છે જ.

મંગલભોગ : એ વાત્સલ્યભાવનો સૂચક છે. ભોગની ચોકી શ્રીરોહિણીજી નું સ્વરૂપ છે. સોનાની કટોરી શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે. ચાંદીના પાત્ર શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ છે. પિતળના વાસણમાં સોનાનો ભાવ જાણવો.

ટેરો : ટેરો ભગવત્સેવામાં સહાયક માયા રૂપ છે. તે માયા ભગવત્સવોમાં વિઘ્ન કરતા અવિદ્યા માયાથી જુદી છે. તે વિદ્યારૂપ માયા છે. વાત્સલ્યમાં ટેરો કરવાથી દૃષ્ટિદોષ લાગે નહી. અને કુમારીકાના ભાવમાં શ્રીઠકોરજી, શ્રીસ્વામિનીજી સાથે બેસી મંગલભોગ અરોગે એ રહસ્યલીલાને ગુપ્ત રાખવા માટે આ ટેરો છે.

શય્યા : ભક્તનું સ્વરૂપ છે. તેની ઉપરનું વસ્ત્ર ભક્તનાં હૃદયરૂપ છે. આજુબાજુના બે તકિયા ભક્તના હાથ છે. તેથી પ્રાતઃ કાલમાં શ્રીઠાકોરજીને જગાડી સિંહાસન ઉપર પધરાવીએ ત્યારે શય્યારૂપી ભક્તને શ્રીઠાકોરજીનો

વિરહ થાય છે. ઉષ્ણકાલમાં પ્રભુના ઘરમાં વિરહભાવ ઉપર રહે છે. માટે રામનવમીથી કસના બંધાય છે. જ્યારે શીતકાલમાં વિરહભાવ ભીતર રહે છે, માટે દેવપ્રબોધિનીથી કસના બંધાતા નથી.

શીતકાલમાં પ્રભુના શ્રીઅંગમાં ઠંડી રહે છે. તેમજ શય્યારૂપ ભક્તના હૃદયમાં વિરહ તાપ હોય છે તેથી તે ભક્તને વધારે સુખકર થાય છે માટે શીતકાલમાં કસ્તુરી, જાયફળ, લવિંગ વગેરે સામગ્રી શ્રીઠાકોરજી અરોગે છે. માટે શીતકાલમાં શ્રી...ને સૌભાગ્યસુંઠનો ભોગ ધરવામાં આવે છે.

વળી શય્યા એ ચાર યૂથાધિપતિનો ભાવ છે. તેમાં ચાર પાયા, ચાર ઈસો અને ચાર તકિયા છે. તેમાં ડાબા ભાગે શ્રીસ્વામિનીજીનો ભાવ, જમણા ભાગે શ્રીચંદ્રાવલિજીનો ભાવ, ઓશીકા તરફ શ્રીયમુનાજીનો ભાવ, અને ચરણારવિંદ તરફ શ્રીલલિતાજીને ભાવ માનવો.

શય્યા વસ્ત્ર : ગેંદુવા (ગાલમશૂરીયુ) કપોલનો ભાવ છે. ગાલીચો બધી સખીઓનો ભાવ છે.

વાગા વસ્ત્ર : રૂના વાગા શ્રીસ્વામિનીજીના ઉદરનો ભાવ છે પ્રભુસ્વરૂપ પુષ્ટિ બિરાજે છે. તે શ્રીસ્વામિનીજીથી સુખ પામી પ્રફુલ્લિત થાય છે. વાગા ઉપર પીળો પાટ છે તે શ્રીસ્વામિનીજીનો ભાવ છે, ધોળા પાટ છે તે શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે, શ્યામ પાટ છે તે શ્રીયમુનાજીનો ભાવ છે તેમજ લાલ પાટ છે તે કુમારિકાઓનો ભાવ છે, ધોળા વાગા નિર્ગુણ ભક્તનો ભાવ છે. આ રીતે અનેક રંગ શ્રીસ્વામિનીજીના ભાવથી પ્રભુ ધારણ કરે છે, વાગાનો ઘેરાવો છેતે શ્રીસ્વામિનીજીનો ચણિયો છે, સૂથન શ્રીસ્વામિનીજીની ચોલી છે, ઉપરણો શ્રીસ્વામિનીજીની સાડી રૂપ છે.

આચમન ઝારી : તે શ્રીયમુનાજી સ્વરૂપ છે. તેમજ નીચેની તબકડી શ્રીલલિતાજી સ્વરૂપ છે.

પાનની બીડી : તે શ્રી સ્વામિનીજીના મુખારવિંદનો ઓગાળ છે.

આરતી : તે વડે હૃદયમાં રહેલાં શ્રીઠાકોરજીનો વિરહ પ્રભુ પર ન્યોછાવર કરાય છે. પ્રભુના રક્ષણ માટે ઓવારણાં લેવાય છે.

અભ્યંગ તથા સ્નાન : આમળા શ્રી યમુનાજીનો ભાવ છે, તુલસી શ્રી કુમારિકાઓનો ભાવ છે, હળદર અભ્યંગમાં અલૌકિક વ્યુહની રચના કરે છે. કેટલાક એમ માને છે કે તે વિરહનું સૂચન કરે છે. હળદર તે શ્રી સ્વામિનીજીના શ્રીઅંગનો વર્ણ છે, ફૂલેલ શ્રી સ્વામિનીજીનો સ્નેહ છે, જલ શ્રી ચંદ્રાવલીજીનું રૂપ છે. વળી ચંદન શ્રી ચંદ્રાવલીજીનું રૂપ, કેસર શ્રી સ્વામિનીજીનું રૂપ અને જલ શ્રી યમુનાજીનું રૂપ વગેરે ભાવનાથી શ્રી ઠાકોરજીને સ્નાન કરાવવું.

ચોવા (ચુવા) : શ્રીયમુનાજીનું શ્રમજલ છે.

અંજન : કાજલ શ્રીયમુનાજીનો ભાવ, ઘી શ્રી યમુનાજીનો સ્નેહ, બરાસ શ્રી સ્વામિનીજીનું અંગ છે.

શૃંગાર : શ્રી યશોદાજીના ઘરમાં શ્રી સ્વામિનીજીના ભાવથી શ્રી કુમારિકાઓ શ્રી...ને શૃંગાર ધારણ કરાવે છે. પરંતુ નિકુંજમાં શ્રી સ્વામિનીજી પોતાના શ્રીહસ્તથી શૃંગાર કરે છે. શ્રી સ્વામિનીજીનો શૃંગાર શ્રુતિરૂપા સખી કરે છે, એટલે શ્રુતિરૂપા સખી શ્રી સ્વામિનીજીની પાસે ઉભા રહી બધા શૃંગાર તૈયાર કરી આપે છે. એવો ભાવ વિચારવો.

નૂપુર :શ્રી સ્વામિનીજીનો ભાવ છે.

મણકા :શ્રી યમુનાજીનો ભાવ છે.

હીરા :શ્રી કુમારીકાઓનો ભાવ છે.

કિંકણી (કંદોરો) :શ્રી સ્વામિનીજીની કટિની પ્રસાદી છે.

વૈજયંતિ માલા :શ્રી...ના ગળા થી કેડ સુધી આવે છે.

સોનું :શ્રી સ્વામિનીજીનો ભાવ છે.

રૂપું :શ્રી ચંદ્રાવલીજીનો ભાવ છે.

માળાઓ :શ્રી ઠાકોરજી ત્રણ લરની, પાંચ લરની, નવ લરની, તેર લરની, તેમજ એકવીસ લરની માળાઓ ધારણ કરે છે. તેમાં

ત્રણ લરી :તે સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણે પ્રકારના ભાવથી છે.

પાંચ લરી :તેમાં શ્રી સ્વામિનીજી, શ્રી યમુનાજી, શ્રી ચંદ્રાવલીજી અને કુમારિકાઓ તથા બધી શ્રી સ્વામિનીજીઓનો ભાવ છે.

સાત લરી :તેમાં રાજસી, તામસી અને સાત્ત્વિકી મળી ત્રણ અને ચાર યૂથપતિની મળી સાતનો ભાવ છે.

નવ લરી :તેમાં નવ પ્રકારના ભક્તોનો ભાવ છે.

તેર લરી :તેમાં ભક્તના અંગના ભાવ અને મુખ્ય શ્રી સ્વામિનીજી તથા શ્રી યમુનાજીનો ભાવ છે.

એકવીસ લરી :તેમાં દસ પ્રકારના ભક્ત શ્રુતિરૂપાના અને નવ પ્રકારના ભક્ત કુમારીકાના અને સાત્ત્વિકી અને રાજસી મળી એકવીસ પ્રકારનો ભાવ જાણવો.

વનમાળા :આ બધી માળાઓ પછી છેલ્લે શ્રીકંઠની ચરણારવિંદ સુધીની માળા આવે છે. તેને વનમાળા કહે છે. તેમાં તુલસી, અનેક પ્રકારનાં ફૂલો, બધી જ સ્વામિનીજી, શ્રી યમુનાજી, સખી સહચરી અને દૂતી સૌનો ભાવ છે. શ્રી ઠાકોરજી ભ્રમર સ્વરૂપે બધા ભક્તોના રસનો અનુભવ લે છે.

તુલસીની માળા :તેમાં શ્રી સ્વામિનીજીના શ્રીઅંગની સુગંધનો પ્રભુ અનુભવ કરે છે.

કમળની માળા :તેમાં શ્રીસ્વામિનીજીના હૃદયનો ભાવ છે. તે શ્રી ઠાકોરજીના હૃદય ઉપર રહી, પ્રભુના હૃદય સાથે શ્રી સ્વામિનીજીના હૃદયના મિલનનો ભાવ બતાવે છે.

ફૂલોની માળાઓ : પીળી ચમેલીની માળા શ્રી સ્વામિનીજીના શ્રીઅંગનો વર્ણ છે. ધોળી ચમેલીની માળામાં શ્રી ચંદ્રાવલીજીના શ્રીઅંગનો ભાવ છે. મોગરાના ફૂલની માળા શ્રી ચંદ્રાવલીજીના હાસ્યયુકત દંત-પંકિત ના ભાવ રૂપ છે. ચંપાના ફૂલની માળામાં કુમારીકાઓનો ભાવ છે. ગુલાબના ફૂલની માળા શ્રી સ્વામિનીજીના હાસ્યના ભાવની છે. સર્વે ફૂલોમાં વિવિધ વ્રજભક્તોનો ભાવ છે.

શ્રીહસ્તની આંગળીઓમાંની રત્નજડિત દશ વીંટીઓ : એ દશધા ભક્તો છે. તેથી જ્યારે શ્રી ઠાકોરજી મુરલી વગાડે છે ત્યારે એ વીંટીરૂપ દશધા ભક્તો શ્રી ઠાકોરજીના કપોલને સ્પર્શ કરે છે.

દશ નખચંદ્ર : શ્રી ઠાકોરજીની દશ આંગળીઓ પર રહેલાં દશ નખ છે તે દશ ચંદ્રરૂપ છે. તેમના પ્રકાશથી ભક્તના હૃદયમાં રહેલ કુભાવરૂપ અંધકારનો નાશ થાય છે. તેમજ ભક્તના હૃદયમાં શીતળતા થાય છે.

શ્રીહસ્તનાં કંકણ : તે શ્રી સ્વામિનીજી સાથે વિવાહ કર્યા ત્યારે પોતાના જડિત કંકણ પહેરાવ્યા છે, તેવો ભાવ છે.

જડાઉ પોંચી : તેમાં શ્રી યમુનાજીનો ભાવ છે.

મોતીની પોંચી : તેમાં શ્રી ચંદ્રાવલીજીનો ભાવ છે.

સોનાનાં કડા : તેમાં શ્રી કુમારીકાઓનો ભાવ છે.

મુરલી : મુરલીમાં સાત રંધ્ર (છિદ્ર) છે. તેમાં સૌથી પ્રથમ મુખ્ય છિદ્ર શ્રી સ્વામિનીજીને રસપાન કરાવવા માટે છે. પછીના છ છિદ્ર છે, તેમાં પ્રથમ શ્રી ચંદ્રાવલીજીને રસપાન કરાવવા માટે, બીજુ સોળ હજાર અગ્નિ કુમારીકાઓને રસપાન કરાવવા માટે, ત્રીજુ ગાયોને રસશ્રવણ માટે, ચોથુ શ્રીગોવર્ધનને રસપાન કરાવવા માટે, પાચમું બધાં પશુપક્ષીઓને રસપાન કરાવવા માટે, છઠ્ઠું દેવતાઓને રસપાન કરાવવા માટે છે. અને વ્રજનાં સર્વ લતા, વૃક્ષો, ઔષધિ અને ભૂમિને રસપાન કરાવવા માટે મુરલીનો સુર છે. વેણુમાં પોલાણ છે તે એમ બતાવે છે કે જે રીતે તે પોલાણ દ્વારા શ્રી ઠાકોરજીએ અધરામૃત રસ વ્રજમાં રેલાવ્યો તેમ વેણુરૂપી ભક્તોના હૃદયમાં રહેલી દેહ સંબંધી તથા અન્ય સાંસારિક વાસનાઓ છુટી ને મન ભગવદ્‌રસમાં લીન થઈ જાય, ત્યારે તેને વેણુની પેઠે અધરામૃત રસની પ્રાપ્તિ થઈ જાય છે.

અધરપર ધરેલી મુરલી : તેમાં શ્રી સ્વામિનીજીનો ભાવ છે.

શ્રીહસ્તમાં ધરેલી મુરલી : તેમાં શ્રી કુમારીકાઓનો ભાવ છે.

ચિબુક : હડપચીનું ભૂષણ છે, તે વહી રહેલાં અધરામૃત રસનું બિન્દુ છે. તે શ્રી ચંદ્રાવલીજી સ્વરૂપ છે.

નકવેસર : શ્રી સ્વામિનીજી તથા શ્રી ચંદ્રાવલીજી ઉભયના ભાવરૂપ છે. વેસરમાં એક મોતી અને સોનું છે. તે સોનું શ્રી સ્વામિનીજીના ભાવથી છે અને મોતી શ્રીચંદ્રાવલીજીના ભાવથી છે.

તિલક : કેસરી તિલક શ્રી સ્વામિનીજીના ભાવથી છે. પ્રસાદી કુમકુમનું તિલક વિરહતાપ નિવારણ કરે છે. કસ્તુરીનું તિલક શ્રી યમુનાજીના ભાવથી છે. રત્નજડિત જડાઉ તિલક શ્રી ચંદ્રાવલીજી સાથે સૌ શ્રુતિરૂપાના ભાવથી છે. ગોરોચનનું તિલક સોળ હજાર અગ્નિકુમારીકાઓના ભાવથી છે. અને તિલકમાં શ્રી સ્વામિનીજીના ચરણારવિંદનો ભાવ પણ માનેલો છે.

કુંડલ : શ્રી ઠાકોરજીના કર્ણોમાં મકરાકૃતિ તથા મયૂરાકૃતિ કુંડલો હોય છે. મકર-મગર-મત્સ્ય તે જળમાં રહે છે. તેથી મકરાકૃતિ કુંડલ રસ રૂપ છે. અને મયુરાકૃતિ કુંડલ છે તે મયૂરની માફક વ્રજવાસીઓને રસપ્રાપ્તિ કરાવવાનો ભાવ બતાવે છે. વળી કુંડલમાં સાંખ્ય અને યોગનો ભાવ પણ છે.

મોતીની સેર : અલકાવલીમાં મોતીની સેર ગૂંથેલી છે. તે શ્રી ચંદ્રાવલીજીએ પ્રભુને પોતાના બંદીવાન (કેદી) કરી કેશમાં બાંધી લીધા છે, તેવા ભાવથી છે.

પાગ : શ્રી યમુનાજીના ભાવથી છે. અને મુકુટમાં શ્રી સ્વામિનીજીનો ભાવ છે. તેથી શ્રી સ્વામિનીજીરૂપ શ્રી આચાર્યજી મોરપીંછનો મુકુટ કરી અને ચંદ્રિકાનો મુકુટ કરી, શ્રી ઠાકોરજીને નિત્ય ધરાવે છે.

કુલ્હે : શ્રી ચંદ્રાવલીજીના ભાવથી ધરાય છે. કેમ કે ઉત્સવના બધા શૃંગાર શ્રી ગુસાંઈજીએ પ્રગટ કર્યા છે. તેથી ઉત્સવની રીતના વાગા વસ્ત્ર વગેરે શ્રી ચંદ્રાવલીજીરૂપ છે.

સેહરા : શ્રી કુમારિકાઓના ભાવથી છે કારણ કે તેમણે કાત્યાયની વ્રત કરી દેવીનું પૂજન કરી પ્રભુને પતિભાવથી પ્રાપ્ત કરવા કામના કરી હતી.

ટોપી : શ્રી યશોદાજીના ભાવથી છે.

ટિપારો : તામસી ભક્તોના મદ અને માનને મર્દન કરવાના ભાવથી છે.

દુમાલો : તેમાં રાજસી ભક્તોનો મનોરથ છે.

ફેંટો : સાત્ત્વિક ભક્તોના ભાવથી ધારણ કરે છે.

વેણી : શ્રી સ્વામિનીજીનો પ્રસાદ છે.

સિરપેચ : તેમાં શ્રી કુમારીકાઓનો ભાવ છે.

કલગી : સોનાની કલગી શ્રી કુમારીકાઓના ભાવથી, મોર પંખની કલગી શ્રી સ્વામિનીજીના ભાવથી પ્રભુ ધારણ કરે છે.

તુર્રા : શ્રી યમુનાજીના ભાવથી શ્રી ઠાકોરજી ધારણ કરે છે.

ચંદ્રિકા : એક ચંદ્રિકા શ્રી સ્વામિનીજીના ભાવથી, ત્રણ ચંદ્રિકા રાજસી, તામસી અને સાત્ત્વિક ભક્તોના ભાવથી અને પાંચ ચંદ્રિકા ચાર યૂથપતિ શ્રી સ્વામિનીજી તથા લલિતા વગેરે બધા વ્રજભક્તોના ભાવથી પ્રભુ ધારણ કરે છે. સર્વ શૃંગારમાં શ્રી યમુનાજીનો ભાવ તો છે જ.

દર્પણ : શ્રી સ્વામિનીજીના શ્રીઅંગનું પ્રતિબિંબ છે. તેથી શ્રી સ્વામિનીજીના શ્રીઅંગમાં શ્રી ઠાકોરજીનું શ્રીઅંગ પ્રતિબિંબત થયેલું જણાય છે. તે જોઈ પ્રભુ અતિ પ્રસન્ન થાય છે.

ચરણસ્પર્શ : શ્રી ઠાકોરજીના ચરણારવિંદ ભક્તિનું સ્વરૂપ છે. તેમના સ્પર્શથી સાક્ષાત ભક્તિ પોતે જ હૃદયમાં પ્રવેશ કરે છે અને મન આનંદમાં રહે છે.

ગોદોહન : ઘેર ઘેરથી શ્રી સ્વામિનીજીઓ ગાય દોહવાને બહાને દોહણી લઈ ખિરકમાં આવે છે. અને શ્રી ઠાકોરજીના પધારવાની રાહ જોઈ રહી છે. પ્રભુ ત્યાં પધારી અનેક રૂપ ધરી એકી સાથે બધાની ગાયો દોહી આપે છે અને સૌને આનંદનું દાન કરે છે.

પલના : (૧) શ્રી યશોદાજીના ભાવથી બાલસ્વરૂપે પ્રભુ પલનામાં ઝૂલે છે. (૨) શ્રી કુમારીકાઓના પતિ ભાવથી હીંડોળાખાટ ઉપર પધરાવી વિહાર કરાવે છે. (૩) શ્રી સ્વામિનીજીના ભાવથી શ્રીગુસાંઈજીએ કહ્યું છે કે **'પ્રેંખ પર્યંક શયનં'**, તે પ્રમાણે શ્રી સ્વામિનીજીઓના વિરહતાપને દૂર કરે છે. અને માનમોચન પણ કરે છે. **પલનામાં ત્રણ સફેદી ઉપર ચાદર બિછાવાય છે. તેમાં નીચેની સફેદી શ્રીયમુનાજીના ભાવની, વચ્ચેની શ્રી ચંદ્રાવલીજીના ભાવની અને ઉપરની ત્રીજી કુમારિકાઓના ભાવની છે. તેમજ ચાદર શ્રી સ્વામિનીજીના હૃદયના ભાવની છે.**

ખિલોના : કોયલ તે શ્રી સ્વામિનીજીનું ગાન છે. ફિરકી શ્રી ચંદ્રાવલીજીનું નૃત્ય છે. પપૈયા શ્રી કુમારિકાઓના ભાવરૂપ છે. હાથી, ઘોડા, વાઘ, સિંહ, હરણ વગેરે ભયાનક રૂપ પુષ્ટિ ભક્તોના ભાવથી છે. કારણકે લીલાના સંબંધથી એ બધાં પુષ્ટિભક્તોને રસાત્મક સુખરૂપ છે. શુક, મેના, કબુતર, કોયલ, બતક, કુકરી વગેરે પક્ષીગણ શ્રી સ્વામિનીજીના નિંકુજ સંબંધી છે. તે સુંદર મધુર વચન બોલે છે. અને વિરહની ઉત્કંઠા જગાડે છે. પાણીના જીવ મગર, માછલી, કાચબા, ચકલા, બગલા, સારસ, હંસ, પડવી વગેરે વિહાર લીલાનો રસ ઉત્પન્ન કરે છે.

રાજભોગ : તેમાં રીતિ અને વિપરીત એમ બે પ્રકારનો ભાવ છે. (૧) સિંહાસન આગળ ભોગ અરોગાવે ત્યાં ભક્તો આવીને ભગવદ્‌રસનો અનુભવ કરે છે. તે રીતિ પ્રકાર છે. (૨) ભોગ મંદિરમાં પધારી શ્રી ઠાકોરજી ભોગ અરોગે છે એ વિપરિત રમણ છે. અહીં ભક્તાધિન લીલા છે.

ધૂપદીપ : શ્રી સ્વામિનીજીના મુખારવિંદની સુગંધથી દશેદિશા મઘમઘી રહે અને કોઈપણ દુર્ગંધ ન આવે તેવો ભાવ ધૂપનો છે. દીપક દષ્ટિકોણ નો નિવારક છે. તેમજ ત દ્વારા સોળ હજાર કુમારિકાઓ પોતાના હૃદય વિરહને શ્રી ઠાકોરજી પર ન્યોછાવર કરે છે.

તુલસી : (૧) અન્ય સંબંધના દોષની નિવૃતિ અર્થે ભોગ ધરાવતાં પહેલાં સામગ્રીમાં તુલસી પધરાવાય છે. (૨) તુલસીમાં શ્રી સ્વામિનીજીના શ્રીઅંગની સુગંધ હોવાથી તે સામગ્રી શ્રી ઠાકોરજીને અરોગવા લાયક બને છે. માટે પંચાક્ષર મંત્ર બોલતાં ભોગ સામગ્રીમાં તુલસી ધર્યા બાદ પ્રભુને ભોગ ધરવો.

ખંડ : (સિડી-નિસરણી) તેમાં ત્રણ સીઢી છે. પ્રથમ તે ગોપ-ભાર્યા શ્રી ચંદ્રાવલીજી, વચ્ચેની તે કુમારિકાઓના ભાવની અને ત્રીજી શ્રી ઠાકોરજીની નજીક તે શ્રી યમુનાજીના ભાવથી છે. તે ત્રણે પર રૂની ગાદી બિછાવાય છે. તે ત્રણ ભક્તોના હૃદયરૂપ છે.

ચૌપટ : હાથીદાંતની ચૌપટ શ્રી યમુનાજીના ભાવની, લાકડાની ચૌપટ શ્રી અગ્નિકુમારિકાઓના ભાવની છે. શેતરંજ અને વાઘ બકરી છે તે ચાર યૂથપતિના ભાવથી છે. તેમાં શ્રી સ્વામિનીજી અથવા કેટલાક ને મતે શ્રી લલિતાજીનો ભાવ છે. સોગઠાં ૧૬ છે તે એક એક ઘરમાં ચાર ચાર છે. ચાર ઘર તે જુદાં જુદાં નિકુંજ છે. દરેક ઘરમાં (૨૪) ચોવીસ કોઠા છે તે ભક્તનાં બાર અંગ તથા શ્રી ઠાકોરજીનાં બાર અંગની ભાવનાના છે. અથવા ચોવીસ નિકુંજરૂપ સુંદર મંદિર છે. કુલ છન્નું કોઠા છે. તેમાં ચોર્યાસી કામશાસ્ત્રના આસન અને બાર બધા મહિનાની નિત્ય લીલાનો ભાવ પણ સૂચવે છે. વચલું ઘર તે નંદાલય છે. શ્રી ઠાકોરજીની સાથે શ્રી નંદરાયજી તથા શ્રી યશોદાજી બિરાજે છે. પાસાત્રણ છે. તે સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવ સૂચક છે. દરેક પાસામાં ચૌદ અંક છે. તે સંપૂર્ણ ચૌદ વિદ્યા છે. ત્રણે પાસામાં શ્રી યમુનાજી છે. પણ બે પાસામાં શ્રી સ્વામિનીજી તથા શ્રી ઠાકોરજી

યુગલ સ્વરૂપ છે અને ત્રીજા પાસામાં વ્રજવાસી સર્વે સ્વામિનીજી આવેલા છે. એમ ત્રણ પાસામાં બેતાલીસ આંક છે. શ્રી ઠાકોરજી સોળ કલા અને દશ પ્રકારના ભક્ત ભાવથી ચૌપટ ખેલે છે.

વાઘબકરી : તે સોળ હજાર અગ્નિકુમારિકાઓના ભાવથી છે. શ્રી યમુનાજી તો ભક્તોના મનોરથની અંદર છે. બકરી સોળ છે અને વાઘ બે કે એક છે. જ્યારે ભક્ત શ્રી ઠાકોરજીને વશ કરે છે ત્યારે શ્રી ઠાકોરજી બકરીની સમાન ભક્તની આજ્ઞાનુસાર વર્તે છે. ત્યાં ભક્તો વિપરિત સ્મરણ કરે છે. કોઈવાર શ્રી ઠાકોરજી ભક્તોને પોતાને વશ કરે છે. ત્યારે ભક્તો બકરી સમાન વર્તે છે. સોળ બકરી તે ચાર યૂથપતિના ભાવથી છે. બે વાઘ તે શ્રી સ્વામિનીજી તથા શ્રી ચંદ્રાવલીજી બંને રૂપ છે.

તાળું : મંદિરનું તાળું એ સ્વામિનીજીના હાથની મુઠ્ઠીની ભાવના છે. શ્રી સ્વામિનીજીએ પોતાની મુઠ્ઠીરૂપ તાળાની અંદર શ્રી ઠાકોરજીને બાંધી ને પોતાને વશ કરી લીધાં છે.

વૈષ્ણવો : શ્રી ઠાકોરજીનું સ્વરૂપ છે. તેમને પ્રસાદ લેવડાવ્યા પછી પ્રસાદ લેવાથી તેમની જૂઠણ કહેવાય છે. આવી જુઠણ લેવાથી હૃદય શુધ્ધ થાય છે અને દાસધર્મ આવે છે.

માન : શ્રી ઠાકોરજીના શોભાયમાન શરીરમાં શ્રી સ્વામિનીજી પોતાનું સ્વરૂપ જોઈ, એ કોઈ બીજી નાયિકા છે એમ જાણી માન કરે છે. અને કોઈપણ શ્રી ચંદ્રાવલીજીને જોઈને હૃદયમાં માન કરે છે.

નિકુંજ : ત્યાંના હંસ વગેરે પક્ષીઓ શ્રી સ્વામિનીજીના ચરણકમલમાંથી પ્રગટયા છે. સિંહ વગેરે પશુઓ આપના શરીરથી પ્રગટ્યાં છે અને ભ્રમર, માછલાં તથા ખંજન તથા મૃગ આપના નેત્રોથી પ્રગટ થયાં છે. શ્રી સ્વામિનીજીની કૃપા વિના કોઈનો નિંકુજમાં પ્રવેશ થઈ શકે નહી.

પુલિન્દીજી : શ્રી ગિરિરાજમાં રહેનારી ભીલની સ્ત્રીઓ છે. તેમને નિકુંજના દ્વારે શ્રી ઠાકોરજીના દર્શન થાય છે. ત્યારે તેમનામાં અલૌકિક કામ ઉત્પન્ન થાય છે. તેથી તેઓ ત્યાં ઘાસમાં પડેલાં યુગલ સ્વરૂપના ચરણકમળના કુમકુમને લઈ પોતાના મુખે લગાવી તેમના તાપને દૂર કરે છે.

શ્રી ગિરિરાજજી : પુષ્ટિભક્તોમાં મુખ્ય ભક્ત છે. તે પોતાનાં સર્વ અંગો વડે શ્રી ઠાકોરજીની સેવા કરે છે. પ્રભુને શય્યા માટે શિલા તથા ગુફા, પીવા માટે ઝરણાંના જળ, ભોજન માટે વનફળ, આશ્રય માટે તરૂછાયા વગેરે આપે છે. તેમનાં આઠ દ્વાર છે. ત્યાં અષ્ટસખાઓ નિવાસ કરીને રહે છે. અને જે સેવાની જરૂર હોય તેવો ભાવ ધારણ કરે છે.

શ્રુતિરૂપાકુમારિકા : એ વેદની પુષ્ટિશ્રુતિઓ છે અને અષ્ટપ્રહર સાધનપરાયણ રહે છે. તીતર પક્ષીરૂપે પ્રભુ કૃપાથી વ્રજભક્તોનાં દર્શન થતાં તેમણે વ્રજભક્તો સમાન સુખ માગવાથી પ્રભુએ તેમને એ સુખનું વરદાન આપ્યું હતું, તે વ્રજમાં ગોપભાર્યાઓ થઈ હતી. અને શરદ ઋતુ માં રાસરમણનું સુખ પામી હતી.

અગ્નિકુમારીકા : બ્રહ્માજીથી સોળ હજાર ઋષિકુમારો પ્રગટ થયા અને ભગવત્પ્રાપ્તિ માટે તપશ્ચર્યા કરવા લાગ્યાં. જ્યારે ભગવાન રામચંદ્રજી વનવાસમાં પધાર્યા હતા ત્યારે તેમણે એમની પાસે કામિની ભાવે રમણની પ્રાર્થના કરી હતી. તે શ્રી રામચંદ્રજીના વરદાનથી સારસ્વત કલ્પમાં ગૌડ દેશમાં સોળ હજાર કન્યાઓ થયા અને શ્રી નંદરાયજી તેમને પોતાને ઘેર લાવ્યા હતા. કાત્યાયની વ્રત દ્વારા એ ભગવાનની પ્રસન્નતા પામ્યા. તેમને વસ્ત્રહરણ દ્વારા અંગીકાર કરી, શરદઋતુના રાસમાં સુખ આપ્યું હતું.

શ્રી...સન્મુખ સાંઝી ભરવાની વિગત

આ સાંઝી ભાદરવા સુદિ પૂનમથી ભાદરવા વદિ અમાસ સુધી શ્રી...સન્મુખ ભોગ સંધ્યાથી બીજે દિવસે સવારે મંગલા આરતી સુધી વ્રજયાત્રાના ક્રમ મુજબ આવે.

પૂનમ : **મધુવન-કુમુદવન**
એકમ : **શાંતનકુંડ-બહુલાવન**
બીજ : **રાધાકુંડ-દાનઘાટી**
ત્રીજ : **ચંદ સરોવર-આન્યોર**
ચોથ : **જતીપુરા-ગુલાલકુંડ**
પાચમ : **કામવન-શ્રીકુંડ**
છઠ : **બરસાના-ગહેવરવન**
સાતમ : **નંદગામ-સંકેતવન**
આઠમ : **કોટવન - શેષસાઈ**
નોમ : **ચિરઘાટ - બચ્છવન**
દસમ : **વૃંદાવન-બંસીબટ**
એકાદશી : **મહાવન-બ્રહ્માંડ ઘાટ**
દ્વાદશી : **ગોકુલ-રમણરેતી**
તેરસ : **મથુરા-વિશ્રામઘાટ**
ચૌદશ : **કલ્પવૃક્ષ-કામધેનુ**
અમાવસ : **કોટની આરતી**

સાંઝી સમાપ્તી

* * *

અલંકારો રત્નોની ઓળખ માટે ટૂંકી વિગત

હીરા : હીરા કઠણ, સફેદ તથા ચમકદાર હોય છે. પ્રકાશનાં કિરણો પડતાં તે ઝગમગી ઉઠે છે. હીરા વિશ્વાસુ ઝવેરી પાસેથી ખરીદવા.

નીલમ : તેનો રંગ આસમાની ભૂરો હોય છે. શ્રેષ્ઠ નીલમ ડાઘ વગરનો, સ્વચ્છ ચમકદાર હોય છે. તેને સ્વચ્છ પાણીમાં રાખવાથી નીલમના રંગના કિરણો દેખાય છે. અસલી નીલમ સૂરજના પ્રકાશમાં ઝળહળે છે.

માણેક : ઘેરા ગુલાબી રંગનો લાલાશ પડઘો હોય છે. માણેકની કસોટી ગાયના દૂધમાં નાંખી કરવામાં આવે છે. દૂધનો રંગ ગુલાબી દેખાવા લાગે તો સમજવું કે તે અસલી માણેક છે. માણેક થોડો ચીકાશ પડતો, વજનદાર તથા સખત હોય છે.

મોતી : સમુદ્રમાંથી નીકળેલું હોય તે અસલી મોતી. મોતી ઘણા પ્રકારના હોય છે. સફેદ, ડાઘ વગરના ચમકતા મોતી અસલી મોતી હોય છે. હાલ પ્લાસ્ટીકના મોતી પણ ઉપલબ્ધ છે. અસલી મોતી વિશ્વાસુ ઝવેરી પાસેથી ખરીદવા.

પન્ના : લીલા રંગનું હોય છે. પાણીમાં પલાળવાથી લીલા રંગના કિરણો દેખાવા લાગે તો સમજવું કે તે અસલી છે. સફેદ સ્વચ્છ કપડા ઉપર રાખવાથી પન્નાની લીલા રંગની ઝાંઇ પડે છે.

મૂંગા : કેસરિયો તથા લાલ રંગના મિશ્રણ જેવા રંગનો હોય છે. દેખાવમાં ચમકદાર તથા વજનમાં ભારે તેમજ પથ્થર જેવો સખત હોય છે. તેમાંથી કિરણો નીકળતા હોતા નથી. દૂધમાં રાખવાથી આછા લાલ રંગની ઝાંઇ પડે છે. અસલી મૂંગા ઉપર પાણીનું ટીપું નાંખવાથી પાણી સરી જતું નથી.

પોખરાજ : પોખરાજનો રંગ પીળો હોય છે. તે ચીકણો, પારદર્શક તથા ચમકદાર હોય છે. તેને દૂધમાં ડુબાડી રાખવાથી તેની ચમક જળવાઇ રહે છે.

લસૂણિયા : તે આસમાની તથા સફેદ મિશ્રિત રંગનો હોય છે. તેમાંથી કિરણો નીકળતા નથી. તે ચીકણા પથ્થર જેવો અને તેના આકારની અપેક્ષા કરતાં વજનમાં હલકો હોય છે.

ગોમેદ : કથ્થઇ તથા પીળા રંગના મિશ્રણ ધરાવતા રંગનો હોય છે. તે ચમકતો નથી. પ્રથમ નજરે તે રંગીન પથ્થર જેવો દેખાય છે. તેને જોતા વજનદાર હશે તેવી અનૂભુતિ થાય છે પરંતુ પ્રમાણમાં હળવો હોય છે.

* * *

અધિકમાસ (પુરૂષોત્તમ માસ)ની વિગત

અધિકમાસમાં વર્ષ દરમ્યાન આવતા દરેક ઉત્સવો થઈ શકે. પરંતુ કયો માસ અધિક છે તે માસની ઋતુ અનુસાર મનોરથ- ઉત્સવો મનાવવા જોઈએ.

જેમ કે,

શીતકાલમાંપ્રબોધીની પછી અધીકમાસ હોય તો ઋતુ અનુસાર વસ્ત્ર કીન- ખાબના આવે, ગરમ અંગીઠી યથાવત ચાલુ રહે, જલ અને ફુલના મનોરથ થાય નહીં.

ઉષ્ણકાલમાંહોય તો અક્ષયતૃતીયા પછી આછા મલમલના તેમજ આછા રંગના, નેટની કીનારીવાળા વસ્ત્ર આવે. શૃંગાર મોતીના, છીપના, પડાના આવે, ઉષ્ણકાલમાં મનોરથ દરેક થઈ શકે.

અધિકમાસ ફાગણમાં હોય તો વસંતના ખેલના વસ્ત્રો શૃંગાર રહે. વિશેષ પ્રકારે ખેલના મનોરથ થાય. તેમના કુંજના, શ્રી યમુનાજીના ખેલના, વનખેલ, શ્રી ગીરીરાજ ખેલ, કુંડ ઉપર ખેલ તેમજ ડોલના મનોરથ થાય. જલના મનોરથ થાય નહીં.

અધિકમાસ આસોમાં હોય તો બધા મનોરથ થાય.

અધિમાસમાં શ્રી મસ્તકનો શૃંગાર ઉત્સવ પ્રમાણે આવે. આભરણ શ્રીમસ્તકના તથા શ્રીકંઠના ઋતુ અનુસાર આવે. જેમકે ઉષ્ણકાલમાં અધિકમાસ હોય તો છીપ અને મોતીના શૃંગાર આવે. પરંતુ સોનાના- રત્નજડીત- જડાઉ શૃંગાર ન આવે.

ઉત્સવોના નિર્ણય

એકાદશી નિર્ણય : જો એકાદશીના દશમ પંચાવન ઘડી હોય તો તે એકાદશી ન કરવી. પરંતુ જો એક પલમાત્ર પંચાવન ઘડીમાં ઓછી હોય તો તે એકાદશી ન છોડવી એટલે કે એકાદશીનું વ્રત અવશ્ય કરવું. ઉપર મુજબ શ્રી કલ્યાણરાયજીએ એકાદશીના નિર્ણયમાં આજ્ઞા કરી છે. શાસ્ત્રીજી (જયોતિષી) પાસે ન હોય અને વેધનો સન્દેહ મનમાં રહેતો હોય તો શુધ્ધ બારસને દિવસે વ્રત કરવું. જો બે એકાદશી હોય તો બીજી એકાદશીને દિવસે વ્રત કરવું. બારસ હોય તો અને શુધ્ધ એકાદશી હોય તો પણ પ્રથમ બારસના દિવસે વ્રત કરવું.

જન્માષ્ટમી નિર્ણય : શ્રાવણ વદ અષ્ટમી જન્માષ્ટમી. આ અષ્ટમી, સપ્તમી વિદ્ધા ન લેવી. સપ્તમીનો વેધ સૂર્યોદયથી લેવો. એકાદશીની જેમ પંચાવન ઘડીનો વેધ ન લેવો. સાતમી વિદ્ધા હોય તો ઉદ્યાત્ (ઉદય પામતી તિથી) અષ્ટમીના ઉત્સવ મનાવવો. અને જો સપ્તમીનો ક્ષય હોય તો શુધ્ધ નવમી તે દિવસે ઉત્સવ મનાવવો. જો અષ્ટમી બે હોય તો પ્રથમ અષ્ટમીને દિવસે ઉત્સવ મનાવવો.

(વિદ્ધા તિથી એટલે કોઈપણ તિથીનો ક્ષય અથવા વૃધ્ધિ થતી હોય, તેના માટે આગળની આવતી તિથી જેમાં ક્ષયા અથવા વૃધ્ધિ તિથીનો સ્પર્શ થતો હોય તેનું નામ વિદ્ધા તિથી કહેવાય. જેમ કે, બે આઠમ હોય તો વ્રતના નિયમ પ્રમાણે સૂર્યોદય વ્યાપિની અથવા તો ઉદ્યાત્ તિથી ગ્રહણ કરાય, તે તિથી બીજા દિવસે સૂર્યોદય પછી પણ હોય તો બીજા દિવસે વ્રતમાં લેવાય. આ ઉત્સવ નિર્ણયમાં ઘણી જગ્યાએ તિથીનો ક્ષય હોય તો વિદ્ધા તિથી લેવી એમ જણાવ્યું છે તો ઉપર મુજબ અર્થ સમજવો.)

રાધાષ્ટમી નિર્ણય : ભાદરવા સુદ અષ્ટમી, રાધાષ્ટમી, આ અષ્ટમી ઉદ્યાત્ લેવી. બે અષ્ટમી હોય તો પ્રથમ અષ્ટમી તે દિવસે ઉત્સવ મનાવવો. અષ્ટમીનો ક્ષય હોય તો વિદ્ધા અષ્ટમીને દિવસે ઉત્સવ મનાવવો.

દાન એકાદશીનો નિર્ણય : ભાદરવા સુદ એકાદશી-દાન એકાદશી. આ એકાદશીનું વ્રત કરવું. દાનનો ઉત્સવ મનાવવો. વ્રતનો પ્રકાર પ્રથમ એકાદશી નિર્ણયમાં લખ્યો છે. આ ઉત્સવ કેટલાક ઉદ્યાત્ એકાદશીના મનાવે છે અને એકાદશીનો ક્ષય હોય તો વિદ્ધા એકાદશીને દિવસે મનાવાય છે. પરંતુ મુખ્ય પક્ષ વ્રતને દિવસે ઉત્સવ કરવો એજ છે.

વામન દ્વાદશી નિર્ણય : ભાદરવા સુદ દ્વાદશી, વામનદ્વાદશી-વામન જયંતી. બારસનો મધ્યભાગ લેવો. મધ્યાન્હનું લક્ષણ, જેટલી દિવસની ઘડી હોય તેનો બરાબર મધ્યભાગ તે મધ્યાન્હ કહેવાય. આ મુખ્ય પક્ષ છે. જેટલી દિવસની ઘડી હોય તેના પાંચ ભાગ કરવા. તેમાં ત્રીજો ભાગ મધ્યાન્હનો, તેમા જે ઘડી આવે તે કાલને મધ્યાન્હ કાલ કહેવાય. આ બીજો પક્ષ છે.

એકાદશીને દિવસે વિષ્ણુ-શ્રૃંખલાયોગ હોય તો એકાદશીને દિવસે આ ઉત્સવ મનાવવો. વિષ્ણુ શ્રૃંખલાયોગનો પ્રકાર, એકાદશીમાં શ્રવણ નક્ષત્ર બેસે અને બારસ પણ શ્રવણ નક્ષત્રમાંજ આવે આ યોગનું નામ વિષ્ણુ શ્રૃંખલાયોગ છે. આ યોગ એકાદશીને દિવસે સૂર્યોદયથી લઈને સૂર્યાસ્ત સુધી રહેતો હોય તો એકાદશીને દિવસે ઉત્સવ મનાવવો. રાત્રિમાં આ યોગ આવતો હોય તો ઉપયોગી નહીં. એકાદશીને દિવસે વિષ્ણુ શ્રૃંખલા યોગ ન હોય, કેવલ શ્રવણ નક્ષત્ર હોય અને બારસને દિવસે શ્રવણ નક્ષત્ર ન હોય તો પણ એકાદશીને દિવસે ઉત્સવ મનાવવો. વિદ્ધા એકાદશીને દિવસે શ્રવણ નક્ષત્ર હોય તો તે દિવસે આ ઉત્સવ ન મનાવતા બારસને દિવસે મનાવવો. બે દિવસ શ્રવણ નક્ષત્ર હોય અને બારસના મધ્યાન્હ સમયના વિષે બે દિવસ આવતા હોય તો, એકાદશીને દિવસે ઉત્સવ મનાવવો. મધ્યાન્હ સમયે કોઈ દિવસ બારસ ન આવતી હોય તો પણ એકાદશીના ઉત્સવ મનાવવો. જો એકાદશી તથા બારસના બે દિવસ શ્રવણ નક્ષત્ર હોય તો બારસના દિવસે ઉત્સવ મનાવવો અને બે બારસ હોય તો પહેલી બારસના દિવસે શ્રવણ નક્ષત્ર હોય તો પહેલી બારસના ઉત્સવ મનાવવો અને બીજી બારસના દિવસે શ્રવણ નક્ષત્ર હોય તો તે દિવસે ઉત્સવ મનાવવો અને જો બન્ને બારસના શ્રવણ નક્ષત્ર હોય તો જે દિવસે મધ્યાન્હ સમયે શ્રવણ નક્ષત્રની વ્યાપ્તિ હોય તે દિવસે ઉત્સવ મનાવવો. જો બન્ને દિવસ શ્રવણ નક્ષત્ર હોય પરંતુ મધ્યાન્હ વ્યાપ્તિ બન્ને દિવસે ન હોય તો જે દિવસે ઉદ્યાત્ શ્રવણ નક્ષત્ર હોય તે દિવસે ઉત્સવ મનાવવો.

નવરાત્રિ પ્રારંભ નિર્ણય : આસો સુદિ એકમથી નવરાત્રિનો પ્રારંથ થાય. એકમ ઉદ્યાત્ લેવી. બે એકમ હોય તો પ્રથમ એકમ લેવી. જો એકમનો ક્ષય હોય તો વિદ્ધા એકમ લેવી.

વિજયા દશમી નિર્ણય : (દશેરા) આસો સુદ દશમી વિજયા દશમી. દશમી સંધ્યાકાલ વ્યાપિની લેવી. દશમી બે પ્રકારની છે. એક શ્રવણયુક્ત દશમી અને બીજી શ્રવણરહિત દશમી. તેમા શ્રવણ રહિત દશમી ચાર પ્રકારની છે. પહેલા દિવસે સંધ્યાકાલ વ્યાપિની બીજે દિવસે સંધ્યાકાલ વ્યાપિની, બન્ને દિવસે સંધ્યાકાલ વ્યાપિની અને બન્ને દિવસે સંધ્યકાલમાં ન હોય એવી તેમા પહેલા દિવસે સંધ્યાકાલવ્યાપિની હોય તો પહેલા દિવસે માનવી બીજે દિવસે સંધ્યાકાલ વ્યાપિની હોય તો બીજે દિવસે માનવી, જો બન્ને દિવસે સંધ્યાકાલ વ્યાપિની ન હોય તો બીજી દશમીને દિવસે દશેરા મનાવવી.

શ્રવણ નક્ષત્ર સહિત વિજયા દશમીનો પ્રકાર : પહેલા દિવસે શ્રવણ નક્ષત્રયુક્ત સંધ્યાકાલ વ્યાપિની હોય તો પહેલા જ દિવસે મનાવવી. બીજે દિવસે સંધ્યા સમયે શ્રવણ નક્ષત્રયુક્ત હોય તો બીજે દિવસે મનાવવી અને જો દશમીને દિવસે શ્રવણ નક્ષત્ર ઉદયાત્ હોય અને સંધ્યાકાલ વિષે શ્રવણનક્ષત્રની વ્યાપ્તિ આવતી ન હોય તો પણ તેજ દિવસે મનાવવી. પહેલે દિવસે સંધ્યાકાલવ્યાપિની દશમી ન હોય અને બીજે દિવસે સંધ્યાકાલથી પહેલા દશમી અને શ્રવણ નક્ષત્ર હોય અને સમાપ્ત થતા હોય તો બીજે દિવસે મનાવવી. જો સૂર્યોદય સમયે થોડી દશમી હોય અને શ્રવણનક્ષત્રની વ્યાપ્તિ હોય સંધ્યાસમય હોય તો પણ તેજ દિવસે મનાવવી.

શરદપૂર્ણિમા નિર્ણય : આસો સુદ પૂનમ. શરદપૂનમ ચન્દ્રોદય વ્યાપિની લેવી, અને જો બે દિવસ ચંદ્રોદય વ્યાપિની પૂનમ હોય તો પહેલી પૂનમ મનાવવી. જો બન્ને દિવસ ચંદ્રોદય વ્યાપિની પૂનમ ન હોય તો પણ પહેલી જ પૂનમ મનાવવી.

ધનત્રયોદશી નિર્ણય : (ધનતેરસ) આસો વદ તેરસ. તેરસ ઉદ્‌યાત્ લેવી. બે તેરસ હોય તો પહેલી મનાવવી. જો તેરસનો ક્ષય હોય તો વિદ્ધા લેવી.

રૂપ ચતુર્દશી નિર્ણય : (કાળી ચૌદશ) આસો વદ ચૌદશ. ચૌદશ ચંદ્રોદય વ્યાપિની લેવી. બે દિવસ ચંદ્રોદય વ્યાપિની હોય તો પ્રથમ ચૌદશ લેવી. બે દિવસ ચંદ્રોદય સમય અથવા અરૂણોદય સમય ચૌદશ ક્ષયને લીધે ન આવતી હોય તો વિદ્ધા લેવી. નિર્ભયરામ ભટ્ટે આ ચૌદશ સૂર્યોદય વ્યાપિની લેવી એમ લખ્યું છે.

સંવત્સરોત્સવ કલ્પલતા, ઉત્સવમાલિકા, પ્રભ્રુતિ પ્રાચીન ગ્રંથોમાં પ્રથમ લખ્યા મુજબ જ સંમત છે.

દિપોત્સવ નિર્ણય : (દિવાળી) આસો વદ અમાવસ્-દિવાળી-અમાવસ્ પ્રદોષવ્યાપિની લેવી. પ્રદોષનું લક્ષણ સૂર્યાસ્ત થવા લાગે ત્યારથી છ ઘડી રાત્રિ જાય તે કાલનું નામ પ્રદોષ કાલ. જો પહેલે દિવસે પ્રદોષ વ્યાપિની હોય તો પહેલા દિવસે દિવાળી મનાવવી. બીજે દિવસે પ્રદોષ વ્યાપિની હોય તો બીજે દિવસે મનાવવી. જો બન્ને દિવસે પ્રદોષ વ્યાપિની હોય તો પહેલે દિવસે મનાવવી અને બન્ને દિવસે પ્રદોષ વ્યાપિની ન હોય તો પણ પહેલે જ દિવસે મનાવવી.

અન્નકૂટોત્સવ નિર્ણય : કારતક સુદ એકમ અન્નકૂટનો ઉત્સવ દિવાળીને બીજે દિવસે મનાવવો. આ દિવસે અન્નકૂટ ન થઈ શકે તેમ હોય તો કારતદ સુદ પૂનમ સુધીમાં કરવો.

ભાતૃદ્વિતિયા નિર્ણય : (ભાઈબીજ) કારતક સુદ બીજ. આ બીજ મધ્યાન્હ વ્યાપિની લેવી. મધ્યાન્હનો લક્ષણ પહેલા વામન દ્વાદશીમાં લખ્યો છે અને મધ્યાન્હ વ્યાપિની ન હોય તો ઉદ્‌યાત્ હોય તે દિવસે મનાવવી.

ગોપાષ્ટમી નિર્ણય : કારતક સુદ આઠમ-ગોપાષ્ટમી આ અષ્ટમી ઉદ્‌યાત્ લેવી. બે અષ્ટમી હોય તો પહેલી લેવી. ક્ષય હોય તો વિદ્ધા લેવી.

પ્રબોધની નિર્ણય : કારતક સુદ એકાદશી-પ્રબોધની આજે વ્રત કરવું. ભદ્રારહિત સમયમાં દેવોત્થાપન કરવું. વ્રતનો પ્રકાર પ્રથમ એકાદશીના નિર્ણયમાં લખ્યો છે. ભદ્રા વિષ્ટિ અંગે પંચાંગમાં સ્પષ્ટ લખ્યું છે.

દશમીની સમાપ્તીથી લઈને બારસના આરંભ સુધી જેટલી ઘડી સિદ્ધ હોય તેના બે ભાગ કરી, તેમા બીજો ભાગ ભદ્રા જાણવો. જેમ કે અઠાવન ઘડી એકાદશી હોય તો પહેલી ઓગણત્રીસ ઘડી સારી અને બીજી ઓગણત્રીસ ઘડી ભદ્રા જાણવી.

ગિરિધરજીના જન્મોત્સવનો નિર્ણય : કારતક સુદ બારસને દિવસે શ્રી ગિરિધરજીનો જન્મોત્સવ. બારસ દ્યાત્ લેવી. બે બારસ હોય તો પહેલી બારસનો ઉત્સવ મનાવવો. જો બારસનો ક્ષય હોય તો વિદ્ધા બારસનો ત્સવ મનાવવો.

ી વિઠ્ઠલનાથ જન્મોત્સવ નિર્ણય : (શ્રી ગુસાંઇજીનો ઉત્સવ)

પોષ વદ નોમ શ્રી ગુસાંઈજીનો જન્મોત્સવ. નવમી ઉદ્યાત્ લેવી. બે નવમી હોય તો પ્રથમ નવમીનો ઉત્સવ નાવવો. નવમીનો ક્ષય હોય તો વિદ્ધા નવમીના દિવસે ઉત્સવ મનાવવો.

કરસંક્રાન્તિ નિર્ણય : મકરસંક્રાન્તિનું પૂણ્ય સંક્રાન્તિ બેસે પછી વીશ ઘડી સુધી જાણવું. તેથી સૂર્યાસ્તથી પહેલા જો સંક્રાન્તિ બેસે તો તે દિવસે પૂણ્યકાળ જે સમયે આવતો હોય તે સમયે તિલવા ભોગ ધરવો. દાન આદિ કરવું અને જો સૂર્યાસ્ત પછી સંક્રાન્તિ બેસે તો બીજે દિવસે પ્રાતઃકાલે સવારે તિલવા ભોગ ધરવો. દાન આદિ કરવું અને સંક્રાન્તિના પહેલા દિવસે ઉત્સવ મનાવવો.

વસંત પંચમી નિર્ણય : મહા સુદિ પાચમ-વસંત પંચમી-પંચમી ઉદ્યાત્ લેવી. બે પાચમ હોય તો પ્રથમ પાચમના દિવસે ઉત્સવ મનાવવો. ક્ષય હોય તો વિદ્ધા પાચમના દિવસે ઉત્સવ મનાવવો.

હોળી દંડારોપણ નિર્ણય :

મહા સુદ પૂનમ હોળી દંડારોપણ પર્વાત્મક ઉત્સવ. હોળી દંડારોપણ ભદ્રારહિત કાલમાં કરવો. સંધ્યાકાલ વિષે અથવા પ્રાતઃકાલ વિષે સાંજે ભદ્રારહિત પૂર્ણિમા ન હોય તો આવતી પાછલી રાત્રિના પ્રતિપદામાં દંડારોપણ કરવું. આ દિવસે ગ્રહણ હોય અને ગ્રસ્તોદય હોય તો ગ્રહણ છૂટયા પછી દંડારોપણ કરવું. ગ્રસ્તોદય ન હોય તો ગ્રહણ લાગ્યા પહેલા દંડારોપણ કરવું.

શ્રી શ્રીનાથજીપાટોત્સવ નિર્ણય : શ્રી નાથજીનો પાટોત્સવ. મહાવદ સાતમ. સપ્તમી ઉદ્યાત્ લેવી. બે સપ્તમી હોય તો પ્રથમ લેવી. ક્ષય હોય તો વિદ્ધા સપ્તમીનો ઉત્સવ મનાવવો. (વૈષ્ણવોએ પોતાના સેવ્ય સ્વરૂપનો પાટોત્સવ સવારના ભાગમાં ઉદ્યાત્ મીતિ મુજબ મનાવવો. બે મીતિ હોય અથવા ક્ષય હોય તો સવારના ભાગમાં પાટોત્સવની જે મીતિ હોય તે રીતે મનાવવો.

હોળી પ્રદીપન નિર્ણય : ફાગણ સુદ પૂનમ હોળીનો ઉત્સવ. પૂનમ પ્રદોષ વ્યાપિની લેવી. ભદ્રાનું વિષ્ટિનું સ્વરૂપ રક્ષાબંધનની પૂનમમાં નિર્ણયમાં લખ્યું છે. સંધ્યાકાલના વિષે સૂર્યાસ્તથી પાછળ અથવા પ્રાતઃકાલના વિષે સૂર્યોદયથી પહેલા અને જો પહેલે દિવસે આખી રાત્રિ ભદ્રા હોય તો બીજે દિવસે સાંજ પહેલા પૂનમ સમાપ્ત થતી હોય તો બીજે દિવસે સૂર્યાસ્ત પછી એકમના જ હોળી પ્રગટે. અથવા ભદ્રા બેસે પછી પાંચ ઘડી ભદ્રાનો પ્રારંભ પસાર થયા બાદ બાકીની ભદ્રામાં પ્રગટે અથવા ભદ્રા બેસે પછી પાંચ ઘડી સુધી ભદ્રાના મુખનો ત્યાગ કરી બાકી રહેતી ભદ્રાના

ભાગમાં હોળી પ્રગટે અથવા ભદ્રાની છેલ્લી ત્રણ ઘડીમાં પણ હોળી પ્રગટે. જો આ દિવસે ગ્રહણ હોય અને ગ્રસ્તોદય હોય તો ગ્રહણ છૂટે પછી હોળી પ્રગટે. ગ્રસ્તોદય ન હોય તો ગ્રહણ લાગ્યા પહેલા હોળી પ્રગટે. પરંતુ હોળી કયારેય પણ દિવસના પ્રગટે નહીં, રાત્રિનાં જ પ્રગટે. જે રાત્રિના હોળી પ્રગટે તેના પહેલા દિવસે હોળીનો ઉત્સવ મનાવવો.

ડોલોત્સવ નિર્ણય : ફાગણ સુદ પૂનમ તે દિવસે અથવા ઉતરાફાગણ નક્ષત્ર જે દિવસે હોય તે દિવસે ડોલોત્સવ મનાવવો. ઉત્તરાફાગણ નક્ષત્ર પાછલી રાત્રિના પ્રહરથી લઈને સૂર્યોદય થાય ત્યાં સુધી પૂરા સમયમાં હોવું જોઈએ.

ફક્ત ઉદ્યાત્ નક્ષત્રનો આગ્રહ ન રાખવો. જો ઉતરાફાગણ નક્ષત્ર પૂનમ પહેલા આવતું હોય તો શુધ્ધ પૂનમને દિવસે ડોલોત્સવ મનાવવો. અને જો બે પૂનમ હોય તો પ્રથમ અથવા બીજી પૂનમને દિવસે જે દિવસે ઉતરાફાગણ નક્ષત્ર હોય તે દિવસે ડોલોત્સવ મનાવવો. પરંતુ બન્ને પૂનમને દિવસે ઉદયાત્ નક્ષયત્ર હોય તો પ્રથમ પૂનમને દિવસે ડોલોત્સવ મનાવવો. પૂનમનો ક્ષય હોય અને જો તે દિવસે ઉતરાફાગણ નક્ષત્ર હોય તો તે દિવસે ઉત્સવ મનાવવો. પૂનમ બાદ એકમ તેમજ ઉતરતા ક્રમમાં ઉતરાફાગણ આવે તો તે દિવસે ઉત્સવ મનાવવો. નક્ષત્ર બે દિવસ ઉદ્યાત્ હોય તો પ્રથમ દિવસે મનાવવો. ઉતરાફાગણ નક્ષત્રનો ક્ષય હોય તો ક્ષયને દિવસે જ ડોલોત્સવ કરવો. પૂનમનું ગ્રહણ હોય અને બીજે દિવસે ઉતરાફાગણ નક્ષત્ર હોય તો પૂનમને દિવસે ડોલોત્સવ મનાવવો. ગ્રહણ હોય ત્યારે નક્ષત્રનો આગ્રહ રાખવો નહીં.

સંવત્સરારમ્ભ નિર્ણય : ચૈત્ર સુદ એકમ સંવત્સરોત્સવ એકમ ઉદ્યાત્ લેવી. બે એકમ હોય તો પહેલી એકમનો ઉત્સવ મનાવવો. એકમનો ક્ષય હોય તો વિદ્ધા એકમનો ઉત્સવ માનવો. બે ચૈત્ર હોય તો પહેલા ચૈત્ર સુદ એકમનો ઉત્સવ માનવો. આવો નિર્ણય સિન્ધ્વાદિ ગ્રંથમાં આપ્યો છે. જયારે સમયમયૂખ પ્રભુતિનો અભિપ્રાય છે કે બીજા ચૈત્ર સુદ એકમમાં ઉત્સવ માનવો. તેથી જે દેશમાં શિષ્ટાચાર હોય તે રીતે ઉત્સવ મનાવવો. આ અંગે સ્વમાર્ગીય ગ્રંથોમાં વિશેષ ઉલ્લેખ નથી.

રામનવમી નિર્ણય : ચૈત્ર સુદ નવમી. રામનવમી. નવમી ઉદ્યાત્ લેવી. બે નવમી હોય તો પ્રથમ નવમીનો ઉત્સવ મનાવવો અને જો નવમીનો ક્ષય હોય તો વિદ્ધા નવમીએ ઉત્સવ માનવો. દશમનો ક્ષય હોય વ્રતના બીજા દિવસે પારણા માટે દશમ ન હોય તો પણ વિદ્ધા નવમીને દિવસે ઉત્સવ મનાવવો.

મેષસંક્રાન્તિ નિર્ણય : મેષ સંક્રાન્તિનો પૂણ્યકાલ જયારે સંક્રાન્તિ બેસે તેના દશ ઘડી પહેલા બીજી દશ ઘડી બેસે ત્યારબાદ જાણવો. તેમાં પણ જે જે ઘડી સંક્રાંતિના પાસેથી હોય તે તે ઘડી અધિકથી અધિક પૂણ્યકાલની જાણવી. સૂર્યાસ્ત થયા પછી સંક્રાન્તિ અર્ધરાત્રિથી પહેલા બેઠી હોય તો તે દિવસે મધ્યાન્હ બાદ પૂણ્યકાલ જાણવો. અર્ધરાત્રિ બાદ બેસતી હોય બીજા મધ્યાન્હથી પહેલા બે પ્રહર પુણ્યકાલ જાણવો, બરાબર મધ્યરાત્રિના સમયે સંક્રાન્તિ બેસતી હોય તો પહેલા દિવસે મધ્યાન્હ પછી પૂણ્યકાલ અને બીજા દિવસે મધ્યાન્હથી પહેલા બે પ્રહર પૂણ્યકાલ જાણવો. આ રીતે બન્ને દિવસે પૂણ્યકાલ બરોબર જે દિવસે અનુકુળ લાગે તે દિવસે માનવો.

પહેલી પૂનમને દિવસે સ્નાન સમય પાછળ રાત્રિના જયેષ્ઠા નક્ષત્ર આવતો હોય તો તે દિવસે ઉત્સવ મનાવવો. બીજી પૂનમને દિવસ સ્નાન સમયે પાછલી રાત્રિના જયેષ્ઠા નક્ષત્ર આવતો હોય તો તે દિવસે ઉત્સવ મનાવવો. બન્ને દિવસે પાછલી રાત્રીના સ્નાન સમયે જયેષ્ઠા નક્ષત્ર આવતો હોય તો પ્રથમ દિવસે ઉત્સવ મનાવવો. પૂનમનો ક્ષય હોય તો અને તે દિવસે આવતી પાછલી રાત્રિના સ્નાન સમયે જયેષ્ઠા નક્ષત્ર આવતો હોય તો તે દિવસે ઉત્સવ મનાવવો. પૂનમને દિવસે જયેષ્ઠા નક્ષત્ર ન હોય તો જે દિવસે સૂર્યોદયથી પહેલા સ્નાન સમયે જયેષ્ઠા નક્ષત્ર આવે તે દિવસે ઉત્સવ મનાવવો તેમાં પૂનમનો આગ્રહ રાખવો નહીં. જયેષ્ઠા નક્ષત્રનો ક્ષય હોય તો પણ બીજે દિવસે સ્નાન સમયે જયેષ્ઠા નક્ષત્ર આવતો હોય તો તે દિવસે ઉત્સવ મનાવવો. જો સ્નાન સમયથી પહેલા જ જયેષ્ઠા નક્ષત્ર સમાપ્ત થઈ જતુ હોય તો કેવલ પૂનમને દિવસે ઉત્સવ મનાવવો. પૂનમની આવતી પાછલી રાત્રિના જયેષ્ઠા નક્ષત્ર હોય અને ગ્રહણ હોય તો પ્રથમ પાછલી રાત્રિના નક્ષત્ર વિના પણ કેવલ પૂનમમાં સ્નાન કરાવવું.

રથોત્સવ નિર્ણય : અષાઢ સુદ એકમથી લઈને જે દિવસે પૂષ્યનક્ષત્ર હોય તે દિવસે રથયાત્રાનો ઉત્સવ મનાવવો. પુષ્ય નક્ષત્ર સૂર્યોદય વ્યાપી લેવું. બે દિવસ પૂણ્ય નક્ષત્ર સૂર્યોદયવ્યાપી હોય તો પ્રથમ દિવસે રથયાત્રાનો ઉત્સવ મનાવવો. નક્ષત્રનો ક્ષય હોય તો ક્ષયને દિવસે પુષ્ય નક્ષત્રમાં ઉત્સવ મનાવવો. અથવા ફક્ત બીજને દિવસે ઉત્સવ મનાવવો.

ષષ્ઠીષણ્ડગ્ નિર્ણય : કસુંબા છઠ્ઠ. અષાડ સુદ છઠ્ઠ. છઠ્ઠ ઉદ્યાત્ લેવી. બે છઠ્ઠ હોય તો પ્રથમ લેવી. ક્ષય હોય તો વિદ્ધા છઠ્ઠ લેવી.

અષાડ સુદ પૂર્ણિમા નિર્ણય : અષાડ સુદ પૂનમ. પર્વાત્મક ઉત્સવ. પૂનમ ઉદ્યાત્ લેવી. બે પૂનમ હોય તો પ્રથમ લેવી. ક્ષય હોય તો વિદ્ધા પૂનમ લેવી.

હિંડોલનારમ્ભ નિર્ણય : (હિંડોળા આરંભ)

અષાડ વદ એકમથી લઈને જે દિવસે દિવસ શુધ્ધ હોય. શ્રી ઠાકોરજીની વૃષરાશીને અનુકુળ ચંદ્રમા હોય તે દિવસથી ભદ્રા રહિત સમયમાં શ્રી ઠાકોરજી હિંડોળામાં બિરાજે અને શ્રી ઠાકોરજીને હિંડોળા ઝુલાવવા.

શ્રાવણ શુકલ તૃતીયા નિર્ણય : શ્રાવણ સુદ ત્રીજ. ઠકુરાણી ત્રીજ. આ ત્રીજ ઉદ્યાત્ લેવી. બે ત્રીજ હોય તો પ્રથમ ત્રીજ લેવી. ક્ષય હોય તો વિદ્ધા ત્રીજના ઉત્સવ મનાવવો.

નાગપંચમી નિર્ણય : શ્રાવણ સુદ પાંચમ. નાગપંચમી પાચમ ઉદ્યાત્ લેવી. બે પંચમી હોય તો પ્રથમ પાચમ લેવી. ક્ષય હોય તો વિદ્ધા પાચમ લેવી.

પવિત્રૈકાદશી નિર્ણય : શ્રાવણ સુદ એકાદશી-પવિત્રા એકાદશી. આજે વ્રત કરવું. ભદ્રારહિતના સમયમાં શ્રી...ને પવિત્રા ધરાવવા. વ્રતનો પ્રકાર પ્રથમ એકાદશીના નિર્ણયમાં લખ્યો છે. ભદ્રાનું સ્વરૂપ પ્રબોધનીના નિર્ણયમાં લખ્યું છે.

વિશેષ રક્ષાબંધનના નિર્ણયમાં આપ્યું છે. જન્માષ્ટમી સુધી પવિત્રા ધરી શકાય તેવો સદાચાર છે. સંજોગોવશાત જન્માષ્ટમી સુધીમાં પવિત્રા ન ધરી શકાયા હોય તો પ્રબોધિની સુધીમાં પણ પવિત્રા ધરાવવા એવું કાલગ્રંથમાં લખ્યું છે પરંતુ વૈષ્ણવે પવિત્રા ધરાવ્યા વિના રહેવું નહીં. કારણ કે પવિત્રા ધરાવ્યા વિના આખા વર્ષની સેવા નિષ્ફળ છે.

રક્ષાબંધન નિર્ણય : શ્રાવણ સુદ પૂનમ. રાખી પૂનમ. ભદ્રા ન હોય ત્યારે પૂનમમાં રક્ષા ધરવી. સવારે તથા સાંજે ભદ્રારહિત પૂનમમાં સાંજે રક્ષા ધરાવવી. ભદ્રાનું સ્વરૂપ જયોતિઃશાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે શુકલ પક્ષમાં અષ્ટમી અને પૂનમના પૂર્વાર્ધમાં, એકાદશી અને ચોથના ઉતરાર્ધમાં ભદ્રા હોય છે. કૃષ્ણ પક્ષમાન ત્રીજ અને દશમના ઉતરાર્ધમાં સાતમ અને ચોથના પ્રથમ ભાગમાં હોય છે. જેવી રીતે ચૌદશની સમાપ્તિ થયેથી લઈને એકમના આરંભ સુધી છપ્પન ઘડી પૂનમ હોય તો પ્રથમ અટ્ઠાવીસ ઘડી ભદ્રા જાણવી. ભદ્રા પંચાંગમાં પણ સ્પષ્ટ લખ્યું છે. હોળીના નિર્ણયમાં પણ આજ પ્રમાણે ભદ્રા જાણવી.

હિંડોળા ડોલન વિજય નિર્ણય : હિંડોળા વિજય.

શ્રાવણ સુદ પૂનમથી લઈને ત્રીજ સુધી જે દિવસે દિવસ શુધ્ધ હોય શ્રી ઠાકોરજીની વૃષ રાશિને અનુકુળ ચંદ્ર હોય અને રવિવાર-મંગળવાર ન હોય તે દિવસે હિંડોળા વિજય કરવો. (આ રીત પોરબંદર શ્રી ગોપીનાથજી હવેલીની છે.)

(શ્રી વલ્લભ પુષ્ટિપ્રકાશના સૌજન્યથી)

ગ્રહણ નિર્ણય

ગ્રહણના આગલા દિવસે કોરી સફેદી (કોરો બંટો) ચડે. રસોઈ તથા બાલભોગની અપરસ નીકળે. તથા દિવાલમાં છાતીની ઉંચાઈ સૂધી ચૂનો લગાવવો. રસોઈમાં માટીના વાસણ હોય તો તે નીકળી જાય. સંધાણા, પાપડ, વડા, પાટીયાની સેવ, દૂધઘરમાં, ગુલાબજલમાં, ફુલઘરમાં, શાકઘરમાં, ભંડારમાં, શય્યા મંદિરમાં, નિજ મંદિરમાં બધે દર્ભ (દાભ) ધરવું.

ભંડારમાં દૂધઘરના તથા ચૂન (લોટ)ના નવા વાસણ હોય તે છોવાય નહીં. વાળેલા સિદ્ધ કરેલા પાનના બીડા હોય તો પાનઘરમાં રહે, મંદિરમાં રહે નહીં. દૂધઘરની સિદ્ધ થયેલી સામગ્રી રહે નહીં. ગ્રહણના સ્પર્શની તૈયારી હોય ત્યારે કોઠી વિગેરેમાં જલ રાખવું નહીં, વાસણ બધા ઉંધા કરી કોરા થાય તેવી રીતે રાખવા મંદિરમાં ધોયેલા વસ્ત્રો ઘડી કરેલા હોય તે છોવાય નહીં. તેમાં દર્ભ ધરવો. જલપાનની તથા પ્રસાદી મથની (માટલી) નીકાળી લેવી. દીવી, આરતી, ઘંટા, ઝાલર, ધુપ, દીપ આ બધુ ખાસા કરી કોરૂ કરવું. ચીકાશ-સેવાળ હોય તે બધી જગ્યાએથી કાઢવો. દિવાલમાં ભેજ હોય ચીકાશ-સેવાળ હોય તો ત્યાં ચુનો લગાવવો, ત્યારબાદ જો ભેજ રહે-ચીકાશ થાય તો તે છોવાય નહીં. ગ્રહણ સમયે ત્યાં સ્પર્શ કરવો નહીં. સરકાવી ઉઠાવવાનું કામ પડે તો પત્તાથી-પાંદડાથી કરવું. મુખીયા-ભીતરીયાને કોરા ધોતી-ઉપરણા આપવા.

શ્રી...નો શૃંગાર ઋતુ અનુસાર મંગલામાં રહેતો હોય તે રાખવો ગ્રહણ સમયે શ્રી... પાસે ઝારી રહે નહીં. ઝારીના નેવરા કાઢી કોરા કરી ઉંધી રાખવી. ગ્રહણ સમયે શૈય્યા ઉઠાવી ઠાડી રાખવી. એક કરવામાં જલ હાથ ખાસા કરવા તથા એક લોટીમાં જલ સંકલ્પ કરવા રાખવું. સંકલ્પ માટે અક્ષત (ચોખા) રાખવા. ગ્રહણ સમયે પ્રભુ પાસે દાન કરાવવું.

જો ચંદ્રગ્રહણ હોય તો એક ટોકરીમાં ચોખા-ઘી-ખાંડ સફેદ વસ્ત્રનો ટૂંક, દક્ષિણાના તથા ગૌદાનના રૂપિયા તૈયાર રાખવા. ગ્રહણના મધ્ય સમયે દાનનો સંકલ્પ કરવો. ચંદ્રગ્રહણ સિવાયના ગ્રહણમાં ચોખાને બદલે ઘઉં-ઘી-ગોળ તથા પીળા વસ્ત્રનો ટૂંક દક્ષિણા તથા ગૌદાનના રૂપિયાનું દાન કરવું. ગ્રહણના ઉગ્રહમાં (છૂટવામાં) બે ઘડી બાકી હોય ત્યારે જલ ગરમ કરવાના તતેડામાં આંચ કરવી. ગ્રહણ છૂટયે સ્નાન કરી પહેલી ગાગરમાં શ્રી...માટે સ્નાનનું જલ ગરમ કરવું. વાસણ બધા નવા જલથી ખાસા કરવા. રસોઈ તથા બાલભોગમાં જલથી છંટકાવ કરવો, અને સામગ્રી જલ્દી સિદ્ધ કરવી. શ્રી...ને સ્નાન કરાવી ઝારી ધરીને દૂધઘર સામગ્રી ધરવી. જો ગ્રસ્તોદય હોય તો ઉત્થાપનભોગ, સંધ્યાભોગ સાથે આવે, સમય લાગે તેમ હોય તો સંધ્યાભોગ જુદો આવે. સંધ્યા આરતી થયે શ્રી...ના શૃંગાર વડા થાય અને ગ્વાલનો ડબરાભોગ આવે. ગ્રહણનો સ્પર્શ થયો હોય તો ઝારી ઉઠાવી દર્શન ખુલે. ગ્રહણ બાદ શયનભોગ આવે. તેમાં સખડી (ભાત) છડી દાળ તથા વડીનું શાક આવે. સામગ્રી સિદ્ધ કરવામાં ઢીલ ન કરવી, જો મોડું થાય તેમ હોય તો દૂધઘરમાંથી પેંડાનો ભોગ ધરી ટેરો કરવો. ત્યારબાદ શયનભોગ ધરવો.

નિત્ય નેગમાં મગજ વારા પ્રમાણે આવે. જો ગ્રહણ પહેલી રાત્રિમાં ઘડી બે રાત્રિ ગયે હોય તો શયનભોગ પહેલા ધરવો. ઉગ્રહ થયે પછી સ્નાન કરાવી પોઢવાનો શૃંગાર કરી દૂધઘરમાંથી પેડા ભોગ ધરવો. તળેલા બીજ તેમા પત્તકોળાનાં બીજ, ખડબૂજાના બીજ, મખાણા, ચારોલી તથા મગજના લાડુ ભોગ ધરી, પછી અનોસરની તૈયારી કરીને ભોગ સરાવી પોઢાડવા. જો થોડી રાત્રિ રહ્યે ઉગ્રહ હોય તો શ્રી...ને સ્નાન કરાવી મંગલાના શૃંગાર કરી મંગલભોગ ધરવો. જો ઘડી ચાર રાત્રિ ગયે ગ્રહણ હોય તો, શયન આરતી કરી બે ઘડી દિવસ હોય ત્યારે પોઢાડવા. ગ્રહણના સ્પર્શનો સમય હોય ત્યારે ઘંટાનાદ કરી જગાડવા. ઉગ્રહ થયે (ગ્રહણ છુટે) સ્નાન કરાવી અત્રે જણાવ્યા મુજબ ભોગ ધરીને અનોસર કરાવવા. જો ગ્રસ્તાસ્ત હોય અને જો ઘડી બે દિવસ ચડ્યે ઉગ્રહ હોય તો મંગલભોગ પછી ધરવો અને જો ત્રણ ચાર ઘડી દિવસે ચડ્યે ઉગ્રહ હોય તો મંગલભોગ પહેલા ધરવો. મંગલા

આરતી બાદ ગ્રહણના દર્શન ખૂલે. સ્પર્શ સમયે ઝારી ઉઠાવવી. શાસ્ત્રરીતે મુજબ ઉગ્રહ હોય ત્યારે સ્નાનશૃંગાર બાદ ગોપીવલ્લભ ભોગમાં અનસખડી ધરવી. નિત્ય નેગમાં મગજના નંગ આઠ રાજભોગમાં ધરવા, અને બીજી અનસખડી ધરવી. તેમાં સખડી (ભાત)ને બદલે શીરાનો થાળ આવે. પૂરી તથા શાક આવે., અળવીનું શાક છાશ પધરાવેલુ પાતળું આવે. બીજા ત્રણ શાક આવે. ભુજેણા, રતારૂની પકોડી, લુણ, સંધાણા, લીલુંમરી, આદાપાચરી દિવસનો સમય હોય તો ધરવા. શીતકાલ હોય તો ગોળ, દહીં, શ્રીખંડ, રાયતા, માખણ, બુરૂ વિગેરે નિત્ય પ્રમાણે ધરવું. શીરાના થાળમાં દાળને બદલે બૂરાની તથા ઘીની કટોરી ધરવી, અને ઘી તથા બૂરાથી થાળ શાનવો, ત્યારબાદ નિત્યવત્ અનોસર થાય.

સાંજે બે ઘડી દિવસ રહ્યે સ્નાન કરી નવાજલથી સામગ્રી સિદ્ધ કરવી. સખડીમાં દાળ, ભાત, મગ અને બાકી બધુ અનસખડીમાં સિધ્ધ કરવું. સૂર્યગ્રહણમાં અસ્ત થાય તો આ પ્રમાણે ઉગ્રહ થયે પછી શયનભોગ અનસખડીમાં ધરવો.

સવારે સૂર્યોદય થયે અપરસમાં સ્નાન કરી સૂર્યગ્રહણ ગ્રસ્તોદય થયે મંગલભોગ પછી ત્રણ ચાર ઘડી દિવસ ચડ્યો હોય તો મંગલભોગ પછી ધરવો. જો સૂર્યગ્રહણનો સ્પર્શ પ્રહર દિવસ પહેલા હોય તો ગોપીવલ્લભભોગમાં અનસખડી ધરવી. ગ્વાલનો ડબરાભોગ ધરવો. પલના ઝુલાવવા. બે ઘડી દિવસ ચડ્યે સ્પર્શ હોય તો મંગલભોગ જ ધરવો. બાકી બધુ પછી. અને જો અનોસર જેટલો સમય ન હોય તો ઉથાપનભોગ ધરવો. જો ઉત્થાપનભોગમાં ઢીલ થાય તેમ હોય તો દૂધઘર પેંડા અને તળેલા બીજનો ભોગ ધરી અનોસરની બધી તૈયારી કરી ભોગ સરાવી આચમન મુખવસ્ત્ર કરાવી, બીડા ધરાવી, અનોસર કરવા.

શીતકાલ હોય તો બે ઘડી દિવસ ચડ્યે ગ્રહણ લાગે તો વહેલી સવારે અંધારામાં જ રાજભોગ આરતી કરવી. ત્યારબાદ શૃંગાર વડા કરી, મંગલામાં રહે તેટલા જ શૃંગાર રાખવા, ગ્રહણની ઢીલ હોય તો પેંડો બિછાવી ટેરો ખેંચવો. સ્પર્શ થયે પેંડો ઉઠાવી શૈયા ઠાડી કરી દર્શન ખોલવા. નિત્યના મંગલભોગ સમયથી ઘડી બે ઘડી ગ્રહણને વાર હોય તો મંગલભોગ પહેલા ધરવો અને જો નિત્યના મંગલભોગના સમયથી સૂર્યગ્રહણ પહેલા હોય તો મંગલભોગ પછી ધરવો.

ઉષ્ણકાલમાં સૂર્યગ્રહણ બપોરના સમયે હોય તો સ્પર્શ સ્નાન શ્રી...ને કરાવવા. અને કેશરી કોરના ધોતી ઉપરણા ધરાવવા. શ્રી મસ્તક ઉપર તિલક અલકાવલી અને લડ બેવડા કરીને શ્રી..કંઠમાં ધરાવવી. શ્રીમસ્તક ખુલ્લુ રહે. આભરણ મંગલા પ્રમાણે રહે. શ્રીકંઠમાં નાની માલા તથા મોતીની એક કંઠી ધરાવી દર્શન ખોલવા.

જો આસો માસમાં પૂનમનું ગ્રહણ હોય તો શરદનો ઉત્સવ આગલે દિવસે મનાવવો. જો પૂનમનો ક્ષય હોય અને ચૌદશનું ગ્રહણ હોય તો તેરસનો શરદનો ઉત્સવ મનાવવો. દિવાળીનું ગ્રહણ હોય તો ચૌદશને દિવસે રૂપચૌદશ તથા દિવાળીનો ઉત્સવ સાથે મનાવવો, અને અન્નકૂટ અક્ષયનોમનો કરવો. અને ગોપાષ્ટમીના સંધ્યાઆરતી પછી શૃંગાર વડા કરી, વસ્ત્ર દિવાળીના ધરાવી શયનભોગ સર્યે કાન જગાવવા હટળીમાં બિરાજે. દિપમાલીકાના દિવા બધા પ્રગટે. શ્રી...શૃંગાર સહિત પોઢે. મંગલની હોળીને દિવસે હોળીનો લખ્યો છે તે પ્રમાણે થાય અનોસરમાં આવે. સામગ્રી (મીઠાઇ) બધા પ્રકારની આવે.

જો ફાગણ પૂનમના ગ્રહણ હોય તો ડોલ ગ્રહણના દિવસે કરવો. ઉત્તરા ફાગણના નક્ષત્રની રાહ ન જોવી. એજ પ્રમાણે સ્નાનયાત્રામાં કરવું. અષાઢી અમાસના ગ્રહણ હોય તો બીજા દિવસે પડવાનું પૂષ્ય નક્ષત્ર હોય તો રથયાત્રા બીજની કરવી. ત્રીજના પૂષ્ય નક્ષત્ર હોય તો રથયાત્રા ત્રીજની કરવી. ચંદ્રગ્રહણના ત્રણ પ્રહર આગલા છોડવા. આવી રીતે ચાર પ્રહર દિવસ ઉપવાસ ગ્રસ્તાસથી રાત્રિના બીજે દિવસે શુધ્ધ સૂર્યદર્શન પછી નવાજળથી સ્નાન કરવું. સૂર્યગ્રહણ ગ્રસ્તોદય થાય ત્યારે પહેલા દિવસે રાત્રિનો મહાપ્રસાદ લેવાય નહીં.

(શ્રી વલ્લભ પુષ્ટિપ્રકાશના સૌજન્યથી)

પુસ્તક પાના નં.૩૧ તથા ૩૨ ઉપર મીણની બત્તી શબ્દ લખેલ છે તેનો ખુલાશો

અંગરાગ : આ પુસ્તકમાં અંગરાગ સિધ્ધ કરવાની રીત લખેલ છે. તે અંગરાગ શ્રી...ના શ્રૃંગાર કરતી વખતે અલંકાર આભુષણ ધરવામાં તેનો ઉપયોગ થાય છે. પ્રાયઃ વૈષ્ણવો અંગરાગને મીણ અથવા લગાવ શબ્દનો ઉપયોગ કરે છે, તે ખોટો છે.

ભાવપ્રકાશ : અંગરાગમાં મીણ આવે છે તે શ્રી સ્વામિનીજીનો પ્રેમ છે અને ચોવા- મસ પધરાવવામાં આવે છે તે શ્રી યમુનાજીનો નેહ છે. માટે શ્રી...ને ધરાવતા પરિશ્રમ પડતો નથી. અંગરાગ એટલે શ્રી અંગમાંથી પ્રકટ થતો પ્રેમ - તેને અંગરાગ કહેવાય છે.

મીણની બત્તી સિધ્ધ કરી શ્રૃંગાર ધરવા- એટલે કે વ્રજભાષામાં બત્તી એટલે અંગરાગની વાટ વણી તૈયાર કરવી તેને બત્તી કહેવાય. જેવી રીતે એક લોખંડનાં સળીયામાં કાપુસ (રૂ) રાખી તેને પાટલા પર રાખી બીજા ધોકાથી પ્રેસ કરી વણવાથી આરતીની બત્તી તૈયાર થાય, તેવી રીતે મીણને પાટલા પર વણવાથી અંગરાગની બત્તી તૈયાર થાય, તેમના પર ભારે શ્રૃંગાર થઈ શકે છે.